

જુલે વર્ન

સાગરસમ્રાટ

VISIT…

LANZAROTE

Caliente.COM

શ્રી મૂળશંકર ભટ્ટનાં પુસ્તકો

સાહસકથાઓ

[અરધી સદી પહેલાં કલ્પેલી આ વૈજ્ઞાનિક વાર્તાઓ આજે તો સત્યસૃષ્ટિમાં ઊતરેલી જોઈ શકાય છે.]

સાહસિકોની સૃષ્ટિ — મૂળ લેખક જુલે વર્ન
સાગરસમ્રાટ — ”
પાતાળપ્રવેશ — ”
ચંદ્રલોકમાં — ”
૮૦ દિવસમાં પૃથ્વીપ્રદક્ષિણા — ”
ગગનરાજ — ”
ખજાનાની શોધમાં — રૉબર્ટ લુઈ સ્ટીવન્સન

પ્રવાસકથાઓ

[ક્ષિતિજની પેલે પારનું જાણવાની જિજ્ઞાસા પ્રેરે તેવી]

મહાન મુસાફરો [ભારતના અને અન્ય દેશોના]
ધરતીને મથાળે [રશિયન પ્રવાસીઓની કથા]
નાનસેન [નૉર્વેનો મહાન સાગરખેડુ]

નાટક

[પ્રખ્યાત વિચારક ટૉલ્સ્ટૉયના નાટકનું રૂપાંતર]

અંધારાના સીમાડા

નવલકથા

[પ્રખ્યાત ફ્રેન્ચ નવલકથાકાર વિક્ટર હ્યુગોની]

લા ’ મિઝરેબલ [બે ભાગમાં]

સાગરસમ્રાટ

મૂળ લેખક

જુલે વર્ન



સંક્ષિપ્ત કરનાર

મૂળશંકર મો. ભટ્ટ



આર. આર. શેઠની કંપની

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ : અમદાવાદ ૩૮૦ ૦૦૧

VERNE, Jules
SAGARSAMRAT, Adventures
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1982
823

મુદ્રણો
સાતમું : માર્ચ ૧૯૬૧
આઠમું : ફેબ્રુઆરી ૧૯૬૬
નવમું : જાન્યુઆરી ૧૯૭૪
દસમું : જુલાઈ ૧૯૭૮
અગિયારમું : જાન્યુઆરી ૧૯૮૨
પ્રત : ૧૧૫૦

મૂલ્ય રૂ. ૧૨–૫૦

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ, આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ * અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક
જુગલદાસ સી. મહેતા, પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી, સોનગઢ ૩૬૪ ૨૫૦

કદર

થોડાંએક વર્ષો પહેલાં પ્રસિદ્ધ ફ્રેન્ચ લેખક જુલે વર્નની 'ચંદ્રની મુસાફરી'* નામની સંક્ષિપ્ત ચોપડી મેં વાંચી ત્યારથી જુલે વર્ન ઉપર હું મુગ્ધ થયો.

મારી છેલ્લી માંદગીમાં મને જુલે વર્ન સાંભર્યો અને મેં તેનાં બે-ચાર પુસ્તકો સાંભળીને વાંચ્યાં. એકેએક પુસ્તક ઉપર હું આફરીન બનતો ગયો; એકેએક પુસ્તક મને અજોડ લાગ્યું. પણ એમાં યે જો કોઈ પુસ્તક તરફ મારે પક્ષપાત કરવાનો હોય, મારે ક્રમ આપવાનો હોય તો હું પહેલી જગ્યાએ આ × 'સાગરસમ્રાટ'ને મૂકું.

આ પુસ્તક જુલે વર્નની અદ્ભુત છતાં અત્યંત શાસ્ત્રીય કલ્પનાનું સર્વોત્તમ ફળ છે. એક વખત જ્યારે સબમરીન નહોતી ત્યારે આ 'નોટિલસ'ની કલ્પના જુલે વર્ને કરી. એ કલ્પના એટલી સચોટ, એટલી વ્યવસ્થિત અને એટલી વિગતપૂર્ણ છતાં એટલી મનોરમ ભાષામાં મુકાયેલી છે કે લોકોને કબૂલ કર્યા વિના ચાલતું નથી કે સબમરીનની શોધ જુલે વર્નની પાતાલસ્પર્શી કલ્પનાને ઋણી છે.

તરંગ અને કલ્પના બંને મનોવિહારનાં જુદાં જુદાં સ્વરૂપો છે. તરંગનો પાયો અધ્ધર છે, શૂન્યમાં છે. પોકળતામાં છે, મગજની અવ્યવસ્થામાં છે. કલ્પનાનો પાયો વાસ્તવિકતામાં છે. જે માણસ

* A Voyage to the Moon અને Around the Moon.

× Twenty Thousand Leagues Under the Sea.

જગતના સ્થૂળ અને સૂક્ષ્મ તત્ત્વોને તેના સત્ય સ્વરૂપમાં જોઈ શકતો નથી પણ તેને બદલે સ્વવાંછિત સ્વરૂપોને કલ્પે છે. તે તરંગની પાંખે ઊડીને પછડાય છે. જે માણસ જગતનાં સ્થૂળ-સૂક્ષ્મ તત્ત્વોનાં આંતર રહસ્યોને અંતઃસ્ફુરણાથી પામી શકે છે, તે માણસને કલ્પના વરે છે અને તેને વરેલી કલ્પના તેને વર્તમાનમાંથી ભવિષ્ય ભાખતો બનાવે છે. જુલે વર્ન બીજા પ્રકારનો કલ્પક છે, ભવિષ્યવેત્તા છે, આર્ષ દૃષ્ટિવાળો છે.

સફળ કલ્પનાનું સર્જન વાંચનારને આનંદદાયક છે, વૈજ્ઞાનિકને જિજ્ઞાસા તૃપ્ત કરનારું છે, શોધકને દિશાસૂચક છે, કેળવણીકારને કલ્પનાનું-શુદ્ધ કલ્પનાનું સાહિત્ય આપનારું છે. કલ્પનાનાં પુસ્તકોમાં આ પુસ્તક અગ્રસ્થાને બિરાજનારું હોઈ જુવાન હૃદયને ઉત્સાહ આપનારું અને પ્રેરક છે. જુવાની નવલકથાઓ માગે છે. અબૂજ લોકો તરંગપ્રધાન વાતો જુવાનોને ખોળે ધરી તેમને તરંગી, અક્રિય, નિર્વીર્ય અને નિષ્ફળ કરે છે. ડાહ્યા લોકો જુવાનોને એવી કથાઓની ભેટ ધરે છે કે જે તેમની ઊછળતી સાહસિક વૃત્તિને, તેમની સંશોધક વૃત્તિને પોષે છે અને તેમની પાસે એવા જ ઉત્સાહભર્યાં પરાક્રમો કરાવવાને પ્રેરણા આપી તેમને ઊભા કરે છે. જુલે વર્ન બીજા પ્રકારના લેખક છે.

નવલકથાઓ મનરંજન કરે છે. માટે વાંચનારનું મન તે હરી શકે છે. જુવાનોને એટલા જ માટે નવલકથાઓ ઉપર બહુ પ્રેમ છે. માત્ર ઉપલક રંગવાળી અને નિષ્ફળ ખુજલી ઉત્પન્ન કરનારી આવી નવલકથાઓ આખર જુવાનોના શાપને પામે છે; પણ જે નવલકથાઓ તેમને આદર્શ આપે છે, તેમની સામે જીવનના નવા માર્ગો, બુદ્ધિનાં નવાં ક્ષેત્રો, કલ્પનાનાં નવાં ઉડ્ડયનો ઉઘાડાં કરે છે, તે નવલકથાઓને જુવાનો અનન્ય પ્રેમથી પૂજે છે અને તેને તેમની પ્રાણપ્રેરક માને છે. જુલે વર્નની એકએક નવલકથા જુવાન વાંચકોનું અખૂટ પ્રેરણાબળ છે, આદર્શદાત્રી છે.

ચોપડીનું અંગ્રેજી નામ ‘ દરિયા નીચે વીશ હજાર લીગ ’ એવું છે. અંગ્રેજી નામ ચોપડીની વૈજ્ઞાનિક કિંમત સૂચવે છે. અને સાચે જ ચોપડી વૈજ્ઞાનિક દૃષ્ટિએ મહામૂલ્ય છે. સહેજે જ ચોપડી વાંચતાં સાગરનું પેટ કેટલું વિશાળ છે, તેમાં કેટલી કેટલી વિવિધ અને અદ્દ્ભુત સામગ્રીઓ છે, પાણીની સપાટી નીચે કુદરતની લીલા કેવી અપૂર્વ અને ભવ્ય છે તેનો ખ્યાલ આપણને આવે છે. પૃથ્વી ઉપરની નિસર્ગસૃષ્ટિનો મહિમા અદ્વિતીય છે, અને પૃથ્વી ઉપરની સૃષ્ટિ રચી ઈશ્વરે હાથ ધોઈ નાખ્યા છે. એમ કહેનારાઓને પૃથ્વીના પેટ ઉપર પથરાયેલ સાગરમાં આવેલું અપૂર્વ સૌંદર્યસર્જન જોતાં અભિમાનને નીચું કરવું પડશે અને કિરતાર વિષેના પોતે કરેલા દરિદ્ર ખ્યાલ માટે શરમાવું પડશે. આ દૃષ્ટિ જુદે વર્ગની વાર્તાઓ આપણને આપે છે.

માછલીઓના અભ્યાસીઓને માટે કે સાગરમાં થતી વનસ્પતિઓ, મોતી, વગેરે વગેરેના અભ્યાસીઓ માટે આ પુસ્તક પ્રમાણગ્રંથ ન હોય; પરંતુ પ્રમાણગ્રંથો કેવા હોવા જોઈએ તેના ધોરણરૂપ છે–વૈજ્ઞાનિક સમષ્ટિનો કેવી રીતે અભ્યાસ કરવો જોઈએ તેનું દિશાસૂચક છે.

ચોપડીના અંગ્રેજી નામ કરતાં યે મને ‘ સાગરસમ્રાટ ’ નામ વધારે ગમે છે. નોટિલસ અને તેનો કપ્તાન નેમો બેમાં સાગરસમ્રાટ કોણ તે કહેવું મુશ્કેલીભર્યું છે; છતાં બન્ને સાગરસમ્રાટ છે; અને બન્નેને આ ચોપડીનું નામ અર્પણ થઈ શકે છે. નોટિલસ કેટલું સુંદર અને ખુશનુમા કલ્પનાસ્વપ્ન છે! કલ્પનાની નોટિલસ વાચકને હૂબહૂ પળેપળ જીવંત લાગે છે અને વાંચનાર નેમો, નેડ, એરોના અને કોન્સીલની સાથે પોતે પણ પ્રવાસમાં હોય એમ તેને લાગે છે. સાચે જ જાણે કે આપણે નોટિલસમાં બેસીને દરિયામાં વિવિધ પાણીઓમાંથી પસાર થઈ રહ્યા છીએ, નેડ તેમ જ પ્રોફેસર એરોનાની વાતો સાંભળીએ છીએ, નેમોના અભ્યાસના ઓરડામાં બેઠા બેઠા કેટલી યે શાસ્ત્રીય હકીકતોનો અભ્યાસ કરીએ

છીએ, અને નોટિલસના તૂતક ઉપર ઊભા ઊભા દુશ્મનવહાણોને ડૂબતાં જોઈએ છીએ, એવું વાંચતાં વાંચતાં સ્પષ્ટ લાગ્યા કરે છે. નોટિલસનો બનાવનાર કૅપ્ટન નેમો અને નોટિલસ પોતે કલ્પનાની સૃષ્ટિ હોય એવું વાંચતાં ભૂલી જવાય છે, અને નોટિલસ અને નેમો સાથે આપણો સંબંધ બંધાઈ જાય છે. મિત્ર જેમ સુખદુઃખમાં આપણે તેની સાથે રહીએ છીએ, અને અંતે પણ આપણે તેનાથી છૂટા પડતાં ખરા વિયોગનું દુઃખ ભોગવીએ છીએ. જુલે વર્નની કલમની શક્તિની આ વિશેષતા છે.

કૅપ્ટન નેમો ચીતરીને જુલે વર્ને કમાલ કરી છે. વહાણવટી, ઉત્તમ વિદ્યાવ્યાસંગી, સંસ્કારી કલારસિક, બુદ્ધિશાળી ઇજનેર, હિંમતવાન અને દૃઢ બહારવટિયો, પ્રેમ શૌર્ય અને આર્દ્રતાથી ભરેલો દેશાનુરાગી કૅપ્ટન નેમો જુલે વર્નની અપ્રતિમ કલ્પનાસૃષ્ટિ છે. હું કૅપ્ટન નેમો ઉપર વારી જાઉં છું : એટલો જ બહાદુર અને છતાં એટલો જ ઉદાર, એટલો જ નિષ્ઠુર ને છતાં એટલો જ સુકોમળ. એટલો જ બુદ્ધિપ્રધાન અને એટલો જ કલાકોવિદ, એટલો જ વૈજ્ઞાનિક અને છતાં એટલો જ ધબકતા અંતઃકરણવાળો સાદો સરળ મનુષ્ય!

વાંચનાર જાણવાનો નથી કે કૅપ્ટન નેમો કયા દેશનો અને કયા કુળનો છે. જુલે વર્ને તે હકીકત પાત્રાલેખનમાં કુશળતાથી આલેખી છે, અને છૂપી છતાં ચતુર વાચકને તે જડે તેવી છે. જુલે વર્ન દુનિયાનાં મનુષ્યોથી વાકેફ હતો. દુનિયાના રાગદ્વેષોનાં દુષ્ટ પરિણામોથી તે દુભાયેલો હશે. છળ, પ્રપંચ અને નાદારીથી પણ હિંમત નહિ હારે તેવા, સદૈવ ઈશ્વર અને માતૃભૂમિ ઉપર વિશ્વાસ રાખનાર પૃથ્વીના પડની કોઈ પ્રજાના પોતાના પુત્રને સામે રાખી તેણે નેમોને ચીતર્યો છે. જુલે વર્નની કોઈ ચોપડીમાંથી આ નેમો ક્યાંનો છે તે વાચક શોધી કાઢશે.

આ કૅપ્ટન નેમો દુનિયાના સાહસિક વીરોનો આદર્શ થાઓ. અસાધારણ મુશ્કેલીમાંથી પણ પસાર થવાની તેમનામાં તે બુદ્ધિ સઝાડો.

દુશ્મનને પણ ઉદારતાથી સમજવાની તેમનામાં શક્તિ આપો, અને કદી પણ હિંમત હાર્યા વિના આદર્શને ટેકથી વળગી રહેવાની દઢતા આપો. કેપ્ટન નેમોનું ચરિત્ર દુનિયાના સૌ વીરોને ઉદાત્ત એવું, આદર્શ માટે દુઃખી જીવન પણ ટકાવી રાખવાની અને મરતાં મરતાં પણ અચલ શ્રદ્ધાયુક્ત રહેવાની દીક્ષા આપે છે.

કેપ્ટન નેમોના મૃત્યુ વખતના ઉદ્‌ગારોમાંથી તેનો આખો આત્મા પ્રગટ થાય છે. તે જણાવવા માટે ભાઈ મૂળશંકરે જુલે વર્નનાં બીજાં પુસ્તકોનું ભાષાંતર કરવું પડશે. ભાઈ મૂળશંકરને આ પુસ્તક ગુજરાતીમાં ઉતારવા માટે અભિનંદન ઘટે છે. અંગ્રેજી ચોપડી વાંચતાં જે પ્રસન્નતાનો અનુભવ થાય છે તે પ્રસન્નતાનો ભાઈ મૂળશંકરને સારો અભ્યાસ જણાય છે. તેના હાથમાં ગુજરાતી ભાષા સરલતાથી વહેતી દેખાય છે અને ગુજરાતીમાં પણ તે જુલે વર્નની કલ્પનાસૃષ્ટિ તાદૃશ કરવામાં પાછી પડતી નથી. આથી જ ગુજરાત ભાઈ મૂળશંકર પાસે આવાં વધારે પુસ્તકો માગવાને હક્કદાર થશે અને મૂળશંકરે તેનો જવાબ આપવો જોઈશે.

ભાઈ મૂળશંકર શ્રીદક્ષિણામૂર્તિના માત્ર ગૃહપતિ છે માટે સાહિત્યકલા તેની કલમ ઉપર આવીને બેઠી નથી. પણ ભાઈ મૂળશંકર તો કલાધર છે; તે સુંદર સંગીતજ્ઞ છે. જે આંગળીઓથી તે સિતારના તાર ઉપર સંગીત રેલાવે છે, એ જ આંગળીઓથી ચોપડીનાં પાનાં ઉપર તેણે સાહિત્યને વધારે ને વધારે કેમ ન રેલાવવું ? એક એક કલા એક એક ખુદાઈ બક્ષિશ છે. મૂળશંકરમાં બે કલાનો સુમેળ ખુદાની મહેરબાની છે. એ મહેરબાની તેના ઉપર કાયમ રહો, અને શ્રીદક્ષિણામૂર્તિ તે દ્વારા સાહિત્ય અને કલાની વધારે અને વધારે સેવા કરવા શક્તિમાન થાઓ.

૨૬-૧૦-'૩૩ ગિજુભાઈ

લેખકનું કથિતવ્ય

અમારા છાત્રાલયમાં રાત્રે પ્રાર્થના ને હાજરી પૂરી થયા પછી લગભગ રોજ વિદ્યાર્થીઓ 'વાર્તા ! વાર્તા !' કહીને ગૃહપતિઓને ભારે પજવે છે. રોજ વાર્તા ક્યાંથી કાઢવી ? કદાચ એકાદ વાર્તા ક્યાંઈકથી વાંચી કાઢીને તૈયાર થઈને કહેવા માંડીએ ત્યાં તો વિદ્યાર્થીઓ બોલી ઊઠે : 'એ તો સાંભળી છે, એ તો સાભળી છે; બીજી કહો.' ગૃહપતિઓના કરતાં વિદ્યાર્થીઓએ વધારે વાર્તાઓ વાંચી છે એનું મને ભાન થવા માંડ્યું, અને વિદ્યાર્થીઓથી ગુપ્ત એવો કોઈ ખજાનો હું શોધવા માંડ્યો. અચાનક જુલે વર્ન જ મારી સામે આવીને ઊભો. જેમ જેમ હું તેની ચોપડીઓ વાંચતો ગયો, તેમ તેમ હું જ વાર્તા કહેનારને બદલે વાર્તા સાંભળનાર બની ગયો, જાણે જુલે વર્નનાં પાત્રો પોતાની વાતો સંભળાવતાં અને હું તેમાં તલ્લીન બની જતો. હવે મને વિદ્યાર્થીઓને શું કહેવું તેની મુશ્કેલી નહોતી; પણ મેં વાંચેલી વાર્તા હું તેમને ક્યારે કહું તેની મને અધીરાઈ થતી; વિદ્યાર્થીઓ પણ જેમ જેમ એ વાર્તાઓ સાંભળતા ગયા તેમ તેમ 'પછી એનું શું થયું ?' 'પછી એનું શું થશે ?' વગેરે સવાલો રોજ મને પૂછવા લાગ્યા.

જુલે વર્ન ફ્રેન્ચ છતાં દુનિયા આખીના કિશોરોનો–વિદ્યાર્થીઓનો મિત્ર છે, બધાને તેની વાર્તા ગમે છે. જુલે વર્નની વાર્તાઓમાંથી

આ એક ગુજરાતીમાં ઉતારેલી વાર્તા છે. જુલે વર્નના મૂળ પુસ્તકનું આ શબ્દશઃ ભાષાંતર નથી; એમાંથી મેં ઘણું ઘણું છોડી દીધું છે. માછલાંનું શાસ્ત્ર, વનસ્પતિનું શાસ્ત્ર વગેરેની માહિતી મેં લગભગ સાવ છોડી દીધી છે; ભૂગોળની પણ અમુક માહિતીઓ મૂકી દીધી છે. આવી જાતની વાર્તાઓનો જ રસ હજુ આપણે ત્યાં કેળવાયેલ નથી ત્યાં આવાં નવીન શાસ્ત્રોની માહિતીનો રસ ઊભો કરવાનો પ્રયત્ન કરવો એ વધારે પડતું લાગવાથી જ એ ભાગો છોડી દીધા છે. બાકી એ વિષયોની ઉપયોગિતા ઓછી છે એમ નથી. વાર્તાની અંદરના સંવાદોમાં અને વાત મૂકવાની રીતમાં પણ મૂળ પુસ્તક જેણે વાંચ્યું હશે તેને ખૂબ ફેરફાર દેખાશે. પણ જુલે વર્નને અન્યાય ન થાય એવું કરવાનો મેં પ્રયત્ન કર્યો છે, એમ મારે કહેવું જોઈએ.

મારા મુરબ્બી મિત્રો શ્રી ગોપાળભાઈ વગેરેએ મને જો ઉત્સાહ ન આપ્યો હોત તો આ વાર્તા અમારા છાત્રાલયના વિદ્યાર્થીઓની બહાર નીકળત કે કેમ તે શંકા છે.

મારા કિશોરમિત્રો આ વાર્તા વાંચીને રાત્રે તેનાં સ્વપ્નાં સેવશે તો ય મને કૃતાર્થતા લાગશે. સ્વપ્નાં હશે તો સિદ્ધિ કોઈક કાળે ય થશે.

શ્રીદક્ષિણામૂર્તિ ગૃહ
૩૧-૧૦-'૩૩

મૂળશંકર મોહનલાલ ભટ્ટ

ક્રમ

૧

એક વિચિત્ર જળચર

૧૮૬૬ની સાલમાં એક એવો બનાવ બન્યો કે જેના સમાચારથી અમેરિકા અને યુરોપની દરિયાકાંઠા ઉપર રહેતી વસ્તીમાં ભારે ખળભળાટ મચી ગયો. એમાંયે મોટા મોટા દરિયાના વેપારીઓ અને ખલાસીઓ તો ગભરાઈ ઊઠયા હતા. વહાણના કૅપ્ટનો પણ આ બનાવને લીધે પોતાની સ્ટીમરો ઉપાડતાં બહુ વિચારમાં પડી જતા. અને આને પરિણામે મોટાં મોટાં રાજ્યો ઉપર પણ તેની ભારે અસર થઈ.

રાતદિવસ દુનિયા ઉપરના ગમે તે ભાગમાં નિર્ભયપણે પોતાનાં વહાણો હાંકનારા ખલાસીઓ એક એવી વાત લાવ્યા કે દરિયામાં એક ભારે ચમત્કારિક વસ્તુ દેખાય છે. અત્યાર સુધીમાં આવું વિચિત્ર પ્રાણી દીઠામાં કે સાંભળવામાં કદી આવ્યું નથી.

જુદાં જુદાં છાપાંઓમાં આ સંબંધી જાતજાતના ખબરો છપાવા માંડયા. બધા ઉપરથી એટલી વાત તો સાચી લાગતી હતી કે દરિયામાં વિચિત્ર જાતનું જળચર જુદીજુદી જગ્યાએ દેખા દે છે. એનો આકાર શાળના કાંઠલાના ઘાટનો છે; એની લંબાઈ લગભગ અઢીસોથી ત્રણસો ફૂટની છે; એની અંદરથી કોઈ કોઈ વાર વીજળીના જેવો પ્રકાશ નીકળે છે, અને તે ખૂબ ઝડપથી તરે છે.

આ વાત છાપાંઓમાં આવી એટલે દરેક દેશના મોટાં મોટાં ભેજાંવાળાઓ આ શું હશે તેની અટકળો બાંધવા લાગ્યા. આવી જાતનું પ્રાણી હજુ સુધી કોઈએ જોયું હોય એમ જાણમાં ન હતું. પ્રાણીશાસ્ત્ર ઉપરનાં બધાં પુસ્તકો ખૂંદી વળ્યા છતાં કયાંયે આવા પ્રાણીનો પત્તો ન મળ્યો.

આ ખબર પહેલવહેલા બહાર આવ્યા ત્યારથી છાપાંઓની કમાણી

વધી પડી; નવરા લોકોને વાત કરવાનું સાધન મળ્યું; પ્રાણીશાસ્ત્રીઓને મગજ કસવાનું કામ મળ્યું; અને માછલીના શિકારીઓના હાથમાં ચળ આવવા લાગી. ગામડિયાઓ આને દૈવી ચમત્કાર માનવા લાગ્યા પણ જેમ બધી વાતનું બને છે તેમ આ વાત પણ ચાર-પાંચ મહિને વિસારે પડી. પેલું પ્રાણી પણ દેખાતું બંધ થઈ ગયું હતું.

પણ છએક મહિના પછી વળી એ પ્રાણીની વાત એકાએક ફરી વખત બહાર આવી. બન્યું એમ કે ૧૮૬૭ની પાંચમી માર્ચે 'મોરેવીઅન' નામનું એક મોટું જહાજ દરિયામાં ફરતું ફરતું એક ખડક સાથે અથડાયું. સ્ટીમરનો કેપ્ટન આ જગ્યાએથી ઘણી વાર પસાર થઈ ગયો હતો; ત્યાં આગળ ખડક કે એવું કાંઈ હોય તેમ કોઈપણ નકશામાં નોંધાયું ન હતું. ત્યારે આમ કેમ થયું? વહેલા મળસકામાં વહાણને આ અકસ્માત નડયો. વહાણનો કેપ્ટન તરત જ પોતાની કેબિનમાંથી બહાર આવીને તૂતક ઉપરથી જોવા લાગ્યો તો તેની નજરે ત્રણેક ફર્લાંગને અંતરે ખૂબ જોરથી ઉછાળા મારતું એક પ્રાણી દેખાયું. વધારે કશું જોઈ શકાયું નહિ. વહાણ જો ખૂબ મજબૂત ન હોત તો ત્યાં ને ત્યાં જ તે તળિયે બેસી ગયું હોત!

આ બનાવ પણ કદાચ લોકો ભૂલી જાત, પણ ત્યાં તો ત્યાર પછી ત્રણ અઠવાડિયે જ એક બીજો બનાવ બન્યો. 'સ્કોટીઆ' નામની એક સ્ટીમર બિચારી આટલાંટિક મહાસાગર ઉપર રમતી રમતી જતી હતી, તેવામાં એકાએક આખી સ્ટીમરને ધક્કો લાગ્યો. સ્ટીમરના બધા માણસો જમતાહતા, તેમનાં ભાણાંઓ ટેબલ ઉપરથી નીચે પડી ગયાં અને થોડી જ વારમાં 'સ્ટીમર ડૂબે છે, ડૂબે છે!' એવી બૂમ નીચેના ઓરડામાંથી આવી. બધાના હોશકોશ ઊડી ગયા. કેપ્ટન ખૂબ કુશળ હતો, સ્ટીમરની નીચે એક કાણું પડી ગયું હતું; તે કાણામાંથી દરિયાનું પાણી ધોધમાર કરતું સ્ટીમરના તે ઓરડામાં આવતું હતું. કેપ્ટને તે પાણી આગળ ન વધે તે માટે ખૂબ ચાંપતા ઉપાયો લીધા અને સ્ટીમરને માંડમાંડ બારા ભેગી કરી. સ્ટીમરને

બારામાં લાવી બધાએ પેલું કાણું તપાસ્યું. જાણે કોઈ મોટી ગોળ શારડીથી માપીને કાણું પાડ્યું હોય એવું તે દેખાતું હતું. લગભગ ત્રણ ફૂટના ઘેરાવાવાળું તે કાણું હતું.

આ બનાવ જ્યારે છાપાંઓમાં આવ્યો ત્યારે બધે ગભરાટ ફેલાઈ ગયો. હવે તો આ પ્રાણીને શોધી કાઢવું એટલું જ નહિ, પણ કોઈ પણ રીતે પૂરું કરવું એમ બધાને લાગવા માંડ્યું. મોટાં મોટાં રાજ્યોને પણ આ જોખમ સમજાવા લાગ્યું. આ પ્રાણીને કઈ રીતે પહોંચી વળવું તે માટે યોજનાઓ પણ ઘડાવા લાગી. પણ આ બીડું કોણ ઝડપે?

આ બધી હોહા જ્યારે ચાલતી હતી ત્યારે હું અમેરિકામાં હતો. પ્રાણીશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે હું નેબ્રાસ્કાના પ્રદેશમાં ખૂબ ફરીને ત્યાંથી પછી ન્યૂયોર્કમાં આવ્યો હતો. અહીંથી હું મારા વતન ફ્રાન્સમાં જવા માટેની તૈયારી કરતો હતો. વિજ્ઞાનશાસ્ત્રી તરીકે હું ફ્રાન્સમાં જ નહિ પણ અમેરિકામાં સુધ્ધાં ઠીક ઠીક જાણીતો હતો. હું ન્યૂયોર્કમાં છું એમ છાપાંવાળાઓને ખબર પડી એટલે મારે ત્યાં ખબરપત્રીઓનું કીડિયારું ઊભરાયું. આ રાક્ષસી માયા સંબંધેની વાતો હું ખૂબ રસથી સાંભળતો હતો અને વાંચતો પણ હતો. મને પણ એ શું હશે તે પ્રશ્નનો નિકાલ મળ્યો ન હતો. તોપણ મેં એમ જાહેર કર્યું કે 'દરિયામાં દેખાતી આ વસ્તુ કાં તો કોઈ નવીન જાતનું ભયંકર દરિયાઈ પ્રાણી હોય, અથવા તો દરિયાની અંદર ચાલે તેવું વહાણ હોય. પણ આવી જાતનું વહાણ દુનિયા ઉપરના કોઈ પણ રાજ્યમાં કે ખાનગી કારખાનામાં તૈયાર થયું હોય તો તે બહાર પડ્યા વગર રહે જ નહિ; તેમ એવી જાતનું વહાણ કોઈના ભેજામાંથી પણ હજુ સુધી નીકળ્યું નહોતું. એટલે એ વસ્તુ કોઈ ભયંકર દરિયાઈ પ્રાણી જ હોઈ શકે. દરિયાની અંદર 'નારવ્હેલ' નામની માછલી અત્યાર સુધીમાં સૌથી મોટામાં મોટી માછલી તરીકે જાણીતી છે. આ માછલીને તલવારની ધાર જેવી સૂંઢ હોય છે, અને તેનાથી તે મોટી મોટી વ્હેલ માછલીઓને ચીરી નાખે છે. આના ઉપરથી એવું અનુમાન બાંધી

શકાય કે એ માછલીથી દસગણી વધારે શક્તિવાળી માછલી દરિયામાં હોઈ શકે. આવી માછલીઓ આખી દુનિયાના સમુદ્ર ઉપર કદાચ બહુ જ થોડી સંખ્યામાં હોય; પણ ન જ હોઈ શકે એમ માનવાનો કાંઈ કારણ નથી.'

મારો આ ખુલાસો જ્યારે છાપાંઓમાં પ્રસિદ્ધ થયો ત્યારે વળી લોકોમાં હોહા મચી ગઈ. હવે તો એમ નક્કી જ થયું કે આ કોઈ રાક્ષસી પ્રાણી છે, અને તેને કોઈ પણ રીતે શોધી કાઢીને મારવું એ એક મોટામાં મોટું પરોપકારનું કામ છે.

બીજે દિવસે છાપાંઓમાં ખબર આવ્યા કે અમેરિકાની સરકારે ચોવીસ કલાકમાં જ 'અબ્રાહમ લિંકન' નામની સ્ટીમરના કેપ્ટનને તે પ્રાણીની શોધમાં નીકળવા માટે તૈયાર થવાની તાકીદ આપી છે. તે સાથે રાજ્ય તરફથી તે પ્રાણીના શિકાર માટે તૈયાર થયેલા માણસને પણ સ્ટીમરમાં ઊપડવા માટે કહેવામાં આવ્યું છે.

સ્ટીમર ઊપડવાને ત્રણ કલાકની વાર હતી. હું મારા ઓરડામાં બેઠો બેઠો વાંચતો હતો, ત્યાં તો મારા નોકરે મારા હાથમાં એક ચિઠ્ઠી મૂકી. અંદર લખ્યું હતું:

"મહેરબાન સાહેબ!

અમેરિકાના સંયુક્ત રાજ્ય તરફથી ઊપડનારી 'અબ્રાહમ લિંકન' સ્ટીમરના આ બહુ જ અગત્યના પ્રવાસમાં સાથે જવા માટે આપને હું વિનંતી કરું છું. અને એ રીતે આખી દુનિયા પર આફતરૂપ ગણાય એવા આ ભયંકર પ્રાણીનો નાશ કરવામાં ફ્રાન્સના પ્રતિનિધિ તરીકે આપ સહકાર આપશો એવી આશા રાખું છું. આપ ના નહિ પાડો એમ માનીને આપને માટે સ્ટીમરમાં કેબિન પણ તૈયાર રખાવી છે.

લિ. આપનો વિશ્વાસુ,
જે. બી. હોબ્સન
દરિયાખાતાના મંત્રી

૨

જુઓ દેખા....ય !

આ આમંત્રણ સ્વીકારવું કે નહિ તેનો વિચાર કરવાનો પણ મારે માટે બહુ થોડો વખત હતો. બે જ ક્ષણમાં મેં વિચાર કરી લીધો. એ ભયંકર પ્રાણીને નજરોનજર જોવાની તક ઘેરબેઠાં મળે છે તો જતી શા માટે કરવી ? ઊપડવાનો મેં નિશ્ચય કરી લીધો અને ઘંટડી મારીને મેં મારા નોકરને બોલાવ્યો. મારો નોકર કોન્સીલ બહુ જ વિચિત્ર હતો; પણ મને તેની વિચિત્રતા એવી ગમતી હતી કે મેં તેને મારો મિત્ર જ બનાવ્યો હતો. અને ખરેખર, તે મારા મિત્ર કરતાં પણ વધારે હતો. મારી લાંબી અને કંટાળાભરેલી મુસાફરીમાં મને વડીલ જેમ એક બાળકને સાચવે તેમ તે સાચવતો; જો કે ઉંમરમાં તે મારાથી નાનો હતો. મારો કોઈ પણ વિચિત્ર હુકમ સાંભળીને તે જરાય કડવું મોઢું કરતો નહિ તેમ નવાઈ પણ પામતો નહિ. મારી સાથેના સહવાસથી તે થોડુંઘણું પ્રાણીશાસ્ત્ર જાણતો થઈ ગયો હતો. પણ તેને એક ભારે કુટેવ હતી. મારી સાથે વાત કરતી વખતે તે મને 'આપ' કહીને બોલાવતો; 'તમે' કહીને કોઈ દિવસ ન બોલાવતો. મેં તેને ઘણું ઘણું સમજાવ્યો પણ તેની એ ટેવ ગઈ જ નહિ.

કોન્સીલને તાબડતોબ મુસાફરીનો સામાન તૈયાર કરવાનું કહી દીધું. ક્યાં જવાનું છે, શું કરવાનું છે, વગેરે કશું પૂછ્યા સિવાય 'જેવો આપનો હુકમ.' એમ કહીને તે સામાન બાંધવા મંડી પડ્યો. મેં મારી સાથેના વધારાના સામાનને હોટેલના મૅનેજર મારફત ફ્રાન્સ મોકલાવી દેવાની વ્યવસ્થા કરી દીધી.

થોડી વારનાં બધી તૈયારી થઈ ચૂકી. હોટેલ પાસેથી પસાર થતી

એક ગાડીને ઊભી રાખી અમે બંને તેમાં સામાન સહિત ચડી બેઠા. ગાડી બંદર તરફ પૂરપાટ ઊપડી.

અમે બંદરે પહોંચ્યા ત્યાં અબ્રાહમ લિંકન પોતાનું લંગર ઉપાડીને ઊપડવાની તૈયારી જ કરતી હતી. લોકોનું મોટું ટોળું ત્યાં ઊભું હતું. તેની વચ્ચેથી માંડમાંડ જગ્યા કરીને અમે સ્ટીમર આગળ પહોંચ્યા. મારા આવવાની ખબર પડતાં જ સ્ટીમરનો કૅપ્ટન કૅબિનમાંથી બહાર આવીને મને લેવા સામો આવ્યો, અને થોડી વારમાં જ અમે બંને મિત્રો બની ગયા. કૉન્સીલે મારો સામાન મારા માટેની ઓરડીમાં ગોઠવી દીધો.

સ્ટીમર ઊપડી. ત્યાં ઊભેલા લોકોના ટોળાએ મોટેથી સ્ટીમરની અને અમેરિકાના રાજ્યની જય બોલાવી. સ્ટીમર ઉપર ૩૯ તારાના ચિહ્નવાળો મોટો વાવટો ફરકવા લાગ્યો. સ્ટીમર ઉપરના ખલાસીઓ તથા અમે બધા કેટલીય વાર સુધી લોકોના ટોળા તરફ જોઈ રહ્યા. ફરી વાર આ બધું જોઈશું કે નહિ તેની શંકા સહુના મનમાં હતી. સ્ટીમરના પેટમાં મશીનનો ભયંકર ઘરઘરાટ ચાલુ થઈ ગયો, અને સ્ટીમર ધીમે ધીમે બારામાંથી આગળ વધવા લાગી. જેમ જેમ સ્ટીમર આગળ વધતી ગઈ તેમ તેમ તેની ઝડપ પણ વધવા લાગી; જોતજોતામાં અમેરિકાનો કિનારો દેખાતો બંધ થવા લાગ્યો અને આટલાંટિક મહાસાગરનાં કાળાં પાણી અમારી સ્ટીમરને ઘેરી વળ્યાં. આબ્રાહમ લિંકન ઉપર ચાળીસથી પચાસ માણસો હતા; તેમાંનો મોટો ભાગ તો સ્ટીમરના ખલાસીઓ તથા એંજિનિયરોનો હતો. પણ આ બધાથી જુદો તરી આવે એવો એક માણસ અમારી સાથે હતો. તેનું નામ નેડલૅન્ડ. અમેરિકામાં વ્હેલ માછલીઓના શિકારીઓનો તે 'રાજા' ગણાતો. અમેરિકાના રાજ્યે આ પ્રસંગને માટે જ કૅનેડા-થી ખાસ આમંત્રણ આપીને તેને બોલાવ્યો હતો; અને નેડલૅન્ડ પણ શિકાર કરવાનો આવો અવસર જવા દે એવો ન હતો. સ્ટીમરના કૅપ્ટન મારફત તેની સાથે ઓળખાણ થઈ ને જોતજોતામાં અમે મિત્રો બની ગયા. નેડલૅન્ડનું શરીર જોઈને મને તેની ઈર્ષ્યા આવી. પૂરા છ ફૂટની

તેની ઊંચાઈ હતી. તેનું સ્નાયુબદ્ધ શરીર, મોટી તેજસ્વી આંખો અને ઊપસેલાં હાડકાંવાળાં જડબાં જોઈને બિચારી વ્હેલ માછલી પણ ડરી જાય એવું હતું ! અમે આખો દિવસ કેપ્ટનની કેબિનમાં બેઠાં બેઠાં દરિયાની જ વાતો કર્યા કરતા હતા. નેડલૅન્ડ પોતાના શિકારનાં સાહસોની વાતો જ્યારે લડાવીને કહેતો હતો ત્યારે અમારાં રોમાંચ પણ ખડાં થતાં. અને સાચેસાચ વ્હેલ માછલી અમારી સામે આવીને ઊભી હોય એમ લાગતું. નેડલૅન્ડ ઉપરની મારી શ્રદ્ધા ધીમે ધીમે વધતી ગઈ.

પણ નેડલૅન્ડમાં એક ભારે કુટેવ હતી. વાતવાતમાં તે બહુ તપી જતો અને વાતવાતમાં શાંત પણ થઈ જતો. તે એમ માનતો કે દુનિયામાં વ્હેલથી મોટી માછલી થઈ નથી, અને થશે જ નહિ ! પણ એક વાર મારી અને તેની વચ્ચે આ બાબતમાં ખૂબ ચર્ચા થઈ. મેં તેને એક પછી એક દલીલોથી મહાત કરવા માંડ્યો. તેની પાસે સામે દલીલ નહોતી, પણ તે માત્ર ના જ પાડ્યા કરતો. તે એમ જ કહેતો કે આવી મોટી સ્ટીમરને ગાબડું પાડી દે એટલું બળ માછલીમાં હોય જ નહિ. મેં તેને સમજાવ્યો કે 'જે પ્રાણી દરિયાની નીચે ઠેઠ તળિયા સુધી એટલે લગભગ ૩૦,૦૦૦ ફૂટ ઊંડે જઈ શકે તે પ્રાણીની ચામડી લગભગ ૯ કરોડ રતલ વજન ખમી શકે તેટલી મજબૂત હોય, તો જ તે જીવી શકે. જે પ્રાણી આટલું વજન ઝીલી શકે તે પ્રાણી એક સ્ટીમરને ઉડાડી દે એમાં નવાઈ શી છે ?' આ દલીલથી તે મૂંગો થઈ ગયો, પણ પોતે કબૂલ થયો છે એમ તેણે ન કહ્યું અને પછી તો મેં તેને વધારે ચીડવવું છોડી દીધું.

સ્ટીમર ઝપાટાબંધ આગળ ચાલી જતી હતી. ત્રીજે દિવસે કૅપ્ટને એમ જાહેર કર્યું કે આ સ્ટીમરમાંથી પહેલો જે એ પ્રાણીને બતાવશે તેને બે હજાર ડૉલર ઇનામ મળશે. આખો દિવસ સ્ટીમરના કઠેડા ઉપર ખલાસીઓ તથા અમે પેલા પ્રાણીના દેખાવાની રાહ જોતાં બેસી રહેતા. દરેકને મનમાં હતું કે બે હજાર ડૉલર પોતાને જ મળશે. ખલા-

સીઓ પોતાના કામમાંથી ગાપચી મારીને પણ ડેક ઉપર છાનામાના ઊભા રહેતા. આખી સ્ટીમર ઉપર ધમાલ મચી રહેતી. દિવસોના દિવસો આ પ્રમાણે ખોટી રાહ જોવામાં ચાલ્યા ગયા, અને ધીમે ધીમે સહુ કંટાળવા લાગ્યા. સ્ટીમર પણ અમેરિકાની દક્ષિણે થઈને પાસિફિક મહાસાગરમાં આવી પહોંચી. આવડા મોટા દરિયામાં ફક્ત બસો ફૂટ જગ્યા રોકનારું પ્રાણી શોધી કાઢવું તેમાં ધીરજની ખરી કસોટી હતી. સ્ટીમર ધીમે ધીમે જાપાન તરફ આગળ જતી હતી. લગભગ બસો માઈલને છેટે જાપાનનો કિનારો હતો.

એક દિવસ સાંજનો વખત હતો. ધીમે ધીમે દરિયાનાં ભૂરાં પાણી ઉપર કાળો અંધકાર છવાતો જતો હતો. હું તથા મારો નોકર તૂતક ઉપર ખુરશી નાખીને દરિયાની ઠંડી હવા લેતા હતા. કોન્સીલની નજર ક્ષિતિજ ઉપર ચોંટેલી હતી; તેની આંખો વધતા જતા અંધકારમાં પેલા પ્રાણીને શોધવા મથતી હતી. મેં કોન્સીલને કહ્યું : 'બે હજાર ડોલર માટે તને ઠીક તાલાવેલી થઈ લાગે છે!'

'આપને જે લાગે તે ખરું; બાકી આ સ્ટીમર ઉપર મારા જેવા બે હજાર ડોલરની વાટ જોનાર કોણ નહિ હોય એ જ સવાલ છે!' કોન્સીલે કહ્યું.

'આ અંધારું થવા માંડ્યું, તે બરાબર ન થયું. જ્યાં સુધી પેલું પ્રાણી ન જડે ત્યાં સુધી સૂરજ ન આથમે એવી કોઈ વ્યવસ્થા થઈ શકે તો બહુ સારું!' મેં હસતાં હસતાં કહ્યું.

'એ આપના જેવા વિજ્ઞાનશાસ્ત્રીઓનું કામ છે. કદાચ એટલા માટે જ અમેરિકાના રાજ્યે આપને આ સ્ટીમરમાં સાથે જવા...'

કોન્સીલનું વાક્ય પૂરું થાય તે પહેલાં જ નેડલૅન્ડની ગર્જનાથી આખી સ્ટીમર ગાજી ઊઠી : 'જુઓ દેખા...ય!'

૩

હુમલો

બૂમ પડતાંની સાથે જ સ્ટીમરને એકેએક ખૂણેથી લોકો દોડતાં દોડતાં આવીને નેડલૅન્ડ ફરતા ફરી વળ્યા. બૉઇલરમાં કોલસા નાખનાર મજૂરો હાથમાં પાવડો લઈને ઉપર દોડી આવ્યા; રસોડામાં વાસણો સાફ કરતા છોકરાઓ પણ ઠામડાં પડતાં મૂકીને દોડી આવ્યા. સ્ટીમરનો કેપ્ટન તથા અમે પણ નેડલૅન્ડ પાસે આવીને ઊભા રહ્યા. નેડલૅન્ડની બાજ જેવી આંખો દૂર ચોંટેલી હતી. બધાની નજર તે બાજુ વળેલી હતી. લગભગ દોઢેક માઈલને અંતરે દરિયાની અંદરથી 'સર્ચ લાઈટ' જેવો પ્રકાશ પાણીને વીંધીને બહાર આવતો હતો. અમે બધા આશ્ચર્યથી સ્તબ્ધ થઈને ઊભા રહ્યા! મેં એ પ્રકાશને બરાબર તપાસ્યો, તો તે પ્રકાશ વીજળીનો લાગ્યો. વીજળીના પ્રકાશવાળું પ્રાણી કેવું અદ્‌ભુત હશે એનો હું વિચાર કરતો હતો તેવામાં તો તે પ્રકાશ હલવા લાગ્યો. 'જુઓ, જુઓ; આ તો પેલું પ્રાણી આપણા તરફ જ આવે છે!'

'ચલાવો! એંજિનને ખૂબ જોરમાં ચાલુ કરી દો, અને સ્ટીમરને પાછી ફેરવો.' કૅપ્ટને હુકમ છોડ્યો!

જોતજોતામાં પેલું પ્રાણી અમારી પાસે ને પાસે આવતું લાગ્યું. અમારી સ્ટીમર પોતાની વધારેમાં વધારે ઝડપથી પાછી ફરતી હતી; તેને તે પ્રાણી પહોંચી વળ્યું; એટલું જ નહિ પણ તેનાથી આગળ નીકળી જઈ એક ચક્રાવો મારીને સ્ટીમરની તદ્દન પડખે આવીને ઊભું રહ્યું. ગાઢ અંધકારની અંદર દરિયાનાં પાણી ઉપર ઝગઝગાટ કરતો પ્રકાશનો લાંબો પટ્ટો જોવામાં જો અમારા મનમાં ભય ન હોત તો કેટલી મજા પડત!

તે પ્રાણી પણ અમારી બીકની જાણે વિડંબના કરતું હતું. ઘડીક તે દેખાતું સાવ બંધ થઈ જતું હતું, તો ઘડીક વળી અમારી સ્ટીમરને બીજે પડખે આવીને ઊભું રહેતું. સ્ટીમરનો કેપ્ટન ખરેખર ગભરાયો. કઈ ઘડીએ તે પ્રાણી સ્ટીમરને ધક્કો મારશે તે કહેવાય એમ ન હતું. લગભગ રાતના બાર વાગ્યા સુધી આ પ્રમાણે તે પ્રાણીએ અમને હેરાન કર્યા; તે પછી તે દેખાતું બંધ થઈ ગયું. સ્ટીમરના મોટા ભાગના માણસો ખડે પગે અને થરથરતે હૈયે સ્ટીમરના કઠેડા ઉપર ઊભા રહ્યા હતા. નેડલૅન્ડના ક્રોધનો પાર નહોતો. આ પ્રાણીનો શિકાર નેડલૅન્ડ સિવાય બીજું કોઈ કરી શકે તેમ ન હતું. વારે વારે બધા નેડલૅન્ડને તેનો શિકાર કરવાનું કહ્યા કરતા હતા, પણ તે પ્રાણી કોઈ રીતે શિકારના લાગમાં આવતું નહોતું; ઊલટું જબરા ઘુઘવાટા કરીને જાણે નેડલૅન્ડને ચીડવતું હતું.

બાર વાગે પ્રાણી દેખાતું બંધ થયા પછી પાછું ઠેઠ બે વાગે લગભગ પાંચ માઈલને અંતરે તે દેખાયું. આટલે દૂરથી પણ તેનો શ્વાસોચ્છ્વાસ સંભળાતો હતો : જાણે કોઈ મોટું એંજિન વરાળ છોડતું હોય !

દિવસ ઊગતાં સુધી સ્ટીમર ઉપર પેલા પ્રાણીના શિકારની તૈયારીઓ થવા લાગી. નેડલૅન્ડ એકલો બેઠો બેઠો દાંત ભીંસીને પોતાનું વજ્ર જેવું હારપૂન ઘસી રહ્યો. સવાર પડી. સ્ટીમરની આસપાસ ચારે તરફ ઘાટું ધુમ્મસ છવાઈ રહ્યું હતું; તેને વીંધીને બધાની નજર પેલા પ્રાણીને શોધવાનો પ્રયત્ન કરતી હતી. વળી પાછો નેડલૅન્ડ ગાજી ઊઠ્યો : 'જુઓ દેખા...ય !'

ઓસરતા જતા ધુમ્મસની અંદર લગભગ દોઢેક માઈલને છેટે એક મોટો કાળો પદાર્થ દરિયાની સપાટીથી ઊંચે લગભગ ત્રણેક ફૂટ બહાર દેખાતો હતો. તેની પૂંછડીના ભાગ પાસે દરયાનાં પાણી ખળભળી રહ્યાં હતાં. સ્ટીમર છાનીમાની તે પ્રાણીની નજીક જઈ પહોંચી. મેં પાસે જઈને જોયું તો તે વિચિત્ર જળચરની લંબાઈ દોઢસો

ફૂટથી વધારે નહોતી. હું તેને જોઈ રહ્યો હતો. અમે લગભગ અર્ધા ફર્લાંગને છેટે હશું ત્યાં સુધી તેના છાંટા અમને ઊડતા હતા. કૅપ્ટને તે પ્રાણીને બરાબર જોઈને હુકમ છોડ્યો : ' એંજિન જોસમાં ચાલુ કરો અને ઝડપ મૂકી શકાય તેટલી મૂકો.' આખી સ્ટીમર ઉપર હર્ષના પોકારો ઊઠ્યા. સ્ટીમરના મોટા ભૂંગળામાંથી ધુમાડાના ગોટેગોટ નીકળવા માંડ્યા. સ્ટીમરે તે પ્રાણી ઉપર ધસારો કર્યો.

કૅપ્ટને નેડલૅન્ડને કહ્યું : ' હવે તો એ પ્રાણી કોઈ પણ રીતે પકડાવું જોઈએ. તમે કહો તો સ્ટીમર ઉપરથી શિકારને માટે નાની હોડીઓ ઉતારું.'

નેડલૅન્ડે કહ્યું : ' કૅપ્ટન સાહેબ ! એની કશી જરૂર નથી; કારણ કે એ પ્રાણીને એની મરજી હશે તો જ આપણે પકડી શકશું એમ લાગે છે. તોપણ તમે નિરાશ ન થતા. હું મારી બધી શક્તિ વાપરીને તેને માત કરવાનો પ્રયત્ન કરીશ. આપણી સ્ટીમર તેની સાવ નજીક પહોંચશે તે દરમિયાન હું સ્ટીમરના લંગરવાળા ભાગ ઉપર જઈને બેસું છું. ત્યાંથી લાગ જોઈને મારું નિશાન તાકીશ. તમે તે દરમિયાન સ્ટીમર જેટલી વધારેમાં વધારે ઝડપ લઈ શકે તેટલી ઝડપમાં મૂકી દો.'

વળી કૅપ્ટને એંજિનિયરને ઝડપ વધારવા કહ્યું. એંજિનનું એકેએક યંત્ર ધણધણી ઊઠ્યું. સ્ટીમર કલાકના સાડા અઢાર માઈલની ઝડપે જતી હતી, છતાં તે પ્રાણી અને સ્ટીમર વચ્ચેનું અંતર એટલું ને એટલું જ રહેતું હતું. કૅપ્ટન અકળાયો. અમેરિકાની સૌથી વધારેમાં વધારે ઝડપવાળી સ્ટીમરના કૅપ્ટનની આબરૂ આમ એક માછલું લઈ લે, એ તેને મન મરવા જેવું થઈ પડ્યું. સ્ટીમર ઉપરના ખલાસીઓ પણ પગ પછાડવા લાગ્યા. ફરી પાછો કૅપ્ટને એંજિનિયરને બોલાવી ધમકાવ્યો : ' હજુ વધારે ઝડપ વધારો. બૉઇલર અને સ્ટીમર ફાટી ન જાય ત્યાં સુધી ઝડપ મૂકો ! '

ઝડપ વધી. મૅનોમિટર દસ ડિગ્રીએ આવીને ઊભું રહ્યું; કલાકના

ઓગણીશ માઈલની ઝડપે સ્ટીમર ચાલવા માંડી છતાં પણ તે પ્રાણી અને સ્ટીમર વચ્ચેનું અંતર એનું એ જ રહેતું હતું !

હવે શું કરવું ? પ્રાણી પણ ખરેખર જાણે અમને ચીડવવા જ માગતું હતું ! કોઈ કોઈ વાર તો અમારી સાવ નજીક આવી જતું હતું, અને નેડલૅન્ડ પોતાનું હારપૂન તાકે ન તાકે ત્યાં પાછું દૂર નીકળી જતું હતું !

આ પ્રમાણે આખો દિવસ તેની અને અમારી વચ્ચે શરત ચાલી. અમને થયું કે હવે તે પ્રાણી થાકવું જોઈએ; પણ સાંજ સુધી તેની અને અમારી વચ્ચેનું અંતર જરાયે ઘટયું નહિ. અબ્રાહમ લિંકને પણ આજે રંગ રાખ્યો. તેના કૅપ્ટને સ્ટીમરને આજે બરાબર કામમાં લીધી. આખો દિવસ કૅપ્ટન ધૂંવાંપૂંવાં થઈ સ્ટીમરના ડેક ઉપર ફર્યા કરતો હતો. જ્યારે તે પ્રાણીને પહોંચી વળવાનો સંભવ ઓછો દેખાયો ત્યારે તેને એક બીજો વિચાર આવ્યો. બપોરના લગભગ બે થયા હતા. કૅપ્ટને તે પ્રાણીને જીવતું પકડવાનો વિચાર છોડી દઈને તેને તોપને ગોળે ઉડાડી મૂકવાનો નિશ્ચય કર્યો. નિશ્ચય થયા પછી તેનો અમલ કરતાં તે વાર લગાડે એમ ન હતું. એકાએક સ્ટીમર ઉપર તોપનો ધડાકો થયો અને એમાંથી છૂટેલો ગોળો તે પ્રાણીથી પણ થોડે વધારે દૂર પાણીમાં જઈ પડયો. કૅપ્ટન વધારે ખિજાયો. એક બુઢ્ઢો ખલાસી બહાર પડયો. તેણે તે પ્રાણીને વીંધી નાખવાનું માથે લીધું. તોપનું મોઢું બરાબર તે પ્રાણી ઉપર તાકીને તોપ ફોડી. નિશાન બરાબર તેના સ્થાને પહોંચ્યું. બધા હર્ષનો પોકાર કરી ઊઠયા, પણ બીજી જ ક્ષણે તેમણે જોયું તો તોપનો ગોળો પેલા પ્રાણીની પીઠ ઉપર અથડાઈને પાછો પાણીમાં પડયો હતો, અને પ્રાણીની ગતિમાં કશો ફેર પડયો નહોતો. બધાના આશ્ચર્યનો પાર ન રહ્યો. આટલો જોસથી છૂટેલો તોપનો ગોળો પણ જે પ્રાણીને કાંઈ ન કરી શકયો તે પ્રાણીનું ચામડું કઈ ધાતુનું હશે ?

રાત પડી અને પેલું પ્રાણી દેખાતું બંધ થયું. અમે નિરાશ થઈ ગયા. અમારી બે દિવસની મહેનત છેવટે બરબાદ થઈ ગઈ, એમ અમને

લાગ્યું; પણ તેમાં અમારી ભૂલ હતી. ફરી લગભગ રાતના અગિયાર વાગે ત્રણેક માઈલને અંતરે વીજળીનો પ્રકાશ દેખાયો. અત્યારે તે પ્રાણી સ્થિર હતું. કદાચ આખો દિવસ લાગેલા થાકથી થાકી ગયું હશે. આ ક્ષણે શિકારનો બરાબર લાગ હતો. કૅપ્ટને સ્ટીમર અવાજ ન કરે એ રીતે ધીમે ધીમે તે પ્રાણી તરફ હંકારી. નેડલૅન્ડ લંગર પાસેની પોતાની જગ્યાએ હારપૂન લઈને બેસી ગયો. સ્ટીમર ઉપર ભયાનક શાંતિ ફેલાઈ ગઈ. તે પ્રાણીમાંથી નીકળતા પ્રકાશથી અમારી આંખો અંજાઈ જતી હતી. જોતજોતામાં સ્ટીમર ને પ્રાણી વચ્ચે માંડ વીશ ફૂટનું અંતર રહ્યું. પ્રાણી હજુ ઊંઘતું જ હતું. નેડલૅન્ડ જરાક ઊંચો થયો અને તાકીને પોતાનું હારપૂન તે પ્રાણીની ઉપર જોરથી ફેંક્યું. હારપૂન જાણે કોઈ ધાતુ સાથે અથડાયું હોય એવો અવાજ થયો પણ તુરત પ્રાણીમાંથી નીકળતો પ્રકાશ એકદમ બંધ થઈ ગયો અને પાણીના બે મોટા ફુવારા જોસબંધ અંદરથી છૂટયા. જોતજોતામાં સ્ટીમરનું તૂતક અને તેની ઉપરના બધા માણસો તરબોળ થઈ ગયા. બીજી જ ક્ષણે એક ધક્કો લાગ્યો. હું કઠેડા પર પગ મૂકીને ઊભો હતો; પડખેનું દોરડું પકડી લઉં તે પહેલાં તો એ ધક્કાના જોરે હું દરિયામાં પડયો!

૪

કેદ પકડાયા

હું દરિયામાં પડચો પણ મારું ભાન ન ભૂલ્યો. પડતાંની સાથે જ હું દસ-પંદર ફૂટ ઊંડો ઊતરી ગયો પણ પાછો તરત જ હાથનાં હલેસાં મારીને સપાટી ઉપર આવી પહોંચ્યો. હું તરવામાં ખૂબ હોશિયાર હતો એટલે હિંમત હાર્યો નહિ. મેં તરતાં તરતાં ચારે બાજુ નજર નાખી પણ આસપાસ ક્યાંયે વહાણ દેખાયું નહિ. દૂર પૂર્વમાં કાંઈક ઝાંખો પ્રકાશ ધીમે ધીમે અદૃશ્ય થતો દેખાતો હતો. મેં મોટેથી બૂમ પાડી : 'મદદ, મદદ!' એ અમારું જ વહાણ હતું. હું તે દિશામાં જોરથી હાથ વીંઝતો તરવા લાગ્યો; પણ મારાં કપડાંએ મને ખૂબ હેરાન કરવા માંડયો. ભીનાં કપડાં મારા શરીર સાથે ચોંટી ગયાં હતાં, અને તેનું વજન અત્યારે ઉપાડવું એ એક બીજા માણસને ઉપાડવા કરતાંય વધારે લાગતું હતું. મારું તરવાનું કામ સાવ અશક્ય બની ગયું. હું ડૂબવા લાગ્યો. મેં છેલ્લી બૂમ મારી : 'મદદ!' મારા મોંમાં પાણી ભરાઈ ગયું; મેં જીવનની છેલ્લી ક્ષણ અનુભવી. ત્યાં એકાએક જાણે કોઈએ મારાં કપડાં પકડીને મને ઊંચો કર્યો હોય એમ લાગ્યું. હું પાછો સપાટી ઉપર આવ્યો. મારા કાન પર કંઈક અવાજ આવ્યો : 'આપને જો ખાસ વાંધો ન હોય તો મારા ખભા ઉપર ટેકો આપો, એટલે આપને તરવું સુગમ પડશે.'

એ મારો નોકર – મિત્ર કોન્સીલ જ હતો. મારામાં નવો પ્રાણ આવ્યો. 'કોણ, તું કોન્સીલ?'

'હા જી. આપની સેવામાં.'

'તું પણ મારી જેમ જ દરિયામાં પડી ગયો હતો કે?'

'ના જી, આપને પડેલા જોયા એટલે હું આપની પાસે હાજર

રહેવા પાછળ પડયો.'

'સ્ટીમરનું શું થયું ?' મેં પૂછ્યું.

'હવે સ્ટીમરનો તો વિચાર જ ન કરતા, કારણ કે હું આપની પાછળ પડયો કે તરત જ મેં અવાજ સાંભળ્યો : 'સ્ટીમર ડૂબે છે, સ્ટીમર ડૂબે છે !'

'ત્યારે તો આપણું આવી બન્યું !' મેં નિરાશ થઈને કહ્યું.

'કદાચ એમ પણ હોય. પણ આપણે ડૂબી મરીએ ત્યાં સુધી હાથ તો હલાવ્યા જ કરવા, એમ મને લાગે છે.'

કોન્સીલના શરીરમાં અજબ જોર હતું. તેને ટેકે તરવામાં મને જરાયે શ્રમ નહોતો પડતો. કોન્સીલે એક હાથે પોતાના ખિસ્સામાંથી ચપ્પુ કાઢીને દાંતથી તે ખોલી નાખી મારાં કપડાં ચીરી નાખ્યાં. મારા શરીર પરનું વજન સાવ હલકું થઈ ગયું. મેં પણ તે જ પ્રમાણે તેનાં કપડાંનું કર્યું. અમને તરવામાં હવે વધારે અનુકૂળતા મળી.

બે કલાક સુધી અમે સતત તર્યા કર્યું. મારી શક્તિની હવે હદ આવી ગઈ. કોન્સીલને હવે મને ઊંચકવો જ પડયો. મારા હાથપગ જાણે ઠીકરું થઈ ગયા હતા. હું કયારે બેભાન થઈ જઈશ તે કહેવાય એમ નહોતું. કોન્સીલ પણ હવે ખૂબ જોરથી હાંફતો હતો. મેં તેને કહ્યું : 'તું મને છોડી દે; તું તારે એકલો એકલો તરવા માંડ.'

'આપ શી વાત કરો છો ? એ તે બને ?'

ઝાંખો ચંદ્ર આકાશમાં કોર કાઢીને ઊભો. તેનાં કિરણો દરિયામાં મોજાં ઉપર રમતાં હતાં. મેં આસપાસ કરુણ દૃષ્ટિ ફેરવી મદદ માગી. મોઢેથી બોલવાની તો તાકાત જ કયાં હતી ? કોન્સીલ પણ મહામહેનતે બૂમ પાડી શકયા : 'મદદ, મદદ !' સામેથી કાંઈ જવાબ મળવાની આશાએ અમે થોડી વારે તરવું બંધ રાખ્યું. કાંઈક અવાજ આવ્યો હોય એમ પણ લાગ્યું. કોન્સીલે ફરી બૂમ પાડી; સામેથી માણસનો અવાજ આવતો હોય એમ સ્પષ્ટ લાગ્યું. 'આ તે કાંઈ ભ્રમ હશે ?' કોન્સીલે પોતાનું બધું જોર અજમાવ્યું;

પાણીમાંથી અરધો ઊંચો થઈને તેણે સાદ ફાટી જાય એવી બૂમ મારી. હું મારું ભાન ગુમાવતો જતો હતો. મારું આખું શરીર ઢંકાઈ ગયું. મારી ઉપર દરિયાનું પાણી ફરી વળ્યું. હું અંદર ઊતરવા લાગ્યો.

એટલામાં એકાએક મારા પગ સાથે કંઈક કઠણ વસ્તુ અથડાઈ. આવેશમાં ને આવેશમાં હું તેને વળગી પડ્યો. જાણે કોઈક મને ઉપર ખેંચી લાવ્યું હોય એમ લાગ્યું. હું મૂર્છિત થઈ ગયો. થોડીવારે હું ભાનમાં આવ્યો હોઈશ. મેં આંખો ઉઘાડી ત્યારે કોન્સીલ મારા શરીરને જોરથી ઘસી રહ્યો હતો. ચંદ્રના ઝાંખા પ્રકાશમાં મેં કોન્સીલની પડખે એક બીજા માણસને ઊભેલો જોયો. જરા સ્વસ્થ થયા પછી જોયું તો તે બીજો કોઈ નહિ પણ નેડલૅન્ડ જ હતો!

'કોણ નેડ? તું ક્યાંથી?'

'હાસ્તો. મારા શિકારની પાછળ પાછળ.'

'તું પણ મારી જેમ દરિયામાં પડી ગયો હતો?'

'હા. પણ સાવ તમારી પેઠે નહિ. હું તો પડ્યો કે તરત જ તરતા બેટ ઉપર આવી પહોંચ્યો.'

'તરતો બેટ?'

'હા, તમે જેને રાક્ષસી માછલી કહો છો તે.'

'એટલે? હું સમજ્યો નહિ.'

એટલે એમ કે મેં જેવું હારપૂન તાકીને તમારા રાક્ષસી પ્રાણી ઉપર ફેંક્યું, તેવું જ અથડાઈને અટકી ગયું.'

'એમ કેમ?'

'તે પ્રાણી લોઢાનાં મજબૂત પતરાંનું બનાવેલું છે તેથી. અત્યારે આપણે એના ઉપર જ ઊભા છીએ.'

હવે જ મને ખબર પડી કે અમે બધા કોઈક ચીજ ઉપર ઊભા છીએ. મેં મારો પગ પછાડ્યો. અમે બધા કોઈક ચીજ ઉપર ઊભા હતા; તે વસ્તુ અતિશય કઠણ હતી. દુનિયામાં કોઈ પણ પ્રાણીની

ચામડી આવી કઠણ ન હોઈ શકે. આ તે શું હશે? મારા આશ્ચર્યનો પાર નહોતો. આ કોઈ દરિયાઈ પ્રાણી નથી એ તો નક્કી જ થયું. પણ એથી તો ઊલટું મને વધારે આશ્ચર્ય થયું. દુનિયામાં કયો મનુષ્ય આવી અદ્‌ભુત વસ્તુ ઉપજાવી શક્યો હશે? ઈશ્વરની રચના કરતાંયે વધારે આશ્ચર્ય ઉપજાવે એવી આ રચના હતી.

અમે એક દરિયાની અંદર ચાલી શકે એવા વહાણ ઉપર ઊભેલા હતા. વહાણનો આકાર માછલી જેવો હતો. તેના ઉપર મજબૂત લોઢું જડેલું હતું. જે વાત નેડલૅન્ડ કહેતો હતો તે હવે અમારે માનવી પડી. પણ એક મને શંકા થઈ કે જો આ કોઈ વહાણ હોય તો તેની અંદર યંત્રો અને માણસો હોવાં જોઈએ. પણ હજુ સુધી આ વહાણમાં કોઈ હોય તેવું ચિહ્ન જણાયું ન હતું. આ વહાણની ઝડપ તથા શક્તિનો પરચો તો અમે સ્ટીમરમાં હતા ત્યારે જ અમને તેણે બતાવી દીધો હતો. અત્યારે તો તે નિરાંતે દરિયાનાં મોજાં ઉપર પડ્યું પડ્યું ઝૂલતું હતું. વહાણનો ઉપરનો ભાગ દરિયાની સપાટી ઉપર લગભગ એક ફૂટ બહાર હતો; અને એના ઉપર જ અમે નિરાંતે બેઠા હતા. પણ જો વહાણ પાણીમાં એકાએક ડૂબકી મારી જાય તો અમારી શી દશા થાય? કોઈ પણ રીતે અંદરના માણસોને અમારી ખબર પડે એમ કરવું જોઈએ. પણ તે કઈ રીતે? મેં તેની અંદર જવા માટેના રસ્તાની તપાસ કરવા માંડી, પણ બધેય લોઢાનાં પતરાંમાં મોટા મોટા બોલ્ટ જડી દીધેલા હતા. અંધારામાં વધારે તપાસ પણ થઈ શકે તેમ નહોતું. અમારે સવાર સુધી રાહ જોયા સિવાય બીજો ઉપાય નહોતો.

એકાએક વહાણ ચાલવા માંડ્યું. અમે એકબીજાને પકડીને બરાબર ઊભા રહ્યા. દરિયાનાં મોજાં અમારા ઉપર જોરથી અથડાતાં હતાં. વહાણની ઝડપ લગભગ કલાકના બાર માઈલની હોવાનું મેં અનુમાન બાંધ્યું.

આખરે તે લાંબી અને ભયંકર રાત પૂરી થઈ. આ ભેદી

વહાણમાં શું હશે તે જાણવાની કેટલી આતુરતા અમને થઈ હશે! સવારના પ્રકાશમાં અમે વહાણનો આકાર બરાબર જોઈ શકયા. હું તે વહાણની પીઠ બરાબર તપાસતો હતો, ત્યાં વહાણ એકાએક અંદર ઊતરવા લાગ્યું. અમે ગભરાયા; નેડલૅન્ડના ક્રોધનો પાર ન રહ્યો. ' હરામખોરો! ઉઘાડો.' તેણે જોરથી પગ પછાડીને બૂમ મારી. અમારા સદ્‌ભાગ્યે તે બૂમની અસર થઈ. વહાણ ડૂબતું અટકી ગયું.

એકાએક લોઢાની ભોગળો ઊઘડતી હોય એવો અવાજ થયો. લોઢાનું એક મોટું બારણું ગોળ ઊઘડયું અને એક માણસનું ડોકું બહાર દેખાયું. તેણે અમને જોઈને ચીસ પાડી ને બારણું પાછું દેવાઈ ગયું. અમે બાઘાની જેમ ઊભા રહ્યા!

પાછું થોડી વારે પતરાનું બારણું ફરી ઊંચું થયું અને તેમાંથી આઠ મજબૂત બુરખાવાળા માણસો બહાર આવ્યા; અને અમે હજુ વિચાર કરીએ તે પહેલાં તો ઢસડીને અમને અંદર ખેંચી ગયા! અમારી પાછળ બારણું બંધ થઈ ગયું.

૫

સબમરીન

આ બધું વીજળીની ઝડપથી બની ગયું. મારા મનમાંથી ભયનો એક ચમકારો પસાર થઇ ગયો. બધે અંધારું હતું. સાંકડી સીડી ઉપરથી અમને નીચે ઉતારવામાં આવ્યા. એક બારણું ઊઘડયાનો અવાજ આવ્યો અને અમને તે બારણાની અંદર પેલા માણસો લઈ ગયા, અને ત્યાં મૂકીને બારણું બંધ કરીને ચાલ્યા ગયા. આ બધું એટલી ઝડપથી બન્યું કે ઓરડામાં પુરાયા પછી જ અમને અમારા શરીરનું ભાન આવ્યું. અમે કોઇ ઓરડામાં છીએ એની ખાતરી કરવાનું સાધન અમારા હાથ જ હતા. ઓરડામાં એટલું બધું અંધારું હતું કે તેનો ખ્યાલ અમને અત્યારે પણ આવી શકતો નથી. થોડીવાર પછી અમે ભેગા મળી વિચાર કરવા લાગ્યા : આ બધું શું હશે ? આપણને પકડનાર માણસો જંગલી માણસખાઉ માણસો હશે, કે કોઈ ભેદી બહારવટિયા હશે, કે કોઇ ચમત્કારિક જાદુગરો હશે ? અમે કશું નક્કી કરી શકયા નહિ.

નેડલૅન્ડે તો નક્કી જ કરી રાખ્યું હતું કે ભલે જાન જાય તોપણ આ માણસોને આપણું બળ બતાવી દેવું. પણ અહીં અમારું કાંઈ ચાલે તેમ નહોતું. ભેદી અંધકારથી ભરેલા વીસ ફૂટ લાંબા અને દસ ફૂટ પહોળા ઓરડામાં કશા હથિયાર વગર અને ભૂખથી પીડાતા અમે પડયા હતા. અમારો બચવાનો આધાર અમને કેદ કરનાર માણસો જ હતા.

અરધો કલાક આમ ને આમ પસાર થઈ ગયો. એવામાં એકાએક પ્રકાશનો જાણે મોટો ધોધ ઉપરના ભાગમાંથી છૂટચો. આખા ઓરડામાં પ્રકાશ પ્રકાશ થઈ ગયો ! આટલા વખત સુધી

અંધારામાં રહેલી આંખો આ પ્રકાશના મારથી થોડીક ક્ષણ તો આંધળી-ભીંત થઈ ગઈ. પછી અમે નજર નાખી તો ઓરડાની છતમાં વીજળીનો મોટો પોટો મૂકેલો દેખાયો. તેમાંથી જ આ પ્રકાશ આવતો હતો.

'હાશ! આખરે બીજું કાંઈ નહિ તોપણ અજવાળું તો આવ્યું!' કૉન્સીલ બોલ્યો.

નેડલૅન્ડ તો પોતાના ખિસ્સામાંથી મોટું ધરવાળું ચપ્પુ બહાર કાઢીને બારણું ઊઘડવાની રાહ જોતો જ ઊભો રહ્યો. મેં ચારે તરફ નજર નાખી તો ઓરડામાં વચ્ચે એક ટેબલ ને ચાર પાંચ ખુરશીઓ પડી હતી. ઓરડાની દીવાલો લોઢાનાં પતરાંની લાગતી હતી. પ્રકાશ થયા પછી લગભગ પાંચેક મિનિટે બારણું ઊઘડયું, અને બે માણસો અંદર આવ્યા. તેમાંનો એક માણસ સાદા નોકર જેવો લાગતો હતો અને બીજો ઊંચો અને પ્રભાવ પાડે તેવો માણસ મોટો અધિકારી હોય એમ જણાતું હતું. તેનું પડછંદ શરીર, વિશાળ કપાળ અને ઝીણી કાળી બે આંખો તેનામાં રહેલી શક્તિ બતાવતાં હતાં. નેડલૅન્ડનું શરીર પણ તેની પાસે નાનું લાગતું હતું. તેની ઝીણી આંખો અમને વીંધી નાખશે એવું લાગતું હતું. તેમણે બંનેએ પહેરેલાં કપડાં ખાસ ધ્યાન ખેંચે તેવાં હતાં. તે દરિયાની વનસ્પતિના રેસાઓમાંથી બનાવેલાં હતાં. ઓરડામાં પેસીને બંનેએ પ્રથમ અંદર અંદર કાંઈક વિચિત્ર ભાષામાં વાત કરી. પછી તે અધિકારી લાગતા માણસે મારા સામે જોઈને મને જાણે કાંઈ પૂછતો હોય એવો અભિનય કર્યો. મેં તેને ફ્રેંચ ભાષામાં અમારી વીતકકથા મારાથી બની શકે તેટલી સ્પષ્ટતાથી અને કરુણ રીતે કહી સંભળાવી; તે એકધ્યાને સાંભળતો ઊભો રહ્યો. મારું કહેવું તે સમજ્યો હોય એમ તેના મોઢા ઉપરથી લાગ્યું નહિ. મેં મારી વાત પૂરી કરી પણ તે એમ ને એમ જ ઊભો રહ્યો. મને લાગ્યું કે તે ફ્રેંચ ભાષા સમજતો નથી. એટલે મેં નેડલૅન્ડને અમારી હકીકત અંગ્રેજી ભાષામાં કહી સંભળાવવા કહ્યું. નેડલૅન્ડ તો તૈયાર જ હતો. એની એ વાત તેણે અંગ્રેજીમાં કહી, અને વધારામાં ઉમેર્યું

કે અમે ભૂખથી અધમૂઆ થઈ ગયા છીએ. નેડલૅન્ડના બોલવાની પણ મારા જેવી જ અસર થઈ. હવે શું કરવું તેનો હું વિચાર કરવા લાગ્યો ત્યાં તો કૉન્સીલે એની એ વાત ભાંગીતૂટી જર્મન ભાષામાં શરૂ કરી દીધી. કૉન્સીલની વાત પણ તેને સમજાઈ હોય એમ લાગ્યું નહિ. છેવટે મેં ભાંગીતૂટી લૅટિન ભાષામાં એક ઠોઠ નિશાળિયાની જેમ બોલવા માંડ્યું. એ પણ નકામું ગયું. અમે નિરાશ થઈ ગયા. પેલા બે જણા તો અંદર અંદર કાંઈક ગુસપુસ કરીને ચાલ્યા ગયા, અને બહારથી બારણું બંધ કરતા ગયા.

'આ તે શો જુલમ! દુનિયાની બધી ભાષામાં આપણે તેમને વાત કહી તો પણ હરામખોરો આપણને જવાબ આપવા યે નવરા નથી!' નેડલૅન્ડે પોતાનો ચપ્પુ હવામાં ઉછાળ્યો.

'તું જરા ટાઢો પડ. ગુસ્સે થઈશ તેમ વધારે હેરાન થઈશ.' મેં કહ્યું.

'પ્રોફેસર સાહેબ! અહીં આમ ને આમ ભૂખના માર્યા કમોતે મરી જશું, તોય આ બદમાસો આપણા સામે જુએ એમ લાગતું નથી!' નેડે કહ્યું.

'તો પછી આપણે આપણાથી બની શકે ત્યાં સુધી તત્ત્વજ્ઞાનની ચર્ચા કરીને વખત કાઢીએ.' કૉન્સીલે કહ્યું.

હું એ વિચાર કરતો હતો કે આ માણસો કયા દેશના હશે? એમના શરીર ઉપરથી કે એમની ભાષા ઉપરથી કંઈ પણ અનુમાન બાંધી શકાય એમ નહોતું. નેડલૅન્ડ તો ભૂખ્યા વરુની જેમ બૂમો પાડ્યા કરતો હતો, અને જોર જોરથી બારણાં ઉપર પાટાં મારીને 'ખાવાનું લાવો! ખાવાનું લાવો!' એમ બરાડતો હતો.

થોડી વારે ફરી બારણું ઊઘડ્યું, અને એક માણસ અંદર આવ્યો. તેના ખભા ઉપર અમારે માટે આણેલ કપડાં હતાં, અને તેના હાથમાં મોટો થાળ હતો. નેડ તો તરત તે માણસ તરફ ધસ્યો, અને તેના હાથમાંથી થાળ ઝૂંટવી લીધો. પેલો માણસ પણ

કપડાં નીચે મૂકીને ઝડપથી ચાલ્યો ગયો, અને બારણું બહારથી દેવાઈ ગયું.

કપડાં પહેરવાનું કામ ખાધા પહેલાં કોઈ કરે તેમ નહોતું. પહેલાં અમે ત્રણે જણા ભોજન ઉપર તૂટી પડયા. વાનીઓ બહુ વિચિત્ર પ્રકારની હતી. દરિયાની જાતજાતની માછલીઓની તે બનાવવામાં આવી હતી. સ્વાદમાં તે કોઈ પણ રીતે ઊતરે તેવી નહોતી. દરેક વાની તથા રકાબી અને વાસણ ઉપર અંગ્રેજી 'એન' (N) લખેલું હતું. નેડ અને કોન્સીલનું ધ્યાન આ અક્ષર ઉપર નહોતું ગયું, કારણ કે તેઓ ખાવામાં મશગૂલ હતા. ખાઈને ઊઠયા પછી અત્યાર સુધીનો થાક બહાર આવવા લાગ્યો. મારા બંને સાથીઓ તો ખાઈને તરત જ નીચે પડેલી સાદડી ઉપર ઊંઘી ગયા. મને પણ થોડી વારમાં ઊંઘ આવી ગઈ.

૬

ભૂખના માર્યા

અમે કેટલું ઊંઘ્યા તેની મને ખબર નહોતી. પણ મને લાગે છે કે અમે બારથી પંદર કલાક ઊંઘ્યા હઈશું. મારો બધો થાક ઊતરી ગયો હતો. હું ઊઠ્યો ત્યારે પણ મારા સાથીઓ તો ઘોરતા જ હતા.

મેં ઊઠીને આસપાસ જોયું. બધું એમનું એમ જ હતું. ફક્ત અમારાં ખાવાનાં વાસણો ત્યાંથી ઊપડી ગયાં હતાં. અમે હજુ પાંજરામાં જ પુરાયેલા હતા. જોકે મારો થાક ઊતરી ગયો હતો, પણ મારી છાતી ભારે લાગતી હતી. શ્વાસ મુશ્કેલીથી લેવાતો હતો. તેનું કારણ તપાસતાં મને એમ જણાયું કે ઓરડામાં રહેલો ઑક્સિજન (પ્રાણવાયુ) ખૂટવા આવ્યો હતો. એક માણસ એક કલાકમાં ૧૭૬ પિંટ જેટલો ઑક્સિજન હવામાંથી લે છે. જ્યારે એ હવામાં એટલો જ કાર્બોનિક ઍસિડ થાય ત્યારે શ્વાસ લેવો મુશ્કેલ થઈ પડે છે. અને થોડા જ વખતમાં માણસ ગૂંગળાઈ મરે છે. અથાત્ જો થોડા વખતમાં અમારા ઓરડામાં નવી તાજી હવા ન આવે તો અમારે કમોતે મરવાનું હતું. પણ મને એક નિરાંત હતી. આ વહાણનો કૅપ્ટન અમને આમ કમોતે મારે એવો સંભવ નહોતો. કારણ કે નહિ તો તે અમને ખાવાનું ને કપડાં ન મોકલત. વળી જેમ અમારા ઓરડામાં નવી હવાની જરૂર હતી તેમ આખા વહાણમાં પણ તેની જરૂર હશે; એટલે જે આખા વહાણનું થશે તે અમારું થશે એમ વિચારીને મેં સંતોષ માન્યો. આ વહાણનો કૅપ્ટન કઈ રીતે આ બધી વ્યવસ્થા કરતો હશે તેનો હું વિચાર કરતો હતો, તેવામાં એકાએક નવી તાજી હવાથી આખો ઓરડો ભરાઈ ગયો. તે હવામાં દરિયાના તાજા પવનની સુગંધ હતી. મારું શરીર અને મન

પ્રફુલ્લિત થઈ ગયાં. આ નવી હવાના પ્રભાવથી મારા બંને સાથીઓ પણ આળસ મરડીને બેઠા થયા અને આંખો ચોળતા ઊભા થઈ ગયા. નેડલૅન્ડ ઊઠતાંવેંત જ બોલી ઊઠ્યો : 'દરિયાની હવા આવતી હોય એમ લાગે છે.' નેડલૅન્ડનું કહેવું સાચું હતું. ઓરડીની ઉપર એક નાનું જાળિયું હતું તેમાંથી આ હવા આવતી હતી. અને વહાણમાંથી જાણે કોઈ મોટું પ્રાણી શ્વાસ લેતું હોય તેવો અવાજ પણ આવતો હતો. અમે દરિયાની સપાટી ઉપર હતા એમ લાગ્યું.

નેડલૅન્ડ ઊઠતાંવેંત ભૂખ્યો થઈ ગયો હતો. તેણે કહ્યું : 'પ્રોફેસર સાહેબ ! હવે નાસ્તો આવે તો ખાસ વાંધો નથી.'

'મારે તો નાસ્તો કે ભોજન ગમે તે આવે તોયે વાંધો નથી.' કોન્સીલે કહ્યું.

'એમાં આપણે વાંધો હોય કે ન હોય તે બંને સરખું જ છે. એ તો એમનો ભોજનનો વખત થશે ત્યારે જ આપણે માટે ભોજનનો સમય થયો સમજવો. ત્યાં સુધી બારણું ઊઘડવાની રાહ જોતા આપણે બેસી રહેવાનું છે.' મેં કહ્યું.

કોન્સીલે ખાવામાંથી મનને હટાવવા બીજી વાતો કાઢવા માંડી. તેણે પૂછ્યું : 'આપણું અહીં શું થશે ? આપણને કેદ કરનાર આ માણસો કોણ હશે ? તે સંબંધી આપનો શો અભિપ્રાય છે ?'

હું એનો જવાબ આપું તે પહેલાં નેડલૅન્ડ બોલી ઊઠ્યો : 'મને તો ખાતરી છે કે આપણે ભયંકર રાક્ષસી માણસોના પંજામાં આવી પડ્યા છીએ. તેઓ આપણને ખાવાનું આપે છે, તે પણ આપણને જાડા કરીને પછી મારી નાખવા માટે ! મેં તો નક્કી જ કર્યું છે કે મરવું તોપણ આમાંથી થોડાકને મારીને જ મરવું.'

મેં કહ્યું : 'નેડ ! તારી ધારણા સાવ ખોટી છે. હું માનું છું કે જે માણસમાં આવું ચમત્કારિક વહાણ બનાવવાની અને ચલાવવાની શક્તિ હશે, તે માણસ રાક્ષસ હોય જ નહિ. તે આપણને અહીં રાખીને આપણું શું કરવા માગે છે તે હજુ મને સમજાયું નથી;

પણ મને લાગે છે કે કદાચ તે થોડા વખત પછી આપણને ક્યાંઈક દૂર જમીન ઉપર છોડી દેશે. મારી એવી સૂચના છે કે જે થાય તે જોયા કરવું. અહીંથી નાસી જવાનો પ્રયત્ન કરવો એ ખોટાં ફાંફાં છે; ને એમાં આપણે પકડાઈ ગયા તો વધારે હેરાન થશું. જો આકળા થઈને કોઈકના ઉપર હુમલો કરશું તો આપણે એમને પહોંચી શકવાના નથી; ઊલટા આપણો જીવ જોખમમાં નાખશું. નેડ! મને તો તારી જ બીક લાગે છે કે તું કાંઈક આડુંઅવળું કરી બેસશે.'

નેડે શાંત રહેવાનું વચન તો આપ્યું પણ તેના ધૂંધવાટનો પાર નહોતો. તેના જેવા ઘડીકે નવરા ન બેસી શકે તેવા માણસને આ લોઢાની મજબૂત દીવાલોની અંદર ભૂખે પેટે બેસી રહેવું પડે એ મોટામાં મોટી તપશ્ચર્યા હતી. ઓરડામાં બબડતો બબડતો તે જોરથી આંટા મારવા લાગ્યો. કલાક ઉપર કલાક વીતવા લાગ્યા. મારી ધીરજ પણ ખૂટવા આવી, ત્યાં નેડલૅન્ડની શી સ્થિતિ થઈ હશે? પાંજરામાં પુરાયેલા સિંહની જેમ તે ઘૂરકતો હતો: ઓરડાના બારણા ઉપર મુક્કી તથા લાતો લગાવતો હતો; વચ્ચે વચ્ચે જોરથી બૂમ પાડતો હતો; પણ લોઢાની બહેરી દીવાલો ઉપર તેની કશી અસર થતી નહોતી. આ વહાણના કૅપ્ટનને વિષે પહેલી વાર મારા પર જે સારી છાપ પડી હતી તે પણ ભૂંસાવા લાગી. તે માણસ હવે મને ક્રૂર લાગવા માંડ્યો; અમને રિબાવી રિબાવીને મારવા એ જ એનો ઉદ્દેશ હોય એમ મને લાગ્યું.

આખરે બારણું ઊઘડ્યું અને નોકર દેખાયો. હું નેડને વારું તે પહેલાં તો નેડ પેલા નોકર તરફ કૂદ્યો અને તેને ગળે વળગી પડ્યો. નોકરની આંખો અધ્ધર ચડી ગઈ. હું અને કૉન્સીલ બંને જણ નેડલૅન્ડના પંજામાંથી પેલા નોકરને છોડાવવાનો પ્રયત્ન કરતા હતા. તેવામાં પાછળથી ફ્રેન્ચ ભાષામાં નીચેના શબ્દો અમારા કાન પર પડ્યા: 'મિસ્ટર લૅન્ડ! જરા ધીરા પડો. અને પ્રોફેસર સાહેબ! મારે તમને કંઈક કહેવું છે તે સાંભળશો?'

૭

કેપ્ટન નેમો

એ શબ્દો બોલનાર આ વહાણનો ઉપરી હતો. નેડ પણ આ શબ્દો સાંભળતાં જ ચમકીને ઊભો થઈ ગયો, એટલો તેના શબ્દોમાં સત્તાનો પ્રભાવ પડતો હતો. નેડના પંજામાંથી છૂટેલો પેલો નોકર કેપ્ટનના ઇશારાથી બહાર ચાલ્યો ગયો. નેડલૅન્ડના આ તોફાનનું શું પરિણામ આવશે તેની રાહ જોતા અમે ઊભા. કેપ્ટન પણ અમારા ટેબલ પર એક હાથ મૂકીને અમારી સામે શાંત નજરે જોતા ઊભો રહ્યો. થોડી વાર સુધી શાંતિ ફેલાઈ; પછી શાંત અને ગંભીર અવાજથી કેપ્ટન બોલ્યો : 'ગૃહસ્થો ! હું બધી ભાષાઓ સારી રીતે બોલી શકું છું. મેં પહેલી વખતે તમારી સાથે જાણી જોઈને વાતચીત નહોતી કરી. ફક્ત તમારા ત્રણેના મોઢે તમારો વૃત્તાંત બરાબર સાંભળી લીધો. પ્રૉફેસર સાહેબ જેવા વિદ્વાન અને નેડલૅન્ડ જેવા ઉત્તમ શિકારીને અકસ્માત મારા વહાણમાં આવી ચડેલા જોઈને મને આનંદ થાય છે. પહેલી વાર તમને મળ્યા પછી તમારું શું કરવું તેનો વિચાર હું કરતો હતો. તમે નસીબજોગે એક એવા માણસ પાસે આવી પહોંચ્યા છો કે જેણે દુનિયા સાથેનો પોતાનો સંબંધ ઘણાં વરસોથી સાવ તોડી નાખ્યો છે. હું જાણું છું કે તમારો ઇરાદો અમારો નાશ કરવાનો હતો...'

'નહિ, કેપ્ટન સાહેબ ! તમારી ભૂલ થાય છે. અમારો વિચાર ઇરાદાપૂર્વક તમારો નાશ કરવાનો નહોતો. તમને ખબર નથી કે તમે આખી દુનિયામાં કેવો હાહાકાર મચાવી દીધો છે; તમારા વહાણને એક મોટું રાક્ષસી દરિયાઈ પ્રાણી સમજીને અમે તેના શિકારે નીકળ્યા હતા.' મેં ખુલાસો કર્યો.

કૅપ્ટનના હોઠ ઉપર એક ઝીણું હાસ્ય ફરક્યું. ધીમેથી પણ વીંધી નાખે તેવા અવાજમાં તે બોલ્યો : 'પ્રોફેસર સાહેબ, ધારો કે તમને ખબર હોત કે આ વહાણ જ છે; તો તમે તેના ઉપર હુમલો ન કરત, કેમ?'

આનો મારી પાસે ઉત્તર નહોતો. મને લાગે છે કૅપ્ટનનું માનવું સાચું હતું.

કૅપ્ટને વળી આગળ ચલાવ્યું : 'તમારી સાથે શત્રુઓના જેવું વર્તન ચલાવવાનો મને હક્ક છે. તમને કોઈ પણ જાતની સગવડ આપવા માટે હું બંધાયેલો નથી. હું તમને પાછો દરિયા ઉપર તરતા મૂકીને ચાલ્યો જાઉં તોપણ મને તેમાં કાંઈ ખોટું લાગતું નથી. તમે કદાચ મને જંગલી કહેશો, પણ મને તેમાંયે વાંધો નથી. હું સુધરેલો રહેવા માગતો નથી, અને સુધરેલી દુનિયા સાથે મારે કશો સંબંધ પણ નથી. સુધરેલી દુનિયાના કાયદાઓ મને લાગુ પડતા નથી. તમારી સુધરેલી દુનિયાની એક પણ વાત મને કરવાની જરૂર નથી.'

કૅપ્ટનની આંખમાંથી જાણે આગ ઝરતી હતી. દુનિયાનો આવો કટ્ટર વેરી અમારી સામે ઊભો છે અને અમે તેના હાથમાં કેદી છીએ, એનો ખ્યાલ આવતાં હું થરથરી ઊઠ્યો. આની પાસેથી બચવું એ તેના હાથની જ વાત હતી. થોડી વાર પછી પાછો કૅપ્ટન બોલ્યો : 'પણ મારો વિચાર તમને મારવાનો નથી. તમે આ વહાણમાં રહો. તમારે ક્યાં સુધી અહીં રહેવું તે હું કહી શકતો નથી. કદાચ જિંદગીભર રહેવું પડે. તમે અહીં છૂટથી હરીફરી શકશો. ફક્ત એક જ શરત કે તમને થોડા દિવસો પૂરી રાખવામાં આવે તો તેમાં તમારે કશો વિરોધ કરવો નહિ. તમને આ વહાણમાંનો કેટલો ભાગ જોવા દેવો તે મારે નક્કી કરવાનું છે.'

મેં વચ્ચે પૂછ્યું : 'પણ આ તો એક કેદીને અપાય એટલી જ સ્વતંત્રતા થઈ! એ પૂરતી નથી.'

'તો તમારે તે પૂરતી છે એમ માની લેવું પડશે.' કૅપ્ટને કહ્યું.

'એનો અર્થ એમ જ ના, કે અમારે પણ દુનિયા સાથેનો અને અમારાં સગાંવહાલાં સાથેનો સંબંધ પૂરો થયો સમજી લેવો ?' મેં પૂછ્યું.

'હા જી, એમ જ. મને લાગે છે કે એમાં બહુ દુઃખ પામવા જેવું નથી.'

'હું જાહેર કરું છું,' નેડે હાથ ઊંચો કરીને કહ્યું, 'કે હું નાસી જવાનો પ્રયત્ન નહિ કરું એવું વચન નહિ આપું.'

'મિ. લૅન્ડ! મેં તમને આવું વચન આપવાનું કહ્યું જ નથી.'

નેડ ચૂપ થઈ ગયો.

'કૅપ્ટન સાહેબ! તમે અમારી દયામણી સ્થિતિ જોઈને અમારા ઉપર જુલમ કરો છો.' મેં કહ્યું.

'ના સાહેબ! તમે ભૂલો છો. હું તો તમારા તરફ ઊલટી દયા રાખું છું. ખરું જોતાં તો તમે મારા યુદ્ધના કેદી છો. હું ધારું ત્યારે દરિયાને તળિયે તમને ડુબાવી દઈ શકું છું. તમે મારા ઉપર હુમલો કર્યો છે એટલું જ નહિ, પણ દુનિયામાં હું જે વસ્તુની કોઈ માણસને ખબર પડવા દેવાનો નહોતો તે વસ્તુ તમે જાણી ગયા છો. હવે તમને કેદ પૂરી રાખવા એ એક જ રસ્તો મારી પાસે ખુલ્લો છે. એમાં બીજું કાંઈ થઈ શકે તેમ નથી.'

થોડી વાર શાંતિ પથરાઈ ગઈ. થોડી ક્ષણ પછી તે બોલ્યો : 'પ્રોફેસર સાહેબ! તમને તથા તમારા સાથીઓને અહીંથી નાસી જવા સિવાયની બીજી દરેક સ્વતંત્રતા મળે છે. તમારા સાથીઓને વિષે હું નથી કહી શકતો, પણ તમને તો જરૂર કહી શકું કે તમારા જેવા વિજ્ઞાનશાસ્ત્રીને મારી સાથે રહેવામાં જરાયે ગુમાવવાપણું નથી; ઊલટું દુનિયા ઉપર વિજ્ઞાનશાસ્ત્રીઓએ કદી નહિ જોયેલાં અને નહિ કલ્પેલાં દૃશ્યો જોવાની તમને તક મળશે.'

કૅપ્ટનના આ શબ્દોએ મારા ઉપર ખૂબ અસર કરી. દરિયાની અંદર રહેલી સૃષ્ટિનો અનુભવ થશે એ વિચારથી મારું મન પ્રફુલ્લિત થયું.

'આપને મારે કયે નામે બોલાવવા?' મેં પૂછ્યું.

'કેપ્ટન નેમોને નામે બોલાવશો તો ચાલશે.' કેપ્ટને કહ્યું.

આ પછી તરત જ મારા સાથીઓ તરફ ફરીને બોલ્યો : 'તમારે માટે તમારી ઓરડીમાં ભોજન તૈયાર છે. આ માણસ તમારી સાથે આવશે. અને પ્રોફેસર સાહેબ! તમે નાસ્તા માટે મારી સાથે ચાલો.'

'હું કેપ્ટન નેમોની સાથે ચાલ્યો. સાંકડી એવી ઓસરી ઉપર થઈને થોડી વારમાં અમે ભોજનના ઓરડામાં આવી પહોંચ્યા. વીજળીની બત્તીથી આખો ઓરડો પ્રકાશિત હતો. ઓરડાની અભરાઈઓ ઉપર જાતજાતનાં ચકચકિત વાસણો ચળકાટ મારતાં હતાં. ઓરડાની વચ્ચે કિંમતી ટેબલ હતું ને તેના ઉપર નાસ્તાનો થાળ મૂકેલો હતો. અમે નાસ્તો શરૂ કર્યો.

નાસ્તામાં શી શી ચીજો છે તે હું પૂછું તે પહેલાં જ કેપ્ટન બોલી ઊઠ્યો : 'તમે આ બધાથી અજાણ્યા હશો, પણ આ બધી વાનીઓ મને સમુદ્રમાંથી મળી છે. દરિયો મને જે જોઈએ તે પૂરું પાડે છે. કોઈ કોઈ વાર હું દરિયાની અંદરનાં જંગલોમાં જઈને શિકાર પણ કરી લાવું છું. મને સમુદ્ર ખાવાનું આપે છે, એટલું જ નહિ પણ કપડાંઓ પણ મને તેમાંથી જ મળી રહે છે. આ તમે પહેરેલાં કપડાં પણ દરિયાની અંદર થતા એક પ્રકારના ઘાસના રેસાઓમાંથી થયેલાં છે. દરિયામાં અત્તર પણ મળે છે. તમારી પથારીનું ગાદલું પણ દરિયાના એક પ્રકારના ઘાસમાંથી જ બનાવેલું છે. હોલ્ડર પણ વ્હેલ માછલીના હાડકામાથી બનાવેલું છે. શાહી પણ કેલેમારી નામની માછલીમાંથી નીકળતા પદાર્થની બનાવેલી છે. મને બધું દરિયામાંથી મળી રહે છે. અને એક દિવસ એવો પણ આવશે કે જ્યારે આ બધું પાછું દરિયામાં જ મળી જશે.'

'તમને દરિયા ઉપર ખૂબ પ્રેમ લાગે છે!' મેં કહ્યું.

'પ્રેમ તો શું, દરિયો એ મારું સર્વસ્વ છે. દરિયામાંથી હું મારું જીવન મેળવું છું. દરિયા ઉપર મનુષ્યો સત્તા મેળવવા ભલે સામસામા કપાઈ મરે, પણ દરિયાની નીચે તેમનું બળ નકામું છે.

ત્યાં આગળ સત્તા જેવી વસ્તુ જ નથી, ત્યાં હું સ્વતંત્ર છું.'

આમ બોલતાં બોલતાં તે જાણે મને ભૂલી ગયો હોય એમ લાગ્યું. થોડી વારે પાછો તે સ્વસ્થ થયો અને બોલ્યો : 'પ્રોફેસર સાહેબ! તમારી ઇચ્છા હોય તો આપણે હવે આ મારું "નોટિલસ" વહાણ જોવા જઈએ.'



નૉટિલસ

અમે ઊભા થયા. તે ઓરડામાંથી તેની પડખેના બીજા ઓરડામાં કેપ્ટન નેમો મને લઈ ગયો. તે ઓરડો પુસ્તકાલયનો હતો. મોટા ઊંચા ઘોડાઓ ઉપર એકસરખી બાંધણીનાં પુસ્તકોની કતાર લાગી ગઈ હતી. ચારે ભીંતો પુસ્તકોથી ભરી હતી. ઘોડા ઉપર ચડવા માટે વચ્ચે નાની નાની સીડીઓ, અને ઓરડાની વચ્ચે ટબલો અને ખુરશીઓ પડયાં હતાં. તેના ઉપર થોડાંએક છાપાંઓ પણ હતાં. છાપાંઓ છેક જ જૂનાં હતાં. ચાર વીજળીની બત્તીઓથી આખો ઓરડો પ્રકાશિત હતો. હું આ બધું જોઈને આભો જ બની ગયો. મને આ બધું સ્વપ્ન જેવું લાગ્યું. થોડી વારે હું બોલ્યો : 'કેપ્ટન સાહેબ! દુનિયાના કોઈ પણ રાજમહેલના પુસ્તકાલયને શરમાવે એવું આ પુસ્તકાલય જોઈને મને નવાઈ લાગે છે.'

'પ્રોફેસર! દરિયાની આવી અગાધ શાંતિમાં અને એકાંતમાં અભ્યાસ કરવાની તમારા જેવાને ખૂબ મજા આવે. આ પુસ્તકાલયમાં ઓછામાં ઓછાં દસથી બાર હજાર પુસ્તકો છે. દુનિયા સાથેનો મારો જૂનો સંબંધ આ પુસ્તકોમાં જ રહ્યો છે. મેં મારું આ વહાણુ જ્યારે દુનિયાથી જુદું પાડીને સમુદ્રમાં હંકાર્યું, તે દિવસે મારી સાથે આ મારાં પુસ્તકો અને આ છાપાંઓ હતાં, અને અત્યારે પણ છે. અને અત્યારની દુનિયામાં બીજું કાંઈ લખાયું છે એમ માનવાની મારી ઇચ્છા નથી. આ પુસ્તકોનો તમે છૂટથી ઉપયોગ કરી શકશો.'

મેં કેપ્ટન નેમોનો આભાર માનીને બધાંય પુસ્તકો જોવા માંડયાં. દુનિયાની દરેકેદરેક પ્રસિદ્ધ ભાષાઓનાં અને દરેક મોટા વિષયોનાં પુસ્તકો રીતસર વર્ગવાર ગોઠવેલાં ત્યાં જોયાં. હું બધું જોતો

હતો તે દરમિયાન કૅપ્ટને પોતાના ખિસ્સામાંથી એક મોટી સિગાર કાઢીને મારી સામે ધરી. મેં સિગાર હાથમાં લઈને કહ્યું : ‘ આ સિગાર પૂરતો તો તમારે દુનિયા સાથે સંબંધ રાખવો જ પડતો હશે.’

‘ ના ના, સિગાર પણ મને સમુદ્રમાંથી જ મળી રહે છે. આની તમાકુ એક જાતના દરિયાઈ ઘાસમાંથી થાય છે. જોકે તે બહુ થોડા પ્રમાણમાં થાય છે, પણ તમે તો છૂટથી વાપરી શકશો.’

ત્યાંથી અમે બીજા ઓરડામાં પેઠા. આ ઓરડામાં ભીંતો ઉપર બધે મોટાં મોટાં ચિત્રો ટાંગેલાં હતાં. કેટલાંક ચિત્રો યુરોપના પ્રસિદ્ધ ચિત્રકારોનાં હતાં; કેટલાંક ચિત્ર કૅપ્ટન નેમોનાં પોતાનાં ચીતરેલાં હતાં. કેટલાંક યુરોપના પ્રસિદ્ધ સંગીતશાસ્ત્રીઓનાં હતાં.

ત્યાંથી અમે ત્રીજા ઓરડામાં પેઠા. આ ઓરડો જોઈને મારા આનંદનો ને આશ્ચર્યનો પાર ન રહ્યો. ચારે બાજુ કાચના મોટા મોટા કબાટોમાં દરિયાની જાતજાતની નવાઈઓ ભરેલી હતી. ખાસ કરીને છીપલીઓ, છોડવાઓ અને નાની માછલીઓ એમાં હતી. બધું વ્યવસ્થિત ગોઠવેલું હતું; દરેક ઉપર નાની નાની ચિઠ્ઠી ચોડેલી હતી, ને તેમાં તે વસ્તુનું નામ ને ટૂંકી વિગત લખેલી હતી. એક જગ્યાએ જાતજાતના રંગવાળાં મોતી ગોઠવેલાં હતાં. થોડાંક મોતી કબૂતરના ઈંડાં કરતાં પણ મોટાં હતાં; તેમની કિમંત વીસથી પચીસ લાખની આંકી શકાય. કૅપ્ટન બહુ આનંદથી અને ઉત્સાહથી મને બધું બતાવતો હતો, અને સમજાવતો હતો. હું આ બધું જોતાં ધરાતો જ નહોતો. ત્યાંથી અમે કૅપ્ટનના પોતાના ઓરડામાં ગયા. ઓરડો સાવ સાદો હતો. એક લોઢાનો ખાટલો, એક નાનું ટેબલ, ખુરશી ને થોડાંએક કપડાં, એટલું જ તેમાં હતું. ઓરડાની છતમાં થોડાએક યંત્રો નજરે પડતાં હતાં. મેં કુતૂહલથી તેના તરફ જોયું. કૅપ્ટનને હું પૂછું તે પહેલાં જ તેણે કહેવા માંડ્યું : ‘ તમે બેસો. તમને હું બધું સમજાવું. સામે જે યંત્રો તમને દેખાય છે તેના વડે આ મારું વહાણ ચાલે છે. અહીં બેઠા બેઠા હું વહાણ કઈ બાજુ હાંકવું તેની સૂચના

આપી શકું છું ને વહાણની દિશા નક્કી કરી શકું છું. તમે થોડું-ઘણું તો આમાંથી સમજી શકશો. જે આ ઘડિયાળ જેવું દેખાય છે તે મેનોમિટર છે. બહારના પાણી સાથે તેનો સંબંધ જોડેલો છે, એટલે તેના વડે વહાણ ઉપર પાણીનું કેટલું દબાણ છે, અને વહાણ કેટલે ઊંડે છે તે માપી શકાય છે. તેની પડખે જ જે બીજું યંત્ર દેખાય છે તે થર્મોમિટર છે. તેના વડે પાણીની અંદરની ગરમીનું માપ કાઢી શકાય છે અને તેની પાસેનાં આ જે બીજાં યંત્રો દેખાય છે તેના ઉપર તો આ આખા વહાણનો આધાર છે; તે આ વહાણનો આત્મા છે. તેમાં એક જ શક્તિ રહેલી છે: 'વીજળી.'

'હા, કેપ્ટન સાહેબ! એ વાત સાચી; એ વીજળીને લીધે જ તમારા વહાણની તમે આટલી ગતિ રાખી શકો છો. પણ મને લાગે છે કે આ વીજળી ઉત્પન્ન કરવા માટે તો તમારે પૃથ્વી ઉપરની જસત વગેરે ધાતુઓનો ઉપયોગ કરવો જ પડતો હશે.' મેં કહ્યું.

'તેનો પણ જવાબ મારી પાસે તૈયાર છે. પહેલાં તો જાણે એ વાત – કે દરિયાને તળિયે જસત, લોઢું, રૂપું, સોનું વગેરે ધાતુઓની ખાણો હોય છે. પણ મારે તેની જરૂર નથી પડતી. મેં તો એક બીજો સાદો રસ્તો શોધી કાઢ્યો છે. તમે જાણો છો કે દરિયાના પાણીમાં સોડિયમ ઘણા પ્રમાણમાં હોય છે. એ સોડિયમને પારા સાથે મેળવવાથી ઝીંક (જસત) જેવો જ પદાર્થ ઉત્પન્ન થાય છે. હું પાણીમાંથી સોડિયમનાં તત્ત્વોને ખેંચી કાઢી તેમાં પારો મેળવું છું. પારો કોઈ દિવસ નાશ પામતો નથી. સોડિયમ જ્યારે ખૂટી જાય છે ત્યારે દરિયા પાસેથી મેળવી લઉં છું. આનાથી ઉત્પન્ન થતો વીજળીનો પ્રવાહ જસતના કરતાં પણ ખૂબ તેજસ્વી હોય છે.'

'હું સમજ્યો, વીજળી તો તમે ઉત્પન્ન કરી. અને વીજળીથી તમે વહાણમાં જીવન પણ પૂરી શકો છો; પણ વીજળીથી કાંઈ તમે હવા ન લઈ શકો.'

'તે પણ તમને સમજાવું. મારા પૂરતી તો હવા ઉત્પન્ન કરવાનાં પણ મારી પાસે યંત્રો છે; પરંતુ તેનો ઉપયોગ કરવાની જરૂર જ નથી, કારણ કે મારી મરજી પડે ત્યારે હવા માટે હું મારા વહાણને દરિયાની સપાટી પર લઈ જઈ શકું છું. અને મારી વીજળી ભલે મને હવા ન આપી શકતી હોય, પણ તે વીજળીના પંપ વડે હું હવાને તેને માટે ખાસ બનાવેલી ટાંકીઓમાં ભરી રાખી શકું છું. સમુદ્રને તળિયે ઘણા લાંબા વખત સુધી એમાંથી હવા મળ્યા કરે છે.'

'કેપ્ટન ! તમારી બુદ્ધિ ઉપર ફિદા થઈ જવાય છે ! દુનિયાને જે શોધતાં વર્ષો લાગશે તેનો તમે અત્યારે ઉપયોગ કરી રહ્યા છો. પણ દુઃખની વાત એક જ છે કે દુનિયા તમારી શોધ જાણી શકશે નહિ. દુનિયાને આ શોધનો લાભ મળે તો કેવું સારું ! બેશક, તે બધો આધાર તો તમારા ઉપર જ છે.' મેં કહ્યું.

'એ બધી વાત પછી કરીશું. તેમાં મારો નિર્ણય ફરી શકે તેમ નથી. પણ અત્યારે તો આપણે આ વહાણનાં યંત્રો જોઈશું. જુઓ આ ઘડિયાળ. તે વીજળીની શક્તિથી જ ચાલે છે. એની ગતિમાં એક ક્ષણનો પણ ફેર પડતો નથી. જે આ ગોળ ચગદું દેખાય છે, તે વહાણની ગતિ માપવાનું યંત્ર છે. જુઓ, અત્યારે આપણું વહાણ કલાકના પંદર માઈલની ગતિએ ચાલે છે.'

અહીંથી અમે વહાણના પાછળના ભાગમાં ગયા, ત્યાંથી એક લોઢાની સીડીએ થઈને ઉપર ચડ્યા.

મેં પૂછ્યું, 'અહીંથી ક્યાં જવાય છે ?'

કેપ્ટન નેમોએ કહ્યું : 'આ વહાણની સાથે અમે એક આ નાની હોડી રાખી છે. આ હોડી કદી ડૂબે નહિ તેવી છે, અને ખૂબ હલકી છે. આ હોડીમાં બેસીને હું કોઈકોઈ વાર દરિયાની સપાટી ઉપર ફરવા નીકળું છું. તમને થશે કે એ હોડી પાણીની સપાટી ઉપર કઈ રીતે આવતી હશે ? પણ તેમાં બહુ કારીગરી નથી. જેવી

રીતે હું દરિયાનો પોશાક પહેરીને પાણીમાં ઊતરી શકું છું, તેવી જ રીતે મારી હોડી પણ આ વહાણની બહાર તેના ખાસ પોશાક વડે નીકળી શકે છે.'

એ લોઢાના દાદરની પડખે વહાણનું રસોડું હતું. રસોડામાં ચૂલાઓ વીજળીથી ચાલતા હતા. પડખે નહાવાની ઓરડીઓમાં વીજળીથી ગરમ થતું પાણી નળ વાટે આવતું હતું. પીવાનું પાણી પણ દરિયાના ખારા પાણીને વીજળીનાં યંત્રો દ્વારા શુદ્ધ કરીને વાપરવામાં આવતું હતું. રસોડાની પડખે વહાણના ખલાસીઓને રહેવા માટેનો ઓરડો હતો, પણ તે બંધ હતો એટલે તેમાં શી સગવડ છે અને કેટલા માણસોનો સમાસ થઈ શકે તેવું છે, તે હું જોઈ શક્યો નહિ. મને લાગ્યું કે આ વહાણ ઉપર કેટલા માણસો છે તે અમે ન જાણીએ, તે માટે કૅપ્ટન બહુ સંભાળ રાખતો હતો.

અહીંથી અમે વહાણના એંજિનના ઓરડામાં ગયા. આખો ઓરડો પ્રકાશિત હતો. ઓરડો લગભગ ૬૫ ફૂટ ઘેરાવાવાળો હતો. તેના બે ભાગ હતા; એક ભાગમાં ફક્ત વીજળી ઉત્પન્ન કરવાનું જ કામ ચાલતું હતું, અને બીજા ભાગમાં તે વીજળીના બળથી પંખો ચલાવવાનું કામ ચાલતું. સોડિયમને લીધે તેમાંથી નીકળતા ગૅસની વિચિત્ર વાસ ઓરડામાં આવતી હતી. કૅપ્ટનના કહેવા પ્રમાણે આ વાસ દૂર કરવા માટે રોજ સવારમાં આખું વહાણ ધોવામાં આવતું હતું. વહાણનાં યંત્રો જોવામાં મને રસ પડ્યો. તેણે મને પંખો બતાવ્યો. ઓગણીસ ફૂટના ઘેરાવાવાળો આ પંખો સેકન્ડમાં ૧૨૦ ચક્કર લેતો હતો.

મેં કૅપ્ટનને પૂછ્યું : 'આ પંખાને લીધે તમે વહાણની કેટલી ઝડપ રાખી શકો ?'

કૅપ્ટને કહ્યું : 'કલાકના વધારેમાં વધારે પચાસ માઈલ.'

પાણીમાં આટલી ઝડપથી વહાણ ચલાવવું એ કઈ રીતે બનતું હશે તે મને સમજાયું નહિ. બીજી શંકા મને એ થઈ કે આ વહાણ

દરિયાને તળિયે કઈ રીત પહોંચતું હશે?

હું શંકા પૂછું તે પહેલાં કેપ્ટન બોલી ઊઠયો : 'આપણે ઘણુંખરું તો જોઈ લીધું. હજુ જે જોવાનું બાકી છે તે માટે આપણી પાસે પુષ્કળ વખત છે, કારણ કે આપણે બંને કદી આ વહાણ છોડીને જવાના જ નથી. ચાલો, હવે આપણે મારા ઓરડામાં બેસીએ.'

અમે એક મોટા ટેબલ પાસે ખુરશીઓ પર બેઠા. કેપ્ટને ટેબલ ઉપર વહાણનો પોતે દોરેલો નકશો પાથર્યો, અને સિગાર પીતાં પીતાં તેણે આગળ ચલાવ્યું : 'જુઓ, આ વહાણની લંબાઈ ૨૩૨ ફૂટની છે. તેની વધારેમાં વધારે પહોળાઈ ૨૬ ફૂટની છે. તેનું વજન ૧૫૦૦ ટન છે, અને તે કુલ ૫૦૦૦ ઘનફૂટ જગ્યા રોકે છે. આ વહાણની રચના એવી જાતની છે કે જ્યારે તે સામાન્ય રીતે તરતું હોય ત્યારે તેનો ૯/૧૦ ભાગ પાણીની અંદર રહે અને ૧/૧૦ ભાગ જ બહાર રહે. આ વહાણની મજબૂતી માટે તેના ઉપર પતરાંનાં બે પડ જડવામાં આવ્યાં છે અને તેને એવી મજબૂત રીતે રિવેટ મારવામાં આવ્યા છે કે દરિયાના ગમે તેવા તોફાનમાં તેને જરાયે આંચ ન આવે. હવે જ્યારે આ વહાણને મારે સાવ સપાટી ઉપરથી નીચે લઈ જવું હોય ત્યારે આ વહાણની નીચે રાખેલું એક પાણીનું ટાંકું હું ખોલી દઉં છું, અને એ ટાંકાંમાં પાણી ભરવાથી વહાણ થોડુંક નીચે ઊતરે છે. આ જ પ્રમાણે જ્યારે મારે વહાણને વધારે નીચે ઉતારવું હોય છે, એટલે કે ઠેઠ દરિયાના તળિયા સુધી લઈ જવાનું હોય છે, ત્યારે બીજાં રાખેલાં ટાંકાંઓ હું પાણીથી ભરી દઉં છું અને જ્યારે પાછું ઉપર આવવું હોય છે ત્યારે વીજળીના પંપથી એ બધાં ટાંકાંઓ ઉલેચી નાખું છું. વહાણનું વજન હલકું થવાથી વહાણ તરત ઉપર આવે છે.'

કેપ્ટનની બુદ્ધિ ઉપર શાબાશી આપ્યા સિવાય રહેવાય તેવું ન હતું.

કેપ્ટને તો ચાલુ જ રાખ્યું : 'વળી વહાણનો સુકાની પોતાનું

સુકાન લઈને વહાણના ઉપરના ભાગમાં કાચની બનાવેલી એક નાની એવી ઓરડીમાં બેસે છે. પાણીના ગમે તેવા દબાણમાં ન તૂટે તેવો એ કાચ છે. એવા જાડા કાચમાંથી પાણીમાં સ્પષ્ટ ન જોઈ શકાય; એટલા માટે તેની સાથે એક ખૂબ પ્રકાશિત વીજળીની બત્તી મૂકવામાં આવી છે, જેનો પ્રકાશ પાણીમાં અરધા માઈલ સુધી પડે છે.'

'કૅપ્ટન સાહેબ! ખરેખર, તમારું વહાણ અદ્‌ભુત છે!' મેં કહ્યું.

'હા, પ્રોફેસર સાહેબ! અને તેને હું મારા જીવની જેમ ચાહું છું. આ જ મારો આશ્રય છે, આ જ મારો સાથી છે; દુનિયાનાં ઉત્તમમાં ઉત્તમ વહાણો કરતાં પણ મારું વહાણ ઉત્તમ છે. દુનિયામાં કોઈ તેને આંગળી અડાડી શકે તેમ નથી. એને આંગળી અડાડવાનું પરિણામ શું આવે છે તેની તમારી સ્ટીમર અબ્રાહમ લિંકનને અને તમને પણ ખબર પડી ગઈ છે. મારા વહાણમાં મને અપાર શ્રદ્ધા છે. હું તેનો માલિક છું, તેનો બનાવનાર છું, અને તેનો કૅપ્ટન છું.' બોલતાં બોલતાં કૅપ્ટનની આંખો પ્રકાશી ઊઠી. એક પિતાનો પોતાના બાળક ઉપરનો પ્રેમ તેના ચહેરા ઉપર ઊભરાતો હતો.

'પણ આવડું મોટું વહાણ તમે છૂપી રીતે કઈ રીતે બનાવી શક્યા?'

'મેં આ વહાણના જુદા જુદા ભાગો જુદાં જુદાં કારખાનાંઓમાં બનાવરાવ્યા હતા. દરેક કારખાનામાં મેં જુદા જુદા નામથી એ ભાગો બનાવવાનો ઑર્ડર આપ્યો હતો. પછી સમુદ્રના એક ઉજ્જડ બેટ ઉપર મેં નાનું એવું કારખાનું ખોલ્યું, મારા ખાસ વિશ્વાસુ માણસો જે જીવનપર્યંત મારા સાથીઓ છે, તેમને સાથે રાખીને આ બધા જુદા જુદા ભાગો મેં બંધબેસતા કર્યા. જ્યારે વહાણ સંપૂર્ણ બની ગયું ત્યારે એ બેટ ઉપરના કારખાનાના મકાનને મેં આગ મૂકી દીધી. માણસની વસ્તીનું કંઈ પણ ચિહ્ન ત્યાં ન રહે માટે ફક્ત

આખો બેટ ઉડાડી મૂકવા સિવાયનો દરેકે દરેક ઉપાય મેં લીધો હતો.'

'આ વહાણુની તમને લગભગ કેટલી કિંમત પડી ?'

'બધું થઈને લગભગ બે લાખ પૌંડ થયા હશે.'

'ત્યારે તો તમે બધા ખૂબ પૈસાદાર હશો ?'

'ખૂબ જ. જો હું ધારું તો ઈંગ્લાંડ આખાનું દેવું પતાવી દઉં.' કૅપ્ટન મારા સામું જોઈને જરાક હસ્યો.

તેના એ હાસ્યમાં કેટલો તિરસ્કાર ભરેલો હતો!



શિકારનું આમંત્રણ

પાસિફિક મહાસાગર ઠેઠ ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ સુધી અને એશિયાના પૂર્વ કિનારાથી અમેરિકાના પશ્ચિમ કિનારા સુધી પથરાઈ પડ્યો છે. બધા સમુદ્રોમાં તે સૌથી શાંત છે, તેના પ્રવાહો વિશાળ અને મંદ છે. તેની ભરતી પણ શાંત હોય છે. તેમાં વરસાદો પુષ્કળ પ્રમાણમાં વરસે છે. બહુ વિચિત્ર સંજોગોમાં આ મહાસાગરની અંદર અમારે ફરવાનું થયું.

'પ્રોફેસર ! આપણી મુસાફરી અહીંથી શરૂ થાય છે. જુઓ, પોણાબાર થવા આવ્યા છે. હવે હું વહાણને દરિયાની સપાટી ઉપર લઈ જાઉં છું.'

એટલું બોલીને કેપ્ટન નેમોએ વીજળીની ટોકરી ત્રણ વાર વગાડી કે પંપો ચાલુ થઈ ગયા. પાણીનાં ટાંકાંઓમાંથી પંપ વડે પાણી ઉલેચાવા લાગ્યું. સાથે મૅનોમિટરની સોય વહાણની ઉપર જતી ગતિ માપવા લાગી. થોડી વારમાં વહાણ દરિયાની સપાટી ઉપર આવી પહોંચ્યું. અમે વહાણની બરાબર વચ્ચે આવેલી સીડી ઉપર ચડ્યા અને વહાણના તૂતક ઉપર આવી પહોંચ્યા. ઉપર ચડીને જોયું તો બરાબર શાળના કાંઠલા જેવો વહાણનો આકાર સ્પષ્ટ દેખાતો હતો. દૂરથી આ વહાણને જોઈને કોઈ તેને દરિયાઈ પ્રાણી ધારે એમાં શી નવાઈ ?

તૂતકની પડખે જ એક નાની એવી હોડી તરતી દેખાઈ. વહાણને બંને છેડે બે પાંજરાં જેવી ઓરડીઓ હતી. કાચની દીવાલોથી તે મઢેલી હતી. એકમાં સુકાની બેસતો હતો, અને બીજામાં સર્ચલાઈટ મૂકવામાં આવી હતી.

સમુદ્ર ખૂબ સુંદર દેખાતો હતો. આકાશ સ્વચ્છ હતું. ચારે બાજુ ક્ષિતિજમાં પાણી સિવાય કશું દેખાતું નહોતું. કેપ્ટને આકાશમાં મધ્ય ભાગે આવેલા સૂર્ય ઉપરથી માપ કાઢીને નક્કી કર્યું કે અમારું વહાણ અત્યારે પારિસના રેખાંશને ધોરણે ૮૫° ૧૫" પશ્ચિમ રેખાંશ અને ૩૦° ૭" ઉત્તર અક્ષાંશ એટલે કે જાપાનના કિનારાથી ૩૦૦ માઈલને અંતરે છે. બરોબર આઠમી નવેમ્બરે બપોરે અમારી મુસાફરી શરૂ થઈ.

કેપ્ટન ત્યાંથી મને એક ઓરડામાં લઈ ગયો. પુસ્તકાલયનાં પુસ્તકો તથા નકશાઓ વગેરે બધું મને વાપરવા માટે મારા કબજામાં મૂકયું અને ચાલ્યો ગયો. અમારું વહાણ પાછું સમુદ્રની સપાટીથી ૪૦ વામ નીચે ઊતરીને તરવા લાગ્યું.

હું એકલો પડચો. મારા મનમાં કેપ્ટન નેમોના જ વિચારો ઘોળાયા કરતા હતા. તેનું પ્રચંડ શરીર મારી આંખ આગળથી ઘડી પણ દૂર નહોતું થતું. તેના શબ્દો મારા કાનમાં ગુંજ્યા જ કરતા હતા. મનુષ્યજાતિ તરફનો તેનો આટલો બધો તિરસ્કાર મને સમજાતો નહોતો, કલાકો સુધી આ જ વિચારો મારા મનમાં ચાલ્યા કર્યા.

'બ્લૅક રિવર'ને નામે ઓળખાતા પાસિફિક મહાસાગરના ગરમ પ્રવાહ બંગાળના ઉપસાગરમાંથી નીકળી, મલાક્કાની સામુદ્રધુની વીંધી એશિયાને કિનારે કિનારે ચડે છે, અને ત્યાંથી ઉત્તર પાસિફિકમાં પ્રવેશ કરે છે. અનેક જાતની વિધવિધ વનસ્પતિઓનાં અને કપૂરનાં ઝાડનાં મોટાં મોટાં થડોને તે પોતાની સાથે ફેરવે છે. અમારું વહાણ પણ આ પ્રવાહની સાથે જ આગળ વધવા લાગ્યું. હું આ જોતો હતો ત્યાં નેડ અને કૉન્સીલ મારા ઓરડામાં આવ્યા. મારી જેમ તેઓ પણ આ વહાણનું અદ્દભુત દૃશ્ય જોઈને તાજુબ થઈ ગયા હતા. તેમને મેં કેપ્ટન નેમો સાથેની મારી વાતચીત તથા વહાણમાં મેં જે કાંઈ જોયું હતું તે બધું કહી સંભળાવ્યું. નેડને વહાણના વર્ણનમાં બહુ રસ ન પડચો; તેણે તો કેપ્ટન નેમો કોણ છે, તે આપણને કયાં લઈ જવા માગે છે, આપણું શું થવાનું છે,

એવા જ પ્રશ્નો મને પૂછવા માંડયા. મેં મારાથી આપી શકાય એવા ખુલાસા આપ્યા; પણ તેથી કાંઇ તેને સંતોષ થાય ?

અમે વાતો કરતા હતા તેવામાં એકાએક ઓરડામાં અંધારું થઈ ગયું. અમે ગભરાયા. ઓરડાની છત ઉપર જે બારી હતી તે બંધ થઈ ગઈ, પણ થોડી જ વારમાં પાછું ઓરડામાં અજવાળું આવ્યું. ઓરડાની બાજુની ભીંતે બે લંબચોરસ બારીઓ અમે જોઈ. બારીઓ જાડા કાચની હતી. તેમાંથી વહાણની બહારનો દેખાવ જોઈ શકાતો હતો. વહાણની એક મોટી વીજળીની બત્તીથી દરિયાની અંદર લગભગ એક માઈલ સુધી પ્રકાશ પડતો હતો. આ દૃશ્ય ખૂબ અદ્ભુત હતું. દરિયાનું પાણી મીઠા પાણી કરતાં વધારે સ્વચ્છ અને પારદર્શક હોય છે. કોઈ કોઈ જગ્યાએ તો પંચોતેર વામ સુધી દરિયાનું તળિયું સ્પષ્ટ જોઈ શકાય છે, અને સૂર્યનાં કિરણો ૧૫૦ વામ સુધી પહોંચી શકે છે. વીજળીનો ઝગહળતો પ્રકાશ આ પાણી સાથે એવો મળી ગયો હતો કે જાણે વીજળીનો પ્રકાશ જ પ્રવાહી રૂપમાં ફેરવાઈ ન ગયો હોય !

આ પ્રકાશમાં દરિયામાં અદ્ભુત સૃષ્ટિ જોવાનો પહેલો પ્રસંગ મળ્યો. જાતજાતની માછલીઓ વહાણની આસપાસ ગેલ કરતી હતી. કેટલીક આ વિચિત્ર પ્રાણી જેવા વહાણને જોઈને નાસી જતી હતી. મને અને કોન્સીલને આ માછલીઓનો થોડોઘણો અભ્યાસ હોવાથી એમાં ખૂબ રસ પડવા માંડયો. પણ નેડને તો એ માછલીઓમાં શિકાર પૂરતો જ રસ હતો; તેનો રસ અહીં પોષાય તેવું નહોતું, એટલે તે મૂંગો મૂંગો બેઠો હતો. પણ કોન્સીલ તેને બેસવા દે તેમ નહોતું. માછલીઓ વિષેનું પોતાનું જ્ઞાન તે નેડ પાસે ઠાલવવા માંડયો! હું તો એ માછલીઓ જોવામાં તલ્લીન હતો.

સાંજ પડી. એકાએક બંને બારીઓ બંધ થઈ ગઈ. ઓરડાની ઉપરના ભાગમાંથી પાછો પ્રકાશ આવવા માંડયો. સમુદ્રનું દૃશ્ય એકાએક બંધ થયું ત્યારે તો મને લાગ્યું કે હું સ્વપ્નમાંથી

જાગ્યો છું. ઉપર યંત્રોમાં જોયું તો કમ્પાસ (હોકાયંત્ર) ઉપરથી માલૂમ પડ્યું કે વહાણ ઈશાન ખૂણા તરફ જાય છે; મૅનોમિટર તરફ જોયું તો વહાણ ઉપર પાંચ વાતાવરણનો ભાર હતો, એટલે લગભગ ૧૦૦ વામની ઊંચાઈએ વહાણ ચાલતું હતું; અને વહાણની ઝડપ કલાકના પંદર માઈલની હતી. મને હતું કે હમણાં કૅપ્ટન નેમો આવશે પણ તે દેખાયો નહિ. નેડ અને કોન્સીલ પોતાના ઓરડામાં ગયા. ત્યાં ખાવાનું તૈયાર હતું. ભોજન કરીને થોડી વાર મેં લખવા-વાંચવાનું કામ કર્યું અને પછી સૂઈ ગયા.

લગભગ ૧૨ કલાકની ઘસઘસાટ ઊંઘ પછી બીજે દિવસે હું જાગ્યો. કોન્સીલ પોતાની ટેવ મુજબ મારી તબિયતના સમાચાર પૂછી ગયો. નેડ તો હજુ ઘોરતો જ હતો. ઊઠીને મેં કપડાં પહેર્યાં અને સલૂનમાં ગયો. મેં ધાર્યું હતું કે કૅપ્ટન નેમો ત્યાં હશે પણ તે ખાલી હતો. સલૂનની દરિયામાં પડતી બારીઓ પણ બંધ હતી, એટલે દરિયાની અંદર કાંઈ જોઈ શકાય તેમ ન હતું. વહાણ તો પોતાની સાધારણ ગતિએ મૂળ દિશામાં જ ચાલ્યું જતું હતું. મારો બીજો દિવસ પણ આ પ્રમાણે પસાર થઈ ગયો. અમારી સરભરા બરાબર કરવામાં આવતી હતી. ખાવાનું પણ બરાબર નિયમિત આવ્યા કરતું હતું; પણ મારા મનમાં જોઈએ તેવો આનંદ નહોતો રહેતો. આખરે અમે કેદી હતા! હું નવરો પડતો ત્યારે વાંચવા લખવાનું અને નોંધો કરવાનું કર્યા કરતો હતો.

અગિયારમી નવેમ્બરની સવારે એકાએક આખા વહાણમાં તાજી હવા ફેલાઈ ગઈ. અમારું વહાણ તાજી હવા લેવા માટે દરિયાની સપાટી ઉપર આવ્યું. હું દરિયાનાં દર્શન કરવા માટે વહાણના તૂતક ઉપર ચડ્યો. સવારના છ થયા હતા. આકાશમાં વાંદળાં હતાં. દરિયો શાંત હતો. મને હતું કે કૅપ્ટન અહીં મળશે, પણ મેં પેલા કાચના પાંજરામાં ફક્ત સુકાન સાચવીને બેઠેલા માણસને જ જોયો. હું તો બેઠો બેઠો દરિયાની ખુશનુમા હવા ધરાઈ ધરાઈને પીવા લાગ્યો. થોડીવારે આછાં વાંદળાંઓને

ચીરીને સૂર્યનાં બાલકિરણો પાણી ઉપર નાચવા લાગ્યાં. એટલામાં એક માણુસ ઉપર આવ્યો. મને જાણે જોયો જ ન હોય તેમ મારી પડખે ઊભા રહીને દૂરબીન માંડીને તેણે આસપાસ નજર નાખી અને પછી કાંઈક વિચિત્ર ભાષામાં તે એક વાક્ય બોલ્યો. એ વાક્ય જોકે પછી તો હું રોજ સાંભળતો; પણ હજુ સુધી તેનો અર્થ હું સમજી શક્યો નથી. પેલો માણુસ નીચે ચાલ્યો ગયો. હું પણ મારા ઓરડામાં ગયો.

પાંચ દિવસ આ પ્રમાણે પસાર થઈ ગયા. રોજ અમારો વખત કંટાળાભરેલી રીતે પસાર થતો. કેપ્ટન નેમો મને ક્યાંયે દેખાયો નહિ. હવે તો મારે જ તેને મળવા જવું એમ મેં નક્કી કર્યું. ત્યાં એક દિવસે ૧૬મી નવેમ્બરે મારા ઓરડામાં દાખલ થતાં જ મેં ટેબલ ઉપર એક ચિઠ્ઠી પડેલી જોઈ. મેં તે ખોલી. ચિઠ્ઠી મોટા અને ચોખ્ખા અક્ષરે લખેલી હતી :

"પ્રોફેસર ઍરોના !

આવતી કાલે સવારે ક્રેસ્પોના બેટમાં આવેલા જંગલની અંદર શિકાર કરવા માટે કેપ્ટન નેમો આપને આમંત્રણ આપે છે; અને આશા છે કે તેમાં આપને વાંધો નહિ હોય. આપના સાથીઓ પણ જો આપની સાથે આવશે તો વિશેષ આનંદ થશે."

૧૦

મહાસાગરને તળિયે

આમ અણધાર્યું આમંત્રણ મળ્યું તેથી મને ખૂબ નવાઈ લાગી. કૅપ્ટન કહેતો હતો કે જમીન સાથેનો બધો સંબંધ તેણે છોડી દીધો છે, એ વાત મને ખોટી લાગી. શિકારની વાતથી નેડને બે રીતે આનંદ થયો; એક તો, ઘણે વખતે જમીન ઉપર પગ મૂકવાનો વખત આવ્યો હતો, અને બીજું એક વાર જમીન ઉપર પગ મૂક્યા પછી આ ભયંકર માણસના પંજામાંથી છટકવું સહેલું બને તેવું તેને લાગતું હતું.

મેં નકશામાં જોયું તો એમાં એક નાનો એવો બેટ અગ્નિ ખૂણામાં આવેલો જોયો. બેટ સાવ ઉજ્જડ હોવો જોઈએ એમ નકશા ઉપરથી જોઈ શકાતું હતું. રાત પડી. મને ઊંઘ તો આવી ગઈ પણ ઊંઘમાં શિકારનાં જ સ્વપ્નાં આવવા લાગ્યાં. સવારે વહેલો ઊઠીને કપડાં પહેરી હું દીવાનખાનામાં પહોંચી ગયો. કૅપ્ટન નેમો ત્યાં મારી વાટ જોતો જ બેઠો હતો.

'કેમ મારી સાથે આવવા તૈયાર છો ને?' કૅપ્ટને એક ખુરશી આપતાં આપતાં પૂછ્યું.

'હા.' મેં કહ્યું, 'મારે કશો વાંધો જ નથી. વાંધો તો તમારે હોવો જોઈએ.'

'મારે શો વાંધો હોય?' કૅપ્ટને આશ્ચર્યથી પૂછ્યું.

'કેમ, તમે જમીન ઉપર પગ નથી મૂકતા ને?'

'ના, એવું નથી. જરૂર પડે તો મૂકું પણ ખરો. પણ આજે તો નથી મૂકવાનો.'

'તો પછી શિકાર કઈ રીતે કરશો?'

'તમે હજુ નથી સમજ્યા. આજે આપણે જમીન ઉપરના જંગલમાં શિકાર કરવા નથી જવાના.'

'ત્યારે?'

'સમુદ્રને તળિયે જંગલમાં જવાના છીએ.'

'હેં! ત્યારે તો મને ડુબાવવાની વાત લાગે છે.' મારાથી બોલી જવાયું.

'ના. તમારા શરીરને પાણીનું એક ટીપું પણ ન અડે એવી રીતે તમને હું લઈ જવાનો છું.'

'અને શિકાર શાનાથી કરશો?'

'શાનાથી કેમ? બંદૂકથી.'

મને થયું કે કૅપ્ટનનું મગજ ભમી ગયું છે. પણ એમ કંઈ તેને કહેવાય ખરું? એમ કહેવામાં તો મારા જીવનું જોખમ હતું. તેણે મને નાસ્તો કરીને તૈયાર થઈ જવા માટે કહ્યું. એક કલાકમાં હું નાસ્તો કરીને તૈયાર થઈ ગયો; મારા મિત્રો પણ તૈયાર થઈ ગયા હતા. કૅપ્ટન નેમો આવીને મને એક ઓરડામાં લઈ ગયો. એ ઓરડામાં વિચિત્ર જાતના કેટલાક પોશાકો ટાંગેલા હતા. કૅપ્ટને એ પોશાકો બતાવીને કહ્યું: 'પ્રોફેસર, તમને એમ લાગ્યું હશે કે આ માણસ ગાંડો થઈ ગયો છે. પણ તમે જરાક વધારે વિચાર કર્યો હોત તો તમને એમ ન લાગત. તમે જાણો છો કે માણસને પોતાની પાસે હવા લેવાનું સાધન હોય તો તે પાણીની નીચે પણ જીવી શકે છે. તમારા જ દેશના બે માણસોએ પાણીની અંદર હવા લેવાનું યંત્ર શોધી કાઢ્યું હતું. મેં તેમાં થોડાક સુધારા–વધારા કરીને તેને મારા ઉપયોગમાં લીધું છે. જાડા લોઢાના પતરાની નાની એવી પેટીમાં હું હવા ભરું છું. એ પેટી પીઠ ઉપર બાંધી દેવામાં આવે છે. એને બે નાની રબ્બરની નળીઓ નાક સાથે ને મોઢા સાથે જોડેલી હોય છે; એક નળીમાંથી તાજી હવા નાકમાં આવે છે, અને બીજી નળીમાં થઈને મોઢા વાટે ઝેરી હવા બહાર નીકળી જાય છે. આખા શરીર ઉપર

પહેરવા માટે પણ મજબૂત રબ્બરનો પોશાક અમે વાપરીએ છીએ. તમને શંકા એ થશે કે પાણીમાં રસ્તો કઈ રીતે દેખાતો હશે? તેને માટે મેં વીજળીની બત્તીએ। તૈયાર કરી છે.'

'એ તો ઠીક, પણ પાણીમાં તમે બંદૂક કઈ રીતે ફોડો છો?' મેં પૂછ્યું.

'હા, તે પણ હું કહેવાનો જ હતો. હું કાંઈ સાધારણ બંદૂકમાં વપરાતી ગોળીએ। નથી વાપરતો. મારી બંદૂકની અંદરથી વીજળીના બળને લીધે સીસાની ગોળીએ। એવા જોસથી છૂટે છે કે પ્રાણી ગમે તેવું બળવાન હોય તો પણ તેને તે વીંધી નાખે છે.'

'બસ, હવે હું તૈયાર છું. તમે જ્યાં જશો ત્યાં હું તમારી સાથે આવીશ.' મેં કહ્યું.

'પણ આ તમારા સાથીએ।?' કેપ્ટને પૂછ્યું.

'અમે તો ત્રણેય સાથે જ હોઈએ ને!' કૅાન્સીલે તરત જ કહ્યું.

નેડ બિચારો નિરાશ થયો. જમીન ઉપરથી નાસી છૂટવા માટે મગજમાં ઘડેલી એની યોજનાએ। ધૂળધાણી થઈ ગઈ! છતાં એ પણ અમારી સાથે આવવા માટે તૈયાર થયો.

પોશાક પહેરવાનું કામ શરૂ થયું. કેપ્ટનના હુકમથી એક માણસે બધાને પોશાક પહેરાવ્યા. અમને દરેકને એકએક બંદૂક પણ આપી. કારતૂસનો એકએક પટ્ટો પણ અમારે ખભે બાંધવામાં આવ્યો. કપડાં પહેર્યાં હતાં છતાં અમારું શરીર છૂટથી હરીફરી શકતું હતું. અમારા હાથમાં એક એક બત્તી પણ આપવામાં આવી.

પોશાકમાં સજ્જ થયા એટલે અમે એ ઓરડામાંથી નીચેના ભાગમાં એક ટાંકા જેવા ઓરડામાં ઊતર્યા. તરત જ તે ઓરડો ઉપરથી બંધ થઈ ગયો અને થોડી વારમાં તો એક મોટા નળમાં થઈને સમુદ્રનું પાણી તે આખા ઓરડામાં ફરી વળ્યું; અમે પાણીની અંદર જ હતા. ઓરડો પાણીથી ભરાઈ જતાં નીચેનું બીજું બારણું ઊઘડ્યું; એક ઝાંખો પ્રકાશ દેખાયો, અને બીજી જ ક્ષણે અમારા

પગ દરિયાના તળિયે અડચા!

દરિયાની સપાટીથી નીચે પાંચ વામ આવેલા ભાગ ઉપર જિંદગીમાં પહેલવહેલો મારો પગ અડચો ત્યારે મારા મનમાં શું શું થયું હશે તેની કલ્પના તમે જ કરી લેજો. મારી કલમ તેનું વર્ણન કરવા સમર્થ નથી.

કૅપ્ટન નેમો અમારા બધાની આગળ ચાલતો હતો. હું અને કૉન્સીલ બંને સાથે સાથે ચાલતા હતા. વીજળીના પ્રકાશથી હું લગભગ ૧૦૦ વામ સુધી જોઈ શકતો હતો. મારી આસપાસનું પાણી મને પાણી જેવું નહોતું લાગતું પણ હવાનું ઘટ્ટ વાતાવરણ જ લાગતું હતું. અમારા પગ નીચે સુંદર સુંવાળી રેતી હતી. સૂર્યનાં કિરણો અહીં સુધી પહોંચવાનો પ્રયત્ન કરતાં હતાં.

અહીં કૅપ્ટન નેમો અટકચો. હું તેની પાસે આવી પહોંચ્યો. તેણે મને દૂર આંગળી ચીંધીને કાંઈક બતાવ્યું. દૂર દૂર ઝાંખા કાળા પડદા જેવું દેખાતું હતું. 'આ જ ક્રેસ્પો બેટનું જંગલ લાગે છે.' મેં વિચાર કર્યો.

અમે જંગલની સરહદ ઉપર આવી પહોંચ્યા હતા. અહીં કૅપ્ટન નેમોનું સામ્રાજ્ય હતું. અહીં કોઈ તેના રાજ્ય ઉપર ચડાઈ કરવા આવે તેમ નહોતું. કૅપ્ટન નેમો રાજાની જેમ પોતાના માણસો સાથે આ જંગલમાં પેઠો. અમે તેની પાછળ જ હતા. અમારા રસ્તાની બંને બાજુએ સીધા સોટા જેવા મોટા મોટા છોડોની હાર લાગી ગઈ હતી. નીચે ગાલીચાની જેમ ઘાસ પથરાઈ ગયું હતું; એ ઘાસની નાની નાની સળીઓ પણ ઊભી જ રહેતી હતી. ખૂબી તો એ હતી કે છોડ કે ઘાસને મૂળ જ નહોતાં! વળી આ વનસ્પતિ અને તેની પાસે જ સંખ્યાબંધ પડેલાં નાનાં મોટાં જીવજંતુઓ એવી વિચિત્ર રીતે પથરાયેલાં હતાં કે કઈ વનસ્પતિ છે અને કયું જંતુ છે તેની ખબર જ ન પડે.

લગભગ એક વાગે કૅપ્ટન નેમોએ અમને બધાને અટકાવ્યા.

અમે ત્યાં થોડી વાર આરામ કરવા બેઠા; પરંતુ અમે વાતચીત નહોતા કરી શકતા. આસપાસનું દૃશ્ય કેવું મનોહર હતું! મને ભૂખ જરાયે નહોતી લાગી. ચાર કલાક સતત ચાલ્યા છતાં ભૂખ ન લાગે એ પણ એક નવાઈ ને? પણ કોણ જાણે કેમ, મારી આંખો ઘેરાવા માંડી; હું ઊંઘી ગયો.

હું કેટલું ઊંઘ્યો તે ખબર ન પડી. પણ હું જાગ્યો ત્યારે સૂર્યનાં કિરણો ત્રાંસાં અને સાવ ઝાંખાં પડતાં હતાં. કૅપ્ટન નેમો અને તેના માણસો ઊપડવાની તૈયારીમાં જ હતા. હું આળસ મરડતો હતો અને ધીમે ધીમે ઊઠવાની તૈયારી કરતો હતો, ત્યાં ઓચિંતો હું કૂદકો મારીને ઊભો થઈ ગયો. મારાથી થોડેક જ દૂર એક મોટો દરિયાઈ કરોળિયો લગભગ ત્રણ ફૂટ લાંબો મારી સામે આંખો કાઢીને આવતો મેં જોયો. જોકે મારો પોશાક એટલો મજબૂત હતો કે તે મને કંઈ કરી શકે તેમ નહોતું; તોયે ઘડીક તો મને બીક લાગી જ ગઈ, હું ઊભો થઈ ગયો.

પાછા અમે આગળ વધવા લાગ્યા. અમે દરિયાની સપાટીથી લગભગ ૪૫ વામ નીચે હતા. અંધારું વધતું જતું હતું, એટલે કૅપ્ટને પોતાની વીજળીની બત્તી સળગાવી. અમે ચાલતા હતા ત્યારે વચ્ચે વચ્ચે કૅપ્ટન નેમો અટકીને બંદૂક તાકતો હતો. બંદૂકનો અવાજ તો સંભળાતો નહોતો, પણ શિકાર થતો હતો. એમ કૅપ્ટન નેમોની હિલચાલ ઉપરથી જણાઈ આવતું હતું. અનેક નાનાં મોટાં દરિયાઈ પ્રાણીઓ પણ આમથી તેમ નાસી જતાં હતાં.

આખરે ચાર વાગ્યે અમારી મુસાફરી પૂરી થઈ. સામે એક મોટી ખડકની દીવાલ આડી આવી. અહીંથી અમે પાછા ફર્યા. કૅપ્ટન નેમો અહીં પણ અમારી સૌની મોખરે ચાલતો હતો. અમે જે રસ્તે જતા હતા તે જ રસ્તે પાછા નહોતા ફરતા; નવો રસ્તો તો ખૂબ ઢાળવાળો હતો અને તેથી ખૂબ અઘરો પણ હતો. બેશક એ રસ્તો ટૂંકો તો હતો જ.

પાછા ફરતાં મેં કેપ્ટન નેમોની બે સરસ નિશાનબાજીઓ જોઈ. પહેલી વાર એક મોટું દરિયાનું માછલીમાર પ્રાણી તેના શિકારનો ભોગ થઈ પડ્યું. તેના જેવું રૂપેરી, સુંવાળા પેટવાળું લગભગ બે મણ વજનનું આ પ્રાણી દુનિયાના સમુદ્રમાં હવે ભાગ્યે જ જોવા મળે છે. કેપ્ટન નેમોના સાથીઓએ તેનું મડદું ખભે ઉપાડી લીધું અને અમારી ટોળી આગળ ચાલી.

ધીમે ધીમે અમે દરિયાની સપાટી તરફ આવતા જતા હતા. સપાટી પરનાં ખળભળાટ કરતાં મોજાં હવે મને જણાતાં હતાં. મોટાં મોટાં પક્ષીઓના ઝાંખા ઓળા પણ હું જોઈ શકતો હતો. આ પક્ષીનાં ઊડતાં ટોળાં તરફ તાકીને કેપ્કન નેમોએ પાણીમાંથી જ બંદૂકની ગોળી છોડી અને જોતજોતામાં પક્ષી પાણીમાં પડ્યું. તરત જ એક માણસે તે પકડી લીધું. એ પક્ષીનું નામ આલ્બેટ્રોસ.

અમારી કૂચ ચાલ્યા જ કરતી હતી. હવે હું થાક્યો હતો. નૉટિલસનું ઝાંખું તેજ દેખાયું. લગભગ અરધા કલાકનો રસ્તો બાકી હશે. હવાની કોથળીમાંથી હવા પણ જાણે ઓછી થતી હોય એમ લાગ્યું, કારણ કે હવે શ્વાસ લેવામાં જોર પડતું હતું.

હું કેપ્ટન નેમોથી લગભગ વીસેક ડગલાં પાછળ હોઈશ. એવામાં એકાએક કેપ્ટન નેમો મારા તરફ ફર્યો અને પોતાના મજબૂત હાથનો ધક્કો મારી મને નીચે પાડી દીધો. હું તો આભો બની ગયો! કેપ્ટન મને આમ શા માટે પાડી દેતો હશે તેનો ય હું વિચાર ન કરી શક્યો, કારણ કે હું બીકથી ગભરાઈ ગયો હતો. પણ જ્યારે કેપ્ટન પોતે અને તેના સાથીઓ પણ નીચે મારી પડખે જ સૂઈ ગયા ત્યારે ભય ઓછો થયો. પણ આમ કરવાનું કારણ સમજાયું નહિ.

મેં ઉપર જોયું તો અમારા ઉપરથી નાનાં કાળાં વાદળાંની જેમ બે શાર્ક માછલીઓ ચાલી જતી હતી. જેમના ભયંકર જડબામાં માણસ એક જ કોળિયો થઈ જાય એવી એ માછલીઓ હોય છે.

હું તેમનું રૂપેરી પેટ અને ભયંકર દાંતવાળું મોઢું જોઈ શક્યો. અમારી અને તેમની વચ્ચે સદ્ભાગ્યે એક નાનો એવો છોડ આવી ગયો હતો. એ ઉપરાંત એ પ્રાણીઓ બહુ માઠું દેખે છે, એટલે શાર્ક માછલીઓ અમારા ઉપરથી જ પસાર થઈ ગઈ; અમે ઊભા થઈ ગયા.

અરધા કલાક પછી પેલા પ્રકાશને આધારે આધારે અમે નોટિલસ પાસે આવી પહોંચ્યા. બહારનું બારણું ઉઘાડવામાં આવ્યું; અમે અંદર ગયા. તરત જ પંપ ચાલુ થઈ ગયા અને અમે જે ટાંકામાં ઊભા હતા તેનું પાણી ઉલેચાઈ ગયું. પછી તે ટાંકાનું ઉપલું ઢાંકણું ઊઘડ્યું અને અમે વહાણમાં ચડી ગયા. પોશાક ઉતારીને અમે સીધા ખાણા ઉપર પહોંચી ગયા, અને આખા દિવસના થાકેલા તે ખાઈને ઘસઘસાટ ઊંઘી ગયા.

૧૧

ભેખડે ભરાયા

બીજે દિવસે હું જાગ્યો ત્યારે મારો બધો થાક ઊતરી ગયો હતો. હું ઊઠીને તરત જ વહાણના તૂતક ઉપર ગયો. વિશાળ સમુદ્ર ચારે તરફ વીંટળાઈને પડ્યો હતો. ક્યાંયે જમીન કે વહાણ દેખાતું નહોતું. કેસ્પો બેટ પણ દેખાતો બંધ થઈ ગયો હતો. હું ક્યાંય સુધી સમુદ્રના તરંગોની પરંપરા જોતો ઊભો રહ્યો. કેપ્ટન નેમો થોડી વારે ઉપર આવ્યો; તેની સાથે થોડાએક માણસો પણ હતા. માણસો તેમના ચહેરા ઉપરથી બરાબર ઓળખી શકાયા નહિ, પણ બધા યુરોપિયન હતા એમ તો લાગતું જ હતું. આ લોકો ભાગ્યે જ બોલતા; અને બોલતા તે પણ બહુ જ વિચિત્ર ભાષામાં.

માણસોએ પાણીમાં જાળો નાખી અને જોતજોતામાં ચિત્ર-વિચિત્ર માછલીઓ એ જાળમાં ખેંચાઈ આવી.

બધા માણસો ધીમે ધીમે નીચે ચાલ્યા ગયા. કેપ્ટન નેમો હવે મારા તરફ ફરીને બોલ્યો : ' પ્રોફેસર ! સમુદ્ર એ કેવી અદ્‌ભુત ચીજ છે ! ખરું જીવન જ અહીં છે, એમ તમને નથી લાગતું ? આખી રાત આપણી જેમ નિદ્રા લઈને જાણે અત્યારે તે જાગ્યો હોય એમ લાગે છે ! '

આ માણસની રીતભાત કેવી વિચિત્ર કહેવાય ! વિવેકના બે-ચાર શબ્દો બોલ્યા સિવાય સીધી વાત જ કરવા લાગે છે !

' જુઓ ! સૂર્યનાં કિરણો ધીમે ધીમે તેને પંપાળીને જગાડે છે ! ' એટલું બોલીને તે એકીટસે કેટલીય વાર સુધી સમુદ્ર તરફ જોઈ રહ્યો.

નીચે ઊતરી કેપ્ટન નેમો પોતાના ઓરડામાં ગયો. હું પણ મારા ઓરડામાં ગયો. અમારું વહાણ ૨૦ માઈલની ગતિએ આગળ ચાલવા માંડ્યું. બે-ત્રણ અઠવાડિયાં સુધી સતત મુસાફરી ચાલુ રહી.

વચ્ચે ખાસ કોઈ બનાવ ન બન્યો. ફક્ત ચિત્રવિચિત્ર માછલાંઓ અને બીજાં પ્રાણીઓ દીવાનખાનાના ઓરડાની બારીમાં બેઠો બેઠો હું જોયા કરતો હતો.

*   *   *

૧૮૬૮ની સાલનું પ્રભાત થયું. સવારમાં વહેલો ઊઠીને હું વહાણના તૂતક ઉપર દરિયાની ખુશનુમા હવા લેતો ઊભો હતો. પાછળથી કોન્સીલે આવીને મને કહ્યું : 'નૂતન વર્ષનાં આપને અભિનંદન આપું છું !'

'હું પણ તને અભિનંદન આપું છું. પણ આપણું આ નવું વરસ કેવું નીકળશે તે કહી શકાય તેવું નથી. પણ તે સુખી જ નીવડે એવી આશા રાખીએ.'

'હા જી. વહાણમાં આપણે કેદી થયા, ત્યાર પહેલાં મને કેપ્ટન નેમો જરા ભયંકર માણસ લાગતો હતો. હવે તો આપણે જાણે વહાણના ઉતારુઓ હોઈએ એમ ફરી શકીએ છીએ.'

'નેડ શું માને છે ?'

'નેડ મારાથી તદ્દન વિરુદ્ધ મત ધરાવે છે. તેને પહેલાં તો અહીંનું ખાવું જ ભાવતું નથી. વળી આમ રાતદિવસ પુરાઈ રહેવું એ તેને કેમ ગમે ? તેને માછલીઓ વિષે રસ છે, પણ તે ખાવા પૂરતો જ. મારો વખત તો આપની સાથે માછલીઓના જુદા જુદા પ્રકારો જોવામાં અને અવલોકનમાં આનંદથી ચાલ્યો જાય છે.'

'મને પણ અહીં ઠીક ફાવી ગયું છે.' મેં કહ્યું. 'હું તો જાણે કોઈ મહાન સંગ્રહસ્થાનમાં બેઠો બેઠો અભ્યાસ કરતો હોઉં એવું લાગે છે. ફક્ત એક જ વસ્તુ મને સાલે છે કે આ નવા વર્ષના અભિનંદન વખતે હું તને કોઈ ભેટ આપી શકતો નથી.'

'પણ હું કોઈ ભેટની આશાએ આપની સાથે અત્યાર સુધી રહ્યો જ નથી.'

૪થી જાન્યુઆરીએ અમારી નજરે પાપુઆ બેટનો કિનારો

દેખાયો. કેપ્ટન નેમોએ મને કહ્યું હતું કે તેનો વિચાર ટૉરસની સામુદ્રધુનીમાં થઈને હિંદી મહાસાગરમાં પ્રવેશ કરવાનો હતો.

ટૉરસની સામુદ્રધુની પસાર કરવી એ દુનિયામાં કોઈ પણ સાહસિકમાં સાહસિક વહાણવટી માટે અસંભવિત જેવું હતું. તેની અંદર એવી તો અણીદાર ખડકની દાંતી આવેલી છે કે મજબૂતમાં મજબૂત વહાણને પણ તે ચીરી નાખે! કેટલાંય વહાણો આ સામુદ્રધુનીના ગર્ભમાં સમાઈ ગયાં છે. આ ઉપરાંત પણ એ જગ્યા એક બીજી રીતે ભયંકર છે; ત્યાંના જંગલી લોકોની વસ્તી કાંઈ ઓછી ભયંકર નથી. પાપુઅન લોકો મનુષ્યભક્ષી તરીકે દુનિયામાં પ્રખ્યાત ગણાય છે.

નૉટિલસ આ બધાં જોખમને પણ અવગણીને ટૉરસની સામુદ્રધુની તરફ ધસ્યે જતું હતું. આમ તો તે સામુદ્રધુની લગભગ ૧૦૯ માઈલ પહોળી છે, પણ વચ્ચે નાના નાના કેટલાયે બેટો તેમાં આવે છે. કૅપ્ટન નેમો ખૂબ સાવચેતીથી એમાંથી પોતાનું વહાણ લઈ જતો હતો. એને વહાણની ગતિ પણ સાવ ધીમી રાખવી પડી હતી.

આસપાસનો દરિયો ખૂબ તોફાની હતો. સાંકડી જગ્યામાં આવીને પાણી જાણે મૂંઝાતું હોય તેમ ઉછાળા મારતું હતું અને એને લીધે આખું વહાણ ડોલતું હતું. એકાએક આંચકો લાગ્યો અને હું પડી ગયો. નૉટિલસ અટકી ગયું. તે એક ખડકની દાંતીમાં ભરાઈ ગયું હતું. ઓટ થતો જતો હોવાથી દાંતી હવે ચોખ્ખી બહાર દેખાતી હતી.

હું વહાણના તૂતક ઉપર પહોંચી ગયો. કેપ્ટન નેમો પણ મારી પહેલાં જ ત્યાં પહોંચી જઈ અદબ વાળીને ઊભો હતો.

'કેમ કૅપ્ટન સાહેબ! કંઈ અકસ્માત થયો?'

'ના રે ના, અકસ્માત જેવું તો આમાં કશું જ નથી. એક બહુ સાધારણ બનાવ બન્યો છે.'

'વારુ, પણ આ બનાવ મને તો એવો લાગે છે કે હવે દરિયામાં

આ વહાણથી તમે મુસાફરી કરી શકો એમ મને લાગતું નથી. વહાણ બરાબર ભરાઈ ગયું છે।'

'એમ નથી, પ્રોફેસર ! હજુ તો આ વહાણમાં તમારે મારી સાથે રહીને ઘણી લાંબી મુસાફરી કરવાની છે. મુસાફરીની તો હજુ શરૂઆત થાય છે.'

'હા; પણ તમે જાણો છો કે પાસિફિક મહાસાગરમાં ભરતી બહુ જોરમાં નથી આવતી, એટલે હવે આ વહાણનું વજન સાવ હલકું ન થાય ત્યાં સુધી તે ફરી વાર તરતું થાય એમ મને નથી લાગતું.'

'તમારી વાત થોડીએક સાચી છે. પણ આ ટોરસની સમુદ્રધુનીમાં ભરતી અને ઓટ વચ્ચે પાંચ દિવસનો તફાવત પડે છે. આજે ચોથી જાન્યુઆરી થઈ. પાંચ દિવસ પછી પૂનમનો ચંદ્રમા ઊગશે ત્યારે એવી ભરતી ચડશે કે મારું વહાણ આપોઆપ બહાર નીકળી આવશે. ફક્ત પાંચ દિવસ આપણે રાહ જોવી પડશે એટલું જ.'

કેપ્ટન નેમો નીચે ગયો. નેડ મારી પડખે જ ઊભો હતો. કેપ્ટનના ગયા પછી તે બોલ્યો : 'કેમ પ્રોફેસર સાહેબ ! આ કંઈ ઠીક ન થયું.'

'હા. હમણાં તો પાંચ દિવસ આપણે અહીં આરામ કરવાનો.' મેં કહ્યું.

'મને તો લાગે છે કે કાયમને માટે અહીં જ આરામ કરવાનું રહેશે.'

'ના, ના. એમ તે હોય ? કેપ્ટનની ગણતરી ખોટી હોય નહિ.'

'અરે, કેપ્ટનની શું, ભલભલાની ગણતરી અહીં ખોટી પડી જાય એવું છે. પણ આ આપણા લાભની વાત છે એમ મને લાગે છે.'

'કેમ ?'

'વહાણમાંથી નાસી છૂટવાનો આ સરસ લાગ છે.'

'નેડ ! તને ખબર નથી, કદાચ ધારો કે આ જગ્યાએથી નાસી છૂટીને આપણે ભાગ્યા; પણ ભાગીનેય ક્યાં જવાના છીએ ? ઊલટા અહીંથી નાસીને જો પાપુઆ બેટમાં ભરાયા તો આપણો નાસ્તો

કરવા માટે જંગલીઓ તૈયાર બેઠા છે! એના કરતાં તો અહીં ઠીક છે. આ કંઈ ઈંગ્લાંડનો કે ફ્રાન્સનો કિનારો નથી; અહીંથી નાસવું એ તો ચૂલમાં જવા જેવું છે.'

'તો કાંઈ નહિ. પણ આ પાંચ દિવસ આપણે આ બેટ ઉપર ફરી શકીએ એવું થાય તોયે ઠીક છે.'

'હા, એ ઠીક છે. ઘણા વખતથી જમીન ઉપર પગ નથી મૂક્યો. જરાક પગ છૂટા થાય તો સારું.' કૉન્સીલે નેડને ટેકો આપ્યો.

'ભલે, હું કૅપ્ટનની રજા માગી જોઉં.' મેં કહ્યું.

'એમાંય રજા?'

'હાસ્તો.'

હું રજા લેવા માટે કૅપ્ટન નેમો પાસે ગયો. મને તો ખૂબ બીક હતી કે રજા નહિ મળે; એટલું જ નહિ પણ વધારામાં ક્યાંઈક ઓરડીમાં પુરાઈ રહેવું પડશે. પણ મેં રજા માગી કે તરત જ કૅપ્ટને રાજીખુશીથી હા પાડી. મારી પાસેથી વખતસર પાછા ફરવાનું વચન તેણે માગ્યું.

અમને એક નાની હોડી આપવામાં આવી. નેડ આનંદઘેલો થઈ ગયો હતો. બીજે દિવસે સવારે બધી તૈયારી કરીને અમે ત્રણે જણા હોડીમાં ચડી બેઠા. નેડ અમારો ખલાસી હતો. મોટાં મોટાં વહાણો જેમાં ચિરાઈ જાય એવી ધારમાં થઈને અમારી નાની હોડી રમતી રમતી ચાલી જતી હતી. નેડના થાંભલા જેવા હાથમાંનાં હલેસાં પાણીને કાપતાં કાપતાં થોડી જ વારમાં અમારી હોડીને કિનારે લઈ ગયાં.

લગભગ સાડા આઠ વાગે અમે જમીન ઉપર પગ દીધો.

૧૨

નેમોનું નવું વજા

નેડ સૌથી પહેલો જમીન ઉપર કૂદી પડ્યો. અમે શિકાર માટે સાથે બંદૂકો તો લીધેલી જ હતી. નેડને આ બેટમાં શિકાર પૂરતો જ રસ હતો. મને અને કોન્સીલને તેની જમીન, વનસ્પતિ અને પક્ષીઓમાં પણ ખૂબ રસ પડ્યો. કોન્સીલ મોટી નાળિયેરીઓ ઉપર વાંદરાની જેમ ચડી જતો અને નાળિયેરો નીચે પાડતો. તેનું મીઠું પાણી તથા ટોપરું ખાવાની મજા ઓર આવતી. નાળિયેરનો સ્વાદ તો નેડને માંસાહાર ભુલાવી દે તેવો હતો. આવાં થોડાંએક નાળિયેર વહાણમા ભરી લેવાં એમ પણ અમે નક્કી કર્યું. ચારે તરફ નજર નાખતા નાખતા અમે બેટના જંગલમાં અંદર ને અંદર જવા લાગ્યા. કઈ ઘડીએ અને ક્યાંથી જંગલી માણસ કે પશુ આવી પડશે તેની શી ખબર! રસ્તામાં જાતજાતનાં સુંદર પક્ષીઓ જોવાની ખૂબ મજા પડી. કોન્સીલ એક સુંદર પક્ષી પકડીને મારી પાસે લાવ્યો. પક્ષી જીવતું હતું; લગભગ ૯ ઈંચ લાંબું હતું, રંગની સુંદર મેળવણી તેના આખા શરીર ઉપર હતી. આ પક્ષી કોન્સીલે જીવતું કઈ રીતે પકડ્યું તેની મને નવાઈ લાગી. પણ પાછળથી મને ખબર પડી કે આ પક્ષી અમુક પ્રકારનું ફળ ખાઈને મદમાં ચડે છે; એ જે વખતે મદમાં હોય છે ત્યારે એ પોતાનું ભાન ભૂલી જાય છે; તે વખતે એ ધારે તોય ઊડી શકતું નથી. કોન્સીલે લાગ જોઈને આ પક્ષીને પકડ્યું હતું.

નેડ પણ બે-ચાર પક્ષીઓનો શિકાર કરીને લઈ આવ્યો હતો. સાંજ પડવા આવી હતી. આથમતી સાંજના અમે એક મોટા ઝાડ નીચે ઘડીક વિસામો લેવા બેઠા. રાત્રે તો અમારે વહાણમાં પહોંચી જ જવાનું હતું; કારણ કે રાત અહીં કાઢવી એ જોખમ હતું. પણ

જેટલો વખત વધારે જમીન પર રહી શકાય તેટલું રહેવું, પછી વહાણની ઓરડીઓ તો છે જ ને ? એમ વિચારી અમે ત્યાં બેઠા. જંગલનાં વૃક્ષોની અંદર સમુદ્ર પરથી આવતો ઠંડો પવન મધુર ગુંજન કરતો હતો. આસપાસ બધે શાંતિ હતી. કિનારાથી દૂર પેલું નૉટિલસ કોઈ આરામ લેતા જળચર પ્રાણીની જેમ પડયું હતું. સૂર્ય ધીમે ધીમે આથમવાની તૈયારીમાં હતો. આ દશ્ય છોડીને નૉટિલસના કેદખાનામાં જવાનું ગમે તેમ નહોતું.

'ધારો કે આપણે આજની રાત અહીં જ રહીએ અને વહાણ ઉપર ન જઈએ તો ?' કૉન્સીલે કહ્યું.

'ધારો કે આપણે કાયમને માટે અહીં રહીએ તો ?' નેડે ઉમેર્યું.

બરાબર એ જ વખતે એક પથ્થર અમારી પડખે આવીને પડયો. વાત તરત અટકી ગઈ; અમે નાસ્તો કરતા હતા તે પણ અટકી પડયો અને આશ્ચર્યથી આસપાસ જોવા લાગ્યા.

'આ પથરો કાંઈ આકાશમાંથી તો નથી પડયો!' કૉન્સીલે કહ્યું.

બીજો પથ્થર બરાબર કૉન્સીલના હાથ ઉપર આવ્યો. હાથમાંથી નાળિયેરની કાચલી પડી ગઈ.

અમે ત્રણે ઊભા થઈ ગયા; બંદૂકો ખભા ઉપર ચડાવી.

'વાંદરા તો નહિ હોય ?' નેડે કહ્યું.

'વાંદરા ન હોય તો પણ તેમના ભાઈઓ તો ખરા જ! અહીંના જંગલી માણસો જ હશે.' કૉન્સીલે કહ્યું.

'ચાલો, હોડીમાં ચડી જઈએ. અત્યારે બીજો ઉપાય જ નથી.' મેં કહ્યું.

અમે પાછળ મોં ફેરવી જોયું તો લગભગ વીસેક જેટલા જંગલી માણસો ઝાડી આગળ દેખાયા. તેઓ તીરકામઠાં લઈને ઊભા હતા. પથ્થરોનો વરસાદ ત્યાંથી જ વરસતો હતો.

અમે અમારું ખાવાનું જેમતેમ એકઠું કરીને કિનારા પર હોડી

બાંધી હતી ત્યાં આવી પહોંચ્યા, અને હોડી મારી મૂકી. હોડી થોડેક દૂર પહોંચી ત્યાં કિનારા ઉપર લગભગ સોએક જંગલીઓનું ટોળું હોકારા ને દેકારા કરતું આવી પહોંચ્યું; કેટલાક તો કેડ કેડ સુધી પાણીમાં ઊતરી પડ્યા હતા! મને એમ હતું કે એ બધી ગડબડ જોઈને નૉટિલસ ઉપર પણ થોડીએક ધમાલ થશે, પણ ત્યાં તો કોઈ માણસ તૂતક ઉપર દેખાયું નહિ. વીસ મિનિટમાં અમે વહાણ ઉપર આવી પહોંચ્યા. તૂતક ઉપર ચડીને બારણું ઉઘાડી અમે અંદર ગયા. હું સીધો દીવાનખાનામાં પહોંચ્યો. કૅપ્ટન નેમો ત્યાં બેઠો બેઠો ઑર્ગન વાજું વગાડી રહ્યો હતો. વગાડવામાં તે એટલો તલ્લીન થઈ ગયો હતો કે મેં તેને એક વાર બોલાવ્યો તો પણ તેણે સાંભળ્યું નહિ. બીજી વાર મેં જરા જોરથી બોલાવ્યો એટલે તેણે મારી સામે જોયું. 'કેમ પ્રોફેસર સાહેબ! કાંઈ નવી શોધ કરી લાવ્યા કે શું?'

'હા જી, શોધ તો ઘણી કરી. સાથે સાથે એક વિચિત્ર શોધ પણ કરી છે; માત્ર એ શોધ આપણને જરા મોંઘી પડે તેવી છે.'

'શાની શોધ છે?'

'અહીંના જંગલી લોકોની.'

'ઓહો! ઊલટું એમ કહો કે અહીંના લોકોએ આપણી શોધ કરી છે!'

'હા; એટલું જ નહિ પણ આપણા ઉપર તેઓ હુમલો કરવાની તૈયારી કરે છે. અમે તો તેમના હાથનો થોડોએક સ્વાદ પણ ચાખી લીધો.' મેં કહ્યું.

'કાંઈ વાંધો નહિ; પણ આપણે એમની રજા સિવાય અહીં આવ્યા ત્યારે આપણા ઉપર હુમલો કરવાનો તેમનો અધિકાર તો ખરો જ ને? આપણા દેશમાં એ લોકો આવ્યા હોત તો આપણે તેમને કિનારે ઊતરવા દેત ખરા?'

'એ ખરું; પણ આ તો જંગલી લોકો છે.'

'દુનિયા પર કોણ જંગલી નથી?' એમ કહી કેપ્ટન નેમો તિરસ્કારથી હસ્યો. તેનું કહેવું હું બરાબર સમજ્યો નહિ.

'પણ આપણે તેમનાથી ચેતતા તો રહેવું જોઈએ જ ને?' મેં સવાલ કર્યો.

'કાંઈ હરકત નહિ; મારા વહાણને કોઈ આંગળી અડાડી શકે તેમ નથી.'

'પણ તેમની સંખ્યા મોટી છે.'

'કેટલાક છે?'

'લગભગ સો જણા.'

'પ્રોફેસર! આખા પાપુઆ બેટની સઘળી વસ્તી એકઠી થઈને આ વહાણ ઉપર હુમલો કરે તોપણ આપણને ઊની આંચ નહિ આવે! તમે નિરાંતે આરામ કરો. થાકી ગયા હશો.' આટલું બોલીને કેપ્ટને પોતાનું ઑર્ગન પાછું શરૂ કરી દીધું. મારે તેને શું કહેવું? મને થયું : આ માણસ પોતાના વહાણના અભિમાનમાં પોતાના તો ઠીક, પણ અમારા જાન પણ ખોશે!

રાત પડી ગઈ હતી. મને આજે ઊંઘ આવે તેમ નહોતું. ઘડીક વહાણને મથાળે ગયો. આકાશમાંથી તારાઓનું તેજ નીતરી રહ્યું હતું.

હું લગભગ બારેક વાગે સૂતો. રાતમાં કંઈ જાણવા જેવો બનાવ ન બન્યો. સવારે ઊઠીને મેં તૂતક ઉપરથી જોયું તો કિનારા ઉપર લગભગ પાંચસોથી છસો માણસો હાથમાં તીરકામઠાં લઈને પડકારા કરતા ઊભા હતા. તે ખરા પાપુઅન હતા. તેમનાં પડછંદ શરીર, વિશાળ પહોળાં કપાળ, માંસલ અવયવો, ચપટાં નાક, ધોળા દાંત, ગૂંછળાંવાળા વાળ, બધું બરાબર શોભતું હતું. પુરુષોની સાથે સ્ત્રીઓ પણ હતી. તેમનામાંનો એક સરદાર જેવો લાગતો માણસ જરા વધારે આગળ આવીને નૉટિલસને ધ્યાનથી તપાસતો હતો. તેના શરીર ઉપરનાં પાંદડાંનાં તથા લોઢાનાં આભૂષણો શોભતાં હતાં. હું તેને સહેલાઈથી બંદૂક વડે મારી શકત, પણ તેમ કરવામાં હમણાં ડહાપણ નહોતું.

ઘણા વખત સુધી તે લોકો વહાણથી થોડેક દૂર રહ્યા રહ્યા પાણીમાં ફર્યા કર્યા. હાથના ચાળા કરીને અમને પોતાની પાસે આવવા તેઓ આમંત્રણ આપતા હોય એમ મને લાગ્યું. મેં તેમનું આમત્રંણ સ્વીકાર્યું નહિ એ તો સ્પષ્ટ જ છે.

આજે હોડીમાં બેસીને કિનારે ઊતરાશે નહિ એ જાણીને નેડને બહુ દુઃખ થયું.

લગભગ અગિયાર વાગે પેલા જંગલીઓ પાછા ગયા. અમે એટલે હું અને કોન્સીલ થોડા વખતે તે ખડકો ઉપરનાં શંખલાંઓ વીણવા ઊતરી પડયા. હું એક બાજુ શંખલાંઓ વીણતો હતો ત્યાં કોન્સીલ હરખાતો હરખાતો મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો : ' જુઓ; આ જુઓ. '

તેના હાથમાં એક શંખ હતો. શંખમાં તે એવું શું બતાવવા જેવું હશે એમ મને થતું. મને ઘડીક તો તેનું કારણ સમજાયું નહિ; પણ જ્યારે મેં તેને કાળજીથી જોયો ત્યારે જણાયું કે દુનિયામાં જે જાતના શંખને માટે શોખીન માણસ હજારો રૂપિયા ખરચી નાખે છે, તેવો તે શંખ હતો. સાધારણ રીતે કુદરતના દરેકેદરેક બળની ગતિ જમણી તરફથી ડાબી તરફ હોય છે; પૃથ્વી, તારાઓ, ગ્રહો વગેરે સૌ પોતાની જમણી બાજુથી ડાબી બાજુ તરફ જ ફરતા હોય છે; માણસ પણ પોતાના ડાબા હાથ કરતાં જમણો હાથ વાપરતો હોય છે. શંખલાંઓ બનાવવામાં પણ કુદરત સાધારણ રીતે આ જ નિયમને અનુસરતી હોય છે. શંખ ઉપરના આંકાઓ પણ જમણી તરફથી ડાબી બાજુ આવતા હોય એમ દેખાય છે. પણ આ કોન્સીલના હાથમાંનો શંખ તેથી તદ્દન ઊલટી રચનાવાળો હતો. મારા સંગ્રહસ્થાનમાં આ શંખથી કિંમતી ઉમેરો થશે એ વિચારે હું હર્ષમાં આવી ગયો, ત્યાં તો એક પથ્થર ગાજતો ગાજતો આવ્યો અને કોન્સીલના હાથમાંના કિંમતી શંખ ઉપર જ અફળાયો. શંખ ફૂટી ગયો.

મારા દિલમાં જ જાણે આ પથ્થરનો ઘા લાગ્યો હોય એવો

મને આઘાત થયો. કોન્સીલે મારા હાથમાંથી બંદૂક આંચકી, ને હું તેને અટકાવું તે પહેલાં તો તેણે ગોળી છોડી. એક બૂમ પડી ને પથ્થર ફેંકનાર જંગલી જમીન ઉપર ઢળી પડ્યો.

'અરે, અરે! આ તેં શું કરી નાખ્યું? એક શંખને માટે કાંઈ માણસનો જાન લેવાય?'

'હરામખોરે આના કરતાં તો મારો હાથ ભાંગી નાખ્યો હોત તો કાંઈ નહોતું!' કોન્સીલના ક્રોધનો પાર નહોતો.

પેલા માણસના મરવા સાથે જ પરિસ્થિતિ બદલાઈ ગઈ. લગભગ વીસ નાની નાની હોડીઓ કિનારા ઉપરથી છૂટી. આ હોડીઓ ઝાડના મોટા થડમાંથી કોતરી કાઢેલી હતી. હોડીઓ હથિયારબંધ માણસોથી ભરેલી હતી. હજુ તે લોકો આ વહાણ એ શી ચીજ છે તે ઓળખી શક્યા નહોતા, એટલે મૂંગા મૂંગા તેનાથી થોડેક દૂર રહીને ફર્યા કરતા હતા.

મેં આફતનાં વાંદળાં ઘેરાતાં જોયાં. શું કરવું તેનો વિચાર કરતો હતો ત્યાં તો પેલી હોડીઓ વહાણની સાવ નજીક આવી ગઈ અને નોટિલસના લોખંડના દેહ ઉપર બાણોનો વરસાદ વરસવા માંડ્યો.

હું તરત જ દીવાનખાનામાં ગયો પણ કૅપ્ટન નેમો ત્યાં નહોતો એટલે હું તેના પોતાના ઓરડામાં પહોંચ્યો. કૅપ્ટન પોતાના સાદા ટેબલ ઉપર બેઠો બેઠો કંઈક ગણિતના દાખલા ગણતો હતો.

'આપને મેં જરા અડચણ કરી; ખરું?' મેં કહ્યું.

'હા; પણ તમારે અગત્યનું કામ હોવું જોઈએ.' કૅપ્ટને કહ્યું.

'ઘણું જ અગત્યનું અને ગંભીર. લગભગ છસો માણસો થોડા જ વખતમાં આપણા વહાણની અંદર ઘૂસી જશે.'

'તે લોકો નજીક આવી ગયા, એમ?'

'હા.'

'તો આપણે ઉપરનાં બારણાં બંધ કરી દઈએ.'

'હા. એ જ કહેવા હું આવ્યો છું.'

'એમાં કાંઈ મુશ્કેલી નથી.' કૅપ્ટને કહ્યું. તરત તેણે પોતાના ટેબલ પાસેની વીજળીની ઘંટડી દાબી અને મને જણાવ્યું : 'બસ, હવે પતી ગયું.'

'ના, હજુ મુશ્કેલીનો અંત નથી આવ્યો. આવતી કાલે સવારે તાજી હવા લેવા માટે વહાણનાં ઉપરનાં બારણાં તો ખોલવાં જ પડશે અને તે વખતે હવાની સાથે જ પેલાઓ અંદર ઘૂસી જશે; તો ?'

'તો પછી તેમને કાંઈ ના પડાશે ? મારે એક પણ માણસનો જાન નથી લેવો.'

મારી પાસે કાંઈ જવાબ નહોતો. હું ત્યાંથી મારા ઓરડામાં ગયો. 'કૉન્સીલ ! આમાં આપણું કાંઈ ચાલે એમ નથી. કૅપ્ટન નેમો જેમ કરે તેમ કરવા દીધા સિવાય બીજો કોઈ ઉપાય જ નથી. આપણે તો સૂઈ જવું એ જ ઠીક છે.'

'મારી આપને જરૂર પડશે ?'

'ના ના.'

કૉન્સીલ પોતાની ઓરડીમાં ચાલ્યો ગયો.

હું સૂતો; પણ જરાય ઊંઘ ન આવી. બહાર જંગલી લોકોના અવાજો આવ્યા જ કરતા હતા. નોટિલસનો લોઢાનો કિલ્લો તે બિચારાઓથી તૂટે તેમ નહોતો, તોયે મને થતું હતું કે હમણાં જ બારણું ઉઘાડીને બધા અંદર આવશે.

૭ વાગે હું ઊઠ્યો. હજુ બારણાં ઊઘડ્યાં ન હતાં; પણ હવાનાં ટાંકાંઓ ભરેલાં હતાં એટલે તાજી હવાની ખોટ જણાતી ન હતી. આજે દરિયામાં પૂરી ભરતી ચડવાની હતી. બપોરના અઢી વાગે અમારું વહાણ ઊપડવાનું હતું, પણ હજુ કશી તૈયારી દેખાતી નહોતી. હું દીવાનખાનામાં ગયો.

અઢી વાગ્યા; દસ મિનિટ પછી વહાણ ઊપડવું જ જોઈએ. બીજી જ ક્ષણે વહાણમાં જેમ જીવ આવ્યો હોય એમ અવાજો થવા લાગ્યા. આસપાસના પરવાળાંના ખડકો સાથે વહાણ ઘસાતું હોય

એમ લાગવા માંડયું.

થોડી વારે કૅપ્ટન નેમો દીવાનખાનામાં આવ્યો.

'આપણે હવે ઊપડીએ છીએ,' તેણે કહ્યું.

'એમ ?'

'હા. અને વહાણનાં બારણાં પણ ખોલી નાખવાનો મેં હુકમ આપી દીધો છે.'

'પેલા જંગલીઓનું શું થયું ? તે લોકો અંદર નહિ ઘૂસી જાય ?'

'તમને ખબર નથી લાગતી. આ વહાણનાં બારણાં ઉઘાડાં હોવા છતાં તેની અંદર મારી રજા સિવાય કોઈ ન આવી શકે, એવી આ વહાણમાં શક્તિ છે !'

'હું સમજ્યો નહિ.'

'ચાલો ઉપર; તમને સમજાવું.'

અમે ઉપર જવા નીકળ્યા. કૉન્સીલ અને નેડ બંને તેમની ઓરડી આગળ ઊભા હતા, તેમનેય અમે સાથે ઉપાડયા. અમે ઉપર પહોંચ્યા. જતાંવેંત લગભગ ૫૦ થી ૬૦ ભયંકર ચહેરાઓ મારી નજરે પડ્યા. પણ તેમનામાંથી પહેલાએ વહાણના તૂતકના કઠેડા પર જેવો હાથ મૂક્યો કે તેના આખા શરીરને જોસબંધ એક આંચકો લાગ્યો અને તે પાણીમાં દૂર જઈને પછડાયો. તેની પાછળ તેના થોડાએક સાથીઓ પણ ચડવા લાગ્યા; તેમની એ જ વલે થઈ. અમારા આશ્ચર્યનો પાર ન રહ્યો. નેડે અખતરો કરવા માટે પોતાનો હાથ તે કઠેડા પર મૂક્યો; તેને પણ એવો સખત આંચકો લાગ્યો કે ધડધડ કરતો તે દાદરા પરથી નીચે ગબડી પડ્યો. 'ઓ માર્યા, માર્યા !' તે બૂમ પાડી ઊઠ્યો. 'આ તો વીજળીનો આંચકો લાગે છે !'

હું સમજી ગયો. એ કઠેડો નહોતો પણ વીજળીના તારવાળું એક હથિયાર જ હતું ! કૅપ્ટન નેમોએ અત્યારે તેમાં વીજળી ચાલુ કરી દીધી હતી. આ વીજળીનો કઠેડો ઓળંગીને અંદર કોણ

આવી શકે ?

દરમિયાન આ ચમત્કારથી પાપુઅન લોકો ખૂબ ગભરાયા અને ડરી ગયા. બૂમો પાડતા પાડતા તેઓ કિનારા તરફ નાસવા લાગ્યા. અમારું હસવું સમાતું નહોતું.

એ જ ઘડીએ અમારું વહાણ પૂરી ચડેલી ભરતીને લીધે ખડકમાંથી ઉપર ઊંચકાઈ આવ્યું; વહાણનો પંખો ચાલુ થઈ ગયો. થોડી વારમાં તો નોટિલસ ટોરસની સામુદ્રધુનીનો જોખમી રસ્તો પસાર કરી ખુલ્લા સમુદ્રમાં હીંચોળા લેવા લાગ્યું.

૧૩

કબ્રસ્તાનમાં

બીજે દિવસે નોટિલસે પાછી પોતાની સફર શરૂ કરી. પણ આ વખતે તેણે પોતાની ગતિ ખૂબ વધારી દીધી હતી. મને લાગે છે કે કલાકના ૩૫ માઈલની ઝડપે તે જતું હશે. ગઈ કાલના બનાવથી હું ચકિત થઈ ગયો. આ માણસે વીજળીનો કેવો ઉપયોગ કર્યો છે! પોતાનું વહાણ ચલાવવા પૂરતો જ તેનો ઉપયોગ નહોતો; આ તો દુશ્મનોને માત કરવાનું પણ અદ્દભુત સાધન હતું! પોતાના વહાણનો સ્પર્શ પણ બીજો કોઈ તેની ઇચ્છા વિરુદ્ધ કરી ન શકે એટલી શક્તિ તે વહાણમાં તેણે મૂકી હતી.

૧૩મી જાન્યુઆરીએ નેમો ટીમોરના સમુદ્રમાં આવી પહોંચ્યો. અમે ટીમોર બેટને દૂરથી જોઈ શકતા હતા; ત્યાંના વિચિત્ર રાજાઓ, લોકો અને તેમના રીતરિવાજો જોવાનું મન ઘણુંયે હતું; પણ તે શા કામનું? વહાણ તો તેની પડખે થઈને પસાર થઈ ગયું. કીડીનો નાનો બેટ અમે થોડેક દૂરથી જ જોઈ શક્યા.

અહીંથી વહાણે પોતાનું સુકાન નૈઋત્ય દિશામાં ફેરવ્યું. તેનો ઇરાદો હિંદી મહાસાગરમાં પ્રવેશ કરવાનો હતો. કેપ્ટન વહાણ ક્યાં લઈ જવા માગતો હશે? શું હિંદી મહાસાગરમાં થઈને તે ભૂમધ્ય સમુદ્રમાં જશે અને યુરોપને કિનારે ફરશે? ના ના; માણસની વસ્તીથી તો તે દૂર ને દૂર રહે છે. ત્યારે શું અહીંથી તે દક્ષિણ ધ્રુવ બાજુ જશે, અને ત્યાંથી વિશાળ પાસિફિક મહાસાગરમાં ફરશે? કાંઈ નક્કી કહી શકાય તેમ નહોતું. કાર્ટિયર, હિબેર્નિયા વગેરે બેટોની લાંબી દરિયામાં ઘૂસી જતી ધારોને દૂર ને દૂર કરતી જતી અમારી નૌકા આ મહાસાગરમાં આગળ ધપ્યે જતી હતી.

કેપ્ટન નેમો તો જાતજાતના પ્રયોગો કરી રહ્યો હતો. પાણીની જુદી જુદી ઊંડાઈએ દરિયાની ગરમીનું કેટલું પ્રમાણ હોય છે તેના આંકડાઓ તે થર્મોમિટરથી કાઢતો હતો. વહાણમાં રાખેલી ટાંકીઓ પાણીથી ભરીને ૩૫,૦૦૦ ફૂટ સુધીની ઊંડાઈએ વહાણને લઈ જતો હતો, મને પણ તેના આ પ્રયોગોમાં એટલો રસ પડતો કે વહાણ કઈ દિશામાં જાય છે તે જાણવાની પરવા ઓછી રહેતી. મને મનમાં થતું કે કેપ્ટન નેમોના આ પ્રયોગનો દુનિયાને શો ઉપયોગ છે? આવા માણસો દુનિયાના શત્રુ થઈને બેસે એ પણ એક દુઃખદ સ્થિતિ જ નહિ? મારું પોતાનું ભવિષ્ય પણ કેપ્ટન નેમોની સાથે જ જોડાયેલું છે, એ વિચાર આવતો ત્યારે તો હું પણ ઘડીભર કંપી ઊઠતો.

૧૬મી જાન્યુઆરીએ નોટિલસ સ્થિર થઈ ગયું. મને લાગ્યું કે વહાણમાં કંઈક સમારકામ કરવાની જરૂર પડી હશે. થોડી વારે એક અદ્ભુત દૃશ્ય અમને જોવા મળ્યું. અમારા ઓરડાની બારીઓ ખુલ્લી હતી. ઓરડામાં બત્તી નહોતી સળગતી; છતાં અંદર ઝાંખો એવો પ્રકાશ આવતો હતો. મેં બારીમાંથી નજર કરી તો દરિયાના પાણીમાં ઘણો પ્રકાશ ફેલાયેલો હતો. 'આ શાનો પ્રકાશ હશે?' જરા બારીકાઈથી જોતાં માલૂમ પડ્યું કે એ સ્થળે દરિયાની અંદર પ્રકાશિત માછલીઓના મોટાં ટોળાં ને ટોળાં રમતાં હતાં. તે માછલીઓના પ્રકાશને લીધે અમારા વહાણનું બહારનું પતરું પણ ચળકાટ મારતું હતું. હું અને કોન્સિલ તો તે માછલીઓને જોવામાં તલ્લીન થઈ ગયા.

આ અદ્ભુત દૃશ્ય વટાવીને અમે આગળ ચાલ્યા.

એક દિવસ સવારમાં મારા નિયમ પ્રમાણે હું તૂતક ઉપર ઊભો હતો. પણ આજે તૂતક ઉપર કંઈક ધમાલ હોય એમ લાગતું હતું. કેપ્ટન નેમો મારી પહેલાં ત્યાં આવીને ઊભો હતો, અને વહાણના બે-ત્રણ માણસો સાથે વિચિત્ર ભાષામાં થોડી થોડી વારે કંઈક બોલતો હતો. તેના હાથમાં મોટું દૂરબીન હતું. વારે વારે તે દૂરબીનથી દૂર

ક્ષિતિજમાં નજર નાખતો હતો. મને કુતૂહલ થયું. હું પણ મારા ઓરડામાં જઈને એક દૂરબીન લઈ ઉપર આવ્યો. પણ જ્યાં આંખ માંડી જોઉં છું ત્યાં મારું દૂરબીન કોઈકે પાછળથી આંચકી લીધું! પાછળ ફરી જોઉં તો કેપ્ટન નેમો ઊભો હતો. પણ અત્યારે તે ન ઓળખાય તેવો હતો. તેની આંખમાંથી જાણે આગ વરસી રહી હતી. તે સ્થિર અવાજે મારા સામું જોઈને બોલ્યો : 'આપણા વચન પ્રમાણે અત્યારે તમારે ઓરડામાં બેસી રહેવાનું છે!'

હું સ્તબ્ધ બની ગયો! એવું તે શું હશે? મેં પૂછ્યું : 'મારે જવામાં વાંધો નથી. ફક્ત એક જ પ્રશ્ન તમને—'

'નહિ; અત્યારે એક પણ પ્રશ્ન પૂછી શકાશે નહિ.'

મને એક માણસ મારા ઓરડામાં મૂકી ગયો. મારા બંને સાથીઓ પણ તેમાં જ હતા. મેં તેમને બધી વાત કરી. તેઓ પણ કાંઈ સમજી શક્યા નહિ. થોડી વારે ખાવાનું આવ્યું; અમે ત્રણે જણા નિરાંતે જમ્યા. પણ જમ્યા પછી ત્રણે જણને તરત ઊંઘ આવવા માંડી. અમે આંખો ફાડી ફાડીને જાગવાનો પ્રયત્ન કરતા હતા, પણ તે નિષ્ફળ ગયો. અમને કશાક ઘેનની અસર થતી હોય તેમ લાગ્યું. થોડી વારે જ અમે ઊંઘી ગયા.

સવારે જાગીને જોયું તો મારા બંને સાથીઓ મારા ઓરડામાં નહોતા. મારા શરીરમાંથી ઘેનની અસર ચાલી ગઈ હતી. વહાણ પોતાની નિયમિત ગતિએ દરિયાની સપાટીથી લગભગ ૪૫ ફૂટની ઊંડાઈએ ચાલતું હતું.

લગભગ બપોરના બે વાગે મારા ઓરડામાં કેપ્ટન નેમો આવ્યો. મેં તેને નમન કર્યું; તેણે સામું નમન કર્યું. પણ તેના મોં પર જુદો ભાવ દેખાતો હતો. શોકની ને દુઃખની ઘેરી છાયા તે પર પથરાઈ હતી. ઉજાગરાથી તેની આંખો લાલ હતી. થોડી વાર અમે બંને કાંઈ પણ બોલ્યા વગર ઊભા રહ્યા.

પછી કેપ્ટન બોલ્યા : 'તમે ડૉક્ટરનું કામ પણ જાણો છો,

નહિ ? '

'હા જી. થોડા વખત મેં તે કામ પણ કરેલું છે.'

'એક દરદીને તપાસીને તેને માટે કંઈક દવા બનાવી શકશો ?

'ક્યાં ? વહાણ ઉપર કોઈ દરદી છે ?'

'હા.'

અમે બને ચાલ્યા. હું વિચાર કરવા લાગ્યો કે ગઈ કાલ સાંજના બનાવને અને આ માંદા માણસને કંઈ સંબંધ તો નહિ હોય ? કેપ્ટન નેમો મને વહાણને છેડે જે ઓરડામાં ખલાસીઓ રહેતા હોવા જોઈએ તેવા એક ઓરડામાં લઈ ગયો. ખાટલામાં એક પડછંદ કાયા પડેલી હતી. તેને માથે પાટા બાંધેલા હતા; માણસ ઘાયલ થયેલો હતો.

મેં તેના પાટા છોડવા માંડ્યા. તે માણસ તેની મોટી સ્થિર આંખોએ મારી સામે જોઈ રહ્યો. પીડાની આહ સરખી પણ તેના મોંમાંથી ન નીકળી. ઘા ભયંકર હતો. ખોપરીનો એક ભાગ કચરાઈ ગયો હતો અને તેમાંથી મગજનું માંસ દેખાતું હતું. તેનો શ્વાસોચ્છ્વાસ ધીમો પડતો: જતો હતો; તેનો ચહેરો ફિક્કો પડતો જતો હતો, તેની નાડી તૂટેલી હતી; મૃત્યુ તેની સામે આવીને ઊભેલું હું જોઈ શકતો હતો. મેં ઘા ધોઈને ફરીથી પાટો બાંધ્યો. કેપ્ટન તરફ ફરીને મેં પૂછ્યું: 'કેપ્ટન ! આવો જબ્બર જખમ કેમ કરીને થયો ?'

'એ તો સહેજ નોટિલસના એક મશીનના લીવર સાથે આ માણસનું માથું અથડાયું હતું. તમને કેમ લાગે છે ? તેની હાલત કેવી છે ?'

હું જવાબ આપતાં અચકાયો.

'તમે ખુશીથી બોલો. એ માણસ ફ્રેન્ચ ભાષા સમજતો નથી."

'બે કલાકમાં આ માણસનો જીવ ઊડી જશે.'

'કોઈ પણ રીતે બચી શકે તેમ નથી ?'

'ના જી.'

કેપ્ટન નેમોએ પોતાના બંને હાથને એકબીજામાં જોરથી દાબ્યા; અને થોડી વારે પોતાની આંખો લૂછી. મેં પેલા માણસની સામે જોયું. મૃત્યુની છાયા ધીમે ધીમે તેના મુખ પર પથરાતી જતી હતી. વીજળીના દીવાના પ્રકાશમાં તેનું મોઢું વધારે ફિક્કું લાગતું હતું.

'હવે તમે જઇ શકો છો.'

હું મારા ઓરડામાં ચાલ્યો ગયો. મારા દિલમાં આજે ખૂબ ભાર લાગતો હતો. તે આખો દિવસ અને આખી રાત વિચારો ને વિચારોમાં જ પસાર થઈ. રાતના દૂર દૂરથી જાણે ઝીણું કરુણ સંગીત મારા કાન પર અથડાવા લાગ્યું. મેં ધાર્યું: 'પેલો માણસ જરૂર મરી ગયો હતો. અત્યારે તેની મરણપથારી પાસે પ્રાર્થના થતી હોવી જોઇએ.'

'કેમ આજે ફરવા જઈશું?' કેપ્ટને પૂછ્યું.

'ખુશીથી, જેવી આપની ઇચ્છા.'

'તો પછી તમારો પોશાક પહેરી લો. તમારા સાથીઓ પણ ભલે આવે.'

મેં મારા બંને સાથીઓને તૈયાર કર્યા. હું પણ પોશાક પહેરીને તૈયાર થઈ ગયો. દરિયામાં ઊતરવાના બારણા પાસે બીજા માણસો પણ તૈયાર હતા. અમે બધા ઊતર્યા. અહીં સમુદ્રનું તળિયું જુદી જ જાતનું હતું. પરવાળાંની મોટી સૃષ્ટિ અહીં પથરાઈને પડી હતી. પરવાળાંનાં જીવડાંઓ એ પણ કુદરતનો એક મહાન ચમત્કાર છે. અસંખ્ય જીવડાંઓ એકબીજા સાથે મળીને એક મહાન દુનિયા બનાવવા માટે રાતદિવસ અખંડ પરિશ્રમ કર્યા જ કરે છે! અમે તેની વચ્ચે થઈને આગળ વધવા લાગ્યા. વચ્ચે વચ્ચે મોટા છોડો, લાંબાં લાંબાં ઘાસો, ક્યાંક સુંવાળા ઘાસની ગંજીઓ. વગેરે આનંદ આપતાં હતાં; ક્યાંક ક્યાંક છોડ ઉપર નાની માછલીઓ પક્ષીની જેમ આમથી તેમ કૂદકા મારતી હતી. ધીમે ધીમે બંને બાજુ ખડકોની હાર આવવા માંડી. તેની વચ્ચે થઈને કેપ્ટન નેમો અમને લઈ જતો હતો. ખડકોની

હાર પૂરી થઈ અને અમે મોટા જંગલમાં પેઠા. ચારે બાજુ ઝાડોની કતારો આવવા લાગી ગઈ હતી. વચ્ચે એક નાના એવા ખુલ્લાં મેદાનમાં અમે આવ્યા. કેપ્ટન નેમો અહીં અટક્યો: અમે જોયું તો અમારી પાછળ જે માણસો આવતા હતા તેમાંથી ચાર જણાએ કોઈક લાંબી વસ્તુ ઉપાડી હતી. અહીં આવીને તેમણે તે નીચે મૂકી. અમે નવાઈ પામ્યા. એ મેદાનની વચ્ચે પરવાળાનો જ બનાવેલો એક મોટો ક્રોસ દેખાતો હતો.

કેપ્ટન નેમો તરફથી નિશાની થતાં જ થોડાક માણસો ત્યાં આગળ ખોદવા લાગી ગયા. હવે મને સમજાયું. ગઈ કાલે મૃત્યુ પામેલા માણસની કબર અહીં થવાની હતી. કેવો અજબ માણસ! પોતાના માણસોને માટેનું કબરસ્તાન પણ તેણે નક્કી કરેલું છે! ખાડો ખોદાઈ ગયા પછી વિધિપુરઃસર શબને અંદર મૂકવામાં આવ્યું. બધાએ ઘૂંટણિયે પડીને નમન કર્યું. અમે પણ સ્વાભાવિક રીતે જ તેમાં ભળી ગયા.

બધા પાછા વહાણ તરફ વળ્યા. ગયા હતા એ જ રસ્તે થઈને અમે વહાણ પર પહોંચી ગયા.

હું કપડાં બદલાવીને તૈયાર થયો ત્યાં કેપ્ટન નેમો મારી પાસે આવ્યો.

'મેં કહ્યું હતું તે પ્રમાણે પેલો માણસ રાતના જ ગુજરી ગયો હતો કે?' મેં પૂછ્યું.

'હા. તેમ જ થયું, અને અત્યારે તે તેના સાથીઓની સાથે જ સમુદ્રને તળિયે આરામ કરે છે.' આટલું બોલતાં જ તેણે પોતાના હાથથી પોતાનું મોઢું ઢાંકી દીધું. એક ડૂસકું તેના મોઢામાંથી નીકળી પડ્યું. 'તે અમારું શાંતિમય કબરસ્તાન છે. અમે બધા જીવતા સાથે રહેશું અને મૃત્યુ પછી પણ એ જ કબરસ્તાનમાં સાથે રહેશું. દરિયાનું પાણી કે દુનિયા ઉપરનો કોઈ પણ માણસ અમને અમારા એ સ્થળેથી છૂટા પાડી શકે તેમ નથી.'

૧૪

સાચાં મોતી

આ રીતે સમુદ્રના ગર્ભમાં અમારું તથા કૅપ્ટન નેમોનું જીવન વ્યતીત થતું હતું. કૅપ્ટન નેમોને હજુ અમે બરાબર ઓળખી શક્યા છીએ એમ કહી શકાય તેમ નહોતું. કૉન્સિલ માનતો હતો કે દુનિયામાં આ માણસને ખૂબ સહન કરવું પડયું હશે અને તેથી અત્યારે તે મનુષ્યજાતિથી દૂર ને દૂર જ રહે છે. મારી માન્યતા પ્રમાણે તે મનુષ્યથી ભાગતો ફરતો માણસ નહોતો, પણ પોતાને થયેલા અન્યાયનો બદલો મનુષ્યજાતિ ઉપર લેવા માટે તે તલસતો હતો. પણ તોયે આ માણસને વખાણવો કે નિંદા કરવી એ હું નક્કી કરી શકતો નહોતો. મને તો સમુદ્રની અંદર રહેલી આ અગાધ સમૃદ્ધિ જોઈ વળવાની ઇચ્છા હતી. હજુ તો અમે માત્ર ૧૮૦૦ માઈલ જ ફર્યા હતા; હજુ કોણ જાણે કેટલું જોવાનું બાકી હતું!

પણ બીજી બાજુ મારા સાથીઓની અહીંથી ગમે તે ઉપાયે નાસી છૂટવાની ઇચ્છામાં પણ મારે મારો ભાગ રાખવાનો જ હતો. મારી પોતાની મહત્ત્વાકાંક્ષાઓની ખાતર મારા મિત્રોને પણ મારી સાથે રોકી રાખવા એ બરાબર નહોતું. મારે તેઓની પાછળ પાછળ જવું જ જોઈએ. ઊલટું મારે તો તેમના આગેવાન તરીકે કામ કરવું જોઈએ. પણ અહીંથી નાસી છૂટાય એવી તક આવશે ખરી?

અમારું વહાણ હિંદી મહાસાગરનાં નિર્મળાં પાણીની અંદર ઝપાટાબંધ પશ્ચિમ દિશામાં જતું હતું. હું મારા ઓરડાની કાચની બારીમાંથી આખો દિવસ આસપાસ નાચતી–કૂદતી માછલીઓ જોવામાં જ કાઢતો હતો. કેટલાયે દિવસો સુધી આમ ને આમ ચાલ્યું. હું સમુદ્રનાં પાણી જોતાં થાકતો ત્યારે વાંચતો; વાંચતાં થાકતો ત્યારે

ઊંઘી જતો. કોઈ કોઈ વાર તો જાળ નાખીને જાતજાતની માછલીઓ ભેગી કરવાનું કામ પણ હું કરતો. કોઈ કોઈ માછલીઓ તો કૅપ્ટન નેમોએ પોતાના નાનકડા પણ ખૂબ સમૃદ્ધ એવા સંગ્રહસ્થાનમાં રાખી લીધી હતી. ૨૧મીથી ૨૩મી જાન્યુઆરી સુધી અમારા વહાણે ૨૪ કલાકના ૭૫૦ માઈલની ઝડપથી આગળ વધવા માંડ્યું. જાતજાતની માછલીઓ આ વહાણના વીજળીના પ્રકાશથી આકર્ષાઈને વહાણની સાથે શરતમાં ઊતરી હોય એમ તરવાનો પ્રયત્ન કરતી, પણ તે પાછળ જ પડી જતી.

'ધીમે ધીમે કિલિંગના બેટો નજીક આવવા લાગ્યા. નેડે મને પૂછ્યું : 'હવે હિંદુસ્તાનનો કિનારો નજીક આવતો જાય છે. શો વિચાર છે? મને લાગે છે કે આપણે રીતસર કૅપ્ટનની રજા માગીને આ કિનારે ઊતરી જઈએ. હિંદુસ્તાનમાંથી આપણે આપણા વતનમાં જઈ શકશું.'

'નેડ! હજુ શું થાય છે તે આપણે જોઈએ. કદાચ અહીંથી આ વહાણ યુરોપ તરફ જ વળશે. તે તરફ વહાણ જાય ત્યારે શું કરવું તે આપણે તે વખતે નક્કી કરશું. એ વખતે જેવી તક હશે તે પ્રમાણે કરશું. વળી મને તો ખાતરી છે કે કૅપ્ટન નેમો પાસે રજા માગવી એ ખાલી ફાંફાં છે! આ વખતે તો તે આપણને પાપુઅન બેટની જેમ અહીંના કોઈ બેટ ઉપર શિકાર કરવા પણ ઊતરવા દે એવો સંભવ નથી.'

'તો પછી આપણે તેની રજા ન માગીએ તો?'

એનો ઉત્તર મારી પાસે નહોતો. હું પણ અંતરના ઊંડાણમાંથી નેડની જેમ જ ઇચ્છતો હતો. કિલિંગ બેટ પસાર થઈ ગયા પછી અમારી ગતિ જરા ધીમી પડી; અહીં અમે વારંવાર દરિયાને તળિયે વહાણને ઉતારતા અને કોઈ કોઈ વાર ફરવા નીકળતા. દરિયાને સાવ તળિયે ગરમી શૂન્ય ઉપર ૪ ડિગ્રી રહેતી. સમુદ્રના સાવ તળિયે તેનાથી ઉપરના ભાગ કરતાં થોડી વધારે ગરમી રહે છે.

૨૬મીનો આખો દિવસ સમુદ્રની સપાટી ઉપર કાઢયો. ચારેય બાજુ પાણી, પાણી ને પાણી જ હતું! દૂર દૂર એક સ્ટીમર ધુમાડા કાઢતી ચાલી જતી હતી; પણ તે અમને જોઈ શકે તેમ નહોતું.

બીજે દિવસે અમે વિષુવવૃત્તની રેખાને ઓળંગી ઉત્તર ગોળાર્ધમાં પેઠા. આજે અમારા વહાણની પડખે ભયંકર શાર્ક માછલીઓનું ટોળું દેખાયું. કોઈ કોઈ માછલીઓ જોર જોરથી વહાણની બારીઓને બટકાં ભરતી હતી. તેમના ભયંકર દાંત અંદર બેઠાંબેઠાં પણ અમારામાં ભય પેદા કરતા હતા. નેડના હાથમાં ચળ આવવા લાગી. તૂતક ઉપર જઈને હારપૂનથી એકાદ બેને વીંધી નાખું એમ તેને થઈ ગયું, પણ ત્યાં તો નોટિલસની ઝડપ વધી અને શાર્ક માછલીઓ પાછળ રહી ગઈ.

વહાણ બંગાળાના ઉપસાગરમાં પેઠું. અહીં આગળ અમને એક કરુણ દેખાવ નજરે પડયો. માણસોનાં તથા ઢોરોનાં કેટલાંય મડદાં પાણી પર તરતાં દેખાયાં; કદાચ ગંગાના મહાન પૂરમાં એ તણાઈ આવેલાં હશે. શાર્ક માછલીઓ તેમને ઠોલી રહી હતી.

અહીં એક બીજો ચમત્કાર પણ જોવા મળ્યો; વચ્ચે એક જગ્યાએ સમુદ્રનું પાણી દૂધ જેવું સફેદ દેખાવા લાગ્યું. જાણે અમે દૂધના સમુદ્રમાં આવી પડયા! કોન્સિલના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેણે પૂછ્યું : 'આ શું?'

મેં કહ્યું : 'એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી; ઇન્ફ્યુસોરિયા નામનાં એક પ્રકારનાં જીવડાંઓમાંથી નીકળતો આ પ્રકાશ છે; આવાં અસંખ્ય જીવડાંઓ માઈલોના માઇલો સુધી પથરાઈને કોઈ વાર પડયાં હોય છે. અને મેં વાંચ્યું છે તે પ્રમાણે એક વખત એક વહાણ ચાળીશ માઈલ સુધી આવા દૂધિયા પાણીમાંથી પસાર થયું હતું.'

૨૮મી ફેબ્રુઆરીએ જ્યારે વહાણ સમુદ્રની સપાટી ઉપર આવ્યું ત્યારે તે ઉત્તર ગોળાર્ધના ૯° ૪' અક્ષાંશ ઉપર હતું. પૂર્વ દિશામાં બે માઈલને અંતરે જ જમીન હતી. તે જમીન બીજી કોઈ નહિ પણ હિંદુસ્તાનનાં ચરણોમાં ખિડાયેલા કમળની જેવું શોભતું સિલોન હતું.

હું પુસ્તકાલયમાં બેઠો બેઠો સિલોન વિષે વાંચતો હતો, ત્યાં કૅપ્ટન નેમો અંદર દાખલ થયો. તેણે કહ્યું : 'સિલોનનો દરિયો તો મોતીઓ માટે પ્રસિદ્ધ છે. અહીં મોતી કાઢવાની જગ્યા આપણે જોવી હોય તો જઈએ.'

'મારે જરાય વાંધો નથી. હું તો તૈયાર જ છું.' મેં કહ્યું.

નેડને તથા કૉન્સિલને જ્યારે મેં આ વાત કરી ત્યારે તેમના આનંદનો પાર ન રહ્યો. તેમણે મોતી કાઢવાની રીત વિષે ઘણું સાંભળ્યું હતું; પણ દરિયામાં મોતી ક્યાં રહેતાં હશે, તેને કઈ રીતે ભેગાં કરાતાં હશે, તે વિશે તેઓ કાંઈ જાણતા નહોતા. મેં પહેલાં તો તેમને મોતીની છીપો કઈ રીતે ભેગી થાય, દરિયામાં કઈ રીતે માણસ ડૂબકી મારીને તે એકઠી કરે, વગેરે વિષે બધી માહિતી આપી. મોતી કેટલી જાતનાં અને કેવડાં કેવડાં થાય છે, કેટલી કેટલી કિંમતનાં હોય છે, તે સાચું છે કે ખોટું તેની પરીક્ષા શી, વગેરે વિષે પુસ્તકોમાં મેં જેટલું જેટલું વાંચ્યું હતું તે સઘળું તેમને કહી સંભળાવ્યું.

બીજે દિવસે બધી તૈયારી થઈ ગઈ. મને મનમાં એક જ બીક હતી. ગઈ કાલે વાતચીતમાં કૅપ્ટન નેમોએ મને કહ્યું હતું : 'અહીંના દરિયામાં શાર્ક માછલીઓ ખૂબ જોવાની મળશે.' શાર્ક માછલીના નામથી જ એક તો મારા મનમાં ભય ઊભો થયો હતો; તેમાં આજ તો તેમનાં હાજરાહજૂર દર્શન થવાનો સંભવ હતો. મેં નેડને શાર્કની વાત કરી એટલે તે તો તેના શિકારનાં સ્વપ્નાં ઘડવા મંડી પડ્યો. મારી આગલી આખી રાત શાર્ક માછલીના ભયંકર સ્વપ્નામાં પસાર થઈ. હું કોઈની સાથે વાત કરતો તો તે ચીજને બદલે શાર્કનું નામ મારા મોઢામાંથી નીકળી પડતું ! કોઈ પણ રીતે મોતી પાકવાની જગ્યા જોવાનો કાર્યક્રમ બંધ રહે એમ હું અંદરખાનેથી ઇચ્છતો હતો. પણ એ બહાર કેમ બોલાય ? આખરે વખત આવી પહોંચ્યો.

અમે વહાણના તૂતક ઉપર આવ્યા. પડખે જ હોડી તૈયાર હતી. અમે ત્રણેય જણા, કૅપ્ટન નેમો અને બીજા બે માણસો એટલા

હોડીમાં ચડી બેઠા અને હલેસાં ચલાવા લાગ્યા. અમે દક્ષિણ દિશા તરફ હોડી હંકારી. કિનારાથી થોડે દૂર એક નાના એવા અખાતમાં અમે આવી પહોંચ્યા. મોતી કાઢવાની ઋતુને હજુ એક મહિનાની વાર હતી, એટલે ત્યાં કોઇ માણુસની વસ્તી નહોતી; કોઈ હોડી પણ તરતી દેખાતી નહોતી. અમારી હોડીએ લંગર નાખ્યું અને અમે પાણીમાં પહેરવાનો પોશાક ચડાવી અંદર ઊતર્યા. નેમોએ અમને અમારી સાથે વીજળીની બત્તી લેવાની ના પાડી હતી; કારણ કે એક તો સૂર્યના કિરણો ઠેઠ તળિયા સુધી પ્રકાશ નાખી શકતાં હતાં, અને બીજું બત્તીને લીધે કદાચ ભયંકર દરિયાઈ પ્રાણીઓ અમારા તરફ આકર્ષાય એવો સંભવ હતો. હથિયારમાં બધાએ પોતાની સાથે માત્ર એક એક ખંજર અકસ્માત માટે રાખ્યું હતું. અમે તળિયે ઊતર્યા. તળિયું જરાયે ઊંડું નહોતું. અમે માંડ ૧૦ ફૂટ સપાટીથી નીચે હોઈશું. થોડી વારે અમે મોતીના ખેતરમાં આવી પહોંચ્યા. ખડકો ઉપર હજારો – બલકે લાખો કાળુ માછલીઓની છીપલીઓ જાણે લટકતી હતી. અમે જોવા ઊભા રહેવાનો વિચાર કરતા હતા, પણ કૅપ્ટન નેમો તો ચાલ્યે જ જતો હતો. અમારે તેની પાછળ જ જવાનું હતું. આ રસ્તાનો જાણે તે પૂરેપૂરો ભોમિયો હોય એમ લાગતું હતું.

રસ્તામાં વચ્ચે વચ્ચે ઊંચી જમીન આવતી હતી. કોઈ કોઈ જગ્યાએ તો અમે લગભગ પાણીની સપાટી સુધી આવી જતા હતા. પાછો ધીમે ધીમે ઢાળ આવતો ગયો અને અમે એક નાની એવી ગુફા જેવા રસ્તા ઉપર આવી પહોંચ્યા. અહીં અંધારું લાગવા માંડ્યું. પહેલાં તો કાંઈ ન દેખાયું, પણ ધીમે ધીમે આંખ ટેવાઈ ગઈ અને અંદર દેખાવા માંડ્યું; પણ પ્રકાશ ખૂબ ઝાંખો હતો.

જરાક આગળ વધ્યા એટલે કૅપ્ટને મને આંગળી ચીંધીને કંઈક બતાવ્યું. મે જોયું તો તે એક છીપના આકારની ‘ઑઇ-સ્ટર’ માછલી હતી. આવી મોટી ઑઈસ્ટર માછલી મેં પહેલવહેલી

જોઈ. તેનું વજન ૧૫ મણ જેટલું હશે એમ મને લાગે છે. કૅપ્ટન નેમોની આંખો આ જોઈને હર્ષથી ચમકતી હું જોઈ શકતો હતો. આ જગ્યા અને આ માછલી તેણે ઘણી વખત જોઈ હશે એમ મને લાગ્યું. એ માછલી–છીપ અરધી ઉઘાડી હતી. કૅપ્ટને પોતાનું ખંજર તેની વચ્ચે ભરાવ્યું જેથી તે બિડાઈ ન જાય; પછી તેણે હાથ નાખીને છીપને વધારે પહોળી કરી.

મેં અંદર જોયું તો લગભગ નાળિયેરીના ગોટા જેવડું એક મોટું મોતી ચમકતું હતું! આવડું મોટું મોતી મેં પહેલી વાર જ જોયું. દુનિયા પર આવડું મોતી હોઈ શકે તેની જ મને કલ્પના નહોતી. મેં અનુમાન બાંધ્યું કે કૅપ્ટન નેમોએ ખાસ કાળજીથી આ મોતી ઉછેર્યું હોવું જોઈએ. દર વરસે મોતી ઉપર નવા ને નવા રસના થરો જામતાં જામતાં આવડું મોતી થયું હશે; અથવા તો કોઈ કોઈ જગ્યાએ – ખાસ કરીને હિંદુસ્તાનમાં અને ચીનમાં કરે છે તે પ્રમાણે – છીપમાં કાચ કે બીજી ધાતુ મૂકી રાખીને છીપલીઓના રસ માથે ભળીને તે એક થઈ જાય અને એ રીતે મોતી મોટું થાય. એમ પણ કર્યું હશે. ગમે તે હોય. પણ દુનિયાની એક મહાન અજાયબી ગણી શકાય એવું એ મોતી હતું.

અમે તે જોઈને પાછા ફરવા લાગ્યા. આ મોતીના વિચારમાં ને વિચારમાં હું શાર્ક માછલીની વાત ભૂલી જ ગયો. અમે ચાલ્યા જતા હતા, તેવામાં કૅપ્ટને અમને એકદમ અટકાવ્યા. મેં સામે નજર કરી તો પાણીમાં કાંઈક આકૃતિ તરતી દેખાઈ. તરત મારા મગજમાં શાર્ક માછલી આવીને ઊભી! પણ મેં જોયું તો તે આકાર માણસનો હતો. મોતી કાઢવા તે પડેલો હોય એમ લાગ્યું. એક મોટો પથ્થર અને એક ટોપલી દોરડા સાથે બાંધેલી તેની પાસે હતી. તળિયે જઈને ટોપલીમાં તે છીપલીઓ ભરવા લાગી જતો; થોડી વારમાં પાછો ઉપર જતો ને પાછો નીચે આવતો. આ પ્રમાણે તેણે કેટલીય ડૂબકીઓ ખાધી. અમે ખૂબ ધ્યાનથી આ બધું

જોઈ રહ્યા હતા.

તે માણુસ જ્યાં ગોઠણુભેર થઈને છીપલીઓ વીણુતો હતો ત્યાંથી એકાએક ભયનો માર્યો કૂદ્યો, અને ઉપર પહોંચવા માટે તરવા લાગ્યો. પણુ ત્યાં તો દૂરથી શાર્ક માછલી પાસે જ આવી પહોંચી. પેલો માણુસ તેના હુમલાથી બચવા માટે નીચે ડૂબકી મારી ગયો. આ બધું થોડી જ સેકંડમાં બન્યું; શાર્ક તે માણુસની પાછળ પાછી તળિયે આવી; પોતાની કરવત જેવી સૂંઢથી તે પેલા માણુસને વહેરી નાખવાની તૈયારીમાં હતી. હું ભયથી સ્તબ્ધ બની ગયો હતો, પણુ કેપ્ટન નેમો વીજળીની જેમ કૂદ્યો; તેના હાથમાં ખંજર હતું. રાક્ષસી માછલી પાસે તે જઈ પહોંચ્યો; માછલી પણુ કેપ્ટનને સામે ઊભેલો જોઈને પેલા માણુસને પડતો મૂકી તેના તરફ જ ધસી. કેપ્ટનની તે વખતની ઊભા રહેવાની રીતે તો હું કદી નહિ ભૂલું. એક પગ આગળ રાખીને તે અડગ ઊભો. શાર્કે તેના પર હુમલો કર્યો. વાંકા વળીને તેણે તે તરાપ ચૂકવી દીધી, અને નીચા વળીને પોતાનું ખજર શાર્કના પેટમાં ભોંકી દીધું. શાર્કના પેટમાંથી લોહીનો ધોધ છૂટચો ! પેલું પ્રાણી હવે વધારે ભયંકર બન્યું. એટલા ભાગમાં દરિયાનું પાણી પણુ લાલઘૂમ બની ગયું. હું કેપ્ટનની મદદે જવાનો વિચાર કરતો હતો પણુ મારા પગ જ ઊપડતા નહોતા. લડાઈ ભયંકર બનતી ગઈ. શાર્ક માછલીના રાક્ષસી જોર પાસે કેપ્ટન થાકચો; તે નીચે પડી ગયો. શાર્ક તેને હમણાં જ વીંધી નાખશે એમ લાગ્યું.ભયથી મારી આંખો ફાટી ગઈ : આંખે અંધારાં આવી ગયાં ! પણુ ત્યાં તો મારી પડખે ઊભેલો નેડ જોરથી ધસ્યો અને કેપ્ટનના શરીર ઉપર શાર્ક પોતાની સૂંઢ ભોંકે તે પહેલાં તો તેનું ખંજર શાર્કના પેટમાં ઘૂસી ગયું. આ ઘા તેને જીવલેણુ ઘા થઈ પડચો. તેના મરણુ વખતનાં તરફ-ડિયાં પણુ ભયંકર હતાં. નેડે હાથ ઝાલીને કેપ્ટનને બેઠો કર્યો. કેપ્ટન ઊભો થયો કે તરત જ પેલા મોતી કાઢનાર માણુસ પાસે તે પહોંચ્યો. માણુસ બેભાન હતો; તેને ઊંચકીને એક જ ફલાંગે તે પાણી ઉપર

આવી પહોંચ્યો અને તેની હોડીમાં નાખીને તેને ભાનમાં આણ્યો. કૅપ્ટને પછી પોતાના ખિસ્સામાંથી મોતીથી ભરેલી એક નાની કોથળી કાઢીને તેના હાથમાં મૂકી. પેલો માણસ તો આભો જ બની ગયો હતો! અમે બધા પાછા તળિયે ઊતરી ગયા, અને ત્યાંથી ચાલતા ચાલતા અમારી હોડી પાસે પહોચ્યા અને સીધા નૉટિલસ ઉપર પહોંચી ગયા.

પોષાક ઉતારીને અમે ઓરડામાં ગયા. તરત જ કૅપ્ટને આવીને નેડનો હાથ હલાવીને કહ્યું : 'મિસ્તર નેડ! તમારો ઘણો ઉપકાર થયો.'

'ના. મેં તો માત્ર મારી ફરજ જ બજાવી છે.' નેડે કહ્યું.

' કૅપ્ટન ફિક્કું હસ્યો. પછી તે મારા તરફ ફરીને બોલ્યો : પ્રૉફેસર સાહેબ! તમે પેલો માણસ જોયો? દુનિયાની કચડાયેલી-દબાયેલી પ્રજાનો તે પ્રતિનિધિ હતો; અને હું પણ મારા મરણ-પર્યંત તેનો જ સાથી રહેવાનો છું.'

૧૫

સુએઝની છૂપી નહેર

ધીમે ધીમે સિલોનનો બેટ દેખાતો બંધ થઈ ગયો. લકદીવ અને માલદીવના બેટો પણ પાછળ રહી ગયા. અમારું વહાણ કલાકના ૨૦ માઈલની ઝડપે વાયવ્ય દિશામાં જતું હતું. અમે કઈ બાજુએ જઈએ છીએ તેની કાંઈ ખબર પડતી નહોતી. અમે જે તરફ જતા હતા તે દિશામાં એક બાજુ ઈરાનનો અખાત અને બીજી બાજુ રાતો સમુદ્ર હતો. બંનેનો આગળ જતાં રસ્તો બંધ થઈ જતો હતો, એટલે વહાણને ત્યાં જવાનું કંઈ પ્રયોજન ન હતું; તો પણ વહાણ તે દિશામાં ધસ્યે જતું હતું. મને થયું કે કદાચ ઈરાનનો અખાત અને રાતો સમુદ્ર જોઈને પાછા ફરવાનું હશે, અને આફ્રિકાની પ્રદક્ષિણા કરીને આટલાંટિક મહાસાગરમાં પહોંચાડે. નેડ ભારે ધૂંધવાતો હતો; ત્રણ ત્રણ મહિનાથી કેદીની જેમ અહીં પુરાઈ રહેવું એ ભારે જુલમ હતો. મને તો અવલોકનના શોખને લીધે આ વસ્તુ નહોતી સાલતી, પણ હું નેડની સ્થિતિ સમજી શકતો હતો.

અમારું વહાણ ઓમનના અખાતમાં આવી પહોંચ્યું. દૂરથી મસ્કત શહેરની મસ્જિદોના ઘુમ્મટો નજરે પડતા હતા. હેડ્રામાઉંટ અને મહરાહના કિનારાઓની પડખે થઈને અમારું વહાણ એડન પાસેના બાબલમાંડપના અખાતમાં ઘૂસતું હતું. બંને બાજુ કાળા પહાડોની મોટી હારો નજરે પડતી હતી. દરિયાની અદ્ભુતતામાં ખૂબ રસ પડે છતાં જમીન પરની સમૃદ્ધિ કેવી મધુર લાગે છે?

છઠ્ઠી ફેબ્રુઆરીએ એડનના બંદર પાસેથી ડૂબકી મારીને અમારું વહાણ રાતા સમુદ્રમાં પેઠું. એડનને અમે બરાબર જોઈ ન શક્યા; તોપણ દૂર પડેલી નાની મોટી કલકત્તા, મુંબઈ, સુએઝ, બુર્બોન,

મોરેશિયસ વગેરે સ્થળે જવા માટેની સ્ટીમરો ધુમાડા કાઢતી પડેલી દેખાતી હતી, બંદર ઉપર બ્રિટિશ સરકારનો વાવટો ફરકતો હતો.

અમારી સ્ટીમર રાતા સમુદ્રમાં તરતી હતી. આ જ રાતો સમુદ્ર જૂના ઇતિહાસમાં મહા ભયંકર સમુદ્ર તરીકે ગણાઈ ગયો છે. અનેક નાનાં મોટાં વહાણોને તેણે પોતાના ઉદરમાં સમાવી દીધાં છે. પણ અત્યારે સ્ટીમરો આગળ તેનું તોફાન ચાલી શકતું નથી. અમારું વહાણ ડૂબકીદાવ રમતું હોય તેમ ઘડીક ઉપર ને ઘડીક નીચે તરતું તરતું આગળ ને આગળ ધપ્યે જતું હતું. નોટિલસ આફ્રિકાના કિનારાની બાજુએ વધારે ચાલતું હતું. કારણ કે ત્યાં પાણી ઊંડાં હતાં. આ સમુદ્રનાં પાણી સ્વચ્છ ભૂરાં હોવા છતાં તેનું નામ રાતો સમુદ્ર કેમ પડ્યું હશે તેની મને નવાઈ લાગતી હતી; પણ નેમો તરફથી મને તેનો થોડોએક ખુલાસો મળ્યો. તેણે કહ્યું : 'આ સમુદ્રમાં – ખાસ કરીને ટોર નામના અખાતમાં તળિયે પાણી વધુ લાલ દેખાય છે તેનું કારણ ત્યાં ઉત્પન્ન થતી એક પ્રકારની વનસ્પતિમાંથી ઝરતો રસ છે.'

અહીં અગાઉ ક્યાંયે નહિ જોયેલી એવી ચીજો અમને ખૂબ જોવા મળી. આ ચીજ તે વાદળી. જાતજાતના આકારની આ વાદળીઓ આંખને ખૂબ આનંદ આપતી હતી. આ વાદળી સબંધે મેં જે થોડું ઘણું વાંચ્યું હતું, તે મને ઠીક ઉપયોગી થઈ પડ્યું. વાદળી એ વનસ્પતિ છે કે જીવડાં છે એ વિષે હજુ પૂરો નિર્ણય થયો નહોતો; પણ વાદળી એ જીવડાં છે અથવા તો એ જીવડાંએ ઉત્પન્ન કરેલો પદાર્થ છે એમ મોટો પક્ષ માનતો હતો. કોન્સિલને મેં આનો પદાર્થ પાઠ મારી કેબિનની બારી પાસે બેઠાં બેઠાં આપ્યો,

ધીમે ધીમે સુએઝની ખોદાતી નહેર નજીક આવતા જતા હતા. કૅપ્ટન નેમો હવે ક્યાંથી પોતાનું વહાણ પાછું ફેરવવા માગે છે તે મને કાંઈ સમજાતું નહોતું. એક દિવસ વહાણના તૂતક ઉપર અમે ભેગા થઈ ગયા. હું તેને પૂછું તે પહેલાં તો તે બોલવા લાગ્યો : 'પ્રોફેસર સાહેબ! જે કામ દુનિયાના કોઈ ઇજનેરે માથે ન લીધું.

તે તમારા ફ્રાન્સના વતની લેસેપ્સે હાથ ધર્યું ! જોતજોતામાં દુનિયાનો વેપાર બદલાઈ જશે. પહેલાંના કાળમાં લોકો અહીંથી આફ્રિકાને કિનારે નાઈલ નદીની નહેર વાટે ભૂમધ્ય સમુદ્રમાં પહોંચતા; પણ કોઈને આ નહોતું સૂઝતું; અને સૂઝે તોય માથે કોણ લે ? આખરે તમારા દેશમાંથી હિંમતવાળો આદમી નીકળ્યો ! આ ખાડીનો આપણે જોકે લાભ લઈ શકીએ એમ નથી. પણ જ્યારે આપણે પરમ દિવસે ભૂમધ્ય સમુદ્રમાં પ્રવેશ કરશું ત્યારે પોર્ટ સૈયદનું બંદર તો જોઈ જ શકીશું.'

'ભૂમધ્ય સમુદ્રમાં ?' મેં આશ્ચર્ય પામીને પૂછ્યું.

'કેમ, એમાં નવાઈ કેમ પામો છો ?'

'પરમ દિવસે આપણે ભૂમધ્ય સમુદ્રમાં તે કેમ પહોંચી શકીએ ? વહાણને ગમે તેટલી ઝડપ હોય તોયે પાછો આખો રાતો સમુદ્ર વટાવી આફ્રિકાની પ્રદક્ષિણા કરીને ઠેઠ ભૂમધ્ય સમુદ્રમાં આવવું એ કાંઈ એક-બે દિવસમાં બને ? એ તો મહિનાઓ લાગે. હા, એમ બને કે તમારું નોટિલસ વહાણ જેમ દરિયાની સપાટીની નીચે તરે છે તેમ જમીનની ઉપર પણ તરવા એટલે કે ઊડવા માંડે !'

'પ્રોફેસર ! ત્યારે તમને ખબર નથી. સુએઝની સંયોગીભૂમિ ઉપર ચાલવાની જરૂર નથી. તેની નીચે થઈને મારું વહાણ ખુશીથી ભૂમધ્ય સમુદ્રમાં પહોંચી શકશે.'

'નીચે થઈને ?'

'હા હા, નીચે થઈને. નીચે થઈને મારા વહાણને જવા માટેનો રસ્તો તૈયાર છે.'

'પણ સુએઝની સંયોગીભૂમિ ઉપર તો રેતી જ છે !'

'હા. પણ તે ૫૦ ફૂટ સુધી જ છે. તે પછી તો કઠણ ખડકો આવે છે. અને એ ખડકોની નીચે એક મોટી કુદરતી નહેર છે. મેં આનું નામ અબ્રાહમ નહેર રાખ્યું છે.'

'તમને તો આ રસ્તો અકસ્માત જ મળી ગયો કે ?' મેં પૂછ્યું.

'એમાં અરધો અકસ્માત અને અરધી અટકળ. હું કેટલીયે વાર એ રસ્તેથી ભૂમધ્ય સમુદ્રમાં ગયો છું; આ પહેલી જ વાર નથી.'

'આ માર્ગ તમે કઈ રીતે શોધી કાઢયો ?'

'જુઓ, તમને એ કહેવામાં વાંધો નથી, કારણ કે આપણે બંને ઠેઠ સુધી સાથે જ રહેવાના છીએ. મેં જોયું કે ભૂમધ્ય સમુદ્રની અંદરની માછલીઓ અને રાતા સમુદ્રની અંદરની માછલીઓ ઘણી-ખરી એક જ જાતની છે. મેં એક વાર બે-ત્રણ માછલીઓને પકડીને તેમને વીંટીઓ પહેરાવી હતી; જે માછલીઓને મેં વીંટીઓ પહેરાવી હતી તેમને જ મેં પાછી રાતા સમુદ્રમાં પણ જોઈ ! આથી મને દરિયામાં નીચે કોઈ માર્ગ હોવાની ખાતરી થઈ.'

મેં મારા સાથીઓને આ વાત કરી ત્યારે તેઓ કેપ્ટન નેમોની બુદ્ધિ ઉપર તાજુબ થઈ ગયા. 'દરિયાની અંદર થઈને એક દેશ-માંથી બીજા દેશમાં જવાનો માર્ગ શોધનાર આ માણસનું ભેજું કેવું હશે ?'

તે દિવસે સાંજે અમે અરબસ્તાનના કિનારા બાજુ આવ્યા. ત્યાંથી જેડાહ બંદર સ્પષ્ટ દેખાતું હતું. આ બંદર મોટું વેપારનું સ્થળ હતું. તેનાં મકાનો તેમ જ બંદર ઉપર લંગર નાખીને પડેલાં નાનાંમોટાં વહાણો અમે જોયાં. સૂર્ય આથમ્યો ને દરિયાનાં કાળાં પાણી વધારે કાળાં થયાં. અમારું વહાણ અંધારાનો લાભ લઈને સપાટી ઉપર જ તરતું હતું.

બીજે દિવસે સવારે વળી નેડને મજા આવે એવો એક બનાવ બન્યો. અમે બધા તૂતક ઉપર ઊભા હતા, ત્યાં દૂર મોટા તરતા ખડક જેવું દેખાયું. અમે તેને દૂરથી ઓળખી ન શક્યા, પણ પાસે આવતાં જોયું તો તે ડ્યુગોંગ નામનું દરિયાઈ પ્રાણી હતું. નેડ તો હારપૂન લઈ તૈયાર જ હતો. તેણે કહ્યું : 'હજુ આવા કોઈ પ્રાણીના પેટમાં મારું હારપૂન નથી ગયું.'

કેપ્ટન નેમો પણ ઉપર આવી પહોંચ્યો હતો. તેને પણ નેડના શિકારમાં ખૂબ રસ હતો. તેના બળ ઉપરની શ્રદ્ધા પેલી શાર્ક માછલી સાથેના યુદ્ધ પછી ખૂબ વધી ગઈ હતી. ડયુગોંગ જો છંછેડાય તો ભયંકર હોય છે, પણ નેડના હારપૂનનો એક જ ઘા તેનો જીવલેણ ઘા થઈ પડ્યો. થોડા જ વખતમાં નૉટિલસના રસોડામાં તે પ્રાણી પહોંચી ગયું. નેડને આજે ખૂબ ભૂખ લાગી ગઈ – ઘણે વખતે આવું ખાણું તેને મળ્યું હતું !

રાતના વખતે અમારું વહાણ સુએઝની ખોદાતી નહેર પાસે આવી પહોંચ્યું. દૂરથી ઝાંખી દેખાતી દીવાદાંડી તારાની જેમ ચમકતી હતી. અમને બધાને તૂતક ઉપરથી અંદર જવાનું કહેવામાં આવ્યું કારણ કે અહીંથી અમારી પાણીની અંદરની મુસાફરી શરૂ થવાની હતી. નેમોએ શોધી કાઢેલી નહેરમાંથી અમારે પસાર થવાનું હતું. નૉટિલસની પાણીની ટાંકીઓ ભરાઈ અને અમારું વહાણ દરિયામાં ઊંડે ઊતરવા લાગ્યું.

કેપ્ટન નેમો મને સુકાનની કૅબિનમાં લઈ ગયો; સુકાન ઉપર કેપ્ટન પોતે ધ્યાન રાખતો હતો. એક પડછંદ માણસ ત્યાં બેઠો બેઠો મૅનોમિટર તપાસી રહ્યો હતો. વહાણ નીચે ને નીચે ઊતરતું ગયું. અહીંથી કેપ્ટનની સૂચના પ્રમાણે વહાણ પોતાની દિશા ફેરવ્યા કરતું હતું. આખરે લગભગ ૧૦ વાગે અમારી સામે મોટી ગુફા જેવું દેખાયું. અહીં સુકાન કૅપ્ટને પોતે હાથમાં લીધું. અમારું વહાણ અબ્રાહમ નહેરમાં પેઠું. આ નહેર આખી ઢાળાવવાળી હોવાથી રાતા સમુદ્રનાં પાણી ખૂબ જોરથી વહેતાં હતાં. અમારું વહાણ અથડાઈ પડે એવો તે સાંકડો માર્ગ હતો. મારું હૃદય આ દેખાવ જોઈને જોરથી ધડકી રહ્યું હતું. ૨૦ મિનિટ પછી કેપ્ટને સુકાન છોડી દીધું અને મારા તરફ ફરીને બોલ્યો : ‘ ભૂમધ્ય સમુદ્ર ! ’

૧૬

ભૂમધ્ય સમુદ્રમાં

'ભૂમધ્ય સમુદ્ર ?'

મારા સાથીઓ સવારે ઊઠયા અને જ્યારે મેં કહ્યું કે આપણે ભૂમધ્ય સમુદ્રમાં સફર કરી રહ્યા છીએ, ત્યારે તેમને ઘડીભર તો સ્વપ્ન લાગ્યું.

પણ બહાર આવીને તેમણે દરિયાની સપાટી ઉપર નજર નાખી તો પોર્ટ સૈયદનો કિનારો ધીમે ધીમે અદૃશ્ય થતો જતો હતો.

થોડી વારમાં અમે ચારે તરફ યુરોપનાં જુદાં જુદાં રાજ્યોના કિનારા જોવા પામશું, એ વિચારે અમને હલાવી મૂકયા. નેડલૅન્ડના મનમાં નાસી છૂટવાનો વિચાર ફરી બમણા જોરથી જાગ્રત થયો. અમે બધા બંધબારણે મારા ઓરડામાં બેઠા હતા, ત્યાં નેડે વાત ઉપાડી : 'કેમ પ્રોફેસર એરોના! હવે શો વિચાર છે? યુરોપના કિનારા પાસે તો આવી પહોંચ્યા છીએ.'

'કેમ? આ મુસાફરીથી કંટાળો આવી ગયો?' મે પૂછ્યું.

'સાચી વાત કહું તો મને બહુ કંટાળો નથી આવ્યો; પણ ગમે તેવી સારી મુસાફરી હોય છતાં તેનોયે કાંઈ અંત હોય ને? આ તો મને પૃથ્વીના ગોળાની જેવી અનંત મુસાફરી લાગે છે.'

'તેનો ય અંત આવશે; ધીરજ રાખો.' મેં કહ્યું.

'કેમ? આખો દરિયો ફરી વળશું એટલે મુસાફરી પૂરી થશે!'

'બરાબર છે.' કૉન્સીલે કહ્યું. 'મને તો લાગે છે કેપ્ટન નેમો આપણને આખી દુનિયા પરના સમુદ્રની અંદર ફેરવીને પછી છૂટા કરી દેશે.'

'મને તો લાગે છે કે આ દેહથી આપણને છૂટા કરશે,

વહાણમાંથી તો નહિ કરે।' નેડે કહ્યું.

'ના ના, એમ તો શું બને? પણ મને એક વાત સાચી લાગે છે કે કેપ્ટન નેમો પોતાની મરજીથી આપણને છૂટા નહિ કરે. એ તો આપણે જ નાસી છૂટવાનું રહેશે, જો નાસી છૂટવું હોય તો.' મેં કહ્યું.

'ત્યારે કેમ કરશું?' નેડ મૂંઝાયો.

'રાહ જોવી, ને લાગ આવે ત્યારે નાસી છૂટવું.'

'તમે તો ભવિષ્યકાળની જ બધી વાતો કરો છો!' નેડ જરા ચિડાયો. 'રાહ જુઓ, રાહ જુઓ, તે ક્યાં સુધી? આ ભૂમધ્ય સમુદ્ર જેવો લાગ ક્યારે મળવાનો છે? મને તો લાગે છે કે તમારી પોતાની જ ઇચ્છા નથી. ધારો કે અત્યારે જ કેપ્ટન આવીને તમને કહે કે "તમે છૂટા છો," તો તમે અહીંથી જાઓ ખરા?'

હું કાંઈ ન બોલ્યો.

'અને ધારો કે એમ કહે કે "આ એક વાર તમને અહીંથી જવાની છુટ્ટી છે, પછી ફરી વાર અહીંથી જવાની વાત નહિ કરતા!" તો અહીંથી તમે ખસો ખરા?' નેડે મને વકીલની જેમ પૂછવા માંડયું.

હું કાંઈ ન બોલ્યો.

'કેમ કોન્સીલ! તને શું લાગે છે?'

'હું તો શું કહું?' કોન્સિલે તત્ત્વજ્ઞાનીની જેવી વૃત્તિથી જવાબ આપ્યો. 'આપણે તો જવાની કશી ઉતાવળ નથી. ઘરે આપણા ત્રણેમાંથી કોઈની વાટ જુએ એવું કોઈ નથી. જીવ્યા કરતાં જોયું ભલું! અને તેમ છતાં મારા શેઠ તૈયાર થાય તો આપણું પોટલું પહેલું તૈયાર સમજવું.'

'લ્યો પ્રોફેસર! કોન્સીલ તો પોતાની જાતને શૂન્ય જ માને છે! સવાલ આપણા બે વચ્ચે જ છે. તમને જે લાગતું હોય તે કરો.'

મારે હવે બોલ્યા સિવાય છૂટકો જ ન હતો. નેડ મારા મોંમાં આંગળાં નાખીને મને બોલાવતો હતો. મેં કહ્યું : 'નેડ ! તું જીત્યો ને હું હાર્યો ! નાસી છૂટવા માટે તક મળે ત્યારે તે ચૂકવી નહિ. હું તે માટે તારી સાથે તૈયાર છું એમ સમજજે. આપણે મરી ગયા પછી પણ કૅપ્ટન નેમો આપણને છૂટા કરે એમ નથી. આપણી કબર પણ તેના જ કબરસ્તાનમાં થાય એવો સંભવ વધારે છે! માટે તું કહે ત્યારે હું તૈયાર જ છું.'

'શાબાશ ! હવે તમે સમજ્યા !' નેડે મારો ખભો ઠોકચો.

'પણ એની તૈયારી બધી તારે કરવાની !' મેં કહ્યું.

'તેનો વાંધો નહિ; મેં મનમાં બધી યોજના ઘડી રાખી છે. જો કિનારો પાસે હોય તો છાનામાના તરીને ભાગી જવું; કદાચ ને વહાણ સપાટી પર ન આવે તોપણ તેનો ઉપાય મારી પાસે છે. વહાણની સાથે જે હોડી બાંધેલી છે, તેને કેમ વાળવી, તેને કઈ રીતે છોડવી, એ બધું મેં વિચારી રાખ્યું છે.'

'હા, એ બધું ઠીક, પણ જો જરાક ભૂલ થઈ અને પકડાયા તો શું થશે તેનો પણ વિચાર કરી રાખજે !' મેં કહ્યું.

'અરે, એમાં વાંધો ન આવે !'

'નેડ તું ! ગમે તે કર પણ કૅપ્ટન નેમોને ચાર આંખો છે. તે ભૂમધ્ય સમુદ્ર કે જ્યાં ચારે તરફ યુરોપનાં રાજ્યોનાં બંદરો હોય ત્યાં નૉટિલસ ઊભું રાખે અને સમુદ્રની સપાટી પર આવે એમ માને છે ? છતાંયે તું જો બધી તૈયારી કરી શકતો હોય તો અમે તારી સાથે તૈયાર જ છીએ. અમને આગળથી ખબર આપજે.'

નેડને આ બધું માન્ય હતું.

અમારું વહાણ ઝપાટાબંધ આગળ વધ્યે જતું હતું. ભૂમધ્ય સમુદ્રનાં ભૂરાં પાણીની અંદર તરતી માછલીઓની ગમ્મત જોવાની પણ અમને પૂરી તક નહોતી મળતી.

એક દિવસ એક વિચિત્ર બનાવ બન્યો. અમારું વહાણ

દરિયાની સપાટીથી થોડેક જ નીચે તરતું હતું. મારા ઓરડાની બારી ઉઘાડી હતી. હું એકીટશે દરિયાની માછલીઓ જોઈ રહ્યો હતો. તેવામાં પાણીમાં માણસની આકૃતિ નજરે પડી. આકૃતિ ઘડીક ઉપર ને ઘડીક નીચે આવતી હતી. મને થયું કે આ માણસ ડૂબે છે! હું એકદમ કૅપ્ટન નેમોના ઓરડામાં ગયો; તેને એક માણસ ડૂબે છે એવા ખબર આપ્યા ને કહ્યું: 'આપણે તેને કોઈ રીતે બચાવવો જ જોઈએ.'

કૅપ્ટન નેમો જરાક હસ્યો. તે ઊભો થયો અને એક લોઢાની મોટી પેટીમાંથી તિજોરી જેવી એક પેટી કાઢી. પેટી ઉઘાડીને તેણે અંદર જોયું; અંદર સોનાની લગડીઓ હતી. કૅપ્ટને તે બરાબર ગોઠવીને મૂકી. ઘંટડી વગાડતાંની સાથે જ ચાર માણસો અંદર આવ્યા. ચારે જણાએ મહામુશ્કેલીએ એ પેટી ઓરડાની બહાર ધકેલી. તેનું વજન આશરે ૨૫ મણ હશે. એક લાખ પૌંડની કિંમતનું આ સોનું જોઈને મારી આંખો તો ઠરી જ ગઈ! આટલું સોનું ક્યાંથી આવ્યું હશે?' ક્યાં જતું હશે? માણસોએ પેલી તિજોરી જેવી પેટીને વહાણના તૂતક ઉપર ચડાવી. વહાણ હવે દરિયાની સપાટી ઉપર આવી ગયું હતું. ઉપર શું થયું તે કાંઈ હું જાણી ન શક્યો, પણ મને લાગ્યું કે પેલા ડૂબકી ખાતા માણસને અને આ સોનાની તિજોરીને કાંઈક સંબંધ હોવો જોઈએ.

મારા સાથીઓને પણ આ વાત સાંભળીને અજબ આશ્ચર્ય થયું. આવી સમૃદ્ધિ આ વહાણમાં ભરી હશે, તેની શી ખબર? વહાણ પાછું આગળ ચાલ્યું. હું મારા ઓરડામાં બેઠો બેઠો નોંધ લખતો હતો. સાંજના પાંચનો સમય હતો. એકાએક મને સખત ગરમી લાગવા માંડી. મેં મારો કોટ ઉતારી નાખ્યો, તોયે મારાથી એ ગરમી સહેવાતી નહોતી. મૅનોમિટર જોયું તો વહાણ દરિયાની સપાટીથી ૬૦ ફૂટ નીચે હતું. અહીં સુધી સૂર્યની ગરમી આવે એ બને તેમ નહોતું. ત્યારે આ ગરમી શી? કદાચ વહાણમાં આગ તો

નહિ લાગી હોય? હું તપાસ કરવા ઊભો થતો હતો ત્યાં કેપ્ટન જ મારી ઓરડામાં આવ્યો.

'આ શું? આટલી બધી ગરમી શી?' મેં પૂછ્યું.

'થોડા વખત માટે આ ગરમી રહેશે. આપણે અત્યારે ઊકળતા પાણીમાંથી પસાર થઈ રહ્યા છીએ.' એમ કહીને તેણે બારી ઉઘાડી. મેં બહાર નજર કરી તો પાણી સફેદ થઈ ગયું હતું. પંક બારણાં છતાં એમાંથી નીકળતો ગંધકનો ધુમાડો સૂક્ષ્મ વાસ ફેલાવી રહ્યો હતો.

'આપણે અત્યારે સેન્ટોરીનના બેટની નજીક છીએ.' કેપ્ટન નેમોએ કહ્યું.

આ બનાવ પછી કોઈ ખાસ બનાવ ન બન્યો. વહાણની ઝડપ પણ ધીમે ધીમે વધવા માંડી. જેમ જેમ ગ્રીસ અને ક્રીટનો કિનારો નજીક આવતો ગયો તેમ તેમ વહાણ આખો દિવસ સતત ગતિમાં જ રહેતું; રાત્રે થોડો જ વખત હવા લેવા માટે તે ઉપર આવતું. આવી ઝડપથી જતી 'સબમરીન'માંથી નાસી છૂટવું એટલે ઝડપથી ચાલતી ગાડીએ ભૂસકો મારવા જેવું હતું. કેપ્ટન નેમો પણ હમણાં મને મળવા નહોતો આવતો. માછલીઓ સિવાય નવું જોવાનો અવકાશ નહોતો. ઈટાલીના રળિયામણા કિનારા જોવાની આશા પણ નકામી ગઈ. અમે પુરાઈ રહ્યા. નેડે પણ આશા છોડી. કેપ્ટન નેમોએ મારા ધાર્યા પ્રમાણે જ કર્યું. ક્યાંયે વહાણને અટકાવે તો નાસી છૂટવાનું બને ને? અમારે તો ઓરડીમાં પડ્યા પડ્યા બારીમાંથી જોવાય તેટલું જોઈને સંતોષ માનવાનો હતો. અંદરના નકશા ઉપરથી અમે જોઈ શકતા કે ગ્રીસનો કિનારો પડખે થઈને પસાર થઈ ગયો. પણ તેથી તો મનમાં વધારે બળતરા થતી. કોઈ જગ્યાએ તૂટી ગયેલી જબરી સ્ટીમરોનાં હાડપિંજર દેખાતાં, ને અંદર લોઢાનાં મોટાં યંત્રો તથા એંજિનો પડેલાં નજરે પડતાં. મોટાં મોટાં માછલાંઓ તેની સાથે પોતાની પૂંછડીઓ અફળાવતાં હતાં.

છૂપી નહેર છોડયાને હજુ ૪ કલાક જ થયા હતા. ૧૮મીએ સવારે ત્રણ વાગે અમે જિબ્રાલ્ટરની સામુદ્રધુનીમાં પેઠા. હરકયુલિસનાં ખંડેરો નજરે પડે ન પડે તે પહેલાં તો ભૂમધ્યને તળિયે વહેતા અંદરના સામા પ્રવાહે અમારા વહાણને વિશાળ આટલાંટિક મહાસાગરમાં ધકેલી દીધું !

૧૭

ડૂબી ગયેલા દેશની શોધ

આટલાંટિક ! દુનિયા પરનો મોટો ભાગ રોકીને પડેલો આ અફાટ વિશાળ સાગર ! દુનિયાની મહાનમાં મહાન નદીઓને પોતાના પેટમાં સમાવી દેતો આ આટલાંટિક અમારી નજરે પડ્યો. દુનિયાનાં મોટાં મોટાં રાજ્યોનાં અને વેપારીઓનાં હજારો જહાજો આની છાતી ઉપર રાતદિવસ તર્યા કરે છે.

જિબ્રાલ્ટરની સામુદ્રધુની વટાવીને અમારું જહાજ આટલાંટિકનાં તોફાની પાણી સાથે લડતું લડતું આગળ ચાલ્યું જતું હતું. પવન પણ જોરજોરથી ફૂંકાતો હતો. વહાણના તૂતક ઉપર ઊભા રહેવું મુશ્કેલ હતું. હું મારી ઓરડીમાં ગયો. મારી પાછળ જ નેડ અને કોન્સીલ પણ આવ્યા. નેડે બારણું અંદરથી બંધ કર્યું; હું કારણ સમજી ગયો.

'નેડ ! ભૂમધ્ય સમુદ્રમાં તો આપણી યોજના પાર ન પડી શકી. વહાણ કેટલી ઝડપથી જતું હતું ! તેમાંથી છટકવું એટલે મોતને જ નોતરવાનું હતું.'

નેડ કાંઈ ન બોલ્યો. તેણે પોતાના હોઠ બીડ્યા.

'પણ હજુયે નિરાશ થવાનું કારણ નથી; આપણે પોર્ટુગલના કિનારાની નજીક આવતા જઈએ છીએ. ફ્રાન્સ ને ઇંગ્લાંડ બહુ દૂર નથી; માત્ર જો વહાણ ઉત્તર તરફ જવાને બદલે દક્ષિણ તરફ જાય તો મૂંઝવણ ઊભી થશે. પણ મને લાગે છે કે કેપ્ટન નેમો વહાણને ઉત્તર બાજુ જ હાંકશે. આ બાજુના સુધરેલા દેશોથી તે ભાગતો ફરતો હોય તેમ લાગતું નથી. આપણે વળી બીજો લાગ શોધશું.'

નેડ મારા સામું તાકીને જોઈ રહ્યો; આખરે બોલ્યો : 'તો

પછી આજે જ રાત્રે!'

હું ચમક્યો. નેડના આ વાક્ય માટે હું તૈયાર જ નહોતો. નેડને શો જવાબ આપવો તે મને સૂઝ્યું નહિ.

'કેમ? આપણે નક્કી નહોતું કર્યું કે લાગ આવે ત્યારે નાસી છૂટવું? આજે રાત્રે આપણે લગભગ સ્પેનના કિનારા પાસે આવી પહોંચશું. આજે રાત અંધારી છે, તમારે તૈયાર રહેવાનું છે.'

હું હજુ મૂંગો જ રહ્યો હતો. નેડલૅન્ડ મારી વધારે નજીક આવ્યો અને ધીમેથી બોલ્યો : આજે રાત્રે નવ વાગે; કૉન્સીલ પણ તૈયાર છે. કૅપ્ટન નેમો એ વખતે પોતાની ઓરડીમાં હશે. મેં હોડી પણ તૈયાર જ રાખી છે. અંદર થોડોએક ખાવાપીવાનો સામાન પહોંચાડી આવ્યો છું. બધું તૈયાર છે. નવ વાગે તૈયાર રહેજો; હું નિશાની કરીશ.'

'પણ દરિયો આજે જરા તોફાની છે.' મેં કહ્યું.

'હા, એ તો હું જાણું છું. પણ એટલું તો જોખમ ખેડવું જ જોઈએ ને? સ્વાતંત્ર્ય કાંઈ મફત નથી મળતું; વળી હોડી ખૂબ મજબૂત છે. એકદમ ડૂબે તેવી યે નથી. મને તો લાગે છે કે સાજા-માંદા પણ દરિયાને કોઈ કાંઠે તો પહોંચી જ જઈશું. પછી તો ઈશ્વરની મરજી!'

નેડલૅન્ડ ચાલ્યો ગયો. મારા મગજમાં અનેક વિચારોની પરંપરા ચાલી. મારા અંતરમાં તો અહીંથી છૂટવાની ઇચ્છા હતી, પણ આજે જ અહીંથી આ વહાણ છોડીને જવાનું છે એ વિચારે મારા હૃદયમાં ભારે તોફાન મચાવ્યું: 'આ મહાસાગર છોડીને જવું? હજુ તો સાગરનો કેટલોયે ભાગ નિહાળવાનો બાકી છે. હજુ તો આ મહાન પુસ્તકનું પહેલું પાનું વાંચ્યું ન વાંચ્યું ત્યાં તો મારા હાથમાંથી આ પુસ્તક પડી જશે? હજુ તો મધુર નિદ્રામાં આ મહાન સ્વપ્ન શરૂ થાય ન થાય ત્યાં તો મારી ઊંઘ ઊડી જશે? પણ નેડને કેમ સમજાવાય? અને આ તક ગઈ તો ફરી આવશે જ નહિ, એ

વાત પણ એટલી જ સાચી છે.' ઘડીભર એમ પણ થયું કે 'વહાણ પોતાની ઉત્તર દિશા બદલીને જો દક્ષિણ દિશા તરફ મોઢું ફેરવે તો કેવું સારું!' પણ વહાણ તો ઉત્તર તરફ જ ચાલ્યું જતું હતું. પોર્ટુગલનો કિનારો નજીક ને નજીક આવતો જતો હતો. મારે તૈયાર જ થવું જોઈએ! મારી પાસે સામાનમાં મારી નોંધપોથી સિવાય બીજું કાંઈ ન હતું. મને વિચાર આવ્યો કે 'અમારા નાસી જવાથી કેપ્ટન નેમોની શી સ્થિતિ થશે? જે વાત તેને જગતમાં કોઈને જણાવવી નથી તે વાત અમે તેનો વિશ્વાસઘાત કરીને જગતને જણાવી દેશું! કેપ્ટન ગમે તેવો હોય તોયે હજુ સુધી તેનો દોષ કાઢવા જેવું એક પણ કાર્ય અમે જોયું નથી. વહાણમાં મને તે જે રીતે રાખે છે એથી વધારે સારી રીતે બીજો કોણ રાખી શકે? જો તે આ વહાણમાંથી ગમે ત્યારે પણ છૂટા થઈને ફરવાનું વચન આપે તો અમે નાસવાનો કદી વિચાર જ ન કરીએ! સોનાની બેડી હોય તોપણ આખરે તે બેડી તો ખરી જ ને?

આવા આવા વિચારોમાં મને ખાવાનું પણ ન ભાવ્યું. સાંજના સાત વાગ્યા. બે જ કલાક બાકી હતા. મારું હૃદય જોરથી ધબકવા લાગ્યું; મારી નાડી પણ જોરથી ચાલવા લાગી. અત્યારે કેપ્ટન નેમો આવે ને મને જુએ તો તે શું ધારે? હું મારો આવેગ સમાવવા ઘણો પ્રયત્ન કરતો હતો, એક પછી એક પુસ્તક કાઢીને વાંચવાની મહેનત કરતો હતો, પણ એક પણ અક્ષર મને ઊકલતો નહોતો. નાસી છૂટચા પછી અમારું શું થશે તેની મને બહુ બીક નહોતી; પણ નાસતાં પહેલાં અમારું કાવતરું પકડાઈ જાય તેનો ડર ખૂબ હતો. અને પકડાઈ ગયા પછી અમારી શી હાલત થાય એની તો કલ્પના જ ભયંકર હતી!

હું કેપ્ટન નેમોની ઓરડીનાં છેલ્લાં દર્શન કરવા નીકળ્યો. તેની ઓરડી ખાલી હતી. આ વખતે તેની ઓરડીમાં અગાઉ નજરે નહિ પડેલાં ચિત્રો મેં જોયાં. દુનિયાના જુદા જુદા દેશોના

સ્વાતંત્ર્ય માટે ખુવાર થઈ ગયેલા મહાપુરુષોનાં તે ચિત્રો હતાં. ગુલામોને કારણે જાન ગુમાવનાર અબ્રાહમ લિંકન, જ્યૉર્જ વૉશિંગ્ટન, આયર્લાંડ માટે લડનાર ઑકોનેલ, ઈટલીનો વીર મેઝિની, અને એવા ઘણાનાં ચિત્રો ત્યાં ટાંગેલાં હતાં. કૅપ્ટન નેમો આવાં ચિત્રો પણ શા માટે રાખતો હશે? કોઈ ગુલામ પ્રજાને માટે બહારવટે ચડેલો કોઈ ગુપ્ત વીરપુરુષ તો તે નહિ હોય?'

આઠ થયા; હું ધ્રૂજી ઊઠ્યો! વહાણ હજુ ઉત્તર બાજુ જ ધસતું હતું. હું મારા ઓરડામાં પાછો ગયો; કપડાં પહેરી લીધાં. હું તૈયાર હતો; રાહ જોતો હતો. વહાણનાં યંત્રોનો જ ધીમો અવાજ આવતો હતો. મારા કાન વારે વારે ચમકતા હતા: 'નેડને હમણાં કોઈ પકડીને કૅપ્ટન પાસે તો નહિ લાવે?'

એકાએક વહાણનું યંત્ર બંધ પડી ગયું. ચોમેર શાંતિ છવાઈ ગઈ. થોડી વારે એક આંચકો લાગ્યો. મને ખબર પડી કે વહાણ સમુદ્રને તળિયે બેઠું.

એ જ ઘડીએ મારા ઓરડાનું બારણું ઊઘડ્યું અને કૅપ્ટન નેમો અંદર આવ્યો! હું ચમક્યો. મને થયું કે હું પકડાઈ ગયો છું. પણ કૅપ્ટન નેમો તો આવતાંવેંત બોલ્યો: 'પ્રોફેસર સાહેબ! તમે સ્પેઈનનો ઇતિહાસ જાણો છો?'

આ પ્રશ્નથી મને આશ્ચર્ય થયું; પણ મારી બીક ઓછી થઈ. તોય હું જવાબ તો ન આપી શક્યો.

'કેમ, મેં પૂછ્યું તે તમે સાંભળ્યું?' તેણે ફરી પૂછ્યું.

'હા જી; જાણું છું પણ બહુ જ થોડો.'

'ત્યારે બેસો; હું તમને તેના ઇતિહાસનું એક પાનું બતાવું. આપણે અત્યારે વીગોના અખાતમાં છીએ. તમને યાદ હશે કે આ અખાતમાં વીગોના બંદર પાસે જ ૧૭૦૨ના ઑક્ટોબરની બીજી તારીખે સ્પેનિશ અને ઇંગ્લિશ લશ્કરને લડાઈ જામેલી. સ્પેઈનના લશ્કરના કૅપ્ટને પોતાના થોડા લશ્કરથી પણ દુશ્મન સામે ટક્કર

ઝીલેલી અને આખરે પોતે હારવાની અણી ઉપર હતો ત્યારે પોતાના દેશના વેપારીઓનાં કિંમતી માલથી ભરેલાં વહાણો દુશ્મનના હાથમાં ન જાય તે ખાતર સળગાવીને ડુબાડી દીધાં હતાં : એ આ જ સ્થળ. હવે તે બધું નજરે જુઓ !'

એમ કહીને તે મને પોતાના સલૂનમાં લઈ ગયો. તેણે સલૂનની બારી ઉઘાડી નાખી. રાત હતી, પણ વીજળીના પ્રકાશથી આસપાસ ઘણા ભાગમાં અજવાળું પડતું હતું. મેં જોયું તો અમારા વહાણના માણસો સમુદ્રમાં જ્યાં ઘૂમતા હતા ત્યાં તૂટી ગયેલાં વહાણોના અવશેષો પડ્યા હતા. પેલા માણસો અંદર ફરી ફરીને કાંઈક એકઠું કરતા હતા. મેં બારીકાઈથી જોયું તો સોનારૂપાની લગડીઓ, ઝવેરાત વગેરે ઘણું તેમાંથી નીકળતું હતું.

'પ્રોફેસર સાહેબ ! દરિયામાંથી આ બધી ધાતુ નીકળી શકે છે; પણ તે કાઢવાનો ખરચ જ ધાતુની કિંમત કરતાં વધારે થઈ પડે છે. આ તો દુનિયાના પૈસાદારોએ ખોયેલો માલ મને તૈયાર મળે છે ! અને હવે તમે સમજી શકશો કે હું આટલો બધો પૈસાદાર શાથી છું.'

થોડી વાર શાંત રહ્યા પછી પાછો તે બોલ્યો : 'પ્રોફેસર, તમને એમ લાગશે કે આ માણસ બીજાની મહેનતનો લાભ ઉઠાવીને પૈસાદાર થાય છે ! પણ હું આ પૈસા મારા માટે એકઠા કરું છું એમ તમે રખે માનતા. શું મારામાં એટલી પણ લાગણી નહિ હોય કે દુનિયાના ભારથી દબાયેલી–કચડાયેલી પ્રજાનો હું વિચાર ન કરું ?'

મારા હૃદયમાં કૅપ્ટન નેમો વિષે નવો જ પ્રકાશ પડ્યો. તે દિવસે સોનાની લગડીઓવાળી તિજોરી ક્યાં ગઈ તે મને હવે કાંઈક સમજાયું. 'આ ભયંકર લાગતો પુરુષ કેવા કોમળ હૃદયનો છે !'

આ વિચારમાં ને વિચારમાં હું અમારી યોજના ભૂલી જ ગયો. વહાણ તો આગળ ચાલવા માંડ્યું હતું.

બીજે દિવસે સવારે નેડ મારી પાસે મારી ઓરડીમાં આવ્યો. તે નિરાશ થઈ ગયો હતો.

'આપણું નસીબ જ આપણી સામે હતું.' મેં કહ્યું.

'મેં બધી તૈયારી કરી તે જ ઘડીએ કેપ્ટને વહાણને તળિયે ઉતાર્યું!' નેડે કહ્યું.

'ને તળિયે જઈ તેણે મને વાતોએ ચડાવ્યો, ને મોટા ખજાનો બતાવ્યો!' એમ કહી નેડને મેં ગઈ કાલ રાતની બધી વાત કરી.

નેડને આ વાતમાં બહુ રસ પડ્યો. તેણે કહ્યું: 'ઠીક, હજી વખત નથી વીતી ગયો. એક બીજો પ્રયત્ન, અને તે પણ આજે સાંજે જ.'

નેડ ગયો. મેં નેમોના ઓરડામાં જઈને તપાસ કરી તો કંપાસમાં વહાણની દિશા નૈઋર્ત્ય હતી. વહાણ ઉત્તર દિશા તરફ એટલે યુરોપના કિનારા તરફ પોતાની પીઠ ફેરવીને દક્ષિણ બાજુ દોડતું હતું! અગિયાર વાગે અમારું વહાણ સપાટી ઉપર આવ્યું. અમે તરત જ તૂતક ઉપર પહોંચી ગયા. આસપાસ નજર નાખી તો ચારે તરફ પાણી, પાણી ને પાણી! અમે યુરોપના કિનારાથી ખૂબ દૂર નીકળી ગયા હતા. નેડના ક્રોધનો પાર ન હતો.

દરિયો તોફાની હોવાથી અમારે અંદર જવું પડ્યું.

નેડની યોજના પડી ભાંગી; મને પણ તેનું દુઃખ થયું. રાતના હું મારા ઓરડામાં બેઠો હતો ત્યાં અણધાર્યો જ કેપ્ટન નેમો અંદર આવ્યો ને બોલ્યો: 'કાલે રાત્રે મેં તમને જગાડીને ઠીક હેરાન કર્યા, કેમ?'

'ના ના, એવું કશું નથી, કેપ્ટન સાહેબ!' મેં કહ્યું.

'તો પછી આજે એક બીજી નાની એવી સફર માટે તમને બોલાવવા આવ્યો છું; અને તે પણ અત્યારે જ.'

'અત્યારે? રાતે?'

'હા, અત્યારે જ. એક વખત રાતની મુસાફરી પણ માણવી જોઈએ ના?'

'હું તો તૈયાર જ છું.'

'તો ચાલો.'

અમે ઊઠ્યા, વહાણ તળિયે બેઠું. અમે પોશાક ચડાવીને

સમુદ્રને તળિયે કૂદી પડચા.

હું અને કેપ્ટન નેમો સાથે જ ચાલતા હતા. થોડેક સુધી તો રસ્તો સીધો આવ્યો, પણ પછી પથ્થરવાળી જમીન અને ચઢાવ શરૂ થયો. લાવારસના જામી ગયેલા અણીદાર પથ્થરો ઉપર થઈને અમારો રસ્તો જતો હતો. અમે ઊંચે ને ઊંચે ચડતા ગયા. અમે ક્યાં જઈએ છીએ તેની મને ખબર નહોતી. ઘણે સુધી ચાલ્યા; મને હવે થાક પણ લાગવા માંડચો હતો. પણ સાથે લીધેલી લાકડીએ ઠીક મદદ કરી. કોઈ કોઈ જગ્યાએ પડખે થઈને કોઈ ભયંકર દરિયાઈ પ્રાણી પસાર થતું જોઈને હૃદયના થડકારા વધી જતા.

કેપ્ટન નેમો હજુ મને ઊંચે ને ઊંચે લઈ જતો હતો. મારામાં જેટલી શક્તિ હતી તે શક્તિથી હું કેપ્ટન નેમોની સાથે ચડતો હતો. આખરે કેપ્ટન નેમો ઊભો રહ્યો. એક ટેકરીની ટોચ આવી. ત્યાંથી મેં આગળ નજર કરી તો તે પછી એટલો જ ઊંચો બીજો ટેકરો દેખાતો હતો. મેં જોયું તો તે પર્વત જ્વાળામુખી હતો. તેમાંથી જ્યારે મેં ધોધમાર લાવા બહાર પડતો જોયો ત્યારે હું સ્તબ્ધ થઈ ગયો ! પાણીને લઈને જ્વાળામુખીમાંથી અગ્નિ તો કઈ રીતે નીકળી શકે ? પણ લાવારસ પાણી સાથે ભારે યુદ્ધ કરી રહ્યો હતો, અને પાણીને પોતાના અગ્નિથી વરાળ બનાવી દેતો હતો. અહીંથી લાવા પર્વતની ખીણોમાં બે-ત્રણ મોટા પ્રવાહમાં વહેતો હતો. મેં વીજળી બત્તીના પ્રકાશમાં નજર કરી તો તે પર્વતની પાસે એક મોટા નગરનું હાડપિંજર સાવ જીર્ણ અવસ્થામાં પડેલું જોયું. તેનું ટસ્કન સ્થાપત્ય હજુ પણ તેની જૂની ભવ્યતાનો કંઈક ખ્યાલ આપતું હતું. ક્યાંક મોટા દેવળોના તૂટી પડેલા ઘુમ્મટો તો ક્યાંઈક ફસાઈ પડેલી મોટી મોટી અગાશીઓ, આ નગરની જાહોજલાલી બતાવતાં હતાં. હજુ પણ નગરની શેરીઓ અને રસ્તાઓ સાફ જોઈ શકાતાં હતાં. જાણે પડદા પર ચીતરેલું કોઈ મહાન ચિત્ર હોય તેવું એ બધું લાગતું હતું.

'આ શું ? આ તે સ્વપ્ન કે સાચું ? કેપ્ટન નેમો મને ક્યાં લઈ

આવ્યો ? આમ હું વિચારમાં પડ્યો હતો ત્યાં કેપ્ટન મારી પાસે આવ્યો અને નીચે પડેલો એક ભૂખરો પથ્થર હાથમાં લઈને તેણે પાસેના એક સપાટ ખડક ઉપર લખ્યું : 'આટલાંટિસ.'

આ શબ્દે મારા મગજમાં પ્રકાશ પાડ્યો. મહાન ગ્રીક ફિલસૂફ પ્લેટોનું આટલાંટિસ તે આ ? કેટલાક ઇતિહાસકારો આટલાંટિસ નગરને કલ્પનાનું જ શહેર માને છે; કેટલાક ખરેખર હતું તેમ પણ માને છે. મારી તો દૃષ્ટિ સન્મુખ તે ખડું થયું ! અમે પાછા ફર્યા પણ મારું મન ત્યાં જ હતું. હું એટલો બધો વિચારમાં પડી ગયો હતો કે અમે વહાણ ઉપર ક્યારે આવ્યા તેની મને ખબર ન રહી !

૧૮

જ્વાળામુખીના ગર્ભમાં

લગભગ સવાર પડવા આવી ત્યારે અમે વહાણમાં પહોંચ્યા. પથારીમાં પડતાંવેંત જ હું ઘસઘસાટ ઊંઘી ગયો. હું જમવા વખતે જાગ્યો. જાગીને કંપાસમાં જોયું તો અમારું વહાણ ઝપાટાબંધ દક્ષિણ દિશામાં હંકારાતું હતું. હું જમી રહ્યો અને મારા સાથીઓના ઓરડામાં ગયો. ગઈ કાલ રાતની વાત મેં તેમને કરી. તેમને કંઈ તેમાં બહુ રસ ન પડ્યો હોય એમ લાગ્યું. નેડને તો કશામાં રસ ન હતો. કૉન્સીલને આટલાંટિક મહાસાગરની માછલીઓ જોવામાં વધારે રસ હતો. અમે બંને આ માછલીઓ જોવામાં અને તેના જુદા જુદા વિભાગ પાડવામાં રોકાયા. વહાણ ખૂબ ઝડપથી એટલે કે કલાકના વીશ માઈલની ઝડપથી ચાલતું હતું. ઝપાટાબંધ દરિયાનાં માછલાંઓ અમારી પાસેથી પસાર થઈ જતાં હતાં. આમ આખો દિવસ સતત વહાણ ચાલ્યા કર્યું. રાતના થોડેક વખત વહાણ દરિયાની સપાટી ઉપર આવ્યું. સ્વચ્છ આકાશમાં મૃગશીર્ષના તારાઓને હું મધ્યાકાશે જોઈ શકતો હતો.

બીજે દિવસે હું આઠ વાગે પથારીમાંથી ઊઠ્યો. મેં મૅનોમિટરમાં જોયું તો વહાણ દરિયાની સપાટી ઉપર હતું અને તૂતક ઉપર કંઈક ઘોંઘાટ થતો હતો. હું તરત જ ઉપર ગયો; પણ ઉપર દિવસનું અજવાળું હોવાને બદલે ગાઢ અંધારું હતું! ત્યારે મેં રાતને દિવસ ધારી લેવાની ભૂલ કરી? ના, પણ ઉપર તો તારા પણ દેખાતા નથી. કોઈ પણ રાત આવી અંધારી મેં દીઠી નથી. આ તે શો ગોટાળો?

મારે શું ધારવું તેની મને ખબર નહોતી પડતી. ત્યાં તો પાછળથી અવાજ આવ્યો : 'કોણ, પ્રોફેસર ઍરોના?'

'ઓહો કેપ્ટન સાહેબ! આપણે કયાં છીએ?'

'જમીનની નીચે.'

'જમીનની નીચે! અને પાછું વહાણ દરિયા ઉપર? આ તમે શું બોલો છો? આપણે જમીનની નીચેના દરિયાની ઉપર? અત્યાર સુધી આપણે જમીન ઉપર ને દરિયાની નીચે જતા; આવું તો આજ જ જોયું! તમે મશ્કરી તો નથી કરતા?' મેં પ્રશ્ન ઉપર પ્રશ્ન મૂકયા.

'તમને બધું સમજાશે. હમણાં બત્તી સળગશે, એટલે બધું સમજાશે.' હું બત્તીની રાહ જોતા રહ્યો. ચારેય બાજુ અંધારું હતું, ફક્ત ઉપર નજર કરતાં દૂર દૂર ઊંચે થોડોએક પ્રકાશ દેખાતો હતો; તે એક મોટું કાણું હોય અને તેમાંથી દેખાતો પ્રકાશ દિવસના પ્રકાશ જેવો હોય એમ લાગતું હતું.

થોડી વારે બત્તી સળગી. નોટિલસ ખડકવાળા કિનારા પાસે ઊભું હતું. દરિયો સાવ સરોવર જેવો શાંત હતો; એટલું જ નહિ પણ સરોવરની પેઠે જ તે ખડકોથી ચારે બાજુથી ઘેરાયેલો દેખાતો હતો. ઘેરાવો લગભગ છ માઈલનો હશે. તેની સપાટી દરિયાની જેટલી જ હતી, એમ મૅનોમિટર પરથી જોઈ શકાતું હતું. એનો અર્થ એ થયો કે દરિયાના પાણીને નીચેથી આ સરોવરના પાણી સાથે કંઈક સંબંધ છે. ઉપર જે પ્રકાશવાળું કાણું દેખાતું હતું, તેમાંથી દિવસનો જ પ્રકાશ આવતો હતો. આ બધું કઈ રીતે બનેલું હશે એ કંઈ મને સમજાતું નહોતું. મેં કૅપ્ટન નેમોને ફરી વાર પૂછયું: 'આપણે કયાં છીએ?'

'હજુ કાંઈ ખબર ન પડી? આપણે એક જ્વાળામુખી પર્વતના ગર્ભમાં છીએ. આ પર્વત હવે જ્વાળામુખી રહ્યો નથી, અને તેના ગર્ભભાગમાં દરિયાએ તળિયેથી પોતાનાં મોજાં વડે બહારનો ભાગ ફોડીને મોટું સરોવર બનાવી દીધું છે! કલ્પના કરો કે જ્યારે આ જ ગર્ભમાં ઉકળાટભર્યો લાવારસ પેલા ઊંચે દેખાતા કાણામાં થઈને બહાર પડતો હશે ત્યારે દૃશ્ય કેવું ભયંકર હશે? અત્યારે એ

લાવારસને નીકળવાના માર્ગમાં જ આપણે ઊભા છીએ, ને એ જ જગ્યાએ અત્યારે શાંત સરોવર સૂતું છે. આ અદ્‌ભુત જગ્યા મને બહુ જ અકસ્માતથી હાથ લાગી. દુનિયામાં આથી વધારે કઈ સહીસલામત જગ્યાએ મારું વહાણુ કે દુનિયાનું કોઈ પણ વહાણુ આરામ કરી શકે?'

'પણ અહીં કયું વહાણુ અરામ લેવા માટે આવે? અને તમારા વહાણુને તો આવા બંદરની જરૂર પણ શી છે?' મેં પૂછ્યું.

'હા, એ વાત સાચી કે મારા વહાણુને આશ્રયની જરૂર નથી. પણ તેને વીજળીની જરૂર છે, અને વીજળીને માટે કોલસા અને સોડિયમની જરૂર છે. એ બધું મને આ જગ્યાએથી ઢગલાબંધ મળે છે!'

'ત્યારે અહીં તમારા માણુસો કોલસા લેવા માટે રોકાશે, કેમ?'

'હા, જુઓ. માણુસો દરિયામાં ચાલવાનો પોશાક પહેરીને અને કોદાળીપાવડા લઈને આ નીકળી પડ્યા.'

'તો આપણે પણ તે જોવા જઈશું?' મેં પૂછ્યું.

'ના; અત્યારે ત્યાં બહુ ખોદકામ નહિ ચાલે, કારણુ કે થોડુંક સોડિયમ તો ત્યાં સિલિકમાં પડ્યું છે. વળી કોઈ બીજી વાર વાત. પણ અત્યારે થોડો વખત આ સરોવરના કિનારા ઉપર ફરવું હોય તો તમને છૂટ છે.'

હું આનંદમાં આવી ગયો. મારા સાથીઓને હું બોલાવી લાવ્યો અને તેમની સાથે કિનારા ઉપર ફરવા નીકળી પડ્યો. ખડક સાથેના પાણીના નિરંતર ઘસારાથી થોડાએક ભાગમાં રેતી થઈ ગઈ હતી; બાકીનો કિનારો અણીદાર દાંતીનો જ બનેલો હતો. નેડની ચકોર નજર ચારે પાસ ફરતી હતી.

'આખરે પાછા આપણે જમીન ઉપર ઘણે વખતે પગ મૂકી શક્યા.' કોન્સીલે કહ્યું.

'હું આને જમીન ઉપર પગ મૂક્યો કઈ રીતે ગણું? આ તો

જમીનની નીચે છે. જમીન ઉપર કાણું દેખાય છે, ત્યાં ચડી જવું જોઈએ ।' નેડે કહ્યું.

'એ વાતો છે. આટલે ઊંચે પર્વતના અંધારા પેટાળમાં થઈને ચડવું, એ કાંઈ વહેલ માછલી મારવાની વાત નથી.' કોન્સીલે કહ્યું.

નેડને આથી ખોટું લાગશે એમ માનીને મેં તરત જ કોન્સીલનું કહેવું વાળી લીધું : 'આ ચઢાવ એટલો બધો સીધો છે કે એ કોઈનાથી બને જ નહિ. તોપણ ચાલો આપણે જોઈએ તો ખરા કે ક્યાં સુધી ઉપર જઈ શકાય છે ?'

અમે કિનારા ઉપર ચડવા લાગ્યા. જ્વાળામુખી ઘણા વખતથી શાંત થઈ ગયેલો હોવો જોઈએ, કારણ કે તેમાં ક્યાંઈક ક્યાંઈક વનસ્પતિ પણ ઊગી હતી. નવાઈની એક વાત એ જોવા મળી કે એક જગ્યાએ એક મોટો મધપૂડો જામેલો હતો. એક ઝાડની બખોલમાં આ મધપૂડો માખીઓથી બણબણતો હતો. નેડની ઇચ્છા આ મધપૂડો પાડીને મધ એકઠું કરવાની થઈ. મારાથી તેને ના કેમ પડાય ? થોડાંક સૂકાં લાકડાં ને ડાળીઓ સળગાવીને સાચેસાચ તેણે તેમાંથી મધ પાડ્યું, અને પોતાની શણની એક મજબૂત કોથળીમાં તે ભરી લીધું. અમે સરોવર ફરતા પ્રદક્ષિણા ફરતા હતા, અને સાથે ઉપર જેટલું ચડાય તેટલું ચડતા પણ જતા હતા. રસ્તો ખૂબ મુશ્કેલ હતો; પણ નેડ અને કોન્સીલ સાથે હોવાથી મને બહુ અડચણ ન પડી. અમે ફરીને આખરે પાછા એ કિનારા પાસે આવ્યા. ઉપર જ્વાળામુખીના મોઢાના કાણામાંથી ઝડપથી પસાર થઈ જતાં વાંદળાં જોઈ શકાતાં હતાં. કિનારા પરની સુંવાળી રેતી ઉપર અમે ઘડીક આરામથી પડ્યા, અને વાતોના ગપાટા મારવા લાગ્યા. વાતોમાંથી વાતો નીકળતાં પછી આ વહાણમાંથી નાસી છૂટવાની વાત નીકળી. મેં નેડને એક આશ્વાસન આપ્યું : 'કદાચ કેપ્ટન નેમો આ દક્ષિણ બાજુ તો ફક્ત અહીંથી સોડિયમ લેવા જ આવ્યો હશે, એટલે હજુ નિરાશ થવાનું કાંઈ કારણ નથી.'

અમે લગભગ કલાકેક સુધી આમ પડ્યા હશું. ધીમે ધીમે અમારી આંખો ઘેરાવા માંડી. હું તો ઊંઘી જ ગયો. સ્વપ્નામાં હું જાગી ગયો; મારાં કપડાં બધાંય પલળી ગયાં હતાં.

'આ શું ?' એમ વિચાર કરું છું ત્યાં તો સરોવરના પાણીની બીજી છાલકે આવીને મને વધારે ભીંજવી નાખ્યો. અમે ત્રણેય જણા પલળી ગયા હતા. હું કારણ સમજ્યો; દરિયાની અંદર ચડતી ભરતીની અસર આ સરોવરના પાણી ઉપર પણ થઈ હતી. અમે વહાણમાં ચડી ગયા ને ઓરડામાં જઈને કપડાં બદલી નાખ્યાં.

મારી ઇચ્છા આ વહાણ પાછું કયે રસ્તેથી કઈ રીતે દરિયામાં પ્રવેશ કરે છે તે જોવાની હતી; પણ કેપ્ટને વહાણ ઊપડવાનો હુકમ ઠેઠ રાત પડતાં સુધી પણ આપ્યો નહિ. કદાચ તેનો વિચાર અમે જાણી ન જઈએ તેવી રીતે આ છૂપા માર્ગમાંથી નીકળી જવાનો હશે.

ગમે તેમ હોય, બીજે દિવસે સવારે મેં જોયું તો વહાણ આટલાંટિક મહાસાગરમાં તરતું હતું.

૧૯

નેડની અકળામણ

વહાણે હજુ પોતાની દિશા બદલી નહોતી. યુરોપનો કિનારો જોવાની અમારી આશા ધીમે ધીમે નષ્ટ થતી ગઈ. અમે દક્ષિણમાં જતા હતા.

તે દિવસે નોટિલસ આટલાંટિકના એક વિચિત્ર ભાગમાં આવી પહોંચ્યું. દરિયાની અંદર જુદે જુદે સ્થળે ગરમ પ્રવાહો વહેતા હોય છે એ આપણે જાણીએ છીએ. એ ગરમ પ્રવાહને 'ગલ્ફ સ્ટ્રીમ' ને નામે ઓળખવામાં આવે છે. એક ગલ્ફ સ્ટ્રીમ ફ્લોરિડાના અખાતમાંથી નીકળીને ઠેઠ રશિયાની ઉત્તરે સ્પિટ્ઝબર્ગન તરફ જાય છે. રસ્તામાં મેક્સિકોનો અખાત છોડયા પછી તે પ્રવાહ બે મુખ્ય ભાગમાં વહેંચાઈ જાય છે; એક પ્રવાહ આયર્લાંડ અને નોર્વે બાજુ જાય છે; જ્યારે બીજો જરા દક્ષિણમાં મરડાઈ એઝોરસના બેટો તરફ જઈને આફ્રિકાના કિનારા સાથે અથડાઈ બ્રાઝીલની ઉત્તરે એંટીલસના ટાપુઓ તરફ પાછો ફરે છે.

આ બીજો પ્રવાહ એક લંબગોળના આકારમાં એટલે કે ગળાના કાંઠલાના આકારમાં ચક્કર ચક્કર ફરે છે, અને આટલાંટિક મહાસાગરના તેટલા ભાગને પોતાના ગરમ પાણીના પ્રવાહથી ઘેરી લે છે. ચક્કરમાં આટલાંટિકનું તોફાની પાણી એક સરોવર જેવું બની જાય છે. આ સરોવર એવડું મોટું છે કે તેની આસપાસ એ ગરમ પ્રવાહને ફરી રહેતાં જ ત્રણ વરસ લાગી જાય! આ જગ્યાને સારગેસ્સોનો સમુદ્ર કહેવામાં આવે છે. આ ગરમ પ્રવાહમાં એક વિચિત્ર પ્રકારનું ઊગેલું ઘાસ હોય છે, તેને સ્પેનિશ ભાષામાં 'સારગેઝો' કહેવામાં આવે છે. એમ માનવામાં આવે છે કે આ ઘાસ અમેરિકા બાજુના

કિનારાથી એ ગરમ પ્રવાહની સાથે ઘસડાઈ આવ્યું હશે. એમ પણ કહેવાય છે કે કોલંબસે આ ઘાસ ઉપરથી જ આગળ ઉપર બીજો દેશ હોવો જોઈએ એમ અટકળ બાંધી હતી. આ ઘાસની આંટીઘૂંટી અતિ મજબૂત હોય છે. તેમાંથી નીકળતાં કોલંબસનાં વહાણોને બહુ ભારે થઈ પડી હતી!

નૉટિલસ તો દરિયાની સપાટીથી નીચે જઈને આ ગલ્ફ સ્ટ્રીમ પસાર કરી ગયું. આખો દિવસ અમે સારગેસ્સો સમુદ્રમાં પસાર કર્યો. તેની વિચિત્ર પ્રકારની વનસ્પતિ તથા પ્રાણીઓ જોઈને છેવટે અમે આટલાંટિકના તોફાની જળમાં પ્રવેશ કર્યો.

૨૪ કલાકમાં ૯૦૦ માઈલ કાપી નાખે એટલી ઝડપથી નૉટિલસ આગળ ને આગળ વધ્યે જતું હતું. નેડલૅન્ડ નિરાશ થઈ ગયો. મનમાં હવે એક જ આશા હતી કે કેપ્ટન બધા સમુદ્રોની મુસાફરી કર્યા પછી આપણને કદાચ મુક્ત કરે ખરો! પણ એ વાત કાઢવી કઈ રીતે? તે વિષયની વાત કાઢવાથી કેપ્ટનને અમારા ઉપર શંકા આવે અને અમારી હિલચાલ ઉપર વધારે અંકુશ મૂકે એવો સંભવ હતો.

આ પ્રમાણે ૧૯ દિવસ સતત કંઈ પણ બનાવ બન્યા વગર પસાર થઈ ગયા. કેપ્ટન નેમો પણ આ દિવસો દરમિયાન ભાગ્યે દેખાતો. તે ખૂબ જ વાંચતો. તે ખૂબ જ વાંચતો હશે એમ લાગ્યું, કારણ કે પુસ્તકાલયમાં કેટલાંયે પુસ્તકો અરધાં ખુલ્લાં પડેલાં અને ક્યાંઈક કોઈ નિશાની કરેલાં પડયાં રહેતાં, તે હું રોજ જોતો. કોઈ કોઈ દિવસ રાત્રે તેના ઓરડામાંથી ઑર્ગનનો ધીમો ધીમો અવાજ સંભળાતો.

ઘણી વાર તો દિવસોના દિવસો અમારું વહાણ દરિયાની સપાટી ઉપર તરતું. દરિયો ઉજ્જડ હતો. કોઈ કોઈ જગ્યાએ એકાદ બે વહાણો નજરે પડતાં. એક દિવસ એક વ્હેલના શિકારીઓનું વહાણ અમારી નજીક આવતું અમે જોયું. કેપ્ટન નેમોએ લોકોને નકામાં હેરાન ન કરવા એ ઇરાદાથી પોતાના વહાણને ડૂબકી ખવરાવી દીધી. ભયંકર માછલીઓ જોવાનો પ્રસંગ અહીં સૌથી વધારે સારો મળ્યો.

ડૉગફિશ અને ડોલ્ફીન નામની માછલીઓ ટોળાબંધ અમારા વહાણની સાથે ભૂખ્યા વરુની માફક દોડતી ને બટકાં ભરતી.

૧૨મી માર્ચ સુધી આ રીતે અમારી મુસાફરી ચાલી. અમે બધાએ કુલ ૩૯,૦૦૦ માઈલની મુસાફરી કરી હતી. અમારું વહાણ અત્યારે પૃથ્વીના ૪૫° ૩૭′ દક્ષિણ અક્ષાંશ અને ૩૭° ૫૩′ પશ્ચિમ રેખાંશ પર હતું. આ જગ્યાએ દરિયો લગભગ ૭૦૦૦ થી ૮૦૦૦ વામ ઊંડો હતો. કૅપ્ટન નેમોએ આ જગ્યાએ વહાણને થોભાવીને એટલે ઊંડે દરિયાને તળિયે વહાણને લઈ જવાનો નિશ્ચય કર્યો. આ નિશ્ચય જ્યારે મારા જાણવામાં આવ્યો, ત્યારે મને બહુ આશ્ચર્ય થયું. મેં કૅપ્ટનને પૂછ્યું: 'એટલે બધે ઊંડે સુધી તમારું વહાણ જઈ શકે અને પાણીનું આટલું દબાણ સહન કરી શકે એમ તમને લાગે છે?'

કૅપ્ટને કહ્યું: 'તમારી બીક થોડીએક સાચી છે. એ બહુ મુશ્કેલ તો છે જ, કારણ કે મારી પાસે પાણીનાં જેટલાં ટાંકાં છે એ બધાંય ભરું તોપણ તેના જોરે વહાણ એટલે ઊંડે ન જ ઊતરી શકે. પણ હું પાણીનાં ટાંકાંને જોરે નીચે નહિ ઊતરું. મારો વિચાર વહાણના મશીનને ચાલુ રાખીને જેમ હું દરિયામાં આગળ વધી શકું છું તેમ જ તળિયે પહોંચવાનો છે. વહાણના પંખાને કલાકના ૫૦ માઈલની ઝડપે હું ચલાવીશ ત્યારે જ નીચે ઊતરી શકીશ, એ વાત સાચી; અને ત્યાં આગળ સ્થિર રહેવા માટે પણ મારે મશીન તો ચાલુ જ રાખવું પડશે! અમારા વહાણનું પતરું એટલું મજબૂત છે કે થોડા વખત સુધી તો વહાણ ખુશીથી પાણીનું ગમે તેટલું દબાણ સહન કરી શકશે.'

કૅપ્ટનની બુદ્ધિને પહોંચાય એમ ન હતું. મશીન કૅપ્ટનના હુકમથી ચાલુ થઈ ગયું. પંખો જોરથી ફરવા માંડ્યો. વહાણ ત્રાંસું થઈને સમળીની પેઠે નીચે ઊતરવા માંડ્યું. એક હજાર, બે હજાર, ત્રણ હજાર, એમ થતાં થતાં ૬,૦૦૦ વામ સુધી વહાણ આવી પહોંચ્યું. દરિયામાં આટલે ઊંડે પણ કોઈ કોઈ જગ્યાએ હું પ્રાણીઓ જોઈ

શકતો હતો; તેનાથી મને ખૂબ નવાઈ લાગી. વહાણ હજુ નીચે ને નીચે ઊતરતું હતું. વહાણની બારીમાંથી દૂર દૂર હું કાળા આકારો જોતો હતો. આ આકારો દરિયાની અંદરના પર્વતોના હતા. આ પર્વતો નિરંતર પાણીની અંદર જ રહેવાથી ખૂબ લીસા થઈ ગયેલા દેખાતા હતા. હું મૅનોમિટર પર વારંવાર નજર નાખ્યા કરતો હતો. વહાણ ૮,૦૦૦ વામ જેટલી ઊંડાઈએ ગયા પછી જ અટક્યું. ત્યાં જમીન આવી. દરિયાની આટલી ઊંડાઈએ જે શાંતિમય, અંધકારમય અને દૈવી વાતાવરણ મેં ઘડીક અનુભવ્યું, તે મારા જીવનની ધન્ય ક્ષણ હતી! કૅપ્ટન પણ મારી સાથે આ દૃશ્ય જોવામાં તલ્લીન થઈ ગયો હતો. આ સ્થળ નિર્જીવ હતું, છતાં ચેતનમય દેખાતું હતું! કૅપ્ટને મને આ જગ્યાનો ફોટો લેવાની સૂચના કરી. વીજળીનો પ્રકાશ દરિયાના પાણીમાં ફેંકવામાં આવ્યો, અને તે પ્રકાશને જોરે દરિયામાં દેખાતા દૃશ્યનો એક ફોટો લીધો પણ ખરો! દરમિયાન વહાણનો પંખો ખૂબ જોરથી ઘૂમ્યા જ કરતો હતો.

કૅપ્ટને કહ્યું: 'બસ! હવે આપણે ઉપર જઈએ છીએ, તમે બરાબર સ્થિર બેસજો.'

સ્થિર બેસવાની સૂચનાની જરૂરિયાતનો હું વિચાર કરું તે પહેલાં જ હું ધક્કાથી પાથરણા પર પછડાઈ પડ્યો! એકાએક એંજિન બંધ થઈ ગયું હતું, અને તોપમાંથી છૂટેલા ગોળાની માફક અમારું વહાણ એ ૮,૦૦૦ વામ પાણી વીંધીને સમુદ્રની બહાર ઊડી આવ્યું અને હવામાં ઊંચે ઊછળી પાછું સપાટી પર પછડાયું! મેં વહાણના તૂતક ઉપર ચડીને નજર કરી તો વિશાળ આટલાંટિક મહાસાગર મોજાં ઉછાળતો મારી સામે પડ્યો હતો.

વહાણ હજુ પણ દક્ષિણ દિશામાં જ ચાલતું હતું; મને હતું કે વહાણ હવે હૉર્નની ભૂશિર સુધી જઈને પછી પશ્ચિમ બાજુ વળીને પાસિફિક મહાસાગરમાં પ્રવેશ કરશે; પણ એમ ન બન્યું. વહાણ હૉર્નની ભૂશિરને બાજુએ રાખીને આગળ ને આગળ વધ્યે

જ જતું હતું. 'આ તે હવે ક્યાં જશે? દક્ષિણ ધ્રુવ સુધી તો નહિ પહોંચી જાય ને?' મને શંકા આવી.

થોડા વખતથી નેડલૅન્ડ વહાણમાંથી નાસી છૂટવા સંબંધે કોઈ વાત મારી સાથે કરતો નહોતો. તે અમસ્તો પણ હવે ઓછું બોલતો હતો. તેના ચહેરા પરથી હું જોઈ શકતો હતો કે આ કેદખાનું તેને કેવું અકારું થઈ પડયું છે. તેની આંખો કોઈ કોઈ વાર ક્રોધમાં ચમકારા મારતી હતી.

૧૪મી માર્ચે તે અને કૉન્સીલ મારી ઓરડીમાં આવ્યા.

'કેમ, શા નવીન છે?' મેં પૂછ્યું.

'મારે એક જ પ્રશ્ન પૂછવો છે.' નેડે કહ્યું.

'શો?'

'આ વહાણ ઉપર કેટલા માણસો હશે?'

'મને કેમ ખબર પડે?'

'મને લાગે છે કે બહુ માણસો નહિ હોય. આ વહાણમાં રહેનારાઓ પણ કૅપ્ટનની જેમ જીવનપર્યંત આ વહાણમાં જ રહેવાનો નિશ્ચય કરીને આવ્યા હશે. અને એવા કૅપ્ટનના જેવા મૂરખાઓની સંખ્યા કેટલી હોય?' નેડે કહ્યું.

'પણ આપણે બીજી રીતે ગણતરી કરીએ. આ વહાણમાં જેટલી હવા સમાઈ શકે તેના પ્રમાણમાં કેટલા માણસો માટે એ હવા પૂરતી છે, એનો હિસાબ કાઢીએ તો સાચી સંખ્યા મળે.' કૉન્સીલે યુક્તિ બતાવી.

'પણ એના ઉપરથી જે સંખ્યા આવે તેટલાં જ માણસો હોય એવું ન બને. તોયે હું તમને તેનો હિસાબ કરી આપું. એક કલાકમાં એક માણસ * ૧૦૦ લિટર હવામાં રહેલો ઑક્સિજન વાપરે છે; એટલે કે ૨૪ કલાકમાં ૨૪૦૦ લિટર હવામાં રહેલો ઑક્સિજન

* લિટર એ ઘનફળ માપવાનું ફ્રેન્ચ મૅટ્રિક સિસ્ટમનું માપ છે, ૨૭ લિટર એટલે લગભગ એક ઘનફૂટ જગ્યા થાય છે,

એક માણસને જોઈએ. હવે આ વહાણની સમાસશક્તિ ૧૫૦૦ ટન છે; એક ટનમાં ૧૦૦૦ લિટર હવા સમાય છે, એટલે કે નૉટિલસમાં ૧૫,૦૦,૦૦૦ લીટર હવા રહી શકે. હવે ૧૫,૦૦,૦૦૦ને ૨૪૦૦ વડે ભાગીએ તો કેટલા આવે?'

કૉન્સીલે હિસાબ કરીને કહ્યું: '૬૨૫.'

'તો પછી ૬૨૫ માણસો આ વહાણમાં સમાઈ શકે.' નેડે કહ્યું.

'અરે!' નેડ અને કૉન્સીલ બન્ને આશ્ચર્ય પામ્યા.

હું નેડનો અને કૉન્સિલનો વિચાર સમજી ગયો હતો. મેં કહ્યું: 'એ વિચારો બધા નકામા છે. હમણાં શાંતિ રાખવા સિવાય બીજો ઉપાય નથી.'

'વળી પાછી "શાંતિ" આવી?' એમ કહી પગ પછાડીને નેડ ઓરડામાં ચાલ્યો ગયો।

૨૦

બરફની દીવાલ

બીજે દિવસે અગિયાર વાગે અમારું વહાણ દરિયાની સપાટી ઉપર તરતું હતું. અમે બધા વહાણના તૂતક ઉપર ઊભા હતા, ત્યાં નેડે બૂમ મારી: 'જુઓ, પણે વહેલ દેખાય.' મને તેથી આશ્ચર્ય ન થયું, કારણકે મને ખબર હતી કે વહેલ માછલીઓ શિકારીઓની બીકને લીધે મોટે ભાગે ઉત્તર ધ્રુવ કે દક્ષિણ ધ્રુવના ભાગમાં ભરાઈ રહે છે.

'ઓહો! કેવડી મોટી છે! અત્યારે એક હોડી હોય તો કેવી મજા આવે! કેવી હવા ને વરાળ તેના નાકમાંથી નીકળે છે!' માછલી જોતાંની સાથે જ નેડનો પોતાનો અસલ શોખ જાગ્રત થયો; તેનું દિલ શિકાર માટે ઊંચુંનીચું થવા લાગ્યું.

ધીમે ધીમે વહેલ પાસે આવતી જતી હતી. નેડની નજર તેની સામે ને સામે જ ચોંટેલી હતી. 'અરે, અરે! આ તો એક જ વહેલ નથી; દસ, વીસ...અહોહો! આ તો ટોળાબંધ વહેલો છે! અરે, હવે હું શું કરું? મને અહીં લાચાર બનાવી મૂક્યો છે. નહિતર...' નેડે આવેશમાં આવી પગ પછાડ્યો.

'પણ તો કેપ્ટનની રજા માગી લે ને?' કોન્સીલે કહ્યું.

નેડ તરત જ નીચે ઊતરીને કેપ્ટન પાસે ગયો. થોડી વારમાં તે અને કેપ્ટન બંને ઉપર આવ્યા.

કેપ્ટન નેમોએ સમુદ્ર ઉપર નજર નાખી. 'ઓહો! આ તો દક્ષિણની વહેલો છે!'

'કેમ, આના શિકાર માટે કાંઈ થઈ શકે કે નહિ?' નેડે પૂછ્યું.

'શા માટે? હમણાં આપણે વહાણમાં તેના તેલની કે બીજા

કોઈ પદાર્થની જરૂર નથી.'

'પણ કંઈ જરૂર હોય તો જ શિકાર થાય?' નેડે પૂછ્યું.

'હા જ તો! જરૂર પડે ત્યારે નછૂટકે શિકાર કરવો પડે. શિકાર તો આપણી લહેર ખાતર તેમને મારવાની વાત છે; એ કેમ ચાલે? તમને જીવવાનો અધિકાર છે તેટલો જ અધિકાર તેમને પણ છે. તે બિચારીને દરિયામાં પણ કેટલા શત્રુઓ છે? શાર્ક, કેચેલોટ, વગેરે ભયંકર દરિયાઈ માછલીઓ રાતદિવસ તેમને જંપવા નથી દેતી. તેમાં વળી તમે ઉમેરો કરવાનો વિચાર કરો છો?'

આ ધર્મોપદેશ નેડ ઉપર કશી અસર કરે તેમ ન હતું. નેડ તો એટલું જ સમજ્યો કે પોતાને શિકારની ના પાડી છે.

'જુઓ; દૂર નજર કરો. આઠ માઈલને અંતરે પાણીમાં તમને કંઈ તરતું લાગે છે?' કેપ્ટને મને પૂછ્યું.

'હા.'

'એ જ આ વહેલ માછલીની શત્રુ છે. કેચેલૉટ નામની માછલીઓ આ વહેલની પાછળ જ પડી હોય એમ લાગે છે. આ માછલીઓ બહુ ક્રૂર ને ભયંકર હોય છે; તેમને મારવામાં પાપ નથી.'

નેડ તૈયાર થઈ ગયો. 'કેપ્ટન સાહેબ! તો પછી હોડી છોડશું?'

'ના ના, એમ એકલા હોડીમાં નીકળવામાં તો આપણું મોત જ છે. આ કંઈ સામાન્ય માછલીઓ નથી. તમે જુઓ, આપણે કશી મહેનત કરવી નહિ પડે. મારું વહાણ જ એ માછલીઓને પહોંચી વળશે, ને એક નવી જ જાતનો શિકાર જોવાનું પણ તમને મળશે.'

દરમિયાન વહેલ માછલીઓનું ટોળું ઝપાટાબંધ નજીક આવી પહોંચ્યું. તે ટોળું ગભરાટમાં આમથી તેમ ભાગતું હતું. સમુદ્રનું પાણી એટલામાં એટલું બધું ખળભળી ઊઠ્યું કે અમારું વહાણ આખું ડોલી ઊઠ્યું! તેમની પાછળ કેચેલોટ માલછીઓનું ટોળું પણ એટલી જ ઝડપથી ધસ્યે આવતું હતું. કેચેલોટ માછલીની ઝડપ

આગળ વ્હેલનું ટોળું ન પહોંચી શક્યું. બધાં એક થઈ ગયાં, અને જોતજોતામાં તો યુદ્ધ જામી પડ્યું. કેચેલૉટ માછલીઓ મજબૂત હતી; એટલું જ નહિ પણ તેમને એક લાભ એ હતો કે પાણીમાં તેઓ વ્હેલ માછલી કરતાં વધારે વખત રહી શકતી હતી. એટલે ડૂબકી મારીને વ્હેલ માછલી ઉપર તે ઓચિંતો હુમલો કરતી અને પોતાના તીક્ષ્ણ દાંતોથી તેને વીંધી નાખતી – ચીરી નાખતી. વ્હેલ માછલીની ભયંકર ચીસો સંભળાતી હતી.

દૃશ્ય કમકમાટી ઉપજાવે તેવું હતું. કૅપ્ટન નેમો તરત જ આ કેચેલૉટના પંજામાંથી વ્હેલને બચાવવા તૈયાર થઈ ગયો. તેણે સુકાનનું મોઢું બદલાવીને વ્હેલો અને કેચેલૉટ માછલીની વચ્ચે પોતાનું વહાણ નાખ્યું; અને વહાણની આગળ ભયંકર કરવતી જેવો જે પંખો હતો તે મશીનથી ચાલુ કરાવી દીધો. કેચેલૉટ આ પંખાની દાંતીમાં જોતજોતામાં કરવત તળે ઇમારતી લાકડાં વહેરાય તેમ બે ભાગમાં ચિરાઈ જતી હતી. કેચેલૉટ ડૂબકી મારે ત્યારે આ વહાણ પણ ડૂબકી મારીને તેને પકડી પાડતું. એક પછી એક કેચેલૉટને પકડી પકડીને કૅપ્ટન તેનો સંહાર કરવા લાગ્યો!

સમુદ્રનાં પાણી પણ લાલ લાલ થઈ ગયાં. માછલીઓની મૃત્યુની ચીસો કાન ચીરી નાખતી હતી. વ્હેલ માછલીઓ તો જીવ લઈને નાસી જ ગઈ હતી; કેચેલૉટમાંથી પણ ઘણીખરી મરી ગઈ અને બાકીની નાસી ગઈ.

અમારું વહાણ જાણે લોહીના સમુદ્રમાંથી આગળ ચાલ્યું. નેડ કૅપ્ટનની આ શક્તિ જોઈને મોંમાં આંગળાં નાખી રહ્યો.

આગળ વધ્યા પછી એકાદ માઈલને અંતરે એક વ્હેલ માછલી અમે તરતી જોઈ. તે અડધી ઊંધી થઈ ગઈ હતી; એક નાનું બચ્ચું તેને પેટ વળગેલું હતું. બંને કેચેલૉટની તલવારથી ઘાયલ થઈને મરી ગયાં હતાં. વ્હેલ માછલી તાજી જ વીંધાયેલી લાગતી હતી. કૅપ્ટને તરત જ પોતાના એક માણસને હોડીમાં બેસાડીને તે વ્હેલ

માછલી પાસે મોકલ્યો; ઘણી વારે દૂધનાં બે મોટાં વાસણો ભરીને તે પાછો આવ્યો.

'જુઓ, પ્રોફેસર સાહેબ! આ વહેલ માછલીનું દૂધ! વહેલ હજુ હમણાં જ મરી લાગે છે. દૂધ તાજું છે. ગાયના દૂધ કરતાં આ કોઈ રીતે ઊતરતું નથી. પી જુઓ.' એક પ્યાલામાં લઈને મેં તે દૂધ પીધું; સ્વાદમાં તે ગાયના દૂધ જેવું જ હતું.

વહાણ હજુ, દક્ષિણમાં ને દક્ષિણમાં જ આગળ વધ્યે જતું હતું. 'આ વહાણ તે આમ ને આમ ક્યાં સુધી જશે? દક્ષિણ ધ્રુવ સુધી તો નહિ જાય? ના ના, હજુ સુધી ત્યાં કોઈ જઈ શક્યું જ નથી. અને કદાચ કૅપ્ટન ત્યાં જવાનું સાહસ કરે તો પણ તેને માટે અત્યારે ઋતુ અનુકૂળ નથી.'

૧૪મી માર્ચે ૫૫° અક્ષાંશ ઉપર મેં પહેલવહેલો તરતો બરફ જોયો. આ ટુકડો માંડ ૨૦ થી ૨૫ ફૂટ જ લાંબો હતો. ધીમે ધીમે આવા બરફના તરતા ટુકડાઓનું પ્રમાણ વધતું ગયું – સંખ્યામાં અને કદમાં જેમ જેમ અમે આગળ વધતા ગયા તેમ તેમ સૂર્યનાં કિરણોમાં ચળકાટ મારતાં બરફનાં પહાડો અને મેદાનો વધતાં ચાલ્યાં. દક્ષિણ ધ્રુવવાસી પક્ષીઓ હજારોની સંખ્યામાં આ બરફના બેટો ઉપર બેઠાં બેઠાં તેમના તીણા અવાજથી દિશાઓ ગજવી મૂકતાં હતાં. કોઈ કોઈ તો અમારા વહાણને કોઈ દરિયાઈ પ્રાણી ધારીને તેના પર હલ્લો કરવા માટે વહાણની ઉપર બેસતાં અને તેને ચાંચો મારતાં.

અમારું વહાણ સપાટી ઉપર જ ચાલતું અને એ જ સહી-સલામત હતું, કારણ કે વહાણનો રસ્તો બરફના ડુંગરાઓ તથા બેટાની વચ્ચે થઈને કાઢવાનો હતો. મને જેટલો ભય હતો, તેટલું જ કુતૂહલ હતું. આ પ્રદેશનું સૌંદર્ય તો અવર્ણનીય હતું – બરફના પહાડો ઉપરથી ધસી આવતી બરફની મોટી મોટી ભેખડો, તેનો પાણીમાં પડતી વખતનો અવાજ, મદઝરતા હાથી જેવા બરફના પર્વતરાજો ડોલતા ડોલતા સ્વચ્છંદે આ દક્ષિણ ધ્રુવપ્રદેશના પાણીમાં વિહાર કરતા

હતા. આની વચ્ચે થઈને રસ્તો કાઢવાનું કામ બહુ કપરું હતું. કૅપ્ટન ગમે ત્યાંથી તેના વહાણ માટે રસ્તો શોધી કાઢતો હતો. ક્યાંક ક્યાંક બરફને તોડી નાખીને પણ વહાણ પોતાનો રસ્તો આગળ કરતું; ક્યાંક ક્યાંક કુહાડા ને કોદાળી લઈને બરફને તોડવો પડતો. ઉપરથી પણ બરફ વરસ્યા કરતો હતો. ઉષ્ણતામાન શૂન્યની નીચે ૫° સુધી ગયું હતું. વહાણની દિશા ચોક્કસ કરવી એ પણ મુશ્કેલ હતું, કારણ કે પૃથ્વીના ધ્રુવ અને લોહચુંબકના ધ્રુવ બંને વચ્ચે અંતર હોઈ એ બે વચ્ચેનું માપ ચોક્કસ કરવાનું કામ મુશ્કેલ હતું.

આખરે ૧૮મી માર્ચે નૉટિલસ કુદરતબળ પાસે હાર્યું. નૉટિલસનો રસ્તો બંધ થઈ ગયો, આગળ પાછળ તથા આસપાસ ચારે તરફ બરફનો કિલ્લો બંધાઈ ગયો. દક્ષિણના ધ્રુવરક્ષક ચોકીદારો જેવા, ખભેખભા અડાડીને જાણે ઊભા હોય એમ બરફનાં પહાડો ને મેદાનો નૉટિલસને ઘેરી વળ્યાં. વહાણ અટકી પડ્યું, ક્યાંય પાણી દેખાતું નહોતું. સઘળે બરફ, બરફ ને બરફ છવાઈ રહ્યો હતો!

નેડે આવીને મને કહ્યું : 'કેમ, આખરે તમારો કૅપ્ટન પણ સપડાયો ને?'

'હજુ એમ કેમ કહેવાય?' મેં કહ્યું.

'ત્યારે હજુ તમને આશા છે, એમ? કૅપ્ટન બુદ્ધિશાળી છે એમાં ના નહિ; પણ કુદરત આગળ કોઈનું ચાલ્યું છે? હજુ પાછા ઉત્તર બાજુ જવું હોય તો તે બને એમ છે; કારણ કે એ રસ્તો ગમે તેમ કરીને કરી શકાય; પણ આગળ તો હવે ઠેઠ સુધી બરફ સિવાય બીજું કાંઈ નહિ મળવાનું.'

નેડની વાત સાચી હતી. બરફની દીવાલો વીંધીને જવાય કઈ રીતે? સિવાય કે બરફ ઉપર ચાલનારું વહાણ કોઈ શોધી કાઢે!

દરમિયાન બરફને તોડી નાખવા માટે વહાણ અથાગ શ્રમ કરી રહ્યું હતું; પણ તેમાં સફળતા મળે તેમ જણાયું નહિ.

હું પણ વહાણના તૂતક ઉપર ઊભો ઊભો આ બધું જોયા

કરતો હતો. ત્યાં પાછળથી અવાજ આવ્યો : 'કેમ પ્રોફેસર સાહેબ! હવે શું કરશું ?' કેપ્ટન મારી પાસે આવીને ઊભો હતો.

'મને લાગે છે કે આપણે સપડાઈ ગયા!' મેં કહ્યું.

'સપડાઈ ગયા એટલે શું ?' તેણે પૂછ્યું.

'એટલે કે આપણે હવે આગળ કે પાછળ ક્યાંયે જઈ શકીએ એમ નથી.'

'પ્રોફેસર! તમે મુશ્કેલીઓ જ જુઓ છો; આપણે આટલે આવ્યા તે હવે આગળ વધ્યા સિવાય ચાલે ?'

'હજુ આગળ જવું છે ?'

'હા જ તો. હજુ દક્ષિણ ધ્રુવને છેડે પહોંચવું છે.'

'દક્ષિણ ધ્રુવ!' મારા મોંમાંથી ઉદ્દગાર નીકળી ગયો.

'હા હા. દક્ષિણ ધ્રુવ. હજુ સુધી ત્યાં કોઈ ગયું નથી. હું પણ નથી ગયો. આપણે બંને સાથે એની શોધમાં આજે જઈએ છીએ. આપણે આગળ જવું જ જોઈએ.' કેપ્ટને કહ્યું.

'હા; પણ તે કઈ રીતે ?'

'કઈ રીતે ? આપણે બરફને તોડી નાખશું; અને જો નહિ તૂટે તો તેની ઉપર થઈને ચાલ્યા જઈશું.'

'ઉપર થઈને ?'

'ના, ના. ઉપર થઈને નહિ પણ નીચે થઈને; મારી બોલવામાં ભૂલ થઈ.'

મારા મગજમાં નવો જ પ્રકાશ પડ્યો. ઘણા દિવસથી પાણીની ઉપર જ સફર ચાલતી હતી તેથી આ વહાણ પાણીની નીચે પણ ચાલી શકે છે એ હું ભૂલી જ ગયેલો!

'કેમ, હવે તમને લાગે છે ને આપણે જઈ શકીશું ? જો દક્ષિણ ધ્રુવ ઉપર જમીન હશે તો આપણે તેને કાંઠે ઊતરશું અને જો સમુદ્ર હશે તો વહાણ સીધું દક્ષિણ ધ્રુવના છેડે જ જઈને ઊભું રહેશે.'

'બસ! હવે બરાબર છે, બરફ જેટલો બહાર દેખાય છે તેથી

ત્રણગણો અંદર હોય છે. અને સામે દેખાતા બરફના ડુંગરો વધારેમાં વધારે ૩૦૦ ફૂટ ઊંચા દેખાય છે; માટે બહુ તો ૯૦૦ ફૂટ આપણે ઊંડે જવું પડશે.'

'અને ૯૦૦ ફૂટ એટલે કાંઈ નહિ. પણ એક મુશ્કેલી આવશે અને તે એ કે આપણે ઘણા વખત સુધી સમુદ્રની નીચે રહેવું પડશે, એટલે તાજી હવા નહિ મળે.' કેપ્ટને શંકા કરવા માંડી.

મને ધીમે ધીમે ઉત્સાહ ચડતો જતો હતો. મેં કહ્યું : 'આપણાં હવા ભરવાનાં ટાંકાં પૂરેપૂરાં ભરી નાખો. ઘણો વખત સુધી આપણને તેમાંથી હવા મળ્યા કરશે.'

'બરાબર, બરાબર!' કેપ્ટન જરાક હસ્યો. 'પણ હજુ એક બીજી મુશ્કેલી છે, દક્ષિણ ધ્રુવને છેડે જો પાણી કે જમીનને બદલે એકલો બરફ જ જામી ગયેલો હશે તો?'

'તો શું? આપણું વહાણ બરફ તોડીને ઉપર આવશે. પરંતુ જેમ ઉત્તર ધ્રુવમાં છેડે સમુદ્ર છે તેમ અહીં પણ શા માટે સમુદ્ર નહિ હોય?'

કેપ્ટન નેમોએ કહ્યું : 'પ્રોફેસર સાહેબ! આજે તમે ભારે હિંમત બતાવી. આજે તો મારા મનમાંય જે થોડીઘણી નિરાશા હતી તે પણ તમે દૂર કરી! આપણે જરૂર આગળ વધશું.'

તરત જ કેપ્ટને એક માણસને બોલાવ્યો ને તેને તેની વિચિત્ર ભાષામાં હુકમ આપ્યો. બીજી જ ક્ષણે વહાણનાં હવાનાં ટાંકાં ભરાવા માંડ્યાં; ને પછી પાણીનાં ટાંકાં પણ ભરાવા માંડ્યાં. હું તથા કેપ્ટન વહાણની અંદર ચાલ્યા ગયા, બારણું દેવાઈ ગયું, ને વહાણ ધીમે ધીમે પાણી ભરાવાથી નીચે ઊતરવા લાગ્યું.

મેં નેડને તથા કોન્સીલને આ બધી વાત કરી. તેણે કહ્યું : 'અત્યાર સુધી વહાણમાં એક જ મૂર્ખ હતો; હવે બે થયા! તમે દક્ષિણ ધ્રુવ જશો ખરા, પણ ત્યાંથી પાછા આવશો નહિ!'

'પણ ત્યાં તો આપણે બધા સાથે જ છીએ ને!' મેં મશ્કરીમાં

કહ્યું.

'હા, એ જ તો દુર્ભાગ્ય છે!'

વહાણુની આસપાસ જામી ગયેલો બરફ કુહાડા લઈને તોડી નાખ્યો. આથી વહાણને નીચે ઊતરવામાં બહુ મુશ્કેલી ન નડી. વહાણ જોતજોતામાં ૯૦૦ ફૂટ નીચે ગયું. મેં ધાર્યા પ્રમાણે જ અહીં હવે પાણી આવ્યું, પણ સલામતી ખાતર અમારું વહાણ સહેજ વધારે નીચે ઊતર્યું; અને પાણી કાપતું આગળ વધવા લાગ્યું. અહીં પાણીનું ઉષ્ણતામાન પણ ૧૦૦ હતું.

વહાણ સાધારણ ગતિએ આગળ વધ્યે જતું હતું. કોન્સીલ મારી પડખે જ બેઠો હતો. તેણે કહ્યું: 'હવે લાગે છે કે આપણે ધારેલે સ્થળે પહોંચી જશું.'

વહાણ જેમ જેમ આગળ જતું હતું, તેમ તેમ મારા મનની આતુરતા વધતી જતી હતી. હું ભાગ્યે જ ઊંઘતો. આખો દિવસ અને રાત મૅનોમિટર ઉપર નજર રાખ્યા કરતો. કોઈ વાર બરફને લીધે વહાણને ૧૦૦૦થી ૨૦૦૦ ફૂટ સુધી નીચે ઊતરવું પડતું! ક્યાંક ક્યાંક તો ૫૦૦ વામ સુધી નીચે ઊતરવું પડતું! વહાણ ને દરિયાની સપાટીને કેટલું બધું અંતર રહેતું હતું! રાતના આઠ વાગ્યા. હજુ સુધી વહાણમાંનાં હવાનાં ટાંકાંમાંથી હવા કાઢવાની જરૂર નહોતી પડી. સૂવાનો વખત થયો. મારી આંખ ઘેરાતી હતી, પણ આશા અને નિરાશા વચ્ચે મારું મન એટલું બધું ખેંચાતું હતું કે હું ઘડીકમાં જાગી જતો હતો. સવારે ત્રણ વાગે બરફનો થર પાતળો થયો હોય એમ લાગ્યું. મૅનોમિટરનો કાંટો દરિયાની સપાટીથી અમારું વહાણ ફક્ત ૨૫ વામ ઊંડે છે એમ બતાવતો હતો; અને ધીમે ધીમે તે અંતર પણ ઓછું થતું જતું હતું. વહાણ ઉપર ને ઉપર ચડતું જતું હતું.

આખરે ૧૯મી માર્ચના સવારના છ વાગે મારા ઓરડાનું બારણું ખૂલ્યું ને કૅપ્ટન નેમો દેખાયો.

'દરિયાની સપાટી આવી ગઈ!' તે બોલ્યો.

૨૧

દક્ષિણ ધ્રુવ ઉપર

હું દોડતો દોડતો વહાણના તૂતક ઉપર પહોંચી ગયો. પાછો વિશાળ ખુલ્લો સમુદ્ર નજર આગળ પથરાયેલો દેખાયો. ક્યાંક ક્યાંક છૂટક છૂટક બરફના ખડકો તરતા હતા; આકાશમાં પક્ષીઓ તરતાં હતાં. થરમૉમિટર શૂન્ય ઉપર ૩ ડિગ્રી બતાવતું હતું.

લગભગ દસ માઈલને અંતરે એક નાનો એવો ટાપુ દેખાતો હતો. અમે વહાણ તે તરફ હંકાર્યું અને થોડી વારમાં કિનારે આવી પહોંચ્યા. કેટલાય લાંબે વખતે અમે જમીન પર પગ મૂક્યો. ટાપુ લગભગ ૬૦૦ ફૂટ દરિયાની સપાટીથી ઊંચો હતો. બહુ તો ચારથી પાંચ માઈલનો તેનો વિસ્તાર હશે. અમે ઠેઠ કિનારે વહાણ લઈ ન ગયા, પણ લગભગ અરધો માઈલ દૂર રાખીને હોડીમાં બેસીને ગયા, કારણ કે પાણીમાં જો જમીનની દાંતી છુપાયેલી હોય તો વહાણ નકામું જોખમાય.

અમારી હોડી જેવી કિનારાને અડકી કે તરત જ કૉન્સીલ કૂદવા જતો હતો, પરંતુ મેં તેને અટકાવ્યો. મેં કહ્યું : 'આ જમીન ઉપર પહેલો પગ મૂકવાનો અધિકાર કૅપ્ટન નેમોનો છે. દુનિયામાં મનુષ્યનો પહેલવહેલો પગ જો આ જમીન ઉપર કોઈનો પડતો હોય તો કૅપ્ટન નેમોનો જ ભલે પડે !' બધાએ તે કબૂલ કર્યું. ધીરે પગલે કૅપ્ટન કિનારે ઊતર્યો; તેની પાછળ અમે બધા ઊતર્યા. હું તથા કૅપ્ટન બે જ જણા આ બેટની ઊંચી ટેકરી ઉપર ચડવા માંડ્યા. કૉન્સીલ વગેરે તો પાછા હોડીમાં જ રહ્યા હતા. તેને તથા નેડને માટે શિકારનું કામ તૈયાર હતું.

આ જગ્યાએ વનસ્પતિ બહુ થોડી હતી, અને તે પણ નાના

નાના ઘાસ અને છોડવાઓની જ. પણ પક્ષીઓ તો ત્યાં અસંખ્ય હતાં. જમીન ઉપર પેંગ્વિનનાં ટોળાં કોઈ વૃદ્ધોની મહાસભા મળી હોય એમ કાળા ડગલા પહેરીને બેઠાં હતાં.

ઉપર ચડતાં ચડતાં હું તો પક્ષીઓની ખડકોમાંની મોટી મોટી બખોલો, તેમનાં ઇંડાં, નાનાં નાનાં બચ્ચાંઓ વગેરે જોતો જતો હતો. કેપ્ટન નેમો મારાથી આગળ નીકળી ગયેલો. જ્યારે હું તેની નજીક પહોંચ્યો ત્યારે તે અદબ વાળી સ્થિર નજરે અને શાંત ચહેરે આકાશ સામે જોતો હતો. તે સૂર્યની વાટ જોતો હોય એમ લાગતું હતું; પણ આકાશમાં એટલું ધુમ્મસ હતું કે બપોરના બાર વાગ્યા સુધી અમે રાહ જોતા ઊભા હતા છતાં સૂર્ય દેખાયો નહિ.

'આપણે કાલ સુધી સૂર્ય માટે અહીં રોકાવું પડશે. આપણે દક્ષિણ ધ્રુવ ઉપર છીએ કે બીજે, તે સૂર્ય વગર કઈ રીતે નક્કી થાય?' કેપ્ટન નેમો આટલું બોલીને પાછો ઊતર્યો; હું પણ તેની પાછળ પાછળ ઊતર્યો. અમે વહાણમાં પહોંચ્યા ત્યારે તાજા શિકારનું ખાણું તૈયાર હતું.

બીજે દિવસે એટલે ૨૦મી માર્ચે પાછા અમે બેટ ઉપર આવવા નીકળ્યા. આજે ધુમ્મસ અને બરફ બંને ઓછાં હતાં; લગભગ બંધ થઈ ગયાં હતાં; પણ ઠંડી જરા વધારે હતી. અમે કિનારે ઊતર્યા, ત્યારે કિનારા પરની રેતી ઉપર ટોળાબંધ સીલ પ્રાણીઓ આળોટતાં અને ગેલ કરતાં અમે દીઠાં. નાનાં નાનાં બચ્ચાંઓ પણ પોતાની વિચિત્ર પૂંછડી પટપટાવતાં તેમની માની પીઠ ઉપર ચડીને ગેલ કરતાં હતાં. કેટલાં નિર્ભયપણે આ બધાં અહીં પડયાં હતાં! અમેરિકા કે ઇંગ્લાંડના કિનારા પર આમ હોય તો? અરે પણ હોય જ શાનું? એકાદ સીલ જુએ તોપણ કોઈ નિશાનબાજીઓનાં ટોળાં તેના પર તૂટી પડે! બીજાં વૉલરસ નામનાં સીલને મળતાં પ્રાણીઓ પણ એક બાજુ બૂમાબૂમ પાડીને રમતાં હતાં. આ બિચારાં આમ તો બીકણ હોય છે, પણ તેમના પર હુમલો

કરવામાં આવે, અને ખાસ કરીને તેમનાં બચ્ચાંને જો કોઈ પકડવા આવે તો તે જરા આકરાં પડી જાય એવાં હોય છે. હું અને કૉન્સીલ છાનામાના લપાતા લપાતા આ બધું જોવા નીકળ્યા હતા. ફરીને અમે પાછા આવ્યા ત્યારે એક નાની ટેકરી ઉપર કેપ્ટન નેમો સૂર્યની વાટ જોતો ઊભો હતો. આજે પણ આકાશ ગઈ કાલના જેટલું નહિ, તો ઠીક ઠીક ઘેરાયેલું હતું. ઘણી વાર સુધી રાહ જોયા પછી કેપ્ટન મારા સામું જોઈને બોલ્યો : 'આજે પણ સૂર્ય દેખાય તેવો સંભવ નથી. હજુ આવતી કાલ સુધી આપણે રોકાવું પડશે.'

'હા; પણ તમને યાદ છે, કે આવતી કાલે માર્ચની એકવીશમી તારીખ છે ? કાલથી સૂર્યનું ઉત્તરાયણ થશે, એટલે પછી દક્ષિણ ધ્રુવના પ્રદેશની તો લાંબી રાત થશે. એટલે પછી દક્ષિણ ધ્રુવનું સ્થાન નક્કી કરવું હશે તો તો અહીં છ મહિના સુધી રોકાવું પડશે।'

'હા, તે મારા ધ્યાનમાં છે. પણ ભલે છ મહિના થાય તો યે જો નક્કી જ કરવું હોય તો તેથીયે વધારે લાંબો વખત રોકાવામાં મને કંઈ વાંધો નથી. આપણે સાથે જ છીએ ને ?'

આવતી કાલે જો સૂર્ય નહિ દેખાય તો કેપ્ટન અહીં રોકાશે, અથવા ફરી પાછો મને લઈને છ મહિનેય અહીં આવશે જ, એ વિચારે મને ભય ઉત્પન્ન થયો. કાલે સૂર્ય ઊગે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરતો હું નેમોની સાથે પાછો વહાણમાં ગયો. પાછાં ફરતાં રસ્તામાંથી પેંગ્વિનનું એક સુંદર ઈંડું હું નેમોના પ્રદર્શન માટે લેતો આવ્યો.

૨૧મી માર્ચની સવાર પડી. સદ્‌ભાગ્યે આકાશ ચોખ્ખું હતું. સૂર્ય દેખાશે એવી આશા મારા મનમાં ઊભી થઈ. અમે પાછા હોડીમાં બેસીને કાંઠે આવ્યા અને પેલી ટેકરી ઉપર એક અનુકૂળ જગ્યા શોધીને બેઠા. સાથે એક ક્રોનોમિટર (ઘડિયાળ), દૂરબીન તથા બૅરોમિટર હતા.

લગભગ અગિયાર વાગે અમે ટેકરીની ટોચે પહોંચ્યા. બરાબર

બાર વાગે સૂર્ય ઉપરથી અમારી જગ્યાના અક્ષાંશ-રેખાંશ નક્કી થવાના હતા. હું ઘડિયાળ લઈને ઊભો હતો. બૅરોમિટરથી ઊંચાઈ તો નક્કી થઈ જ હતી; વાર ફક્ત ૧૨ વાગવાની હતી.

૧૧ાા થયા; સૂર્યનું ક્ષિતિજ ઉપર પડતું પ્રતિબિંબ દેખાયું. જાણે સોનાની મોટી થાળી! સૂર્ય પોતાનાં છેલ્લાં કિરણો આ નિર્જન સ્થાનમાં ફેંકી રહ્યો હતો, અને બરફને સોનાથી મઢી દેતો હતો. હું બરાબર ઘડિયાળ લઈને ઊભો હતો. સૂર્યનો બરાબર અર્ધો જ ભાગ જો બરાબર બાર વાગે દેખાય તો અમે ઊભા હતા તે જગ્યા દક્ષિણ ધ્રુવ છે એમ નક્કી થાય. પરિણામ માટે મારું હૃદય ખૂબ આતુર હતું.

ઘડિયાળનો કાંટો બાર ઉપર આવ્યો. હું બોલી ઊઠ્યો : 'બાર!' અને બીજી જ ક્ષણે સામે નેમોનો અવાજ મળ્યો : 'દક્ષિણ ધ્રુવ!'

કૅપ્ટન નેમોએ સૂર્યના પ્રતિબિંબને ઝીલવા માટે રાખેલા કાચની અંદર ધીમે ધીમે આથમી જતા સૂર્યનો અડધો ભાગ ઘડીક દેખાયો, ન દેખાયો ત્યાં તો તે અદૃશ્ય થતો ચાલ્યો; થોડી વારે દેખાતો બંધ થયો.

'સલામ, ઓ જગતના જીવનદાતા! આ સમુદ્રમાં આરામ કર. આ મારા પોતાના પ્રદેશ ઉપર હમણાં છ મહિના સુધી અંધકારનો પછેડો ઓઢાડી દે!' કૅપ્ટન નેમો ગંભીર અવાજે સૂર્ય તરફ જોઈને બોલ્યો.

થોડી ક્ષણ પછી મારા તરફ ફરીને તેણે કહ્યું : 'પ્રૉફેસર! અત્યાર સુધીમાં ઘણા માણસોએ અહીં પહોંચવાનો પ્રયત્ન કર્યો છે; તમે એ બધું જાણતા જ હશો. આજે હું આ પ્રદેશ કબજે કરું છું, પણ તે બીજા કોઈના નામે નહિ પણ ખુદ મારા નામે.'

પોતાની પાસેથી એક નાનો કાળો વાવટો તેણે કાઢ્યો અને હવામાં ફરકાવ્યો. વાવટાની વચ્ચે સોનેરી અક્ષરે લખેલો 'N' ચળકતો હતો.

૨૨

બરફમાં પુરાયા

બાવીસમી માર્ચે સવારના ૭ વાગ્યામાં અમારું વહાણ ઊપડવા માટે તૈયાર થઈ ગયું. સંધ્યાનો આછો પ્રકાશ ધીમે ધીમે રાત્રિમાં મળી જતો હતો. ઠંડી ખૂબ હતી. નક્ષત્રમંડળો સ્વચ્છ આકાશમાં પ્રકાશી રહ્યાં હતાં. મધ્યાકાશે સ્વસ્તિકનું નક્ષત્રમંડળ વિરાજતું હતું. થરમૉમિટરમાં પારો શૂન્યની નીચે ૧૨ ડિગ્રી ઊતરી ગયો હતો, અને પવન વાતો ત્યારે ઠંડી શરીરને જાણે વીંધી નાખતી ! બરફનાં ચોસલાંઓ જામતાં જામતાં મોટા ખડકો બંધાતા જતા હતા.

વ્હેલ માછલીઓ તો બરફની ઋતુ પહેલાં જ આ ભાગો-માંથી ઓછા ઠંડા ભાગોમાં ચાલી ગઈ હતી. સીલ આ જામતા જતા બરફ ઉપર કૂદકા મારતાં હતાં; કોઈક કોઈક પોતાને માટે બરફમાં બખોલો પણ ખોદતાં હતાં.

અમારું વહાણ આ બરફના ખડકોની વચ્ચે થઈને દરિયાની સપાટી ઉપર તો ન જ ચાલી શકે. તરત જ પાણીનાં ટાંકાંઓ ભરાયાં અને વહાણ નીચે ડૂબવા લાગ્યું. લગભગ ૧૦૦૦ ફૂટ નીચે ઊતરીને ઉત્તર તરફ કલાકના પંદર માઈલની ઝડપે આગળ વધવા લાગ્યું. સાંજ પડી ત્યાં તો અમારું વહાણ બરફની છત નીચે થઈને ગતિ કરી રહ્યું હતું.

સલૂનની બારીઓ તો બંધ કરી હતી; કારણ કે કાચ સાથે કદાચ કોઈ બરફનો રખડતો છૂટો પડેલો ટુકડો અથડાઈ જાય તો વહાણ જોખમાઈ જાય. આથી હું તો મારા ઓરડામાં બેઠો બેઠો નિરાંતે લખતો-વાંચતો હતો, અને મોટો ભાગ તો અત્યાર સુધીના સાડા પાંચ મહિનાના ૪૨,૦૦૦ માઈલના પ્રવાસમાં બનેલા બનાવો

ઉપર નજર ફેરવતો હતો. કેવાં કેવાં વિચિત્ર દૃશ્યો! કેવા કેવા વિચિત્ર બનાવો! કેપ્ટન નેમો કેવો ભેદી માણસ! ક્રેસ્પોનો ટાપુ, પાપુઅન લોકો સાથેનું યુદ્ધ, સિલોન પાસેનું અદ્‌ભુત મોતી, વીગોનો અખાત, આટલાંટિસ નગર, દક્ષિણ ધ્રુવ : આ બધાં સ્થળો તથા બનાવો એક પછી એક મારી નજર આગળ આવીને ચાલ્યા જતાં હતાં. કેપ્ટન નેમોની આંખો તો બધો વખત મારી નજર સમક્ષ જ રહેતી.

રાત્રે સૂતો તોપણ તે બનાવો અને તેના જ વિચારો નજર આગળથી ખસતા નહોતા. મને ઊંઘ તો આવી ગઈ, પણ સ્વપ્નામાં પણ આ જ સ્મરણો આવતાં હતાં. એકાએક લગભગ ત્રણેક વાગે વહાણને એક જબરો આંચકો લાગ્યો, ને હું જાગી ગયો. જોઉં તો પથારીમાંથી હું ક્યાંઈ દૂર જઈ પડેલો! ત્યાંથી ઊઠીને હું દીવાનખાનામાં (સલૂનમાં) ગયો તો ત્યાં પણ ટેબલ-ખુરશી વગેરે બધું ય ઊંધુંચત્તું થઈ ગયું હતું. ઓરડાની બાજુની ભીંતો ઉપર-નીચે થઈ ગઈ હતી અને તળિયું તથા છત પડખાં બની ગયાં હતાં!

હું ગભરાયો. ઘડીભર તો આ બધું મને સ્વપ્ન જેવું લાગ્યું. પણ ત્યાં તો નેડ અને કોન્સીલ પણ મારી પાસે આવ્યા. 'કેમ, આ શું થયું?' મેં પૂછ્યું.

'અમે પણ એ પૂછવા જ આવ્યા છીએ.'

આવો વિચિત્ર બનાવ આ વહાણમાં પહેલી જ વાર બન્યો હતો. અમે તરત જ કેપ્ટન નેમોની તપાસમાં નીકળ્યા. કેપ્ટન સુકાનની કેબિનમાં હશે એમ મને લાગ્યું. અમે તેની રાહ જોતા કેબિનમાં ચડવાની સીડી પાસે ઊભા. થોડી વારે કેપ્ટન નેમો સીડી પરથી નીચે ઊતર્યો ને જાણે અમે ઊભા જ નથી એમ દીવાનખાનામાં ગયો. અમે પણ તેની પાછળ પાછળ ગયા. ઘડીક મૅનોમિટર તરફ, ઘડીક કંપાસ તરફ તો ઘડીક દરિયાના નકશા તરફ તે જોતો હતો. મેં તેને વચ્ચે બોલાવ્યો નહિ. ઘણી વારે તે મારા તરફ ફર્યો. તરત જ મેં પાપુઅન બેટોના કિનારા પર જ્યારે વહાણ દાંતીમાં ભરાયું

હતું ત્યારે જે શબ્દ તેણે વાપર્યો હતો તે જ શબ્દ વાપરીને પૂછ્યું :
'કેમ કંઈ બનાવ બન્યો ?'

'ના, પ્રોફેસર! આ વખતે "બનાવ" નથી બન્યો, પણ "અકસ્માત" બન્યો છે!'

'બહુ ભયંકર છે?'

'હા, એમ લાગે છે.'

'વહાણ કોઈની સાથે અથડાયું છે?'

'ના, પણ વહાણની સાથે કોઈ અથડાયું છે. એક મોટો બરફનો પહાડ ઊંધો થઈ ગયો છે. તમે જાણો છો કે જ્યારે બરફનો પહાડ તળિયે ધીમે ધીમે ગરમ વાતાવરણને લઈને ઓગળે છે, ત્યારે તેના ગુરુત્વાકર્ષણનું મધ્યબિંદુ ઊંચે ઊંચે આવતું જાય છે. બરફના પહાડની નીચેથી બીજી કોઈ વસ્તુનો ધક્કો લાગે છે ત્યારે પણ એમ બનવા પામે છે, અને એ વખતે પહાડ આખોય ઊંધો થઈ જાય છે. આ વખતે પણ એમ જ બન્યું છે. નૉટિલસની નીચે એક પહાડ ઘૂસી ગયો છે, અને નૉટિલસને નીચેથી ઊંધું કર વા માંડ્યો છે; અને એટલે જ વહાણ પડખાભર થઈ ગયું છે. માણસો ટાંકાં ખાલી કરીને વહાણને હળવું કરી તેને સરખું કરવા મથી રહ્યા છે, પણ મુશ્કેલી તો બીજી જ છે! આ પહાડ આમ ને આમ વહાણને એટલે ઊંચે લઈ જશે કે જ્યાં ઉપર પણ બરફની છત આવશે, અને બંને બાજુથી બરફની ભીંસમાં આવતાં વહાણ કચરાઈ જશે! કૅપ્ટનના મોઢા પર આ વાક્ય બોલતી વખતે વેદનાનો ભાવ સ્પષ્ટ દેખાતો હતો.

અમે બધા પણ આ વહાણનો અને સાથે સાથે અમારો વિનાશ સ્પષ્ટ જોઈ રહ્યા હતા. પાણીના પંપો ખૂબ જોરથી કામ કરી રહ્યા હતા. વહાણનું વજન ઘટવાથી કે કોણ જાણે શાથી, પણ અમારું વહાણ જે આડું થઈ ગયું હતું તે સીધું તો થઈ ગયું, પણ તેથી અમારી મુશ્કેલીનો અંત આવ્યો એમ ન કહી શકાય. પેલો નીચેનો

પહાડ અંદરના પાણીની ગરમીથી ઓગળતો હતો, ને તેનું વજન ઘટતું જતું હતું. અમારે અમારો રસ્તો કઈ રીતે આગળ કરવો તે પ્રશ્ન થઈ પડ્યો.

એકાએક અમારું વહાણ અટક્યું અને સલૂનમાંની બારીઓ ઊઘડી. વીજળીના પ્રકાશમાં મેં નજર કરી તો અદ્ભુત દૃશ્ય મારી નજરે પડ્યું. વહાણ આ દૃશ્ય જોવા માટે જ ઊભું રહ્યું હશે. સામે લગભગ ૩૦ ફૂટ દૂર બરફની દીવાલ હતી. તેના ઉપર વીજળીનો પ્રકાશ પડતો ત્યારે તેમાંથી સામું જે તેજ છૂટતું એ આંખને આંજી દે તેવું હતું. દીવાનખાનાની અંદર વીજળીની બતી નહોતી છતાં એ સામા પ્રકાશને લીધે જ આખો ઓરડો ઝગમગાટ મારતો હતો. અમારા વહાણની ઉપર પણ બરફની છત હતી. તેમાંથી કોઈ કોઈ વખત જ્યારે પાણી ટપકતું ત્યારે જાણે હીરા ટપકતા હોય એમ લાગતું હતું. હીરાની મોટી ખાણની વચ્ચે જાણે અમે આવી પડ્યા હોઈએ!

અમારા વહાણને બંને પડખે પણ ત્રીસ ત્રીસ ફૂટને અંતરે બરફની દીવાલ હતી. નીચેનો પેલો ઓગળતો જતો પહાડ બંને બાજુની દીવાલને અડકી પડ્યો હતો. જાણે આરામ લેવા સૂતો હોય તેમ તે બંને દીવાલોને ખભે ટેકો દઈને પડ્યો હતો. ઉપર બરફની દીવાલ હતી. અમે સમુદ્રની સપાટીથી લગભગ ૧૦૦૦ ફૂટ નીચે હતા. આ દૃશ્ય જેવું રમણીય હતું, તેવું જ ભયંકર પણ હતું એનો ખ્યાલ મને આ બધું જોયા પછી આવ્યો. અમે બરફ વચ્ચેની નાની એવી નીકમાં સપડાઈ ગયા હતા. અમારું વહાણ થોડી વાર ઊભું રહીને નહેરમાં થઈને આગળ ચાલવા માંડ્યું. પાછી દીવાનખાનાની બારીઓ બંધ થઈ ગઈ હતી, કારણ કે આ નહેર એટલી બધી સાંકડી હતી કે વહાણ આખું જોખમમાં હતું. લગભગ અરધો કલાક ચાલ્યા પછી પાછો અમારા વહાણને એક નાનો એવો આંચકો લાગ્યો ને વહાણ અટક્યું; વળી બરફ આડો આવ્યો જણાતો હતો!

વહાણ હવે પાછે પગલે ચાલવા માંડ્યું. હું સમજી ગયો કે

આગળનો રસ્તો બંધ થઈ ગયો છે. મૅનોટિરમાં ગતિની દિશા પણ દક્ષિણ દેખાતી હતી.

અમારી ચિંતા ક્ષણે ક્ષણે વધતી જતી હતી. હું એકલો ગભરાવા લાગ્યો. કૉન્સીલને અને નેડને મેં મારી પાસે બોલાવ્યા. 'આપણે આ નહેરમાંથી સહીસલામત બહાર નીકળીએ ત્યાં સુધી તમે બંને મારી પાસે જ રહો, આપણે ત્રણેય સાથે જીવીએ અને સાથે — ' આગળનું વાક્ય હું પૂરું કરી ન શક્યો.

થોડા કલાકો પસાર થઈ ગયા. કલાકના ૨૦ માઈલની ઝડપ આવી ભયંકર જગ્યાએ રાખવાની હિંમત તો કૅપ્ટન નેમો જ બતાવી શકે! અને એ પણ ખરું હતું કે જેટલી ઝડપથી આમાંથી બહાર નીકળાય તેટલી ઝડપ રાખવી એ જ ડહાપણ હતું.

પાછો બીજો આંચકો લાગ્યો. આ આંચકો વહાણના પાછળના ભાગથી આવ્યો હતો. હું લગભગ પડી ગયા જેવો થઈ ગયો. કૉન્સીલે મને પકડી રાખ્યો. અમે ત્રણે જણા વારાફરતી એકબીજા સામે જોતા હતા. થોડી વારે કૅપ્ટન અંદર આવ્યો.

'કેમ, દક્ષિણ બાજુને રસ્તે પણ કંઈક આડું આવ્યું?'

'હા. એક બરફનો પહાડ એ બાજુએ પણ આપણો માર્ગ રૂંધીને પડ્યો છે!' કૅપ્ટને કહ્યું.

'ત્યારે આપણે પુરાઈ ગયા?'

'એમ જ!'

૨૩

છૂટ્યા

અમારા વહાણને બરફે દશેય દિશાએથી ઘેરી લીધું. સઘળી બાજુથી બરફની મજબૂત દીવાલો વચ્ચે અમે સપડાઈ ગયા હતા!

અમે બધા દીવાનખાનાની અંદર સ્તબ્ધ થઈને ઊભા હતા. કૅપ્ટન નેમો સ્થિર દૃષ્ટિએ નીચે જોતો અદબ વાળીને ઊભો હતો; અમે બધા કૅપ્ટન તરફ જોઈ રહ્યા હતા. વહાણ આખું સ્તબ્ધ હતું.

કૅપ્ટન થોડી વારે બોલ્યો: 'ભાઈઓ! હવે બે રસ્તે આપણું મૃત્યુ સરજાયેલું છે.' તેનો શાંત છતાં જરાક ધ્રૂજતો અવાજ આખા વહાણની શાંતિમાં જાણે સૂર પૂરતો હતો. 'કાં તો ચારેય બાજુથી બરફની ભીંસમાં કચરાઈને આપણે મરશું, અથવા તો હવા વગર ગૂંગળાઈને મરશું. ભૂખથી મરશું નહિ, કારણ કે વહાણમાં ખાવાનું તો પુષ્કળ છે. ફક્ત હવા બે દિવસ ને બે રાત ચાલે તેટલી જ ટાંકામાં પડી છે. તે પહેલાં આપણે આ મોતની ગુફામાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરવાનો રહે છે. માણસોને લઈ હું બધી દીવાલો-ને બરાબર તપાસીને જે સૌથી વધારે પાતળી હશે તેને તોડીને તેમાંથી વહાણ કાઢવાની મહેનત કરું છું. મારા માણસો કોદાળી-પાવડા લઈને અને પાણીમાં પહેરવાનો પોશાક ચડાવીને તૈયાર છે. હું જાઉં છું.'

કૅપ્ટન જવાની તૈયારી કરતો હતો, ત્યાં નેડ બોલી ઊઠ્યો: 'હું પણ આવું છું. શું તમે એમ સમજો છો કે અમે બધા અહીં ખાવા જ આવ્યા છીએ? મારા માટે એક પાણીનો પોશાક અને કોદાળી તૈયાર કરાવો. તમને ખાતરી થશે કે આ નેડ હારપૂન ચલાવી

શકે છે, તેમ જ કોદાળી પણ ચલાવી શકે છે.' તેણે આંખો ચડાવી.

'તો ચાલો મારી સાથે.' કેપ્ટને કહ્યું.

નેડની પાસેથી મેં આ આશા નહોતી રાખી. મારામાં ઉત્સાહ આવ્યો ને કેપ્ટનના ગયા પછી હું દીવાનખાનાની બારી ઉઘાડીને બેઠો. થોડી વારે મેં નીચેના બરફના ભાગ ઉપર માણસોને ચાલતા જોયા. કેપ્ટનનું પ્રચંડ શરીર મેં સૌના સરખા પોશાક હોવા છતાં ઓળખી કાઢયું; તે સૌથી મોખરે હતો. હાથમાંનો એક મોટો લોઢાનો સળિયો બરફમાં જુદી જુદી જગ્યાએ તે ખોસતો જતો હતો, અને કંઈક જોતા જતો હતો. છેવટે એક જગ્યા નક્કી થઈ અને કેપ્ટને ત્યાં વહાણના આકારની જ એક મોટી હદ દોરી. માણસો તે હદ ઉપર કોદાળી લઈ ખોદવા મંડી પડ્યા. લગભગ ૭૦૦૦ ઘન યાર્ડ જેટલો ભાગ ખોદવાનો હતો. ત્યાં આગળ બરફનો થર ૩૦ ફૂટ જેટલો જાડો હતો.

કામ તડામાર ચાલવા માંડયું. એક માણસ બે માણસ જેટલા જોરથી કામ કરતો હતો. બરફનાં ચોસલાં ને ચોસલાં ઊખડતાં જતાં હતાં, અને ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતાનુસાર તે નહેરને મથાળે ચોંટી જતાં હતાં.

બે કલાકની સતત મજૂરી પછી નેડ લોથ થઈને મારા ઓરડામાં આવ્યો. કામ કરનારાઓની એક ટુકડી થાકી એટલે કેપ્ટને બીજી ટુકડીને તરત જ રવાના કરી. આમાં હું અને કોન્સીલ બંને જોડાયા. આટલી સખત ઠંડી હોવા છતાં કોદાળીના ત્રણ ઘા માર્યા ત્યાં મારા શરીરમાં ગરમી આવી ગઈ. અમારા પર ૩૦ વાતાવરણનું દબાણ હોવા છતાં મારું શરીર છૂટથી ફરતું હતું.

હું જ્યારે કામેથી પાછો ફરીને મારા ઓરડામાં આવ્યો, ત્યારે ઓરડાની હવામાં મને વિચિત્ર ફેરફાર લાગવા માંડ્યો. મારે શ્વાસ ખૂબ જ જોરથી લેવા પડતા હતા. વહાણની અંદર હવામાં કારબોનિક એસિડનું પ્રમાણ ખૂબ વધી ગયું હતું. ૪૮ કલાકથી આ ને આ જ હવામાં અમે રહેતા હતા; તેમાંથી ઑક્સિજન–પ્રાણવાયુ ખૂબ

જ ઘટી ગયો હતો, અને ખોદાણ તો હજુ લગભગ ૬૦૦ ઘન યાર્ડ જેટલું જ થયું હતું. આ કામ પૂરું કરતા ચાર દિવસ અને પાંચ રાત હજુ લાગવાની હતી. પણ ચોથો દિવસ અમે જોશું કે કેમ તેની કોને ખબર હતી?

તોપણ પ્રયત્નમાં પાછા ન હઠવું એમ નક્કી કર્યું હતું. મરવું તો પછી ઠેઠ સુધી કુદરત સાથે લડીને કેમ ન મરવું? અમે બધા જ મરણિયા થયા હતા. કેપ્ટન નેમો પણ કુદરતની સામો બાંય ચડાવી ઊભો હતો.

રાતોરાત કામ ચાલતું હતું. આખી રાતમાં આખું તળ એક યાર્ડ ઊંડું ખોદાયું હતું. સવારે ઊઠીને હું જ્યારે કામે લાગ્યો ત્યારે મેં જોયું કે વહાણની પડખેની બંને દીવાલો પાસે આવતી જતી હતી. પાણીનો બરફ બહુ ઝડપથી થવા લાગ્યો હતો. બરફના જે ટુકડાઓ અમે નીચેથી કાઢતા તે તરત જ દીવાલમાં જોડાઈ જતા; આ દીવાલો આમ ને આમ વધારે નજીક આવતી જશે તો અમારું વહાણ એ બેની વચ્ચે ક્યારે ભીંસાઈ જશે, તે કહી શકાય એમ નહોતું. પાણીનો બરફ થવાની ક્રિયા કોઈ પણ રીતે વહેલામાં વહેલી તકે અટકાવવી જોઈએ. એક તરફથી વહાણમાં હવાનો સંગ્રહ ખૂટવા આવ્યો હતો, બીજી બાજુથી આ મુશ્કેલી ઊભી થઈ હતી! અમારી કોદાળીઓ વધારે વધારે જોરથી ચાલવા લાગી. હું મોટે ભાગે કામ કરવામાં જ રહેતો હતો; તેમાં એક બીજો ફાયદો હતો. કેપ્ટન નેમોએ નિયમ કર્યો હતો કે જે હવા હજુ ટાંકાંઓમાં છે, તે બહાર બરફ ખોદનારાઓને માટે જ વાપરવામાં આવશે; વહાણની અંદર જે હવા છે, તેમાંથી જ અંદરનાઓએ ચલાવવાનું રહેશે. અને એ નિયમ જ બરાબર હતો. હું જે થોડોઘણો વખત વહાણમાં કાઢતો, તેટલામાં તો ગૂંગળાઈ જતો હતો.

અલબત્ત પાણીમાં પ્રાણવાયુ–ઑકિસજનનું પ્રમાણ ઘણું છે, અને તે જુદું પણ પાડી શકાય; પણ વહાણ અને આસપાસમાં

અમે કાઢેલો જે કારબોનિક એસિડ ગેસ ભરાઈ ગયો હતો તે દૂર કરવા માટે તો કોસ્ટિક પોટાશ જોઈએ, અને તે અમારી પાસે નહોતો. અમે લાચાર હતા!

એ દિવસે સાંજે હવાની ટાંકીમાંથી થોડીક હવા કેપ્ટને વહાણની અંદરના ઓરડાઓ માટે કાઢી. જો આ હવા ન કાઢી હોત તો કદાચ સવારે અમે પથારીમાંથી ઊઠયા જ ન હોત!

૨૬મી માર્ચને દિવસે પંદર ફૂટ ઊંડું ખોદાયું હતું. પડખેની બરફની દીવાલો ધીમે ધીમે નજીક આવતી જતી હતી. મારામાં નિરાશા આવી ગઈ. આટઆટલી મહેનત કરવા છતાં કુદરત અમારા ઉપર જુલમ જ કરતી જાય છે? આમ દુનિયાના નિર્જન ભાગમાં એક બરફ જેવી વસ્તુથી અમારું કમોતે મોત થાય એ વિચારે હું હતાશ થઈ ગયો. કામ પડતું મૂકીને મારા ઓરડામાં હું આવ્યો. કેપ્ટન નેમો તરત જ મારી પાછળ આવ્યો. તે મારે ખભે હાથ દઈને બોલ્યો: 'આ પાણીનો બરફ થતો જો આપણે નહિ અટકાવીએ તો થોડા જ વખતમાં ખલાસ થઈ જશું!'

'મને કાંઈ સૂઝતું નથી.' મેં કહ્યું.

કેપ્ટન થોડી વાર મારા સામું જોઈને પછી નીચે જોઈ રહ્યો. એકાએક તે બોલી ઊઠયો: 'ગરમ ઊકળતું પાણી તૈયાર કરો.'

હું પણ ચમકી ઊઠયો: 'ગરમ ઊકળતું પાણી?'

'હા; વીજળીથી પાણી ગરમ કરીને આપણા પંપ વાટે તે બહાર છાંટો.'

તરત જ એંજિનના ઓરડામાં જઈને તેણે હુકમ છોડયો. પાણી ઘડીકવારમાં ગરમ થયું અને પંપ વાટે બરફ ઉપર તેણે પોતાનું જોર અજમાવવા માંડયું. જે બરફ ભલભલી કોદાળીઓનાં પાનાં બૂઠાં કરી નાખે તે આ ગરમ પાણી પાસે લાચાર થઈ ગયો. આ પાણીનું પ્રમાણ જોકે ખૂબ ઓછું હતું, તોપણ તેણે એટલું તો જરૂર કર્યું

કે નવો બરફ જામતો અટકી ગયો. થરમૉમિટર શૂન્ય ડિગ્રી નીચે ૬ ડિગ્રી સુધી પહોંચ્યું હતું; બે કલાક પછી તે શૂન્ય ડિગ્રી નીચે ૪ ડિગ્રીએ પારો દેખાડવા લાગ્યું.

'આપણે ફાવશું !' કૅપ્ટને ઉત્સાહથી કહ્યું.

મને પણ આશા આવવા માંડી.

૨૭મી તારીખે ૧૮ ફૂટ ઊંડું તળ ખોદાઈ ગયું. બાર ફૂટ હજુ બાકી હતું. હજુ બે દિવસ કામ હતું. બે દિવસ એટલે ૪૮ કલાક. હવા ખૂટવા આવી હતી. હું મારા ઓરડામાં બિછાનામાં ગૂંગળાતો હતો. કૉન્સીલ મારી પડખે જ મને આશ્વાસન આપતો બેઠો હતો. તે પણ ગૂંગળાતો હતો, પણ પોતાનું દુઃખ મારા દુખમાં સમાવી દેતો હતો. મેં તેને ધીમેથી બોલતો સાંભળ્યો; 'જો આપને વધારે હવા મળી શકતી હોય, તો હું શ્વાસ લેવાનું જ બંધ કરું.'

કૉન્સીલની કિંમત મને સમજાવા લાગી. તેનું આ વાકય સાંભળીને મારી આંખ ભીની થઈ. હવે મારો વારો કયારે આવે ને કયારે હું બહાર ફરવા જાઉં કે જ્યાં જોઈએ તેટલી હવા મળે એમ થતું હતું.

થોડોક વખત તાજી હવા અને થોડોક વખત વહાણની ઝેરી હવા એમ ચાલ્યા કરતું હતું. કૅપ્ટન નેમો બરાબર નિયમ પ્રમાણે જ દરેકનો વારો સરખો વખત આવે તેની કાળજી રાખતો હતો. પોતાનો વારો પૂરો થાય કે તરત જ પોતાની હવાની કોથળી બીજાને આપીને પોતે ઝેરી હવાવાળા વહાણમાં બેસતો હતો.

કામ રાક્ષસના બળથી થતું હતું. બીજે દિવસે ફક્ત નવ જ ફૂટ ખોદવાનું બાકી રહ્યું હતું. પણ હવે હવાનાં ટાંકાં લગભગ સાવ ખાલી હતાં. જે થોડીઘણી હવા હતી તે ફક્ત કામ કરનારાઓ માટે જ હતી.

મારો શ્વાસ હવે રૂંધાવા લાગ્યો; આજનો દિવસ હું માંડ કાઢીશ એની મને ખાતરી થઈ હતી. કૅપ્ટન નેમોએ પણ જોઈ લીધું કે કામ કરનારાઓ પણ આજ સાંજ સુધી જ વાપરી શકે

તેટલી હવા બાકી રહી હતી. તેના મનમાં એક નવી યોજના સ્ફુરી આવી. બધા માણુસોને તેણે અંદર બોલાવી લીધા. બરફનું તળિયું હવે ફક્ત ત્રણ જ ફૂટ તોડવાનું હતું. તેણે નક્કી કર્યું કે વહાણને જરા ઊંચે લઈ જઈને એ ખોદાયેલી ખાઈની અંદર જોરથી લઈ જવું. વહાણના જોરને લીધે જ એ ત્રણ ફૂટનું પડ તૂટી જશે અને વહાણ તરત જ પાણીમાં આવી પહોંચશે. આમાં સાહસ તો હતું જ, પણ મરવાને વખતે સાહસ શા માટે ન અજમાવવું?

વહાણને થોડુંક ઊંચું લીધું. ખોદાયેલી ખાઈની ઉપર તે બરાબર તોળાઈ રહ્યું. થોડી વારે કેપ્ટનના હુકમ પ્રમાણે પાણીનાં ટાંકાં જોરથી ભરાવા લાગ્યાં ને વહાણ એકદમ નીચે ઊતર્યું.

હુ મારા ઓરડામાં લગભગ બેભાન અવસ્થામાં પડયો હતો. વહાણ નીચે ઊતર્યું એની મને ખબર હતી. પણ પછીથી મને બધું સ્વપ્ન જેવું લાગ્યું. વળી વચ્ચે મને તાજી હવા મળી. મને થયું કે અમે સમુદ્રની સપાટી ઉપર આવી પહોંચ્યા હશું. પણ ના, એમ નહોતું. કોન્સીલ અને નેડની હવાની કોથળીમાં જે થોડીક હવા રહી ગઈ હતી તે પોતાને માટે નહિ વાપરતાં તેઓ મને આપી રહ્યા હતા. મેં સૂતાંસૂતાં મારી ભીની આંખ તેમના તરફ ફેરવી. કોન્સીલે મારી આંખ લૂછી. હું ફરી પાછો આંખ મીંચી ગયો અને બેભાન થઈ ગયો.

જ્યારે આંખ ઉઘાડીને મેં ઘડિયાળ સામે જોયું ત્યારે ૨૮મી તારીખના સવારના અગિયાર વાગ્યા હતા. નૅાટિલસની ગતિ કલાક-ના ૪૦ માઈલની હતી. આ શું? કેપ્ટન નેમો કયાં? આ વહાણ કયાં જાય છે? મેનોમિટરમાં જોયું તો અમારું વહાણ દરિયા-ની સપાટીથી ફક્ત ૨૦ ફૂટ જ ઊંડે હતું! એક બરફનું પાતળું પડ જ અમારી અને સમુદ્રની સપાટી વચ્ચે આડું હતું. એ પડ નહિ તૂટે? શી ખબર પડે? પણ નૅાટિલસ પોતાનો બધો પ્રયત્ન કરી છૂટવાનું હતું. તેના પાછળના ભાગમાં આવેલાં ટાંકાઓમાં

ખૂબ પાણી ભરવામાં આવ્યું, તેથી તે ભાગ નમ્યો ને આગલો ભાગ ઊંચો થયો. આવી રીતે ત્રાંસું થઈને તેણે પોતાનો પંખો જોરથી ફેરવવા માંડ્યો. બરફ ધીમે ધીમે તૂટવા માંડ્યો. અને આખરે બરફના એ પડને વીંધીને તીરની જેમ આખું વહાણ હવામાં ઊછળીને સમુદ્રની સપાટી ઉપર આવી પછડાયું !

બધા ઓરડાઓનાં બારણાં ઊઘડી ગયાં, અને તાજી હવાનો ધોધ આખા વહાણમાં જોતજોતામાં ફેલાઈ ગયો !

૨૪

નેમોની આંખે આંસુ

મારામાં નવો પ્રાણ આવ્યો. હું વહાણના તૂતક ઉપર કઈ રીતે પહોંચ્યો તેની ખબર ન પડી, પણ જ્યારે હું ભાનમાં આવ્યો ત્યારે મારી આસપાસ સમુદ્રનાં મોજાં ઉછાળા મારી રહ્યાં હતાં, અને ઠંડો પ્રાણદાયી પવન મારાં ફેફસાંને ભરી રહ્યો હતો.

'હવાની કિંમત અત્યારે સમજાય છે.' નેડે કહ્યું.

'નેડ ! તમો બંને ન હોત તો આ હવા લેવાનું મારા નસીબમાં ન રહેત ! તમારો તો જેટલો આભાર માનું એટલો ઓછો છે.' મેં કહ્યું.

'એમાં કાંઈ અમે મોટી વાત કરી નહોતી; એમાં સાદું ગણિત જ હતું. અમારા બે કરતાં તમારી કિંમત વધારે હતી એટલે તમને જિવાડવા જ જોઈએ ને !' નેડે કહ્યું.

'ના ના; હવે તો તમે એમ સાબિત કર્યું છે કે મારા કરતાં પણ તમારા જેવા ઉદાર જીવોની કિંમત વધારે છે !' મેં કહ્યું. 'અને કોન્સીલ ! તેં બહુ સહન કર્યું, નહિ ?'

'ના ના. આ વખતે જો હું કાંઈ ન કરું તો શું અમેરિકાની હોટલમાં જ તમારી – ના ના, આપની પાસે રહી મોજ માણવા માટે બંધાયેલો છું ?' કોન્સીલે કહ્યું.

'આપ'ને બદલે 'તમે' બોલાઈ જવામાં થયેલો ક્ષોભ કોન્સીલના મોઢા પર સ્પષ્ટ દેખાતો હતો.

'પ્રોફેસર સાહેબ ! તમે જો એમ માનતા હો કે અમે તમારા પર ઉપકાર કર્યો છે, તો મેં પણ તેના બદલા માટેનું કામ તમારા માટે તૈયાર જ રાખ્યું છે.' નેડે કહ્યું.

'શું ?'

'જ્યારે હું આ વહાણમાંથી નાસી છૂટવાની તૈયારી કરું ત્યારે તમારે સાથે રહેવાનું છે.'

'ઓહો, એ તો નક્કી જ છે ને! હા, પણ આપણે કઈ દિશામાં જઈએ છીએ? આ સૂર્ય સામે દેખાય છે, એટલે ઉત્તર દિશા તરફ જ વહાણ જાય છે, એ વાત નક્કી.'

અમારું વહાણ શિકારીના પંજામાંથી છૂટેલા હરણની જેમ ઉત્તર દિશા તરફ નાસતું જતું હતું.

'હવે કાં તો કૅપ્ટન નેમોનો વિચાર ઉત્તર ધ્રુવની હવા ખાવાનો લાગે છે!' નેડે કહ્યું.

'તોયે આપણાથી ક્યાં ના પડાય તેમ છે?' મેં કહ્યું.

'પણ આપણે તો વચ્ચે રસ્તામાં જ વહાણને છોડી દેવું પડશે. હવે કાંઈ કૅપ્ટન રજા આપે તેની રાહ જોવાશે નહિ.' નેડે કહ્યું.

'આપણે તો જુદા પડવામાંયે વાંધો નથી, અને સાથે રહેવામાંયે વાંધો નથી.' કૉન્સીલે પોતાનો નમ્ર અભિપ્રાય જણાવ્યો.

પહેલી એપ્રિલે જ્યારે અમારું વહાણ તાજી હવા લેવા માટે દરિયાની સપાટી ઉપર આવ્યું ત્યારે અમારી નજરે જમીન દેખાઈ.

એ 'ટેરા-ડેલ-ફ્યુગ'નો પ્રદેશ હતો. દક્ષિણ અમેરિકા અને આ પ્રદેશ વચ્ચે એક સામુદ્રધુની વહે છે. તેનું નામ મૅગેલનની સામુદ્રધુની. મૅગેલન નામના એ પ્રખ્યાત સાહસી વહાણવટીએ લગભગ ૧૬મા સૈકામાં આની શોધ કરી હતી.

અમારું વહાણ કિનારે ચડયા સિવાય ફૉકલૅન્ડના બેટા તરફ ચાલ્યું. ત્યાંથી દક્ષિણ અમેરિકાના પૂર્વ કિનારાની સાથે સાથે જ તે ઉત્તરમાં આગળ વધવા લાગ્યું. વહાણ ક્યાંયે કિનારે ઊતરતું ન હતું. એક તો કિનારો જ ખૂબ ખરાબ હતો, અને બીજું માણસો-ની વસ્તીવાળો ભાગ જ એવો હતો કે જ્યાં ન ઊતરી શકાય. અને નેમો કાંઈ માણસની વસ્તીમાં થોડો જ જાય?

'પ્લેટ' નદીના મુખને વટાવી 'ઉસગાપ'ના પ્રદેશનો કિનારો અમે વટાવી ગયા. બ્રાઝિલનો ગરમ પ્રદેશ પણ અમારી પડખે થઈને પસાર થઈ ગયો. ૧૧મી એપ્રિલે અમે ઍમેઝોનના મુખ આગળ આવી પહોંચ્યા. ઍમેઝોન નદી દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કિનારાથી પૂર્વ કિનારા સુધીના ભાગને કંદોરાની જેમ વીંટળાઈ વળેલી છે. તેનું મુખ જ સમુદ્ર જેવું છે. ઍમેઝોનના જોરને લીધે ત્યાં આટલાં-ટિક મહાસાગરનું પાણી પણ કેટલાક માઈલો સુધી મીઠું રહે છે. વિષુવવૃત્ત બરાબર આ ઍમેઝોનના મુખમાં થઈને પસાર થાય છે.

અમે વિષુવવૃત્ત વટાવી ઉત્તર ગોળાર્ધમાં આગળ ચાલ્યા. ફ્રેંચ ગિયાનાનો કિનારો પણ અમને દૂરથી દેખાયો; તેની પડખે જ ડચ અને બ્રિટિશ ગિયાનાના પ્રદેશો આવેલા છે. આ ભાગ વટાવ્યો એટલે નાના નાના કેટલાય બેટાની એક હાર શરૂ થઈ.

આ બેટાની હારને એક બાજુ રાખીને અમારું વહાણ એંટિ-લીસ ટાપુઓના સમુદ્રમાં પેઠું અને ડૂબકી મારી ઠેઠ બાહામાના ટાપુઓ પાસે નીકળ્યું. કિનારાથી ઘણે દૂર રહ્યું રહ્યું અમારું વહાણ અહીં બહાર હવા ખાતું હતું. નેડલૅન્ડની આશાઓ એક પછી એક બેટા આવતાં બંધાતી, અને તે બેટા પસાર થઈ જતાં તૂટી જતી। કઈ રીતે જેલમાંથી નાસી છુટાશે એમ એને ક્ષણે ક્ષણે થતું હતું. હું તથા કૉન્સીલ તો અમારો વખત જાતજાતની દરિયાની સમૃદ્ધિઓ જોવામાં કાઢતા હતા, પણ નેડનું શું? તેને ખાવા અને શિકાર કરવા સિવાય એક પણ વિષયમાં રસ નહોતો.

અમારું વહાણ એક દિવસ સવારમાં દરિયાના કિનારા ઉપર હવા ખાતું હતું. હું હજી ઊંઘમાંથી પૂરેપૂરો જાગ્યો નહોતો; ત્યાં મારા કાન ઉપર 'મદદ! મદદ!' એવી બૂમ પડી. આ શબ્દો ફ્રેંચ ભાષામાં બોલાયા હતા. હું તરત જ દોડતો દોડતો તૂતક ઉપર પહોંચી ગયો. હું પહોંચ્યો તેની સાથે જ કૅપ્ટન નેમો, નેડ તેમ જ વહાણના બીજા માણસો પહોંચી ગયા હતા. તૂતક ઉપર ધમાલ હતી.

પડખે જ સમુદ્રના પાણીમાં ભારે ખળભળાટ હતો હું વસ્તુસ્થિતિ ઘડીકવારમાં સમજી ગયો. 'પોલ્પ ' નામનાં આઠ પગવાળાં દરિયાઈ વિચિત્ર પ્રાણીઓએ અમારા વહાણ ઉપર હલ્લો કર્યો હતો, અને એક માણસને તો એક પ્રાણીએ પકડયો પણ હતો.

કેપ્ટન નેમોનું સ્વરૂપ આજે જેવું રૌદ્ર હતું તેવું મેં કદી નહિ જોયેલું. પેલો પકડાયેલો માણસ ફ્રાન્સનો જ હતો એમ મને ખાતરી થઈ કારણ કે આફતને વખતે માણસ બીજી ગમે તેટલી ભાષાઓ જાણતો હોવા છતાં પોતાની માતૃભાષા જ બોલી ઊઠે છે. આ વહાણ ઉપર મારા જ દેશનો એક માણસ આટલા વખતથી છે એની મને આજે જ ખબર પડી. પણ ખબર પડી તે ઘડીએ એ માણસ મૃત્યુના મુખમાં હતો ! મારા હૃદયમાં ભારે વિચિત્ર લાગણી ઊભરાતી હતી. હું ઉશ્કેરાઈ ગયો હતો; પણ શું કરું ? આ ભયંકર પ્રાણીઓ પાસે મારું શું ચાલે ? કેપ્ટન નેમો અને નેડ પોતાનાં શસ્ત્રો લઈને તેમના પર હલ્લો કરતા હતા, પણ એથી તો ઊલટા વધારે ચિડાઈને એ પ્રાણીઓ વહાણના તૂતક ઉપર ચડવાનો પ્રયત્ન કરવા માંડયાં. પેલા માણસને છોડાવવો એ બની શકે તેમ જ નહોતું. મેં સાંભળેલી તેની બૂમ એ છેલ્લી જ બૂમ હતી. મેં આસપાસનું પાણી લોહીવાળું જોયું અને મારી આંખે તમ્મર આવી ગયાં !

નેડ પણ આજે તો રંગમાં આવી ગયો હતો; પોતાના હાર-પૂનથી તેણે ઘણાં પ્રાણીઓની આંખો જ ફોડી નાખી; પણ દરમિયાન તેની પોતાની જરા ગફલતને લીધે તેનો પગ સરકયો અને તે પાણીમાં પડી ગયો. તરત જ એક ભયંકર પ્રાણી પંખા જેવા આઠ પગ લઈને તેના ઉપર ધસી આવ્યું. નેડ તરીને તૂતક ઉપર ચડી જાય તે પહેલાં તો પેલું પ્રાણી નજીક આવી પહોંચ્યું, અને પોતાના આઠે પગો અથવા હાથોથી તેને પકડવાની તૈયારીમાં હતું. હું નેડને બચાવવા માટે કૂદી પડવા તૈયાર થયો હતો, ત્યાં તો કેપ્ટન નેમોનો ભાલો પેલા પ્રાણીના મોઢામાં પેસી ગયો. દરમિયાન નેડ પણ સાવધ

થઈ ગયો, અને તેનું હારપૂન પોલ્પની છાતીમાં ભોંકાઈ ગયું.

'હાશ!' નેડે છુટકારાનો દમ ખેંચ્યો.

લગભગ ૧૦-૧૫ મિનિટ સુધી આ પ્રાણીઓ અને વહાણના માણસો વચ્ચે યુદ્ધ ચાલતું હતું. આખરે કેટલાંક નાસી ગયાં ને કોઈ કોઈ તો મરી ગયાં!

કેપ્ટન લોહીથી ખરડાયેલો મૂંગો મૂંગો કેટલીયે વાર સુધી સમુદ્રનાં પાણી તરફ જોતો ઊભો રહ્યો. આ સમુદ્રે તેના જીવનના એક સાથીનો ભોગ લીધો હતો!

કેપ્ટનને આજે મેં પહેલી જ વાર રડતો જોયો.

૨૫

રજા નહિ મળી શકે

તે દિવસનું દૃશ્ય તો હું કદી નહિ ભૂલું. પેલી ફ્રેન્ચ ભાષામાં પડેલી કરુણ ચીસ નિરંતર મારા કાનમાં ગુંજ્યા કરે છે. નેડ પરનો પેલો ભયંકર પ્રાણીનો હલ્લો અને કેપ્ટન નેમોએ કરેલો તેનો બચાવ, એ દેખાવ હજુ મારી આંખ આગળ તર્યા કરે છે, અને જાણે અત્યારે જ એ બનતો હોય તેમ મારાં રૂંવાડાં ખડાં થાય છે. કેપ્ટન નેમોનું રુદન અને આંસુ તો કદી નહિ ભુલાય! એવા માણસો કદી રોતા નથી, અને રુએ છે ત્યારે હૈયાફાટ રુએ છે, તથા જોનારનું હૈયું પણ હલાવી દે છે!

અને આ મૃત્યુ પણ કેટલું ભયંકર હતું! પૉલ્પના ભયંકર સકંજામાં સપડાયેલ, છૂંદાયેલ અને ફાટેલી આંખોવાળું તેનું મોઢું એક ક્ષણ જ હું જોઈ શક્યો હતો; પણ તેની છાપ મારા હૈયામાં કાયમની પડી ગઈ છે!

મારા દેશનો માણસ પણ કેપ્ટન નેમો સાથે દુનિયા સામે બહારવટું ખેડી રહ્યો હતો! કેપ્ટન નેમો પાસે આ માણસ કઈ રીતે આવ્યો હશે? આ લોકોનું એક મંડળ તો નહિ હોય?

આ બનાવ પછી કેપ્ટન નેમો ભાગ્યે જ બહાર દેખાતો. થોડા દિવસ તો વહાણ પણ ગાંડાની જેમ આમતેમ ભટકતું, ફરતું અથવા તો પડ્યું રહેતું.

લગભગ દસ દિવસ આ પ્રમાણે શોકમાં પસાર થઈ ગયા. અમારું વહાણ ઉત્તર દિશા તરફ આગળ વધ્યું. અમે મેક્સિકોના અખાતમાં થઈને દુનિયા ઉપરના એક મોટા દરિયાઈ પ્રવાહમાં પેઠા. આ પ્રવાહ તેની લંબાઈ પહોળાઈ તથા વેગ માટે પ્રસિદ્ધ છે. અમારું

વહાણુ આ પ્રવાહમાં પડ્યું એટલે તેના વેગમાં આપોઆપ તણાવા લાગ્યું. પ્રવાહ ઠેઠ ન્યુફાઉન્ડલૅન્ડ સુધી ઉત્તરમાં જ જતા હતા. અમેરિકાના કિનારા તા અમારે દૂરથી જ જરા જરા જોવાના રહ્યો હતો.

નેડલૅન્ડ આ દૂરથી દેખાતા અમેરિકાના કિનારા જોઈને મનમાં બળતા હતા. રાતદિવસ નાસી છૂટવાના જ વિચારા તેના મગજમાં ઘોળાયા કરતા હતા. કેટલીયે યોજનાઓ તેણે મનમાં ઘડી અને પાછી તોડી નાખી અને વળી નવી ઘડી; પણુ દરમિયાન તા દરિયામાં તોફાન વધવા લાગ્યું. આ બાજુના દરિયો ખૂબ તોફાની ગણાય છે. 'ગરમ પ્રવાહ'ની અસરને લીધે અહીં દરિયા ઉપર અવારનવાર તોફાન થયા જ કરે છે. આ તોફાનમાં એક નાની હોડી લઈને નાસી છૂટવું, એટલે મૃત્યુના જ મોઢામાં પડવાનું હતું !

એક દિવસ અકળાઈને તે મારી પાસે આવ્યો. 'પ્રૉફેસર સાહેબ! હવે આના કંઈ અંત આવશે કે નહિ? તમારા નેમો તો ઊંધું ઘાલીને ઉત્તરમાં ને ઉત્તરમાં જ ઝીંકયે જાય છે. ઠેઠ ઉત્તર ધ્રુવમાં કયાંઈક બરફમાં વહાણુ ખૂંચી જશે, ત્યારે ભાઈની આંખ ઊઘડશે! દક્ષિણ ધ્રુવ જોઈને હું તો ગળા સુધી આવી ગયો છું; હવે ઉત્તર ધ્રુવ જોવાની મારી જરાયે ઇચ્છા નથી.'

'હા, પણ કરવું શું?' મેં કહ્યું.

મને એમ જ લાગે છે કે તમારે જાતે કૅપ્ટન પાસે જઈને આ વાત કરવી, અને રીતસર તેની રજા માગવી. અને તમે તે માગતાં બીતા હો તો આ વખતે હું પોતે જ તેની પાસે જઈશ. હવે સમુદ્ર ભલે તોફાની હોય, પણુ એ મારા અખાત છે. ન્યુફાઉન્ડલૅન્ડની પાસેના અખાત એ મારા જ અખાત છે. અહીં જો કૅપ્ટન રજા નહિ આપે તો હું દરિયામાં પડતું મૂકીને, તરીને નાસી છૂટીશ. હવે મારાથી રહેવાતું નથી.' નેડ આકળો થયો.

નેડની ધીરજની હદ આવી ગઈ હતી, એમ મેં જોયું. તરવરિયો જીવ આટલા મહિના સુધી આ વહાણમાં પુરાઈ શકયો તે

જ નવાઈ હતી. આની અસર તેના મન ઉપર ને શરીર ઉપર થઈ હતી. તે વધારે ને વધારે ચીડિયો અને ફિક્કો થતો જતો હતો. સાત મહિનાથી પૃથ્વી ઉપર શું બને છે તેની અમને ખબર નહોતી.

'કેમ?' નેડે ફરી બોલાવવાનો પ્રયત્ન કર્યો.

'હા; પણ તેણે એક વાર તો આપણને ચોખ્ખું સંભળાવી દીધું છે.'

'તોયે ફરી એક વાર. આ વખતે કેવું સંભળાવે છે તે મારે જોવું છે.'

'પણ હમણાં તે મને મળતો જ નથી.' મેં કહ્યું.

'તે આપણને ન મળે; આપણે તો તેને મળી શકીએ ને?'

'તો હું તેને પૂછી જોઈશ.'

'ક્યારે?'

'એ મને મળશે ત્યારે.'

'ત્યારે તમે નકામી વાતો ન કરો. હું જ હમણાં તેની પાસે જાઉં છું.' નેડ ઊભો થયો.

'ના ના, હું જ તેની પાસે જઈશ; કાલે—'

'ના. આજે જ.'

'ઠીક, આજે જ જઈશ.'

નેડ ગયો. થોડી વાર હું એકલો વિચારમાં બેસી રહ્યો. કેપ્ટન પાસે કઈ રીતે જવું ને વાત ઉપાડવી, તે બધું મનમાં ગોઠવવા લાગ્યો; ને નિશ્ચય કરીને ઊપડ્યો.

'કેપ્ટન નેમોની ઓરડી આગળ આવીને મેં બારણું ઠોક્યું. કંઈ અવાજ ન આવ્યો. મેં બારણાને ધક્કો માર્યો; બારણું ઊઘડી ગયું. હું અંદર ગયો. કેપ્ટન નેમો ઊંધું માથું નાખીને ટેબલ ઉપર કંઈક લખી રહ્યો હતો. મારા આવવાની તેને કંઈ ખબર ન પડી. હું તેની પાસે ગયો ને ઊભો રહ્યો. તેણે ઊંચું જોયું, અને જાણે નવાઈ પામ્યો હોય એમ તથા જરાક તોછડાઈથી પૂછ્યું : 'તમે

અહીં ? શા માટે આવ્યા છો ?'

'તમારી સાથે થોડીક વાતચીત કરવી છે.'

'પણ હું અત્યારે કામમાં છું. તમને આપેલી છૂટનો જરા વધારે પડતો લાભ તમે લો છો.'

શરૂઆતમાં જ આવાં વેણુ સાંભળવાનાં મળ્યાં તેથી હું જરાક નિરુત્સાહ તો થયો પણ નક્કી કરેલી વાત તેને કર્યા સિવાય ન જવું એવો મારો નિશ્ચય હતો એટલે હું બોલ્યો : 'પણ મારે એક એવી વાત કરવી છે, જે અત્યારે જ કરવી જોઈએ.'

'એવું તે શું છે ? તમે દરિયામાં કંઈ નવી શોધ તો નથી કરી ?' હું તેનો જવાબ આપું તે પહેલાં ફરી તેણે ચલાવ્યું : 'જુઓ, આ હું લખું છું તે પુસ્તક છે. દરિયાના મારા બધા અનુભવો મેં આમાં લખ્યા છે. આમાં હું મારા મરણની છેલ્લી ઘડી સુધીનો મારો ઇતિહાસ અને અનુભવો લખવા માગું છું. અને મરતી વખતે મારું ખરું નામ નીચે લખીને આ હસ્તલિખિત પ્રતને એક મજબૂત પેટીમાં બંધ કરીને આ સમુદ્રમાં છોડી મૂકીશ; જે વાંચે તે ખરો ! અને કોઈ નહિ વાંચે તો સમુદ્ર તો તેને જરૂર સંઘરશે.'

હું વિચારમાં પડ્યો. આ ભેદી માણસનો ઇતિહાસ મારી સામે જ પડ્યો છે—તેને પોતાને જ હાથે લખાયેલો ! ત્યારે તો એક દિવસ ભેદ ખૂલશે ખરો.

મેં તરત જ વાત ઉપાડી લીધી. 'કેપ્ટન સાહેબ ! હવે તમે બરાબર મારા મતને મળતા થયા. તમારું આવું ચમત્કારિક જીવન દુનિયા ન જાણે તો એક મોટી ખોટ આવી ગણાય. પણ તમે તમારું જીવન પ્રસિદ્ધ કરવાની રીત બહુ જ વિચિત્ર રાખી છે. એવી રીતે તો પેટીને રખડતી મૂકી દેવામાં જોખમ છે, એના કરતાં તો તમારામાંથી કોઈ...'

'ના ના !' કેપ્ટને મને વચ્ચેથી જ અટકાવ્યો.

'તો અમારા ત્રણમાંથી કોઈને પણ તે નકલ તમે આપો

અને અમને છૂટા કરો.'

'છૂટા કરવાની વાત ?'

'હા, અને તે જ વાત કરવા માટે તમારી પાસે હું આવ્યો છું. સાત મહિનાથી અમે અહીં પુરાઈ રહ્યા છીએ. હવે અત્યારે અમે તમારી પાસેથી છૂટા થવાની રજા માગીએ છીએ. તમે રજા આપવા માગો છો કે અમને અહીં પૂરી રાખવા માગો છો ?'

'પ્રોફેસર ! સાત મહિના પહેલાં મેં તમને કહ્યું હતું, તે જ અત્યારે પણ હું તમને કહું છું કે મારા વહાણમાં જે એક વખત આવે છે, તે કદી પાછો નીકળતો નથી !'

'એટલે તેનો અર્થ ગુલામી...'

'તમારે જે કહેવું તે કહો.'

'પણ ગુલામો અમુક મુદતે તો છૂટા થવાનો હક્ક ધરાવે છે.'

'તો અહીં તેથી પણ ખરાબ છે, એમ માની લો.'

'જુઓ, કૅપ્ટન સાહેબ ! હું સાચી વાત જણાવી દઉં. મને પોતાને તમારી સાથેની આ મુસાફરીમાં અત્યાર સુધી જે આનંદ આવ્યો છે, તે મારી આટલી જિંદગીમાં ક્યાંયે નથી આવ્યો. તમારી જેમ હું પણ આ જ સમુદ્રમાં જીવનપર્યંત આ અદ્‌ભુત દશ્યો જોતો રહું એમ થાય છે. પણ તમારું જીવન અને અમારું જીવન જુદાં છે. તમારી રીતભાત એ કદી અમારી રીતભાત થઈ શકે તેમ નથી. તમારા દુઃખે દુઃખી અને તમારા સુખે સુખી થઈએ એટલા અમે સહૃદયી છીએ. અને મારી વાત જવા દો, તોપણ નેડ આખરે માણસ છે; માણસની વસ્તી સિવાય ઘડીકે રહી ન શકે એવી જાતનો એ માણસ છે. એના મનમાં ઊથલપાથલ મચી રહી હશે તેનો તમને ખ્યાલ —'

કૅપ્ટન નેમો ઊભો થઈ ગયો. હું બોલતો બંધ થઈ ગયો. 'નેડ શું વિચારે છે ને તેના મનમાં શું થાય છે એ જાણવાની મારે જરૂર નથી. મેં તેને વહાણ ઉપર બોલાવ્યો નહોતો; તેમ મને તેની

સોબત ગમે છે એટલા માટે મેં તેને વહાણ પર રાખ્યો પણ નથી. આથી વિશેષ હું તમને કાંઈ જવાબ આપી શકું તેમ નથી. આ વિષેની આપણી આ વાતચીત પહેલી અને છેલ્લી જ છે, એમ માની લેજો. હવે હું એક પણ શબ્દ સાંભળવા કે બોલવા માગતો નથી.'

કેપ્ટન ચાલ્યો ગયો. અમારે હવે એક માર્ગ બાકી હતો અને તે નાસી છૂટવાનો પ્રયત્ન કરવાનો; જીવતા કે મૂએલા પણ આ વહાણમાંથી બહાર નીકળવું જ! મેં મારા સાથીઓને આ બધી વાત જણાવી.

'ગમે તેવું તોફાન હોય તોય નાસી છૂટવું, એ વાત નક્કી.' નેડે પોતાનો મત જાહેર કર્યો.

પણ આકાશ વધારે ને વધારે ભયંકર થતું ગયું, અને સમુદ્રને પોતાની સાથે જ ભયંકર કરતું ગયું. આભ અને દરિયો જાણે એક થઈ ગયાં હતાં!

૨૬

નેમોનું રૌદ્ર સ્વરૂપ

અઢારમી તારીખે તો તોફાન તેના ખરા સ્વરૂપમાં પ્રકાશી ઊઠ્યું. વરસાદ અને પવન બંને સાથે શરૂ થયાં, પહાડ જેવાં મોજાંઓ ઊછળી ઊછળી જાણે આકાશને અડવા મથતાં હતાં, આકાશ ઘનઘોર છવાઈ ગયું હતું.

કેપ્ટન નેમો આવા તોફાનમાં પણ વહાણના તૂતક ઉપર ઊભો હતો. પોતાની કેડે એક દોરડું બાંધીને તે દોરડાનો છેડો તૂતકના એક દાંડા સાથે તેણે બાંધી રાખ્યો હતો. હું પણ કોઈ કોઈ વાર આ રીતે વહાણના તૂતક ઉપર આ તોફાન જોવા જતો હતો. સમુદ્ર આખો જાણે મોજાંઓનો જ બનેલો જ હતો! મોજાંઓ ૪૫ ફૂટની ઝડપથી ઊછળતાં હતાં.

રાત્રે વળી તોફાનનું જોર વધ્યું. રાત્રે મેં દૂર એક સ્ટીમરના દીવાઓ જોયા. આવે વખતે આ સ્ટીમર કુદરત સાથે કેટલું યુદ્ધ કરી રહી હશે! થોડી વારમાં તો તે દેખાતી બંધ થઈ ગઈ. કાં તો ડૂબી અથવા તો પસાર થઈ ગઈ!

રાત્રે વીજળીના ચમકારાઓ થવા લાગ્યા; જાણે આકાશમાં આગ લાગી. એ ચમકારા ઝીલતો કેપ્ટન નેમો તો રાત્રે પણ વહાણ ઉપરના તૂતક ઉપર ઊભો હતો! વહાણ આખું ઝોલે ચડતું. કોઈ માણસ વહાણની અંદર પણ પગ માંડીને ઊભો નહોતો રહી શકતો.

રાતના આશરે બારેક વાગે કેપ્ટન નેમો વહાણની અંદર આવ્યો. પાણીનાં ટાંકાં ભરાવા માંડ્યાં; વહાણ નીચે ઊતરવા લાગ્યું. વહાણ લગભગ ૨૫ વામ ઊંડે ગયું; ત્યાં સુધી પાણી શાંત નહોતું. તોફાનની આટલે ઊંડે સુધી અસર હતી.

પણ ત્યાં કેટલી શાંતિ હતી! કોણ કહી શકે કે દરિયાની સપાટી ઉપર તોફાન ચાલે છે!

આ તોફાનને લીધે અમારું વહાણ લગભગ પૂર્વ દિશા તરફ વળી ગયું હતું. અમેરિકાના કિનારા તરફ છટકીને જવું એ હવે અશક્ય હતું. નેડને તો એમ જ થઈ ગયું કે કુદરત જ પોતાની વિરુદ્ધ છે. અધૂરામાં પૂરું તોફાનની સાથે જ ધુમ્મસ પણ આખો દિવસ રહેતું. સાધારણ વહાણ કદાચ તોફાન સાથે ટક્કર ઝીલે, પણ આ ધુમ્મસની સામે તેનું કાંઈ ચાલી શકતું નથી. કેટલાંયે વહાણો આ ધુમ્મસની અંદર સામસામા અથડાઈને કે કોઈ ખડક સાથે અથડાઈને દરિયાને તળિયે બેસી ગયાં હશે!

જોતજોતામાં અમારું વહાણ ન્યુફાઉન્ડલૅન્ડના દક્ષિણ કિનારાને અડયું ન અડયું અને સીધું પૂર્વમાં આયર્લૅન્ડના દક્ષિણ કિનારાથી લગભગ ૧૨૦ માઈલ દૂર જેટલે આવી ગયું.

આ વહાણ તે ક્યાં જતું હશે? ઈંગ્લાંડ તથા ફ્રાંસનાં પણ અમને દર્શન કરાવવાનો આનો વિચાર નથી શું? અમને એ અમારા વહાલા કિનારાઓ બતાવીને વધારે સતાવવાનો તો એનો વિચાર નથી શું? પણ અહીંથી વહાણ પાછું દક્ષિણ દિશામાં ઊતરવા લાગ્યું.

૩૧મી મેનો આખો દિવસ નોટિલસે ભમવામાં જ પસાર કર્યો. જાણે દરિયામાં કોઈ ખોવાયેલી વસ્તુ હોય એમ દરિયાની અંદર તે આંટા મારતું હતું.

બીજે દિવસે સવારે એકાએક વહાણે ડૂબકી મારી. વહાણ લગભગ ૪૧૮ વામે અટક્યું. દીવાનખાનાની બારીઓ ખોલી નાખવામાં આવી. વીજળીનો પ્રકાશ પાણીમાં છોડવામાં આવ્યો. મેં પાણીમાં શું જોયું? એક મોટા વહાણનું હાડપિંજર! તેના ઉપર ઠેરઠેર નાનાંમોટાં શંખલાંઓ ચોંટી ગયેલાં હતાં. કેપ્ટને મારી પાસે આવીને આ વહાણ બતાવ્યું. 'આજથી ૭૪ વર્ષ પહેલાં માલથી ભરેલું આ ફ્રેંચ વહાણ

અંગ્રેજોની સામેની લડાઈમાં હારવાની અણી ઉપર હતું ત્યારે તાબે થવાને બદલે રાજીખુશીથી પોતાના ૩૫૩ ખલાસીઓની સાથે જ આ જગ્યાએ ડૂબી ગયું હતું. તે જ આ વહાણ!

'ઓહો! ત્યારે તો આ પેલું વેન્જિયર હશે?' હું બોલી ઊઠ્યો.

'હા, એ વેન્જિયર! એ જ અમર વહાણ!' કેપ્ટન ધીમેથી બોલ્યો. અને કેટલીયે વાર સુધી એ છિન્નભિન્ન થઈ ગયેલા વહાણ તરફ મીટ માંડીને જોઈ રહ્યો. હું પણ આ ભેદી માણસની સામે કેટલીય વાર સુધી તાકી રહ્યો. આ માણસ ફક્ત શોખને ખાતર જ આવું વહાણ લઈને નથી નીકળી પડ્યો; પણ તેની પાછળ કોઈ અજબ ઇતિહાસ હોવો જોઈએ, એમ મને વધારે દૃઢતાથી લાગવા માંડ્યું. દુનિયાની જીત પામતી જતી પ્રજા તરફનો તેનો તિરસ્કાર, અને હારેલી પ્રજા તરફનો પક્ષપાત ચોખ્ખો દેખાઈ આવતો હતો.

દરમિયાન અમારું વહાણ પાછું દરિયાની સપાટી ઉપર આવી પહોંચ્યું. થોડીક જ પળમાં મારા કાન ઉપર એક મોટા ધડાકાનો અવાજ આવ્યો. હું ચમક્યો. મેં કેપ્ટન સામે જોયું; તે કંઈ ન બોલ્યો.

મેં પૂછ્યું : 'કેપ્ટન સાહેબ!'

પણ જવાબ ન મળ્યો.

હું તરત જ વહાણના તૂતક ઉપર પહોંચ્યો. ત્યાં નેડ ઊભો હતો. મેં પૂછ્યું : 'નેડ! શાનો ધડાકો થયો?'

'તોપનો.'

'ક્યાંથી?'

'જુઓ, સામે દૂર વહાણ દેખાય છે ત્યાંથી. તે કોઈ લશ્કરી વહાણ દેખાય છે. થોડા જ વખતમાં આ વહાણ ઉપર હલ્લો કરી આને તે તોડી પાડશે.'

'અરે! આ વહાણ તે તૂટતું હશે?' મેં કહ્યું. 'એ તો ઘડીક-વારમાં દરિયાને તળિયે જઈને બેસશે. ત્યાં એની પાછળ કંઈ પેલું વહાણ ઓછું જ આવવાનું છે?'

તે વહાણ ક્યા દેશનું હતું એ ઓળખી નહોતું શકાતું; પણ ધીમે ધીમે તે પાસે આવતું જતું હતું. તેની નજરે અમારું વહાણ પડ્યું હતું એ વાત તો ચોક્કસ. પણ આ વહાણ છે, એની એને ખબર છે કે કેમ તે કહી શકાય તેમ નહોતું. જો આ વહાણ પાસે આવે અને કેપ્ટન નેમોને તેની ખબર ન રહે તો અમારે નાસી છૂટવાની એક સરસ તક મળી જાય એવું હતું!

'જો એક માઈલનું અંતર એ વહાણ અને આપણી વચ્ચે રહે તો હું તો કૂદીને તરતો તરતો ત્યાં પહોંચી જવાનો! તમારે પણ તેમ જ કરવું.' નેડે કહ્યું.

હું વહાણ તરફ જોતો ઊભો જ હતો. થોડી જ વારમાં ધુમાડાના ગોટા દેખાયા અને અમારી નજીકના પાણીમાં કંઈ ભારે પદાર્થ પડ્યો અને સાથે જ મોટો ધડાકો થયો.

'અરે! આ લોકો તો આપણી સામે જ તોપો ફોડે છે!'

'હા, પણ તેના મનમાં એમ હશે કે આ કોઈ મોટું વહેલ કે એવું પ્રાણી છે.' કોન્સીલે કહ્યું.

'ના ના, મને તો તેમાં શંકા છે. મને તો એમ લાગે છે કે અબ્રાહમ લિંકને અમેરિકા પાછા જઈને લોકોને ખબર આપ્યા હશે કે એ કોઈ દરિયાઈ પ્રાણી નથી પણ વહાણ છે. અને હવે તો એ વહાણનો નાશ કરવા માટે આવાં વહાણો કેટલાંયે ભટકતાં હશે.' મેં કહ્યું.

'કેપ્ટન નેમો હવે શું કરશે?'

મારા મનમાં એક ભયંકર શંકા આવી ને પસાર થઈ ગઈ. 'પેલા વહાણને કેપ્ટન નેમો જીવતું નહિ રહેવા દે!'

દરમિયાન અમારા વહાણની આસપાસ તોપના ગોળાનો વરસાદ વરસતો હતો. એક પણ ગોળો હજુ નોટિલસને અડ્યો નહોતો. ને વહાણ લગભગ ત્રણેક માઈલ દૂર હશે. કેપ્ટન નેમો વહાણ આટલું જોખમમાં હોવા છતાં હજુ ઉપર નહોતો આવ્યો, તેમ વહાણને

પાણીની નીચે પણ લઈ નહોતો જતો. જો એકાદ તોપનો ગોળો બરાબર વહાણ ઉપર આવ્યો, તો વહાણનો ભુક્કો બોલી જાય એમાં મને શંકા નહોતી.

નેડે મને કહ્યું : 'પ્રોફેસર સાહેબ! મને લાગે છે કે આપણે એ વહાણને નિશાનીથી એમ સમજાવીએ કે અમે શત્રુ નથી, મિત્ર છીએ. કેમ ?'

પણ હું જવાબ આપું તે પહેલાં તેણે ખિસ્સામાંથી રૂમાલ કાઢયો અને હાથ ઊંચો કરી ફફડાવવાની તૈયારી કરે છે, ત્યાં તો પાછળથી વજ્ર જેવો હાથ તેના ઉપર પડયો. આ હાથના આંચકાથી તેમ જ બીકથી નેડ પડી ગયો!

'દુષ્ટ!' કેપ્ટન બબડયો, 'તારે વગર મોતે મરવાનો વિચાર લાગે છે, કેમ ?'

કેપ્ટન નેમોનો આ અવાજ જેટલો ભયંકર હતો તેથી વધારે ભયંકર તેનો આ વખતનો સીનો હતો. તેનો ચહેરો ખૂબ ફિક્કો લાગતો હતો. તેનો અવાજ અત્યારે ગાજતો હતો. ધ્રુજતા નેડને તેણે જરા વાંકો વાળીને હચમચાવી નાખ્યો.

પણ તરત જ તેને એક બાજુ મૂકીને પેલા દૂર દેખાતા વહાણ તરફ તે ફર્યો : 'એ કમભાગી પ્રજાના વહાણ! તું જાણે છે હું કોણ છું ? મારે તને ઓળખવાની જરૂર નથી. તારે મને ઓળખવો હોય તો જો આ નિશાની!' એમ કહીને પોતાનો કાળો વાવટો હવામાં ફરકાવ્યો. આ જ વાવટો તેણે દક્ષિણ ધ્રુવ પર પણ ફરકાવ્યો હતો.

એ જ ઘડીએ એક બીજો ગોળો બરાબર વહાણની નજીક આવીને પાણીમાં પડયો.

'નીચે જાઓ!' કેપ્ટન નેમોએ પોતાના ખભા સહેજ હલાવ્યા. 'તમે ત્રણેય જણા નીચે જાઓ!'

'કેમ, પેલા વહાણ ઉપર તમે હલ્લો કરવાના છો ?' મેં પૂછયું.

'હા. હું તેને ડુબાડી દેવાનો છું.'

'તેમ ન કરતા.' મેં કહ્યું.

'હું એમ જ કરીશ! મને સલાહ આપવાની જવાબદારી તમારા ઉપર ન રાખો. યુદ્ધ શરૂ થઈ ગયું છે; સામા પક્ષે જ શરૂ કર્યું છે. તેથી તેનો જવાબ તેને બહુ ભયંકર મળશે. તમે નીચે જાઓ!'

'આ વહાણ કયા દેશનું છે?'

'તમને ખબર નથી? બહુ ઠીક થયું. તમારે જાણવાની જરૂર પણ નથી. એટલી વાત પણ તમારાથી છાની રહી તે ઠીક થયું. હવે નીચે ચાલ્યા જાઓ.'

અમારે નીચે ગયા સિવાય છૂટકો નહોતો.

૨૭

વમળમાં

અમે નીચે ગયા. તૂતક ઉપર લગભગ ૧૫ માણસો કૅપ્ટનને વીંટળાઈને ઊભા હતા. બધાનાં મુખ ઉપર તે વહાણ ઉપરનો વેરનો ભાવ દેખાતો હતો. જતાં જતાં નીચેના શબ્દો મારા કાન પર પડ્યા: ' લગાવ, એ મૂર્ખ વહાણ! હજુ વધારે તોપના ગોળા લગાવ. મારે તો ફક્ત એક જ હલ્લો કરવાની જરૂર છે. પણ હું તને અહીં નહિ ડુબાડું. તારી કબર પેલા વેન્જિયરની સાથે ન જ હોય!'

હું મારા ઓરડામાં ગયો. વહાણનો પંખો ચાલુ થયો અને ઘડી વારમાં તો પેલા વહાણને ક્યાંય છેટું પાડી દીધું.

સાંજના ચાર વાગ્યા હતા. મારી ધીરજ ન રહી શકી. હું પાછો વહાણના તૂતક ઉપર પહોંચી ગયો. ત્યાં કૅપ્ટન પીઠ પાછળ હાથ રાખીને આવેશમાં ને આવેશમાં ફરતો હતો. મને જોયો કે તરત જ તે બોલી ઊઠ્યો: ' હું હક્ક અને ન્યાય માટે લડનારો છું. હું ગુલામ પ્રજાનો પ્રતિનિધિ છું, અને પેલું વહાણ ગુલામ બનાવનાર પ્રજાનું પ્રતિનિધિ છે. તે સિતમગારને લીધે મેં બધું ખોયું છે. મારો દેશ, મારું કુટુંબ, મારાં વહાલાં છોકરાં, માતા, પિતા, સ્ત્રી, જે જે મને વહાલું હતું તે બધું જ. મારું બધું નાશ પામ્યું તે એને જ લીધે છે! દુનિયામાં હું એને જ ધિક્કારું છું!'

પેલું વહાણ પૂર જોસમાં અમારા વહાણ તરફ આવતું હતું. હું નીચે ઊતરી ગયો. પેલું વહાણ જેમ જેમ નજીક આવતું હતું, તેમ તેમ તેનું મોત નજીક આવતું હતું એમ હું જોઈ શકતો હતો. પણ એને કઈ રીતે જણાવવું કે અહીં આવવામાં જીવનું જોખમ છે?

રાત પડી. કૅપ્ટન હજુ વહાણના તૂતક ઉપર જ હતો. પેલું વહાણ

પણ બે માઈલને અંતરે દેખાતું હતું. આકાશમાં અને સમુદ્ર ઉપર કેટલી શાંતિ હતી અને આ ભયંકર માણસના મોઢા પર કેવાં તોફાનનાં ચિહ્નો હતાં! સમુદ્રના તોફાન કરતાં યે આ તોફાન મને ભયંકર લાગતું હતું.

મને થયું : કોઈ પણ રીતે આ વહાણમાંથી અત્યારે નાસી છૂટવું જોઈએ. આ વહાણનો ક્રૂર વિનાશ મારાથી નહિ દેખ્યો જાય!

નેડ તથા કોન્સીલને પણ મેં વાત કરી. 'દરિયામાં કૂદી પડીને પણ નાસી છૂટવું. ભલે આપણે પકડાઈ જઈએ ને મોત આવે તોયે વાંધો નથી! મોત તો આ સમુદ્રમાં પડીને કિનારે પહોંચશું ત્યાં સુધીમાં નહિ આવે તેની શી ખાતરી?'

અમે તૈયાર થઈ ગયા. અમારામાં અજબ હિંમત આવી ગઈ હતી. વહાણની વચ્ચેના ભાગમાં જે દાદર હતો, તે દાદર ઉપર થઈને અમે વહાણના તૂતક ઉપર ચડવાની તૈયારી કરતા હતા ત્યાં ઉપરનું બારણું દેવાઈ ગયું અને વહાણ થોડી વારમાં તો અંદર ઊતરવા લાગ્યું.

અમે નિરાશ થઈ ગયા. કાંઈ નહિ થઈ શકે. નોટિલસ પેલા વહાણને નીચેથી જ તોડી નાખશે! મારા વિચારો જાણે થંભી ગયા. હું એક ભયંકર આંચકાની જ વાટ જોતો હતો.

વહાણ ખૂબ જોરથી ચાલતું હતું. એકાએક વહાણને એક નાનો એવો આંચકો લાગ્યો. મારાથી બૂમ પડાઈ ગઈ. એક અવાજ પાણી સોંસરો થઈને અમારા વહાણમાં સંભળાયો. હું દોડતો દોડતો પેલા દીવાનખાનામાં પહોંચી ગયો. દીવાનખાનાની બાજુની બારી ખુલ્લી હતી. કેપ્ટન નેમો ત્યાં ઊભો હતો.

મેં એ બારીમાંથી શું જોયું? પેલું મોટું વહાણ ધીમે ધીમે નીચે ઊતરતું હતું. અમારું વહાણ પણ તેની સાથે સાથે જ નીચે ઊતરતું હતું. પેલા વહાણને તળિયે પડેલા કાણામાંથી પાણી ધોધમાર વહાણમાં ભરાતું હતું. માણસો આમથી તેમ તરફડિયાં મારતા હતા. કોઈ કોઈ પાટિયાને, કોઈક વહાણના મોટા સઢના થાંભલાને, કે જે કાંઈ હાથ આવ્યું તેને વળગી પડતા હતા. કોઈ પરસ્પર એકબીજાને

વળગી પડતા હતા. તેમનાં મોઢાં પર કેટલી વેદના જણાતી હતી !

મારા રોમાંચ ખડા થઈ ગયા. સ્તબ્ધ ચિત્તે અને સ્થિર દૃષ્ટિએ હું એ જોઈ રહ્યો ! વહાણ તળિયે બેઠું. ઠેઠ સઢની ટોચે ચડેલા માણસો પણ હવે વહાણની સાથે ડૂબ્યા; કોઈ ન બચ્યું. થોડી વારમાં બધું તળિયે અદૃશ્ય થઈ ગયું !

હું કેપ્ટન નેમો તરફ ફર્યો. તેની નજર હજુ પાણી તરફ જ હતી. થોડી વારે પછી તે પોતાની ઓરડીમાં ગયો. હું પણ તેની પાછળ થોડે સુધી ગયો.

ઓરડીને છેડે ભીંતને અઢેલીને એક છબી પડી હતી. તેમાં એક જુવાન સ્ત્રી ને બે નાનાં બાળકો હતાં. કેપ્ટન નેમો તે ચિત્રની પાસે ઘૂંટણિયે પડીને પોતાના હાથ લંબાવીને ધ્રુસકે ધ્રુસકે રોતો હતો.

હું એ દૃશ્ય વધારે વખત જોઈ ન શક્યો !

અમારું વહાણ પાછું આગળ વધ્યું પણ હવે વહાણ કલાકના ૨૫ માઈલની ઝડપે ઉત્તર તરફ દોડતું જતું હતું. પાણીની સપાટીથી લગભગ ૩૦ ફૂટ તે નીચે જ રહેતું; કોઈક જ વાર તે હવા લેવા ઉપર આવતું.

ફ્રાન્સ અને ઈંગ્લાંડ વચ્ચેની ખાડી અમે પસાર કરી ગયા એ હું નકશા ઉપરથી જોઈ શક્યો. ત્યાંથી અમે ક્યાં જશું એની મને કલ્પના નહોતી આવતી. કેપ્ટન નેમોના મગજની જેવી જ અમારા વહાણની દિશા અચોક્કસ હતી !

પંદર-વીશ દિવસ આ પ્રમાણે પસાર થઈ ગયા. આ દિવસો દરમિયાન વહાણનો એક માણસ, કે કેપ્ટન નેમો સુધ્ધાં અમારી નજરે નહોતો પડ્યો.

એક દિવસે – મને તારીખ યાદ નથી – હું અરધી ઊંઘમાં મારી પથારીમાં પડ્યો હતો ત્યાં નેડે મને જગાડ્યો, અને મારા કાનમાં કહ્યું : 'આજે આપણે નાસી છૂટવાનું છે.'

'ક્યારે ?'

'રાત્રે. વહાણ ઉપર હમણાં કોઈ ધ્યાન આપનાર દેખાતું

નથી. તમે તૈયાર છો ને?'

'હા. પણ આપણે કઈ જગ્યાએ છીએ?'

'એ ખબર નથી. પણ અહીંથી વીશ માઈલ જમીન દેખાય છે.'

'એ જમીન ક્યાંની છે?

'તે કોને ખબર! આપણે એનું કામ પણ શું છે?'

'ભલે; આજ રાત્રે અહીંથી નાસી છૂટવું એ ચોક્કસ! બહાર પછી ડૂબીએ કે તરીએ.'

'દરિયો તોફાની છે. પવન પણ ખૂબ છે; પણ આ વહાણની મજબૂત હોડીમાં ૨૦ માઈલ કાપવા એટલે કંઈ નથી. વળી મેં એ હોડીમાં ખાનગી રીતે થોડુંક મીઠું પાણી અને ખાવાનાં સાધનો મૂકી રાખ્યાં છે.'

'બસ, હું તૈયાર છું.' મેં ઉત્સાહથી કહ્યું, 'અને જો હું પકડાઈ જઈશ તો મરી જઈશ એ કબૂલ, પણ તાબે નહિ જ થાઉં.'

'આપણે બધાય સાથે મરશું.'

'મેં મનથી નિશ્ચય કરી જ લીધો હતો. હું ઊઠયો, વહાણના ઉપરના ભાગ ઉપર ગયો, પણ ત્યાં દરિયાનાં ભયંકર મોજાં આગળ ઊભા રહી શકાય તેમ નહોતું. આવા તોફાનમાં નાસી છૂટવું એમાં કેટલું જોખમ છે, તેનો મને તે વખતે વિચાર જ ન આવ્યો. હું ત્યાંથી ઊતરીને દીવાનખાનામાં ગયો. મારી ઇચ્છા કૅપ્ટન નેમોને મળવાની યે હતી. તેની સામે, તેના ભયંકર ચહેરા સામે હું સ્વસ્થ રીતે ઊભો રહી શકીશ? ના ના, તેને મોઢામોઢ તો ન જ મળવું. તેને હું ભૂલી જઈશ. પણ...'

આજના જેવો લાંબો દિવસ મને અત્યાર સુધીમાં એકેય નહોતો લાગ્યો. હું એકલો જ હતો. શંકા પડે એ બીકે અમે ત્રણ જણા તે દિવસે એકઠા જ થયા નહિ.

પાછો સાંજે સાડા છ વાગે નેડ મારી ઓરડીમાં આવ્યો. તેણે કહ્યું: 'હવે આપણે ઠેઠ અહીંથી નીકળવાના સમય સુધી મળશું

નહિ. દસ વાગે હોડી રાખવાની જગ્યાએ આવી પહોંચજો.' નેડ ચાલ્યો ગયો. તે મારા જવાબની રાહ જોવા પણ ઊભો ન રહ્યો.

મેં દીવાનખાનામાં જઈને જોયું તો અમારું વહાણ નૈઋર્ત્ય દિશામાં દરિયાની સપાટીથી ૨૫ વામ નીચે ખૂબ ઝડપથી દોડી રહ્યું હતું.

મેં દીવાનખાનામાં સંગ્રહસ્થાન તરફ એક નજર નાખી – છેલ્લી નજર નાખી. દુનિયાની આ અમૂલ્ય સમૃદ્ધિ આમ ને આમ સમુદ્રને તળિયે દટાઈ જશે, એ વિચારે મને કંપારી છૂટી. એક કલાક સુધી હું દીવાનખાનામાં બધું જોતો ફર્યો. પછી હું મારી ઓરડીમાં ગયો.

મેં મારો દરિયામાં પહેરવાનો પોશાક ચડાવ્યો, અને મારી નોંધોનાં કાગળિયાંનું બંડલ બાંધીને તૈયાર કર્યું. મારું હૃદય જોરથી ધબકતું હતું; તેને ધબકતું હું અટકાવી શકું તેમ જ નહોતું. આવી સ્થિતિમાં કેપ્ટન નેમોને તે કઈ રીતે હું મળી શકું?

કેપ્ટન અત્યારે શું કરતો હશે? મેં તેની ઓરડી પાસે જઈને કાન માંડચા. અંદર ભારે પગલાંનો અવાજ આવતો હતો. 'હજુ જાગતો લાગે છે! અમે ભાગવાના છીએ એની શંકા પડવાથી તો તે નહિ જાગતો હોય?'

તેની ઓરડીમાં જઈને તેને મળવું જ જોઈએ! મારા મગજમાંથી એક વિચાર ઝડપભેર પસાર થયો. ના ના; એ તો આવેશ જ છે. એમ તે થાય?

હું થાકી ગયો. પથારીમાં સૂતો. સૂતા પછી જરાએક શાંતિ વળી. પણ મારા મગજમાં તો જ્ઞાનતંતુઓ જાણે તૂટી જશે એમ લાગતું હતું. મારી નજર સમક્ષ વહાણની મારી મુસાફરીનો ઇતિહાસ ખડો થઈ ગયો. વહાણ ઉપરના એકેએક બનાવની સાથે કેપ્ટન નેમો મારી નજર આગળ ખડો થતો. ધીમે ધીમે તે મને ખૂબ મોટો લાગવા માંડચો. તે હવે માણસ કરતાં પણ દરિયાનો કોઈ મહાન સમ્રાટ હોય તેવો મને લાગવા માંડચો.

સાડા નવ થયા. મારું માથું હમણાં જાણે ફાટી જશે એમ

લાગ્યું. બે હાથ વચ્ચે તેને પકડીને હું તે પથારીમાં દાબીને પડ્યો હતો. હવે વિચાર ન કરવા એમ નક્કી કર્યું. અરધો કલાક જ બાકી છે; હવે જો અરધો કલાક હું વિચારે ચડીશ, તો ગાંડો જ થઈ જઈશ।

એ જ ઘડીએ મારે કાને દૂર દૂરથી આવતા ઑર્ગનના સૂર પડયા. કેટલા કરુણ તે સૂરો હતા! દુનિયામાંથી છૂટી જવા મથતા કોઈ આત્માની વેદનાની જાણે ચીસો હોય!

ઘડીભર આ સૂરોએ મને દુનિયા ભુલાવી દીધી.

તરત જ એક વિચારે હું ગભરાઈ ઊઠયો. કૅપ્ટન નેમો અત્યારે આ દીવાનખાનામાં આ ઑર્ગન વગાડતો હતો. વહાણ ઉપર બાંધેલી હોડી ઉપર જવાનો મારો માર્ગ આ દીવાનખાનામાં થઈને જતો હતો. હવે શું કરવું? તે મને જોશે, મને કદાચ પૂછશે, અને જો તેને ખબર પડી ગઈ તો?...

દસ વાગવાની તૈયારી હતી. મારે જવું જ જોઈએ. હું ઊઠયો. મેં બારણું ઉઘાડ્યું. બહુ જ કાળજીથી ઉઘાડ્યું, છતાં જાણે મોટા ધડાકો થયો હોય એમ મને લાગ્યું. એ કલ્પનાનું ભૂત જ હતું. હું ઓસરીમાં ચાલીને દીવાનખાના પાસે આવી પહોંચ્યો. દીવાનખાનામાં અંધારું હતું. કૅપ્ટન નેમો હજુ અંધારામાં ઑર્ગન વગાડતો હતો. તે મને જોઈ ન શક્યો. તે એટલો બધો તલ્લીન હતો કે કદાચ ઓરડામાં અજવાળું હોત તોયે મને દેખત નહિ।

હું બિલાડીની જેમ પગલાં મૂકતો મૂકતો દીવાનખાનું પસાર કરી ગયો. પસાર કરતાં લગભગ મને પાંચ મિનિટ લાગી. દીવાનખાનાનું સામેનું બારણું મેં ઉઘાડ્યું ત્યાં પાછળ મેં કૅપ્ટન નેમોને નિઃશ્વાસ સાંભળ્યો. હું થંભી ગયો. હું સમજી ગયો કે તે ઊભો થતો હતો. મેં તેને જોયો : કારણ પડખેના પુસ્તકાલયના ઓરડામાંથી થોડોક પ્રકાશ અંદર આવતો હતો. તે અદબ વાળીને ધીમે પગલે મારા તરફ જ આવતો હતો. તે પોતે જ આવતો હતો કે તેનું

ભૂત ? તેનાં ડૂસકાં મારા કાન ઉપર પડયાં : 'ઓ પ્રભુ ! બસ, હવે બહુ થયું; બહુ થયું !'

હું મરણિયો થઈને પુસ્તકાલયમાં પેસી ગયો. ત્યાંથી સીડી ઉપર થઈને પેલી હોડી બાંધવાના પાંજરામાં જવાનો માર્ગ આગળથી મારા સાથીઓએ ખોલી રાખ્યો હતો.

'ચાલો, જલદી કરો !' હું બોલી ઊઠયો.

'તૈયાર છીએ.' નેડે કહ્યું.

હોડીના પાંજરામાં જવાનો દરવાજો બંધ કરી દીધો અને હોડીને પાંજરામાંથી બહાર કાઢવાનો માર્ગ, તેના પેચ ખોલીને ખોલી નાખવામાં આવ્યો. નેડ હોડીને છોડવા માંડયો ત્યાં અંદરના ભાગમાંથી કંઈક ઘોંઘાટ થતો અમારા કાન ઉપર પડયો.

'બસ ! ખબર પડી ગઈ !'

નેડે અંધારામાં મારા હાથમાં ખંજર મૂકયું, ને હોડી છોડવાનું કામ બંધ કર્યું.

'માલસ્ટ્રોમ ! માલસ્ટ્રોમ !'* અંદરથી બૂમો આવી.

હવે ? અમારી હોડી જે વખત છૂટવાની તૈયારીમાં હતી તે જ ઘડીએ આ વહાણ આ વમળમાં પેઠું ! કેપ્ટન નેમોએ જાણી જોઈને કે અજાણતાં પણ પોતાના વહાણને આ સમુદ્રની નાભિ ગણાતા ભાગમાં નાખ્યું. આખું વહાણ ગોળ ચક્કર ફરતું હતું. મને ફેર ચડવા લાગ્યા.

વહાણ એ વમળમાંથી છૂટવા માટે કંઈ ઓછો પ્રયત્ન નહોતું કરતું. વહાણના સાંધેસાંધા આ યુદ્ધમાં ઢીલા થવા લાગ્યા હતા.

'હવે આ વમળમાંથી વહાણ બહાર ન નીકળે ત્યાં સુધી આ હોડીને છોડવી એમાં જીવનું જોખમ છે. આપણે હવે હોડીને હમણાં છોડવી

---

*માલસ્ટ્રોમ એટલે વમળ. નોર્વેના કિનારા આગળ દરિયામાં ભયંકર વમળો ચડે છે. દરિયામાં આ જગા વહાણો માટે સૌથી ખરાબ ગણાય છે. આ વમળમાંથી વહાણ ભાગ્યે જ બચે છે.

જ નહિ.' નેડે કહ્યું.

'કદાચ હવે તો આ વહાણુને વળગી રહેવામાં જ...' વાક્ય પૂરું થાય તે પહેલાં તો એક કડાકો થયો અને હોડીના વહાણુ સાથે જડેલા સ્ક્રૂ તૂટી ગયા.

ધનુષ્યમાંથી છૂટેલા તીરની જેમ અમારી હોડી એ વમળમાં થઈને છૂટી. આંચકો એટલા જોરથી લાગ્યો કે મારું માથું હોડીના પતરા સાથે જોરથી અથડાયું. હું બેભાન થઈ ગયો.

૨૮

છેવટ

અમારી આ વિચિત્ર મુસાફરી પૂરી થઈ. રાત્રે શું બન્યું તેની મને કશી ખબર નથી. અમે એ વમળમાંથી કઈ રીતે નીકળ્યા તેની હજુ પણ મને ખબર નથી પડી. જ્યારે હું ભાનમાં આવ્યો, ત્યારે એક માછીમારના ઝૂંપડામાં સૂતો હતો. મારા બંને મિત્રો મારા હાથપગ દાબતા હતા. હું તેમને ભેટી પડ્યો.

અમે લોફોડાનના બેટો ઉપર હતા. ફ્રાન્સ જવા માટે મહિનામાં બે વાર એક સ્ટીમર અહીંથી પસાર થાય છે. તે સ્ટીમર આવે ત્યાં સુધી અમારે રોકાવું પડ્યું.

* * *

મારી વાત પણ હું અહીં પૂરી કરું છું. આ વાર્તા આખી સાચી છે. હું એક પણ વાત અંદરથી ભૂલી નથી ગયો; તેમ મેં એકે બનાવ છોડી પણ નથી દીધો. સમુદ્રના ગર્ભમાં રહેતી અપાર સમૃદ્ધિનો એક ભાગ જે મેં જોયો, તેનું આ આખું વર્ણન છે.

મને કદાચ તમે સાચો નહિ માનો. શી ખબર! અને ન માનો તો કંઈ નહિ; પણ એટલું તો હું કહું છું કે લગભગ દસ મહિનામાં સમુદ્રની અંદર ૬૦,૦૦૦ માઈલ સુધી હું ફર્યો છું, એટલે મને તે વિષે બોલવાનો તો પૂરો અધિકાર છે.

પણ નૉટિલસનું શું થયું એમ કદાચ તમે પૂછશો. તે પેલા વમળમાં નાશ પામ્યું? કેપ્ટન નેમો હજુ જીવતો હશે? કેપ્ટન નેમોની પોતાની લખેલી 'આત્મકથા' દુનિયામાં કોઈને હાથ લાગશે? કેપ્ટન નેમો કયા દેશનો હતો એની કંઈ ખબર પડશે? મને આશા છે કે મળશે. મને તો એમ પણ આશા છે કે કેપ્ટન નેમો આ વમળમાંથી

પોતાના વહાણને બચાવીને હજુ દરિયાને અગાધ તળિયે ઘૂમતો હશે, અને વિશાળ સાગર ઉપર પોતાનું અખંડ સામ્રાજ્ય ભોગવતો હશે. તે જેટલો અગમ્ય–રહસ્યપૂર્ણ છે, એટલો જ તે ભવ્ય છે; તે જેટલો ક્રૂર છે, એટલો જ તે સુકોમળ છે : મહાસાગરનો જાણે કોઈ ભવ્ય સમ્રાટ !

